રા. બા. શેઠ વસનજી ત્રિકમજી જે. પી. ગ્રંથમાળા.

मणको ३ जो.

# જૈન ઇતિહાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.**

પાલીતાણા.


પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯[illegible] સને ૧૯૦૮.

આનંદ પ્રિન્ટીંગ પ્રેસ.


ભાવનગર.


કિંમત.

પાકું પૂંઠું... રૂ. ૦-૧૦-૦

કાચું પૂંઠું... રૂ. ૦-૮-૦

પ્રસિદ્ધકર્ત્તાએ સર્વ હક્ક સ્વાધીન
રાખ્યા છે.



રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી, જે. પી.

**Rao Saheb Shet Vasanji Trikamji, J.P.**

The Bombay Art Printing Works.

# अर्पण पत्रिका.

જૈનધર્મરક્ષક. જ્ઞાતિજનોદ્ધારક, વિદ્યાપ્રેમી

રાવસાહેબ શેઠ વસનજી ત્રિકમજી જે. પી.

મુજ્ઞ મહાશય!

આપ વ્યાપારાદિક અનેક પ્રવૃત્તિઓથી યુક્ત હોવા છતાં પણ સર્વત્ર ધર્મકાર્યનેજ મુખ્ય ગણી તે સિદ્ધ કરવા નિરંતર તત્પર રહો છો, શ્રી જૈનદર્શનનું પવિત્ર જ્ઞાન પ્રાપ્ત કરવા આપ સ્વયં નિરંતર પ્રયત્ન કરો છો એટલુંજ નહીં, પણ સાધર્મી બંધુઓમાં જ્ઞાનની વૃદ્ધિ કરવા હમેશાં તત્પર રહી તેને માટે તન, મન, ધનથી સહાય આપી શ્રી જૈન ધર્મ પ્રત્યે આપના હૃદયની ઉચ્ચ ભાવના પ્રદર્શિત કરો છો, તેની નિશાનીરૂપ આ ગ્રંથ કે જે શ્રી જૈનધર્મની પ્રાચીનતા, નિર્મળતા, કીર્તિ અને ગૌરવના આદર્શરૂપ છે, તે આપના આશ્રયથી પ્રસિદ્ધ થતી ગ્રંથમાળાના તૃતીય મણકા તરીકે આપને માનપૂર્વક અર્પણ કરી અત્યાનંદ પામીએ છીએ.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ,

પાલીતાણા.


આનંદ.

# પ્રસ્તાવના.

ઇતિહાસ એ ધાર્મિક અને વ્યવહારિક નીતિરીતિનો આદર્શ છે. ધર્મના અને વ્યવહારના જૂદા જૂદા સ્વરૂપ અને તેના કાર્યો ઇતિહાસ ઉપર આધાર રાખે છે. દેશ અને કાલ એ ઉભયમાં જે કાંઇ તફાવત થતો આવે છે, તે ઇતિહાસ ઉપરથી સારી રીતે જાણી શકાય છે. તેથી દરેક ધર્મ ભાવનાને ધારણ કરનારા ધર્મિજનને ઇતિહાસના જ્ઞાનની પૂર્ણ આવશ્યકતા છે.

જૈન ધર્મની ભાવના પ્રાચીન છે અને તે ભાવનાએ આ ભારત વર્ષ ઉપર જે અસર કરી છે, તે અવર્ણનીય છે. જૈન ધર્મની વાસના તે તે દેશકાલના વ્યવહારથી રંગાએલી છે તથાપિ તે અનાદિસિદ્ધ એકજ રૂપે સર્વત્ર જણાએલી છે. જો આમ ન હોત તો આજ આપણને ધર્મ વિષે વિચાર કરવાનું કાંઇ સાધન મળત નહીં. ઇતિહાસ દ્વારા અનંતકાળના જૂદા જૂદા વિભાગ એક એક સાથે જોડાએલા છે અને તેની અંદર તારતમ્યપણું રહેલું છે, જે પ્રમાણિક આગમ ઉપરથી સિદ્ધ થાય છે.

જૈન ધર્મના ઇતિહાસનો આરંભ પ્રાચીન કાળથી શરૂ થાય છે. તે આપણા આગમકારો પોતાના લેખમાં દર્શાવી આપે છે. આપણાં પ્રમાણભૂત આગમ અવલોકતાં આપણી આગળ જૈન ઇતિહાસનો પ્રકાશ ખુલ્લી રીતે પ્રગટ થાય છે અને તેથી પ્રાચીન અને અર્વાચીન જૈન નીતિરીતિનું દર્શન સપષ્ટ રીતે થઇ શકે છે. આર્યાવર્ત્તમાં અનેક પ્રકારની ધર્મ ભાવનાઓ પ્રાચીન કાળથી ઉદ્ભવેલી છે, પણ તે બધાનું સ્પષ્ટીકરણ કરવાને જેવી સામગ્રી જૈનધર્મની ભાવનામાં રહેલી છે, તેવી બીજી કોઇપણ ધર્મની ભાવનામાં નથી, એમ કહેવું, એ અતિશયોક્તિ ભરેલું નથી.

જૈન ધર્મના ઇતિહાસનો કાલ યુગ્મધર્મી મનુષ્યોથી આરંભાય છે. ત્યારથી તે આજ સુધીમાં જૈન ધર્મના પ્રણેતાઓએ અને સૂરિઓએ પોતાનામાં રહેલી જ્ઞાનશક્તિ તથા તેના ફળને પામવાની પ્રેરણાને સંતોષવા કેવા કેવા ધાર્મીક કાર્યો ઉઠાવ્યા છે અને તે તે કાર્યોનું તેના આચાર વિચારપર કેવું પ્રતિબિંબ પાડેલું છે, તથા તે પ્રતિબિંબમાં તેનો પરમાનંદ કેવે રૂપે ઝલકયો છે એ બધું જાણવાનું સાધન જૈન ધર્મનો ઇતિહાસ છે. એ ઇતિહાસ વાંચવાથી આપણી ધર્મભાવના સારી રીતે પુષ્ટિ પામે છે. એ સર્વ માન્ય જૈન ધર્મનો ઉદ્યોત કયારે થયો અને કોણે કર્યો? એ પણ તે ઉપરથી સમજવામાં આવે છે. તે સાથે જૈનનીતિ અને જૈનસંસાર પૂર્વકાળે કેવા હતા અને અર્વાચીનકાળે તેમાં કેટલો ફેરફાર થઇ ગયો છે, એ પણ આપણા જાણવામાં આવે છે. જેથી જૈન ઇતિહાસ જાણવાની પૂરી

આવશ્યકતા સિદ્ધ થાય છે. ~~તે માટે~~ આ લેખનો શ્રમ સર્વ રીતે સાર્થક થવાની પૂર્ણ આશા બંધાય છે.

આ ગ્રંથમાં જુદાં જુદાં છવીશ પ્રકરણો પાડ્યાં છે. છેલ્લી અવસર્પિણીના ત્રીજા આરાને છેડે થયેલા સાતમા કુલકર નાભિ રાજાથી જૈન ઇતિહાસનો આરંભ કરવામાં આવ્યો છે. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનથી ત્રેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ સુધીનો ઇતિહાસ સંક્ષેપમાં આપ્યા પછી વર્ત્તમાન શાસનના અધિપતિ શ્રીમહાવીર ભગવાનના નિર્વાણથી વીર સંવત્‌ની ગણના કરવામાં આવી છે- અને તે પ્રસંગે બનેલા ધાર્મિક બનાવોનો સંક્ષિપ્ત ચિતાર આપવામાં આવ્યો છે. જે જાણવાથી જૈનશાસનની મહત્તા અને જૈનપ્રભાવિક પુરૂષોએ કરેલા ધાર્મિક ઉદ્યોત વિષે વાંચનારને સારો બોધ પ્રાપ્ત થાય છે.

પહેલા પ્રકરણમાં શ્રીઋષભદેવ પ્રભુથી માંડી ગૌતમ સ્વામી સુધીનો ઇતિહાસ આવેલો છે અને તેમાં બૌદ્ધધર્મની ઉત્પત્તિ કયારે થઈ? તે સમયનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. બીજા પ્રકરણથી મધ્ય સમયના ઇતિહાસનો આરંભ થાય છે અને તેમાં સુધર્મા સ્વામીથી માંડી મનક મુનિ સુધીનો વૃત્તાંત દર્શાવ્યો છે, જેમાં દશ વૈકાલિકસૂત્રનો ઉદ્ધાર તથા ઓશવાળ અને શ્રીમાળીઓની ઉત્પત્તિનો સમય આપવામાં આવ્યો છે. ત્રીજા પ્રકરણમાં શ્રીયશોભદ્રસૂરિથી શ્રીસ્થૂલભદ્રજીસૂરિનો ઇતિહાસ આપી તે સમયમાં નવ નંદોના રાજ્યની તથા સંપ્રતિ રાજાની હકીકત કહેવામાં આવી છે. ચોથા પ્રકરણમાં આર્ય મહાગિરિજી તથા આર્ય સુહસ્તિજીથી માંડી કાલકાચાર્ય સુધીનો ઇતિહાસ દર્શાવ્યો છે અને તેમાં કોટિકગચ્છની સ્થાપનાનો વૃત્તાંત દર્શાવ્યો છે. પાંચમા પ્રકરણમાં વીર સંવત્ ૪૫૩ થી ૪૭૦નો ઇતિહાસ આપી તેમાં શ્રીદિન્નસૂરિથી પાદલિપ્તસૂરિ સુધીના વૃત્તાંત સાથે સિદ્ધસેનદિવાકર, વિક્રમ રાજા અને નાગાર્જુનનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. છઠ્ઠા પ્રકરણમાં વિક્રમ સંવત્ ૧થી ૧૩૦ સુધીનો ઇતિહાસ આપી શ્રીવજ્રસ્વામીથી માંડી દુર્બલિકા પુષ્પમિત્રસૂરિ સુધીનો ઇતિહાસ અને તે સાથે જાવડશાહના ઉદ્ધારની હકીકત આપવામાં આવેલ છે. સાતમા પ્રકરણમાં શ્રી ચંદ્રસૂરિથી શ્રી દેવર્દ્ધિગણી સુધીના વૃત્તાંત સાથે બૌદ્ધોના પરાભવની, શિલાદિત્ય રાજાની, વલ્લભિપુરના ભંગની, શત્રુંજય માહાત્મ્યની રચનાની, અને જૈન સિદ્ધાંતોનું પુસ્તકારૂઢ થવાની હકીકત આપવામાં આવી છે. આઠમા પ્રકરણથી અર્વાચીન સમયના ઇતિહાસનો આરંભ થાય છે અને તેમાં વિક્રમના છઠ્ઠા સૈકાનો ઇતિહાસ દર્શાવવામાં આવ્યો છે, જેની અંદર શ્રીહરિભદ્રસૂરિ તથા શ્રીસિદ્ધસૂરિનો વૃત્તાંત આપવામાં આવ્યો છે. નવમા પ્રકરણમાં વિક્રમના સાતમા, આઠમા અને નવમા સૈકામાં બનેલા બનાવો જૈન ઇતિહાસમાં ખરેખરૂં સારૂં અજવાળું પાડે છે. તેમાં આચાર્ય શ્રી-

દેહલ્લામહત્તરથી તે શીલગુણસૂરિ સુધીનો બોધક ઇતિહાસ વર્ણવ્યો છે. તેની અંદર આમરાજા, વનરાજ ચાવડો અને અણહિલ્લપુર પાટણની સ્થાપનાની ઉપયોગી હકીકત આપેલી છે. દશમા પ્રકરણમાં વિક્રમના દશમા સૈકાનો ઇતિહાસ છે. તેમાં શીલાંગાચાર્યથી તે શ્રી વીરગણી આચાર્ય સુધીનો વૃત્તાંત આપેલો છે. અગીયારમાં પ્રકરણમાં વિક્રમના અગીયારમા સૈકાના આરંભથી શ્રીસર્વદેવસૂરિથી તે મહાકવિ ધનપાળ અને શોભનાચાર્ય સુધીની ચમત્કારી હકીકત દર્શાવેલી છે. બારમા પ્રકરણમાં શ્રી સુરાચાર્ય, વર્દ્ધમાનસૂરિ અને વિમળશાહનું વૃત્તાંત આપેલું છે. તેરમા પ્રકરણમાં શ્રીજિનેશ્વરસૂરિ, અભયદેવસૂરિ અને વાદિવેતાળ શાંતિસૂરિના ચરિત્રો આપેલાં છે. ચૌદમાં પ્રકરણમાં શ્રીચંદ્રસૂરિથી ધનેશ્વરસૂરિ સુધીનો ઉપયોગી ઇતિહાસ આપી તેની સાથે પુનમીયાગચ્છની તથા વિધિપક્ષગચ્છની ઉત્પત્તિની બીના દર્શાવી છે. અને વિક્રમના બારમા સૈકાનો આરંભ તથા સમાપ્તિ પણ તે પ્રસંગેજ કહેલી છે. પંદરમાં પ્રકરણમાં જયસિંહસૂરિ, લાલણ ગોત્રની ઉત્પત્તિ અને વાદિદેવસૂરિના બોધક વૃત્તાંતો આપેલા છે. સોળમાં પ્રકરણમાં જીવદેવસૂરિની રસિક કથા આપેલી છે. સત્તરમાં પ્રકરણમાં વાગભટ્ટ મંત્રીથી તે અમરચંદ્રસૂરિ સુધીની હકીકત આપેલી છે અને તે પ્રસંગે સાર્ધપૂર્ણમિયક તથા આગમિકગચ્છની ઉત્પત્તિ દર્શાવવામાં આવી છે. અઢારમાં પ્રકરણમાં સાજનદે, સિદ્ધરાજ જયસિંહ અને હેમચંદ્રાચાર્યની દીક્ષાની હકીકત વર્ણવેલી છે. ઓગણીશમા પ્રકરણમાં હેમચંદ્રજીને સૂરિપદ આપવાનો, અને સિદ્ધરાજ તથા કુમારપાળના સંકષ્ટનો પૂર્ણ વૃત્તાંત દર્શાવ્યો છે, જેની અંદર ગુજરાતના ઇતિહાસ ઉપર સારૂં અજવાળું પડે છે. વીશમા પ્રકરણમાં કુમારપાળના ચરિત્રનું સંક્ષિપ્ત વર્ણન આપવામાં આવ્યું છે. એકવીશમા પ્રકરણમાં જગડુશાહશેઠ અને વસ્તુપાળ તેજપાળની હકીકત આપેલી છે. બાવીશમાં પ્રકરણમાં વિક્રમના તેરમા અને ચૌદમા સૈકાનો ઇતિહાસ છે, જેની અંદર દેવેંદ્રસૂરિથી મહેંદ્રપ્રભસૂરિ સુધીના વૃત્તાંતો સંક્ષેપથી વર્ણવવામાં આવ્યા છે. ત્રેવીશમા પ્રકરણમાં દેવસુંદરસૂરિથી તે રત્નશેખરસૂરિ સુધીનો ઇતિહાસ આપ્યો છે અને તે પ્રસંગે રાણકપુરના જિનમંદિરની તથા લુંપકોની ઉત્પત્તિની હકીકત દર્શાવવામાં આવી છે. ચોવીશમાં પ્રકરણમાં વિક્રમના પંનરમાં તથા સોળમાં સૈકાનો ઇતિહાસ છે. તેની અંદર શ્રીહેમવિમળસૂરિથી તે શ્રીવિજયસેનસૂરિ સુધીનો વૃત્તાંત તથા તેમના શિષ્ય વિખહર્ષ તથા પરમાનંદની હકીકત આવે છે. પચીસમા પ્રકરણમાં વિક્રમના સત્તરમા સૈકાની સમાપ્તિ સુધીમાં પદ્મસુંદરગણીથી તે સમયસુંદરસૂરિજી સુધીના વૃત્તાંતો દર્શાવ્યા છે. છેવટના છવીશના પ્રકરણમાં વિક્રમ સંવત્ ૧૭૦૧થી તે સંવત્ ૧૯૬૪ના વર્ત્તમાન સમય સુધીના ચાલતો ઇતિહાસ દર્શાવ્યો છે. તેની અંદર ઢુંઢકોની ઉત્પત્તિ, મોતિશાહશેઠ, શ્રીવિજયાનંદસૂરિ, શેઠ પ્રેમ-

ચંદ રાયચંદ, શેઠ કેશવજીનાયક અને શેઠ નરશી નાથાના સમય સુધી-નો વૃત્તાંત આપી આ લઘુગ્રંથ સમાપ્ત કરવામાં આવ્યો છે.

આ ગ્રંથ જૈન ઇતિહાસના સંક્ષિપ્ત વિષયથી ભરપૂર છે. જો કોઇપણ જૈન આ લઘુ લેખનને આદ્યંત વાંચે તો તે જૈન ઇતિહાસનું સારૂં જ્ઞાન ધરાવે તેમાં કોઇ જાતનો સંશય નથી. વિશેષમાં આ લઘુ ગ્રંથ જૈન પાઠશાળાના દરેક વિદ્યાર્થીને ઉપયોગી છે. જૈનધર્મમાં, જૈન ગૃહસ્થાવાસની સ્થિતિમાં અને આચાર વિચારમાં કેવું રૂપાંતર થયું છે? જૈન સંસ્થાનની ઉન્નતિ અને અવનતિ કાળપાશમા લપટાઇને કેવી રીતે થયેલ છે? જૈન વિદ્વાનોની, જૈન ગૃહસ્થોની અને જૈન મુનિઓની પૂર્વની પ્રૌઢતા, ઉદારતા, ઉત્સાહ, ધૈર્ય અને શ્રદ્ધા વિગેરે પૂર્વ ગુણો આ જમાનામાં કેવી રીતે લપટાયા છે? વર્તમાનકાળે યતિઓ અને ગૃહસ્થોમાં કેવી નિર્માલ્યતા, કેવો પ્રમાદ અને કેવા આચાર ચાલે છે, તે જોઇને એમ શંકા થયા વિના રહેજ નહીં કે જેઓના પૂર્વ જો આવા મહાન્ અદ્દ્ભુત ગુણોવાળા થયેલા છે. તેઓના આ વંશજો હશે ખરા! જો કે હાલ તેવી પૂર્વની સ્થિતિ ઉપર આવવાના સાધનો જોઇએ તેવા મળી શકે તેમ નથી, તથાપિ જો તેવો ઉત્સાહ રાખવામાં આવે તો તે પૂર્વજોના ઇતિહાસની વાતો વાંચવાથી આત્માને આનંદ થાય તેમ છે. અને તેવો આનંદ પ્રાપ્ત કરવામાં આ લઘુ પુસ્તક એક સાધનરૂપ થઇ પડશે એવી આશા રાખવામાં આવે છે.

આ ગ્રંથ કેટલા મહત્વનો અને ઉપયોગી છે તે ઉપરના લખાણથી સ્પષ્ટ સમજાય છે. આવા ઉપયોગી ગ્રંથ પ્રસિદ્ધ કરવાની ઘણી આવશ્યક્તા છે. અને તે પ્રમાણે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાની અમારી લાંબા વખતથી ઇચ્છા હતી. પણ મનુષ્યની ઇચ્છા અન્ય સાધન મળ્યા સિવાય પૂર્ણ થતી નથી તે પ્રમાણે આ ગ્રંથ પ્રસિદ્ધ કરવામાં દ્રવ્ય સહાયતાની જરૂર હતી તે મળતાં સુધી પ્રસિદ્ધ થઇ શક્યો ન હતો. અમારે આ પ્રસંગે જણાવવું જોઇએ કે આ ગ્રંથ પ્રસિદ્ધ કરાવવાનું માન શ્રી કચ્છી દશાઓશવાળ જ્ઞાતિરત્ન રા. સા. શેઠ વસનજી ત્રીકમજી જે. પી. નેજ છે. ઉક્ત શેઠ અમારા વર્ગ હસ્તકે ઉપયોગી પુસ્તકોની ગ્રંથમાળા પ્રસિદ્ધ કરવાને રૂા. ૧૦૦૦૦)ની રકમ આપેલી છે. જેમાંથી આ સુદ્ધાં ત્રણ પુસ્તકો અમે પ્રસિદ્ધ કર્યાં છે. આ શ્રીમાન, ઉદાર અને સ્વધર્મી શેઠને તેમના આ ઉત્તમજ્ઞાન વૃદ્ધિના કાર્યને માટે અંતઃકરણથી ધન્યવાદ આપીએ છીએ. અન્ય શ્રાવક ગૃહસ્થો પણ આવા ધાર્મિક કાર્યનું અનુકરણ કરે એવું અમો ઇચ્છીએ છીએ કે જેથી શ્રી જૈન ધર્મના પ્રાચીન અમૂલ્ય ગ્રંથો પ્રસિદ્ધમાં આવે અને જૈનબંધુઓમાં જ્ઞાનનો પ્રચાર થાય.

# રા. સા. શેઠ વસનજી ત્રિકમજીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

**મહારાવ** એવા ઉપનામથી અંકિત ચંદ્રવંશી રાજાઓથી સુરક્ષિત એવા કચ્છ દેશમાં આર્હત ધર્મના ઉપાસક કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિનાં ઘણાં કુટુંબો વસે છે. તે દેશમાં આવેલા **સુથરી** નામના ગામમાં રા. સા. શેઠ વસનજી ત્રિકમજીના વડિલો વસતા હતા. તેમના પિતામહ શેઠ મૂલજી દેવજી **સંવત્ ૧૮૯૦ ના વર્ષમાં પ્રથમ** વ્યાપાર અર્થે મુંબઈ આવ્યા હતા. તે વખતે મોહમયીનગરી વ્યાપાર લક્ષ્મીનું ઉચ્ચ શિખર બની હતી. વિદેશી વ્યાપારીઓની મોટી મોટી પેઢીઓ તે સ્થળમાં પોતપોતાની વ્યાપાર કળાને પ્રસારતી હતી. તે વ્યાપારીઓમાં કચ્છવાસી મરહૂમ **શેઠ નરશી કેશવજી** નાયકની પેઢી વ્યાપારકળામાં સારી ખ્યાતિ પામેલી હતી. શેઠ વસનજીભાઈના પિતામહ શેઠ મૂલજીએ પોતાના વ્યાપારનો આરંભ શેઠ નરશી કેશવજીના વ્યાપારની સાથે ભાગથી જોડ્યો અને તે સિવાય પોતાની સ્વતંત્રતાથી પણ બીજો વ્યાપાર કરવા માંડ્યો. પૂર્વ પુણ્યના પ્રભાવથી તેમણે વ્યાપાર લક્ષ્મીની સારી વૃદ્ધિ કરી. સંવત્ ૧૯૨૨ ના વર્ષમાં જ્યેષ્ઠ માસમાં શેઠ વસનજીભાઈનો જન્મ થયો. પુત્ર જન્મથી તેમના પિતા અને પિતામહને અતિ આનંદ થયો હતો. કર્મની ગતિ વિચિત્ર છે એક તરફ પુત્ર જન્મની વધામણી ચાલતી હતી અને બીજી તરફ ને [illegible] માતા સૂતિકાગૃહમાંજ અચાનક વ્યાધિ ગ્રસ્ત થઈ છોટે શેઠ [illegible] ૭ દિવસના મૂકી [illegible] સ્વર્ગવાસ [illegible] શેઠ [illegible] નામ લાખમા [illegible] સ્વભાવે શાંત અને સદ્ગુણી [illegible] પણ કોઈ પૂર્વ [illegible] ના પુણ્યવા [illegible] પુ [illegible] ને [illegible] માટે વિયોગ થયો. એ [illegible] વસનજીભાઈના પિતામહ શેઠ કેશવજી નાયકથી છુટા પડી પોતાના પુત્ર **ત્રિકમજી મૂલજીના** નામથી નવીન પેહેડી ઉઘાડી પોતાની વ્યાપારકળાનો સમારંભ કર્યો. વ્યાપાર કળાની કુશળતાથી અને ઉત્તમ પ્રકારની પ્રમાણિકતાથી એ પવિત્ર પેહેડીએ મોહમયીનગરીમાં સારી પ્રતિષ્ઠા સંપાદન કરીને વ્યાપાર લક્ષ્મીનો મોટો વધારો કર્યો.

શેઠ વસનજીભાઈની બાલ્યાવસ્થા પુણ્યની પ્રભાથી પ્રકાશિત હતી. તેમના શરીરની અને મનની ચંચળતા વિલક્ષણ હતી અને તે ઉપરથી

ભવિષ્યમાં તેમને માટે સારી આશા બંધાતી હતી. સંવત્ ૧૯૩૦ ના વર્ષમાં તેમના પ્રેમી પિતા શેઠ ત્રિકમજીભાઇનો સ્વર્ગવાસ થયો. તે વખતે શેઠ વસનજીભાઇની વય માત્ર આઠ વર્ષની હતી. પોતાના પુત્ર શેઠ ત્રિકમજીભાઇના સ્વર્ગવાસથી તેમના પિતા શેઠ મૂલજીભાઇના હૃદયને ખેદ થયો હતો, તથાપિ તેઓ ધાર્મિક વૃત્તિના હોવાથી આ સંસારના ક્ષણિક સ્વરૂપને જાણતા હતા, તેમજ પોતાના બાળપૌત્ર શેઠ વસનજી ત્રિકમજીમાં અસ્ફુટ દેખાતા સદ્ગુણોને લઇને ભવિષ્યમાં તેમને માટે સારી આશા બાંધતા હતા, તેથી તેઓ પુત્રમરણના શોકાગ્નિને શમન કરનારી મનોવૃત્તિમાં શાંતિ રાખી રહ્યા હતા.

શેઠ વસનભાઇના પિતામહ મૂલજી શેઠ ધર્મ તરફ સારી આસ્તા ધરાવતા હતા. સુકૃત કર્મમાં લક્ષ્મીનો વ્યય કરવાની ઉત્તમ અભિલાષા તેમના હૃદયમાં સર્વદા રહેતી હતી. તે અભિલાષાને લઇને તેમણે સંવત્ ૧૯૨૮ ના વર્ષમાં શ્રીકેશરીયાજી તીર્થની યાત્રાનો મોટો સંઘ કાઢયો હતો. તે સંઘમાં સાતસો માણસોનો મોટો રસાલો સાથે લીધો હતો. યાત્રાળુઓને સુખકારી સગવડતા કરી આપવામાં અને તે પ્રસંગે ધાર્મિક કાર્યો કરવામાં તેમણે ભારે ઉદારતા દર્શાવી હતી. જેમાં તેમને ચાલીશ હજાર રૂપૈયાનો ગંજાવર ખર્ચ થયો હતો. સંવત્ ૧૯૩૨ ના કાર્તિક માસની કૃષ્ણ એકાદશીને દિવસે મૂલજી શેઠનો પવિત્ર આત્મા આ લોકમાંથી અદૃશ્ય થઈ પરલોકમાં ગયો અને તે મહાન્ વ્યાપારની ધુરા બાળવયના શેઠ વસનજીભાઇના કોમલ શિરપર આવી પડી. પવિત્રપ્રેમી અને પૌત્રવત્સલ મૂલજી શેઠ પોતાના પુત્ર ત્રિકમજી શેઠના સ્વર્ગવાસ પછી પોતાની વ્યાપારી પેઢીને પોતાના પૌત્ર વસનજી ભાઈના નામથી અંકિત કરી હતી, તેથી એ વ્યાપારનું મહાન્ કાર્ય શેઠ વસનજી ત્રિકમજીના નામથી ચાલતું હતું. શેઠ વસનજીભાઈનું બાલ્યવય હોવાથી તેમની વિશાળ પેઢીનો બધો કારોબાર **શા. લખમશી ગોવનજી** નામના એક પ્રમાણિક ગૃહસ્થે ચલાવેલો હતો.

શેઠ વસનજીભાઇ બાલ્યવયથીજ પોતાના ઉપકારી માતપિતાના વિયોગી થયા હતા, તેમની શારીરિક અને માનસિક સ્થિતિને સંભાળ રાખી કેળવવાને કોઇપણ વડિલ તેમના વૈભવવાળા વાસગૃહમાં હાજર ન હતું, તથાપિ તેમણે સ્વેચ્છાથી દેશભાષા અને રાજભાષાનો અભ્યાસ

ફરી તેમાં યથાશક્તિ અનુભવ મેળવ્યો હતો. તેમનું હૃદય જો પોતાના વ્યાપારની ચિંતામાં પ્રેરાયલું ન હોત તો તેઓ તીવ્ર બુદ્ધિના યોગથી એક સારા વિદ્વાન્ તરીકે પ્રખ્યાત થાત. પણ તેમના સત્કર્મનો ઉદય અને તીવ્ર બુદ્ધિનું બળ વ્યાપાર કળામાંજ કૃતાર્થ થવાથી તેઓની પ્રવીણતા તેમાંજ વૃદ્ધિ પામવા લાગી. અને જનમંડળમાં તેમની વિખ્યાતિ તેનાથીજ વિશેષ થઈ.

વિનય, વિવેક, ધૈર્ય, ઉત્સાહ, ઔદાર્ય, દયા અને દઢતા વિગેરે જે ગુણો ઉત્તમ પ્રકારની વિદ્વત્તાથી સંપાદિત થાય છે, તે ગુણો શેઠ વસનજીભાઈના સંસારી જીવનના આરંભમાંથી સ્વભાવિક રીતે પ્રગટ થયા હતા. અને તેથી તેઓ મોહમયીનગરીના રાજકીય અને વ્યાપારી મંડળમાં સારી પ્રતિષ્ઠા પામતા ગયા. તેઓ ધનાઢ્ય કુટુંબમાં જન્મ્યા છતાં ગર્ભ શ્રીમંતાઇનો લાભ લેવાનો સમય ઓલખી સખાવત કરવાના ઉત્તમ ગુણને પ્રાપ્ત કરી પોતાનું ધનિક જીવન સાર્થક કરવાને સદા તત્પર રહેવા લાગ્યા.

શેઠ વસનજીભાઈએ યુવાવસ્થામાં પોતાના કુટુંબની અંદર આ સંસારની ઘટમાળના વિવિધ પ્રસંગોમાં સુખ દુઃખનો અનુભવ કરેલો છે. તેમનો પ્રથમ વિવાહ **શા વાલજી વર્દ્ધમાન**ના વિખ્યાત કુટુંબમાં જન્મેલાં **ખેતબાઈ**ની સાથે થયો હતો. **ખેતબાઈ** એક પવિત્ર અને કુલીન શ્રાવિકા હતાં. તેમના ઉદરથી **પ્રેમાબાઈ** અને **લીલબાઇ** નામે બે પુત્રીઓ અને **શામજીભાઈ** નામે એક પુત્ર થયેલ છે. તે ત્રણ સંતાનોને મૂકી ખેતબાઈએ પોતાના સૈભાગ્ય સાથે સ્વર્ગવાસ કર્યો હતો. આ સંસાર સાગરને તરવાના આરંભમાંજ એ સંસારની નાવિકા ભાંગી જવાથી શેઠ વસનજીભાઈએ શેઠ નરસી નાથાના કુટુંબમાં ઉત્પન્ન થયેલાં **રતનબાઈની** સાથે ફરીવાર લગ્ન કર્યું. તેમના ઉદરથી **મેઘજીભાઈ** નામે પુત્ર અને **લક્ષ્મી** નામે પુત્રીનો જન્મ થયેલો છે. એ ભાઈબેનને કુશળ—ક્ષેમ મૂકી સૈભાગ્યવંતા રતનબાઈએ પણ સ્વર્ગવાસ કર્યો. આ સંસારના બીજા ભંગથી શેઠ વસનજીભાઈને વિશેષ શોક ઉત્પન્ન થયો હતો, તથાપિ તેઓ સંસાર સ્વરૂપના જ્ઞાતા હોવાથી તે દુઃખ સહન કરી પોતાના વ્યવહારમાર્ગને આગળ ચલાવવા લાગ્યા.

શેઠ વસનજી ત્રિકમજીનો સંસાર આવી વિષમ અવસ્થામાં જેટલો વેહેલો શરૂ થયો, તેટલોજ વેહેલો તેમને દુઃખદાયક થઈ પડયો હતો,

તથાપિ દ્રઢતાના ગુણથી અને સ્નેહી સંબંધીઓના આગ્રહથી તેમને ત્રીજા સંસારમાં પ્રવેશ કરવાનો વિચાર કરવો પડયો. જેથી શેઠ ઠાકરશી પસાઇઆના પુત્રી બાઇ **વાલબાઇ** સાથે તેમનો વિવાહ સંબંધ જોડાયો. જે સંબંધ તેમના પુણ્યના ઉદયથી અત્યારે બીજાની દ્રષ્ટિએ પૂર્વ દુઃખને જરા વિસ્મરણ કરાવી સુખસાધક થઇ પડયો છે. તથાપિ તે દીર્ઘવિચારી શેઠ આ સંસારની અનુભવેલી વિષમતાને કદિપણ ભૂલતા નથી

શેઠ વસનજી ત્રિકમજીને તેમના પરિવારનું સાંગ સુખ મળ્યું નથી. તથાપિ તેઓ અવશિષ્ટ પરિવારથી સંતોષ માની તટસ્થવૃત્તિ વડે સંસારને દુઃખ અને સુખથી મિશ્ર જાણીને પોતાના આત્માને પ્રવૃત્તિમાર્ગમાં જોડે છે; તોપણ અંતરવૃત્તિને નિવૃત્તિમાર્ગ તરફ પ્રેમી બનાવે છે. તેમને સર્વથી મોટાં **પ્રેમાબાઇ** નામે પુત્રી છે, તેઓ સારી કેળવણી પામી પિતાના કુટુંબને અલંકૃત કરે છે. સંવત્ ૧૯૪૧ ના વર્ષમાં તેમનો જન્મ થયેલો છે તેમની માતા ખેતબાઇનો તેમને બાલ્યવયથી વિયોગ છે, તથાપિ તે પવિત્ર અપર માતામાં માતૃબુદ્ધિ ગણી પોતાના પ્રેમી પિતાના કુટુંબમાં કેળવણી રૂપ કલ્પલતાનો આશ્રય કરી સુખે કાળ નિર્ગમન કરે છે. તેમને **શામજી** નામે એક લઘુ બંધુ હતા પણ તે માત્ર બે વર્ષની વયમાંજ આ દુઃખી સંસારમાંથી ચાલ્યા ગયા છે. શેઠ વસનજીભાઇને પ્રથમ પત્ની ખેતબાઇના ઉદરથી **લીલબાઇ** નામે એક પુત્રી થયાં હતાં, તેમનો જન્મ સંવત્ ૧૯૪૫ ના પોષ શુદી નવમીને દિવસે થયો હતો. એ પવિત્ર આત્માનું બાલ્યવય શેઠના સુખી કુટુંબમાં સારી રીતે નિર્ગમ્યું હતું. પરંતુ અનંતકાળ રૂપ મહાસાગરમાં એ આત્મા તરૂણવયમાંજ નિમગ્ન થઇ ગયો છે. એ સદ્ગુણી બાળાના વિયોગનો શોકાનળ અદ્યાપિ શેઠ વસનજીભાઇના હૃદયમાં સ્મરણ રૂપે પ્રજ્વલિત થયા કરે છે. પવિત્ર લીલબાઇના સદ્ગુણની લલિત લીલા તેમના જીવન ચરિત્ર રૂપે **આનંદમંદિર** નવલકથાની આદિમાં વિસ્તારવામાં આવી છે. જે ઉપરથી શેઠ વસનજી ભાઇના સંસારનું કેટલું એક સુંદર સ્વરૂપ જોવામાં આવે છે.

શેઠ વસનજીભાઇના સ્વર્ગવાસી દ્વિતીય પત્ની રતનબાઇથી થયેલ **મેઘજી** અને **લક્ષ્મી** નામે ભાઇબ્હેનની એક જોડી શેઠના સુખી કુટુંબમાં વિદ્યમાન છે. સંવત્ ૧૯૫૧ ના ભાદ્રપદ માસની કૃષ્ણદ્વાદશીએ મે-

ઘજીભાઇનો જન્મ થયેલ છે. સંવત્ ૧૯૫૩ ના આશ્વિન માસમાં દીપોત્સવીને દિવસે બ્હેન લક્ષ્મીનો જન્મ થયેલ છે. મેઘજીભાઇ તથા લક્ષ્મી બ્હેન બાલ્યવય છતાં સ્વભાવે સુશીલ અને નમ્ર છે. તેમને સદ્‌ગુણી બનાવવાને તેમના પ્રેમી પિતાએ ઉત્તમ પ્રકારની કેળવણી આપવાની સારી યોજના કરેલી છે. તે બન્ને બાળક પોતાના માયાળુ માતાપિતાની શીતળ છાયા નીચે કેળવણીરૂપ કલ્પલતાનું સેવન કરે છે.

શેઠ વસનભાઇના તૃતીય પત્ની વાલબાઇ અત્યારે ગૃહિણીપદ ઉપર વિદ્યમાન છે. તેમણે પોતાના સુશીલ અને શાંત સ્વભાવથી શેઠના કુટુંબને સુશોભિત બનાવેલું છે. કેળવણીપર અતિશય વ્હાલ ધરાવનારા વાલબાઈ ધાર્મિક અને સાંસારિક કેળવણી પામ્યા છે. તથાપિ તેઓ જ્ઞાનનો વધારો કરવાને સર્વદા ઉત્સુક છે. વિખ્યાત પંડિત **લાલન**ના વિશાળ હૃદયનું શિક્ષણ શેઠના સુખી કુટુંબમાં ચાલુ રહે છે. અને તેથી તેમના દરેક કુટુંબીના હૃદયમાં સદ્‌ગુણોની સુવાસ પ્રસરી રહી છે.

સંવત્ ૧૯૬૦ ના માગશિર માસની કૃષ્ણ પ્રતિપદાને દિવસે વિદ્યાવંતા વાલબાઈએ **બકિમચંદ** નામના પુત્રને જન્મ આપ્યો છે. તે બાળક હજુ માતાના ઉત્સંગમાં ક્રીડા કરે છે, તથાપિ તેનામાં ચંચળતા અને નમ્રતા વગેરે કેટલાએક ઉત્તમ ગુણોનું સ્વભાવિક રીતે અત્યારથીજ દર્શન થાય છે. જેને માટે ભવિષ્યમાં સારી આશા બાંધવામાં આવે છે. આ પ્રમાણે વિદ્યમાન પરિવારથી પરિવૃત થયેલા શેઠ વસનજીભાઈ તે સંસારમાં સંતોષ માની રહ્યા છે. સંસારમાં રહ્યા છતાં એમનું લક્ષ્ય વિદ્વાનોના સમાગમ દ્વારા જ્ઞાનવિલાસમાંજ બદ્ધ છે. તે સાથે તેઓ ધાર્મિક અને સાંસારિક કેળવણીના હિમાયતી છે અને તે દ્વારા પોતાની કોમના ઉદયની સતત અભિલાષા રાખે છે અને તેવા કાર્યને માટે લક્ષ્મીનો વ્યય કરવામાં તેઓ સદા બદ્ધપરિકર રહે છે.

શેઠ વસનજીભાઇની સખાવતનો આરંભ તેમના બાલ્યવયથીજ થયેલો છે. વડિલનો વિયોગ થયા પછી જ્યારથી તેમના વ્યવહારનો તથા કુટુંબનો ભાર તેમને શિર આરૂઢ થયો ત્યારથીજ તેમની સખાવતના જીવનનો આરંભ થયો છે. સંવત્ ૧૯૩૩ ના વર્ષમાં તેમનાં માતાજી અને દાદીજીના ઉજમણામાં તેમણે ઘણો ખર્ચ કર્યો હતો. જે પ્રસંગે તેમની ઉદારતા પ્રશંસાપાત્ર જોવામાં આવી હતી. શેઠ વસનજીભાઈએ કચ્છ સાએ-

શમાં પોતાને ખર્ચે એક ભવ્ય જિનાલય બંધાવ્યું છે, તે પાછળ તેઓએ દશ હજાર રૂપીઆનો મહાવ્યય કરેલો છે. સંવત્ ૧૯૩૪ ના વર્ષમાં એ જિનાલયમાં પ્રભુની પ્રતિષ્ટા કરવામાં આવી તે સમયે આસપાસના ઘણાં ગામોમાંથી કચ્છી જૈન પ્રજાનો મોહોટો સમુદાય એકઠો થયો હતો. તેમનો સત્કાર કરવા માટે એ શેઠે સારી લાગણી દર્શાવી હતી. સર્વના આતિથ્યને માટે ભોજન વગેરેની સારી ગોઠવણ કરી હતી. એ પ્રસંગે લક્ષ્મીનો સદુપયોગ કરવાથી તેમની ધર્મકીર્ત્તિ આખા કચ્છ દેશમાં પ્રસરી હતી.

સંવત્ ૧૯૫૨ ના વર્ષમાં ઉદાર શેઠ વસનજીભાઇએ સ્વજ્ઞાતિના ગરીબ બંધુઓને ઓછે ભાવે અનાજ આપવાની એક મોટી દુકાન ઉઘાડી હતી અને તે દોઢ વર્ષ સુધી ચાલુ રાખી તે પાછળ પાંચ હજાર રૂપીઆની મોટી રકમ ખર્ચી હતી. જેને માટે તેઓ સ્વજ્ઞાતિજનોમાં પૂર્ણ પ્રશંસા પામ્યા હતા. જ્યારે મોહમયીનગરીમાં મરકીનો ભંયકર રોગ પ્રવર્ત્યો, ત્યારે એ દયાળુ શેઠે મરકીથી પીડાતા લોકોને શાંતિ આપી સારવાર કરવા માટે બંદર ઉપર એક ખાસ ઔષધાલય સ્થાપી મરકીથી પીડાતા બંધુઓને સારો લાભ આપ્યો હતો. અને તે શુભ કાર્ય ત્રણ વર્ષ સુધી ચલાવી તે પાછળ રૂપીઆ ચાળીશ હજારનો ગંજાવર ખર્ચ કર્યો હતો. જેમાં કોઇની પણ મદદ ન હતી. આથી પ્રસન્ન થઇ નામદાર સરકારે તેઓને પ્રમાણપત્ર આપેલું છે. જેની અંદર શેઠ વસનજીભાઇના પરોપકારી વૃત્તિની પ્રશંસા કરવામાં આવી છે.

ગયા છપનના ભયંકર દુકાળમાં સંકટમાં આવી પડેલા લોકોને મદદ આપવામાં શેઠ વસનજીભાઇએ સારી સહાય આપી હતી. પોતાની જન્મભૂમિ કચ્છ સુથરીમાં અનાજની દુકાન કાઢી ઘણાં ગરીબ કુટુંબોને તેમણે સારો આશ્રય આંપ્યો હતો. અને તેથી તેમણે ઘણાં દીનજનની અંતરની આશીષો લીધી હતી. આ શુભ કાર્યની પાછળ તેમણે ઉદારતાથી પંદર હજાર રૂપીઆનો ખર્ચ કર્યો હતો.

આ તેમની ઉત્તમ સખાવતની સુગંધ ચારે તરફ પ્રસરવાથી તથા તેમની લાયકાતની અને પરોપકાર વગેરે ઉત્તમ ગુણોની પરીક્ષાની પિછાન કરી નામદાર સરકારે તેમને જે. પી, ( સુલેહના અમલદાર ) ની ઉત્તમ પદવી આપી હતી અને પાછળથી રાવસાહેબનું બિરૂદ નવાજી શેઠ વસનજીભાઇના સન્માનમાં મોટો વધારો કર્યો હતો. આ પદવી અને સન્માન મેળવવામાં શેઠ વસનજીભાઇ આખી કચ્છી જૈનપ્રજામાં પેહેલાજ છે. આવું સારૂં સન્માન પામ્યા છતાં પણ શેઠ

વસનજીભાઇનું જીવન અતિ સરલ, શુદ્ધ, સાદું અને સ્વચ્છ રહેલું છે. એક ખરા સદ્ગૃહસ્થને ઘટતી સર્વ નમ્રતા, સાદાઇ અને સત્ય પ્રીતિ તેમનામાં રહેલી છે. ધંધામાં પ્રતિષ્ઠા, સ્વદેશીઓમાં માન, લોકપ્રીતિ અને મહાન્ સંપત્તિ એ સર્વની પરિસીમાએ પોહોંચ્યા છતાં પોતે કેવળ અહંકાર શૂન્ય છે. નાના મોટા સર્વ સાથે એકસરખા ભાવથી વર્ત્તે છે. તેઓની સખાવતનો પ્રવાહ પ્રકાશ વગર ગુપ્ત રીતે વધારે ચાલે છે. તેમની કેટલીએક સખાવતો પ્રકાશમાં આવતી નથી. તેમ તેને પ્રકાશિત કરવાને તેઓ ઇચ્છતા પણ નથી. કીર્ત્તિદાનના કરતાં ગુપ્ત દાનને તેઓ વધારે માન આપે છે. એવા ગુણથી તેઓનું જીવન ઉત્તમ પ્રકારનું ગણાય છે.

શેઠ વસનજીભાઇની નાની મોટી ઘણી સખાવતો પ્રખ્યાત છે. ધાર્મિક અને સાંસારિક કોઇ પણ લોકોપયોગી કાર્યમાં તેમની લક્ષ્મીનો હીસ્સો આવ્યા વગર રહેલો નથી. તેઓ ગરીબો તેમજ શ્રીમંતો તરફ એક સરખી નજરે જુવે છે. દુકાળના સંકષ્ટ વખતે રૂના વેપારીઓએ ઉભા કરેલા ફંડમાં શેઠ વસનજીભાઇએ સારો હિસ્સો આપ્યો હતો. શેઠ વસનજીભાઇએ મરહૂમ પેહેલા સર દીનશાહ પીટીટના મિત્ર હોવાથી તેમની યાદગિરીના ફંડમાં સારો ભાગ લઇ ત્રણ હજાર રૂપીઆ અર્પણ કર્યા હતા. સર જમસેદજી હોસ્પીટલનાં નરસિંગ ફંડમાં છસો રૂપીઆ, લેડી નોર્થકોટ હિંદુ ઓરફનેજના ફંડમાં એક હજાર રૂપીઆ, એદમવાળી હોસ્પીટલના ફંડમાં પાંચસો રૂપીઆ, ફરગ્યુશન કોલેજમાં ત્રણસો રૂપીઆ અને જખમી થયેલા જાપાનીઓની સારવાર માટેના ફંડમાં બારસો ને બાવન રૂપીઆ શેઠ વસનજીભાઈ તરફથી આપવામાં આવ્યા છે.

શેઠ વસનજીભાઈની ધાર્મિક સખાવત પણ ઉત્તમ પ્રકારની છે. જૈન દેરાસરના જીર્ણોદ્ધાર માટે તેમણે બે હજાર રૂપીઆ આપેલા છે. તે શિવાય તેવી ઘણી ટીપોમાં તેઓની ન્યાયલક્ષ્મીનો સદુપયોગ થાય છે. સંવેગી અને ગોરજી એવા બે પક્ષ મુનિ વર્ગમાં અર્વાચીન કાળમાં ઉભા થયેલા છે. સંવેગી મુનિઓ પોતાના ચારિત્ર માર્ગના શુદ્ધ અનુયાયી કહેવાય છે, ત્યારે ગોરજીઓ તેમનાથી ઉલટી રીતે પ્રવૃત્તિ કરનારા કહેવાય છે. એ ગોરજીના શિષ્યો જૈન સંપ્રદાયના હોવાથી જો કોઇ રીતે સુધારી શકાય તો ભવિષ્યમાં સારો લાભ થાય, આવા પવિત્ર હેતુથી શેઠ વસનજીભાઇએ ગોરજીઓના શિષ્યોને સુધારવાને સાડા સાત હજાર રૂપીઆની મોટી રકમ અર્પણ કરી છે.

શેઠ વસનજીભાઈ બાળકેળવણી તથા સ્રીકેળવણીના મોટા હિમાયતી છે. તે સાથે જ્ઞાનક્ષેત્રને પુષ્ટિ આપવામાં તેઓ સર્વદા ઉત્સુક રહે છે. "જૈનોની

પ્રાચીન વિદ્યાનો ઉદ્ધાર થાય અને પૂર્વાચાર્યોના ઉપયોગી લેખો જનમંડળમાં પ્રસિદ્ધ પામી વંચાય" એવા ઉત્તમ હેતુથી તેમણે પ્રાચીન પુસ્તકોનો ઉદ્ધાર કરવાને દશ હજાર રૂપીઆની મોટી રકમ અર્પણ કરી છે. એ મહાન્ કાર્યને ઉઠાવનારા અમારા જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના તેઓ સ્થાપક થયા છે અને એ વર્ગરૂપ કલ્પવૃક્ષને ઉત્તેજનરૂપ જળનું સિંચન કરી તેને નવપલ્લવિત કરવા સદા ઉત્સુક રહે છે.

શેઠ વસનજીભાઈ જેવા સખાવતમાં બાહાદૂર છે, તેવાજ તેઓ પ્રજા ઉપયોગી કાર્યોમાં ઉમંગથી ભાગ લેનારા છે. દૃઢપ્રતિજ્ઞ, સત્યવક્તા અને પ્રમાણિક નર તરીકે તેઓએ સારી પ્રતિષ્ઠા મેળવી છે, તેથી તેઓ સર્વ રીતે લોકોના વિશ્વાસપાત્ર બન્યા છે. તેઓ ખોજા જનરલ રીડીંગ રૂમના જીંદગી સુધીના સભાસદ છે. અને માંગરોલ જૈન સમાજના પ્રતિનિધિ છે. શેઠ નરશી નાથાના ચેરીટી ફંડના, કુમઠા દેરાસરના, સિદ્ધક્ષેત્રમાં સ્થપાએલ વીરબાઈ પાઠશાળા તથા પોતાના પવિત્ર નામથી અંકિત જૈન બોર્ડીંગ કે જેના માટે પચાસ હજાર રૂપીઆની ગંજાવર રકમ અર્પણ કરી છે તેના તેઓ માનવંતા ટ્રસ્ટી છે. એ ઉપરાંત કેટલીએક મીલોના તેઓ ડીરેકટર છે. આવી ઉત્તમ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તેમણે પોતાના માનવ જીવનની સફળતા કરેલી છે.

"માણસ વિદેશમાં ગમે તેટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે, પણ જ્યાંસુધી તે સ્વદેશમાં કે સ્વવતનમાં પોતાની ઉદારતા કે સખાવત પ્રસારે નહીં ત્યાંસુધી તે પ્રતિષ્ઠા પૂર્ણ કહેવાતી નથી." આ નીતિસૂત્રને સમજનારા શેઠ વસનજીભાઈએ પોતાના કુટુંબની જન્મભૂમિ કચ્છ—સુથરી વગેરે ગામોમાં સારાં સારાં કાર્યો કરેલાં છે. અને તેથી તેઓ કચ્છપતિ મહારાવ **શ્રી સર ખેંગારજી** સવાઈ બાહાદૂર જી. સી. આઈ. ઇની આગેવાની પ્રજામાં પ્રકાશી નીકળ્યા છે મહારાવ શ્રી તેમને પ્રેમની દૃષ્ટિએ નીહાળે છે અને તેઓની યોગ્યતા પ્રમાણે તેઓને માન આપે છે.

કેળવણી રૂપ કલ્પલતાને પલ્લવિત કરવાને શેઠ વસનજી ભાઈએ પોતાના વતન સુથરીમાં પોતાનાં સ્વર્ગવાસી પત્નીઓના નિર્મળ નામથી **ખેતબાઈ જૈન પાઠશાળા** અને **રતનબાઈ જૈન કન્યાશાળા** સ્થાપી છે. તેમજ પોતાના વિદ્યમાન સૌભાગ્યવંતા પત્ની વાલબાઈના નામથી **જશાપુર** ગામમાં એક બીજી જૈન પાઠશાળા પણ સ્થાપિત કરેલી છે. તે શિવાય કચ્છી જૈનપ્રજામાં જ્ઞાનવૃદ્ધિ કરવાને નાની નાની જૈનશાળાઓ કચ્છ દેશમાં

ઉઘાડવામાં તેમણે સારી સહાય આપેલી છે. અને અદ્યાપિ આપવાને સદા ઉત્સુક રહે છે.

ભારતવર્ષની પ્રાચીન જૈન ધાર્મિક અને સાંસારિક પદ્ધતી જે આપણી દૃષ્ટિ સમક્ષ અવનવીન ભાસે છે, તેનું જ્યારે સૂક્ષ્મ અવલોકન કરીએ છીએ ત્યારે કાંઈક કાંઈક પ્રબલ વિચારોર્મિ આપણા હૃદયમાં ઉછળે છે. તે પદ્ધતીનો પુનઃપ્રચાર કરવાને અને જ્ઞાતિ બંધનના સત્તાવાન થઈ બેઠેલા રીતિ કૃતિરૂપ કુરીવાજોને તથા એકજ ‘ દિશામાં પ્રયત્ન કરવાથી ઉદ્ધાર થશે, ’ એમ માનનારા તથા તદનુસાર વિરૂદ્ધ વર્ત્તનારા સુધારકોને પૂર્વની નીતિરીતિથી વર્ત્તાવવાને શેઠ વસનજીભાઈ તન મન ધનથી પ્રયત્ન કરનારા છે. તેમજ વ્યાપાર અને ઉદ્યોગના વ્યવહારમાં નિપુણ થવાને વિદેશગમન કરવામાં અને પાશ્ચિમાત્ય પ્રવૃત્તિઓમાં સ્વધર્મને દૂષિત કર્યા વિના ભળવામાં તેઓ હૃદયથી સંમત છે અને તેમને સહાય આપવામાં તેઓ સર્વદા ઉત્સુક રહે છે. પોતાની કોમના લોકો વિદ્વાન્ તથા ઉદ્યોગી થવા ઇચ્છતા હોય તેમને માસિક વેતન ( સ્કોલરશીપ ) આદિથી નિર્વાહની ચિંતામાંથી મુક્ત કરવા અને તેમને ઉન્નતિના ઉંચા શિખરનું દર્શન કરાવવું, એવી શેઠ વસનજીભાઈના હૃદયમાં સદા ઇચ્છા રહ્યા કરે છે. આ દેશના તેમજ પરદેશના મ્હોટા વિદ્વાનોને, કવિઓને અને ગ્રંથકારોને તેમના કાર્યમાં ઉત્તેજન આપવામાંજ તેમની ઉદારતા સાર્થક થાય છે. “ કેળવણી પામી સંસ્કારિણી થયેલી શ્રાવિકાઓ સ્વતંત્ર, સમર્થ, સદાચારી, અને ધર્મિષ્ઠ વિદુષિઓ થઇ શ્રાવક સંસારને દીપાવે અને પોતાની બાળ પ્રજાને કેળવી વીરપુત્રની પદવી સાર્થક કરે ” એ ઈચ્છા શેઠ વસનજીભાઇના હૃદય કમળમાં સદા જાગ્રત રહે છે. “ જૈનપ્રજા સદા આરોગ્ય, સ્વસ્થતા, શક્તિ, સુંદરતા અને કલ્યાણ પ્રાપ્ત કરવાને અધિકારી થાય, ” એવી ઉત્તમ ધારણા તેઓ ધારણ કરે છે.

શેઠ વસનજીભાઇનું વર્ત્તમાન જીવન ઉચ્ચ પ્રકારનું છે. તેઓ પ્રાયે કરીને નિયમિત રીતે પોતાનું પ્રવર્ત્તન ચલાવે છે. તેમની દિનચર્યા નિયમિત અને સત્કર્મથી ભરપૂર છે. આર્હત ધર્મની આરાધના કરવામાં અને સદ્વિચારથી સુશોભિત એવા સત્પુસ્તકો વાંચવામાં તેમનો સમય ઘણા ભાગે નિર્ગમન થાય છે. તેઓ વ્યવહારને અનુસરી પ્રવર્ત્તે છે, તથાપિ તેમના હૃદયમાં તાત્વિક વિચારો સદા ઉદ્ભવ્યા કરે છે. તેમનો સ્વભાવ દયામય અને પ્રેમાળ હોવાથી તેઓ પ્રત્યેક સ્થાને ઉત્તમ માન

પામે છે. કોઈપણ વિદ્વાન્ કે ગુણી તેમની મુલાકાત લે છે, તે તેમના વિનય, વિવેક અને સાદાઈ વગેરે ઉત્તમ ગુણો જોઈ સંતોષ પામે છે.

શેઠ વસનજીભાઈ પોતાના સુખી કુટુંબમાં સંતોષથી રહી સ્વકર્ત્તવ્યમાં તત્પર રહે છે. તેઓની અર્વાચીન ભાવનાઓ પ્રાચીન ભાવનાઓને અનુસરે છે. તેઓ વ્યવહાર માર્ગને માન આપે છે, તથાપિ "ભોગૈશ્વર્યમાંથી—વિષય વાસનામાંથી નિવૃત થવું અને સાધુતા સંપાદન કરવી એ આપણું પોતાનું કાર્ય છે અને આપણા પોતાના વશમાં છે" એમ તેઓ હૃદયથી માને છે. વળી તેઓ સારીરીતે સમજે છે કે, "દેશ કાળના બળે મનુષ્ય માત્રને ચાલતા યુગના—આરાના ધર્મો પ્રાપ્ત થાય છે અને તે ધર્મના પ્રતિપાલનમાં મનુષ્યે શું કરવું જોઈએ? તેની સ્વાભાવિક રીતે ગણના થાય છે અને થવી જોઈએ. અને તે ગણનામાં ફળની કસોટી પણ વાસ્તવિકરીતે સ્વીકારવી જોઈએ, તથાપિ મહત્તાનું ખરૂં બીજ પોતપોતાના કર્ત્તવ્યમાંજ છે. સંસારના મોહમાંથી નિવૃત્તિપરાયણ એવા જીવનને જો કર્ત્તવ્યમાં જોડવામાં આવે તો તે જીવન પોતાની એ સ્થિતિનું ફળ સારીરીતે મેળવી શકે છે" આવા વિચારને લઈને શેઠ વસનજીભાઈ હમેશાં ધનાઢ્ય ગૃહસ્થ તરીકેનું પોતાનું કર્ત્તવ્ય અદા કરવાને તત્પર રહે છે, અને તેમાંજ પોતાના જીવનની સાર્થકતા માને છે.

આવા ઉચ્ચ, ઉન્નત, ઉદાર લક્ષણોવાળા એક ધનાઢ્ય નરનું જીવન આ લોકમાં સર્વને અનુકરણીય છે. તેમની કૃતિઓ ઉપરથી ભવિષ્યમાં હજુ તે જીવન કેવું પ્રશંસનીય થશે? એ વાતની આપણને પૂર્ણ પ્રતીતિ પ્રાપ્ત થાય છે. શેઠ વસનજીભાઈના જીવનનો પ્રભાવ સર્વ જૈન કોમમાં અને આર્ય શ્રીમંતોમાં ઉજ્વલ કીર્તિ સ્તંભરૂપ છે. તે આદરથી અને માન્યભાવથી હમેશ જળવાશે, એમાં સંશય નથી. આવા યોગ્ય નરનું સંક્ષિપ્ત જીવન વાંચવાથી અનેક પ્રકારના લાભ થાય છે અને ભવિષ્યમાં તે બીજાને પ્રોત્સાહક અને ઉત્તેજક થઈ પડે છે. શ્રી પરમાત્મા એવા વીરપુત્રને દીર્ઘાયુષ્ય આપો અને તેમના નિર્મળ હૃદયને હવે પછીના જીવનમાં સારા સારા કાર્યો કરવાની પ્રેરણા કરો. એજ અમારી નમ્ર પ્રાર્થના છે:—

**શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ,**

# જૈન ઇતિહાસ.

## પ્રકરણ ૧ લું.

### પ્રાચીન સમયનો ઇતિહાસ.

આ જૈન ધર્મ અનાદિ કાળથી ચાલ્યો આવે છે, માટે તે ક્યારથી ચાલુ થયો હશે? એવી શંકા કરવાની કંઇ પણ જરૂર નથી. હવે તેના અનાદિ કાળમાં અનંતી ચોવીશીઓ થઇ ગઇ છે, અને પ્રત્યેક ચોવીશીના સમયમાં જૈન ધર્મનો બહોળો ફેલાવો પણ થયા કર્યો છે. ચોવીશીઓ એટલે જૈન ધર્મનો ફેલાવો કરનારા ચોવીશ તીર્થંકરો દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં થાય છે તે માંહેની આ છેલ્લી અવસર્પિણીમાં શ્રી ઋષભદેવ નામે પેહેલા તીર્થંકર થયા છે.

**શ્રી ઋષભદેવ.**—આ છેલ્લી અવસર્પિણીના ત્રીજા આરાને છેડે નાભિ રાજા નામના સાતમા કુલકર થયા, તેમનું રાજ્ય અયોધ્યામાં હતું, તેમને મરૂદેવા નામે સ્ત્રી હતી તેમની કુક્ષીએ આ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજીનો જન્મ થયો હતો. તે વખતના યુગલીયાં મનુષ્યો ફક્ત કલ્પવૃક્ષોનાં ફળ-ફુલો ખાઇ આજીવિકા ચલાવતાં હતાં, તથા કેટલાંક સંસારી રીત રીવાજોથી તથા નીતિથી અજાણ્યાં હતાં તેમને ઋષભદેવજીએ સર્વ સાંસારિક રીતી-

ઓથી વાકેફ કર્યા. ઋષભદેવજીને ભરત તથા બાહુબલિ આદિક એકસો પુત્ર હતા, તથા તેઓ સઘળા જૈન ધર્મમાં ઘણાજ ચુસ્ત હતા, ઘણોક સમય ગયા બાદ ઋષભદેવજીએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી તથા લોકોને જૈન ધર્મ સંબંધી શુદ્ધ દયામય ઉપદેશ દેવા લાગ્યા, તે સમયના લોકો કપટ રહિત અને શુદ્ધ અંતઃકરણવાળા હોવાથી તેમના હૃદયમાં જૈન ધર્મની દયામય લાગણીની ઉંડી છાપ પડી હતી. ઋષભદેવજી ઘણા કાળ સુધી જૈન ધર્મનો ઉપદેશ આપી અંતે કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા.

---

## ભરતચક્રી તથા બ્રાહ્મણોની ઉત્પત્તિ વેદોની ઉત્પત્તિ, સૂર્ય ચંદ્ર વંશની શરૂઆત.

ઋશભદેવજીએ વૈરાગ્ય પામી જ્યારે દીક્ષા લીધી ત્યારે અયોધ્યાની ગાદી તેમણે પોતાના મોટા પુત્ર ભરતને આપી હતી તે ભરતજીએ શુદ્ધ નીતિથી રાજ્ય ચલાવ્યું હતું તથા ચક્રવર્તીની પદ્વી સંપાદન કરી હતી, તેમણે પોતાના પિતા ઋષભદેવજીનો ઉપદેશ સાંભળીને જૈન ધર્મનો ઘણોજ ફેલાવો કર્યો હતો. દયામય જૈનધર્મના ફેલાવા માટે તેમણે એક વિશાળ ભોજનશાળા સ્થાપી હતી, તેમાં વ્રતધારી શ્રાવકોને તે હમેશાં પોતાને ખર્ચે ભોજન કરાવતા હતા, અને તે શ્રાવકો પણ '**માહન**' એટલે '**હિંસા ન કરવી**' એવો હમેશાં પાઠ કરતા હતા. આગળ ચાલતાં તે '**માહન**' શબ્દનો પાઠ કરનારા શ્રાવકો બ્રાહ્મણના નામથી ઓળખાવા લાગ્યા. ભરતચક્રીએ અષ્ટાપદ તથા શત્રુંજય આદિક સ્થાનોમાં ઘણાં સુવર્ણમય જૈન મંદિરો બંધાવ્યાં હતાં. ભરત રાજાએ શ્રી ઋષભદેવ પ્રભુના ઉપદેશ અનુસારે દયા ધર્મનું શિક્ષણ આપનારા ચાર વેદો બનાવ્યા હતા, તે વેદોનું યથાસ્થિત પઠનપાઠન આઠમા તીર્થંકરના સમય સુધી ચાલુ રહ્યું હતું, પણ પાછળથી બ્રાહ્મણોએ સ્વાર્થ વિગેરે માટે તેમાં ફેરફાર કરી હિંસામય શ્રુતિઓ દાખલ કરેલી જણાય છે.

ભરતના પુત્ર સૂર્યયશાથી સૂર્ય વંશની. તથા બાહુબળીના પુત્ર ચંદ્રયશાથી ચંદ્રવંશની શરૂઆત થઇ છે, અને તે સૂર્યવંશી તથા ચંદ્રવંશી રાજાઓ આજે પણ ભરતખંડમાં રાજ્ય કરતા માલુમ પડે છે.

## બીજા તીર્થંકર શ્રી અજીતનાથજીનો સમય. સગરચક્રી ગંગાનું જાન્હવી અથવા ભાગીરથી નામ પડ્યું.

અયોધ્યા નગરમાં ભરતચક્રી પછી અસંખ્ય રાજાઓ થઇ ગયા બાદ તેમનાજ વંશમાં જિતશત્રુ નામે રાજા થયા, તેમના નાના ભાઇ સુમિત્ર નામે હતા, જિતશત્રુ રાજાને વિજયા નામે રાણી હતી, તેની કુક્ષિએ આ અજીતનાથજી નામના બીજા તીર્થંકરનો જન્મ થયો હતો, અને સુમિત્ર અને યશોમતી નામે રાણી હતી, તેણીની કુક્ષિએ સગરચક્રીનો જન્મ થયો હતો. અજીતનાથજીએ વૈરાગ્ય પામીને જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમની ગાદીએ સગરચક્રી આવ્યા, તે સગરચક્રીને જંતુકુમાર આદિક સાઠ હજાર પુત્રો હતા, એક સમયે તે કુમારોએ વિચાર્યું કે, અષ્ટાપદ પર્વતપર ભરત રાજાએ જે રત્નમય જૈન પ્રતિમાઓને સ્થાપન કરી છે, તેની રક્ષા માટે આસપાસ જો ઉંડી ખાઇ કરી હોય તો ભવિષ્ય કાળમાં તેની કોઇ આસાતના કરી શકશે નહીં, એમ વિચારી તેઓએ દંડરત્નથી ત્યાં ઉંડી ખાઇ ખોદીને તેમાં ગંગાનો પ્રવાહ વાળ્યો, આથી પાતાળમાં રહેતા ભુવન પતિઓનાં ભુવનોનો વિનાશ થવાથી ઇંદ્રને ક્રોધ થયો, તેથી તેણે આવીને તે સર્વ કુમારોને બાળી ભસ્મ કર્યા, પછી સગરચક્રીના હુકમથી જંતુના પુત્ર ભગીરથે દંડરત્નથી તે ગંગાનો પ્રવાહ પાછો જેમ આગળ હતો તેમજ વેહેતો કર્યો, અને તેથી તે ગંગા નદીનું નામ જાન્હવી અથવા ભાગીરથી પડ્યું. સગરચક્રીએ ભરત રાજાએ બંધાવેલા શત્રુંજય પર્વતપરના જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો તથા છેવટે શ્રી અજીતનાથજી પ્રભુની પાસે દીક્ષા લઇ કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા. અજિતનાથ પ્રભુ પણ ઘણા કાળપર્યંત લોકોને જૈનધર્મનો ઉપદેશ આપી કેવળ જ્ઞાન પામી સમ્મેત શિખરપર મોક્ષે ગયા.

---

## ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજીથી પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથજી સુધીનો સમય.

શ્રી અજિતનાથ પ્રભુ મોક્ષે ગયા બાદ કેટલેક કાળે શ્રાવસ્તી નામની નગરીમાં ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજીનો જન્મ થયો, તેમના નિર્વાણ બાદ અયોધ્યા નગરીમાં ચોથા તીર્થંકર શ્રી અભિનંદન સ્વામીનો જન્મ થયો, ત્યાર-

બાદ ઘણા ઘણા સમયને અંતરે સુમતિનાથજી, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભ તથા સુવિધિનાથ નામે તીર્થંકરો થયા. નવમા શ્રી સુવિધિનાથજી તીર્થંકરના સમય સુધી સર્વ બ્રાહ્મણો જૈન ધર્મી હતા, તથા ભરતજીએ રચેલા ચારે વેદોનું પઠનપાઠન પણ આગળ કહ્યા મુજબ જૈન ધર્મને લગતું દયામય ધર્મવાળું હતું. એ નવમા તીર્થંકર મોક્ષે ગયા બાદ તે બ્રાહ્મણો મિથ્યાદૃષ્ટિ થયા તથા લોભ દૃષ્ટિથી તેઓએ પૂર્વે કહેલા વેદોને લોપી મતિકલ્પનાથી હિંસાના ઉપદેશવાળા નવીન ચાર વેદો બનાવ્યા, અને તેજ વેદોનું પઠનપાઠ હાલના બ્રાહ્મણોમાં પણ ચાલે છે.

નવમા તીર્થંકર પછી કેટલેક કાળે ભદ્દિલપુર નામના નગરમાં શ્રી શીતલનાથજી નામે દશમા તીર્થંકર થયા, તેમના વખતમાં હરિવંશની ઉત્પત્તિ થઇ છે. તેની હકીકત એવી છે કે, વીરા નામના એક કોળીની વનમાળા નામની એક ખુબસુરત સ્ત્રીને કોશાંબી નગરીનો રાજા બળાત્કારે પરણ્યો, તેથી તે કોળી દુઃખ પામી તાપસ થઇ મૃત્યુ પામીને કિલ્બિષ દેવતા થયો. રાજા અને વનમાળા પણ વિજળી પડવાથી મરણ પામી હરિવાસ ક્ષેત્રમાં યુગલીયાંરૂપે થયા ત્યારે તે દેવ વૈર લેવાની બુદ્ધિથી તેઓને ત્યાંથી ઉપાડી ભરતક્ષેત્રમાં ચંપાનગરીમાં લાવ્યો તથા ત્યાં તેઓનું હરિ અને હરિણી નામ પાડી તે નગરીની રાજગાદી આપી; ત્યાં માંસાહાર કરવા વગેરે કારણથી તેઓ મૃત્યુ પામી નરકે ગયા, અને તેમના વંશજો હરિવંશી કહેવાવા લાગ્યા.

ત્યારબાદ કેટલેક સમયે સિંહપુરી નામે નગરમાં વિષ્ણુ રાજાની વિષ્ણુ શ્રી નામની રાણીની કુક્ષીએ શ્રેયાંસનાથ નામના અગ્યારમા તીર્થંકરનો જન્મ થયો, તેમના સમયમાં વાનરદ્વીપમાં વાનરવંશની ઉત્પત્તિ થઇ કે, જે વંશમાં રામાયણમાં પ્રસિદ્ધવાળી તથા સુગ્રીવ આદિક વાનરવંશના રાજાઓ થયા છે. વળી આ તીર્થંકરના સમયમાંજ ત્રિપૃષ્ટ નામે પેહેલા વાસુદેવ, અચલ નામે બલદેવ, તથા અશ્વગ્રીવ નામે પ્રતિવાસુદેવ થયા છે.

ત્યારબાદ ચંપાનગરીમાં વસુપૂજ્ય નામના રાજાની વિજયા નામની રાણીની કુક્ષિએ વાસુપૂજ્ય નામે બારમા તીર્થંકર થયા છે, તેમના સમયમાં બીજા દ્વિપૃષ્ટ નામે વાસુદેવ, વિજય નામે બલદેવ, તથા તારક નામે પ્રતિવાસુદેવ થયા છે.

ત્યારબાદ કેટલેક સમયે કંપિલપુર નામના નગરમાં કૃતવર્મ રાજાની શ્યામા નામની રાણીની કુક્ષિથી તેરમા શ્રી વિમલનાથ નામે તીર્થંકર થયા છે, તેમના સમયમાં ત્રીજા સ્વયંભૂ નામે વાસુદેવ, ભદ્ર નામે બલદેવ તથા મેરૂક નામે પ્રતિવાસુદેવ થયા છે.

ત્યારબાદ કેટલેક સમયે અયોધ્યા નગરીમાં સિંહસેન રાજાની સુયશા નામની રાણીની કુક્ષિએ શ્રી અનંતનાથ નામના ચૌદમા તીર્થંકર થયા છે, તેમના સમયમાં પુરૂષોત્તમ નામે વાસુદેવ, સુપ્રભ નામે બલદેવ, તથા મધુ નામે પ્રતિવાસુદેવ થયા છે.

ત્યારબાદ કેટલેક સમયે રત્નપુરી નગરીમાં ભાનુ રાજાની સુવ્રતા નામની રાણીની કુક્ષીએ શ્રી ધર્મનાથજી નામના પંદરમા તીર્થંકર થયા છે, તેમના સમયમાં પુરુષસિંહ નામે વાસુદેવ, સુદર્શન નામે બલદેવ, તથા નિશુંભ નામે પ્રતિ વાસુદેવ થયા છે, તેમજ મઘવા અને સનત્કુમાર નામે ચક્રીઓ પણ થયા છે.

---

## સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથજીથી એકવીસમા તીર્થંકર શ્રી નમિનાથજી સુધીનો સમય.

ત્યારબાદ કેટલેક સમયે હસ્તિનાપુર નગરમાં વિશ્વસેન રાજાની અચિરા નામે રાણીની કુક્ષિએ સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથજીનો જન્મ થયો હતો, તેમના જન્મ પેહેલાં તે દેશમાં મારીનો (મરકીનો) ઘણો ઉપદ્રવ હતો; પરંતુ તેમનો જન્મ થયા પછી તે ઉપદ્રવ શાંત થવાથી તેમનું શાંતિનાથ નામ પાડયું હતું. આ સોળમા તીર્થંકરે પોતેજ ચક્રવર્ત્તીની પદ્વી પણ પ્રાપ્ત કરી હતી.

ત્યારબાદ કેટલોક સમય ગયા બાદ તેજ હસ્તિનાપુર નગરમાં સૂર નામે રાજાની શ્રીરાણી નામની રાણીની કુક્ષિએ સતરમા તીર્થંકર શ્રી કુંથુનાથજીનો જન્મ થયો હતો, તથા તેમણે ચક્રવર્ત્તીની પદ્વી પણ મેળવી હતી.

ત્યારબાદ કેટલોક સમય ગયા બાદ એજ હસ્તિનાપુર નગરમાં સુદર્શન નામના રાજાની દેવી નામની રાણીની કુક્ષિએ અરનાથ નામના અઢારમાં તીર્થંકર જન્મ્યા, તથા તેમણે ચક્રીની પદ્વી પણ મેળવી હતી; તેમના નિર્વાણ બાદ સુભૂમ

નામે ચક્રી થયા, તથા પુંડરીક અને દત્ત નામે વાસુદેવ, આનંદ અને નંદન નામે બલદેવ, અને બલિ તથા પ્રલ્હાદ નામે પ્રતિવાસુદેવ થયા.

ત્યારપછી કેટલોક સમય ગયા બાદ મિથિલા નગરીમાં કુંભ રાજાની પ્રભાવતી નામની રાણીની કુક્ષિએ મલ્લિનાથ નામના ઓગણીસમા તીર્થંકર જન્મ્યા, તે પૂર્વે બાંધેલા કર્મના સંયોગથી પુત્રીપણે જન્મ્યા હતા.

ત્યારપછી કેટલોક સમય ગયા બાદ રાજગૃહી નગરીમાં સુમિત્ર રાજાની પદ્માવતી નામની રાણીની કુક્ષિએ મુનિસુવ્રત સ્વામી નામે વીસમાં તીર્થંકરનો જન્મ થયો, તેમણે દીધેલી ધર્મ દેશનાથી ભરૂચમાં જીતશત્રુ રાજાનો ઘોડો પ્રતિબોધ પામ્યો હતો, અને તેથી તે ભરૂચનું અશ્વાવબોધ નામનું તીર્થ પ્રસિદ્ધ થયું છે, તેમની મહા પ્રભાવવાળી પ્રાચીન મૂર્ત્તિ હાલ પણ ભરૂચ નગરમાં બિરાજેલી છે. તેમના સમયમાં પદ્મ નામે ચક્રી, લક્ષ્મણ નામે વાસુદેવ, રામચંદ્ર નામે બળદેવ, તથા રાવણ નામે પ્રતિ-વાસુદેવ થયા છે. લંકાના રાજા રાવણે રામચંદ્રજીની સ્ત્રી સીતાજીનું હરણ કરવાથી તેઓ વચ્ચે મોટું યુદ્ધ થયું છે, અને તેમાં રાવણનો પરાજય થયો છે.

ત્યારપછી કેટલોક સમય ગયા બાદ મિથિલા નગરીમાં વિજયસેન રાજાની વિપ્રા નામની રાણીની કુક્ષિએ નમિનાથજી નામના એકવીસમા તીર્થંકર જન્મ્યા હતા, તેમના સમયમાં હરિષેણ અને જય નામે બે ચક્રીઓ થયા હતા.

---

## બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનો સમય, પાંડવ, કૌરવ, શ્રીકૃષ્ણનું વૃત્તાંત.

ત્યારપછી કેટલોક સમય ગયા બાદ સૌરીપુરી નામના નગરમાં સમુદ્ર વિજય રાજાની શિવાદેવી નામની રાણીની કુક્ષિએ શ્રી નેમિ-નાથ નામના બાવીસમા તીર્થંકરનો જન્મ થયો હતો. શ્રી નેમિનાથ પ્રભુ બાલ્યપણાથીજ બ્રહ્મચારી હતા તથા તીર્થંકર હોવાથી અનંત બળવાળા હતા. એક દિવસે રમત કરતાં તે શ્રીકૃષ્ણ વાસુદેવની આયુધશાળામાં જઇ

પહોંચ્યા, ત્યાં તેમણે વાસુદેવનો પાંચજન્ય શંખ વગાડ્યો, તે શંખનો નાદ સાંભળીને સભામાં બેઠેલા શ્રીકૃષ્ણ વાસુદેવ ચકિત થઇ વિચારવા લાગ્યા કે શું કોઇ બીજો વાસુદેવ ઉત્પન્ન થયો? વાસુદેવ સિવાય મારો શંખ બીજા કોઇથી પણ વગાડી શકાય તેમ નથી, પછી તપાસ કરતાં માલુમ પડ્યું કે, નેમિકુમારે તે શંખ વગાડ્યો છે, એવા ખબર મળવાથી શ્રીકૃષ્ણના મનમાં શંકા થઇ કે, ખરેખર આ નેમિકુમાર મારાથી પણ વધારે બળવાન છે, માટે રખેને મારૂં રાજ્ય લેશે, તેથી હું તેમને કોઇ કન્યા સાથે પરણાવીને તેનું બળ ઓછું કરાવું, એમ વિચારી તેણે નેમિકુમારની ઇચ્છા નહીં છતાં પણ ઉગ્રસેન રાજાની પુત્રી રાજેમતી સાથે તેમનાં લગ્ન કર્યાનું નક્કી કર્યું. માતપિતાના કથનને આધીન થઇ નેમિકુમાર રથમાં બેસી યાદવોના પરિવાર સહિત પરણવા ચાલ્યા; ત્યાં ઉગ્રસેન રાજાના મંદિર પાસે પહોંચતાં એક મકાનમાં હરિણ, ગાય, બકરાં આદિક કેટલાંક જાનવરોને પૂરેલાં અને તેથી પોકાર કરતાં જોયાં, તેથી મહાદયાળુ એવા શ્રી નેમિનાથ પ્રભુએ પોતાના સારથિને પૂછ્યું કે, આ જાનવરોને આ મકાનમાં શામાટે પૂર્યાં છે? ત્યારે સારથીએ કહ્યું કે, આપના લગ્નમાં જાનને ગૌરવનું ભોજન આપવા માટે આ સઘળાં જાનવરોને એકઠાં કરી અહીં પૂરેલાં છે તે સાંભળી નેમિકુમારે વિચાર્યું કે, અરે! મારે નિમિત્તે આ સર્વ પ્રાણીઓની હિંસા થશે!! એમ વિચારી પરણ્યા વિનાજ ત્યાંથી રથ પાછો વાળી ગિરનારપર જઈ સેસાવનમાં તેમણે દીક્ષા લીધી, કેવળ જ્ઞાન પામી ભવ્ય જીવોને ધર્મોપદેશ દઈ મોક્ષે ગયા. તેમના સમયમાં મથુરા નગરીમાં નવમા શ્રીકૃષ્ણ નામે વાસુદેવ, બળભદ્ર નામે બળદેવ થયા, તથા જરાસંધ નામે પ્રતિ વાસુદેવ થયા. વળી તેજ સમયમાં હસ્તિનાપુરમાં યુધિષ્ટિર, ભીમ, અર્જુન, નિકુળ અને સહદેવ નામના પાંચ પાંડવો રાજ્ય કરતા હતા, તે પાંચે ભાઇઓને દ્રૌપદી નામે રાણી હતી. એ પાંડવોના દુર્યોધન આદિક કૌરવો પિત્રાઈ ભાઇઓ હતા. પાંડવોમાંના યુધિષ્ટિરને જુગાર રમવાની બુરી ટેવ પડેલી હતી તેનો લાભ લઇને દુર્યોધન યુધિષ્ટિર સાથે જુગાર રમવા લાગ્યો, છેવટે યુધિષ્ટિર દ્રૌપદી સહિત પોતાનું સમસ્ત રાજ્ય હારી ગયા, જેથી પાંડવો શરત મુજબ બાર વર્ષ સુધી દેશ નિકાલ રહ્યા. છેવટે કૌરવો સાથે તેમને કુરૂક્ષેત્રમાં (પાણિપતના મેદાનમાં) મોટું યુદ્ધ કરવું પડ્યું, તેમાં શ્રીકૃષ્ણ વાસુદેવે અર્જુનના સારથિ થઇને પાંડવોને ઘણી

મદદ આપી હતી; છેવટે દુર્યોધન આદિક કૌરવોનો નાશ થયો, અને પાંડવોની જીત થઈ, પછી પાંડવોએ શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવી જૈન ધર્મનો ઘણો મહિમા વધાર્યો, તથા છેવટે દીક્ષા લઇ તે પાંડવો મોક્ષે ગયા.

---

## ત્રેવીસંમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીનો સમય, તથા બૌદ્ધમતની ઉત્પત્તિ.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુ અને ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વ પ્રભુની વચ્ચેના કાળમાં બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્ત્તી થયા, તે મહા પાપી હોવાથી મરણ પામી સાતમી નારકીએ ગયા છે.

શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણ બાદ કેટલોક સમય ગયા પછી વાણારસી **(બનારસ-કાશી)** નામની નગરીમાં અશ્વસેન રાજાની વામાદેવી નામની રાણીની કુક્ષિએ ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીનો જન્મ થયો હતો, તેમણે વૈરાગ્ય પામી દીક્ષા લઇ કેવળ જ્ઞાન પામી લોકોને જૈન ધર્મનો દયામય ઉપદેશ દેવા માંડ્યો, તેમણે આપેલા ધર્મના ઉપદેશથી લોકોપર એટલી તો સારી અસર થઈ કે, આજે પણ તેમનું નામ ઘણા ખરા અન્યદર્શનીઓમાં પણ પ્રસિદ્ધ છે, કેમકે તે અન્ય દર્શનીઓ પણ આજે જ્યારે જૈનોના કોઇ પણ તીર્થંકરની મૂર્ત્તિ નજરે જુએ છે, ત્યારે કહે છે કે, આ તો પારસનાથની મૂર્ત્તિ છે. વળી બંગાળામાં આવેલો જૈનોના પ્રસિદ્ધ તીર્થરૂપ સમ્મેત શિખરનો પર્વત પણ આજે પારસનાથના ડુંગર તરીકે પ્રસિદ્ધ છે.

આ શ્રી પાર્શ્વનાથજીના મોટા ગણધર શ્રી શુભદત્તજી હતા, તેમના શિષ્ય હરિદત્તજી થયા, તેમના શિષ્ય આર્યસમુદ્ર થયા, તથા તેમના શિષ્ય સ્વયંપ્રભસૂરિ થયા, તેઓના કેટલાક શિષ્યોમાં પિહિતાશ્રવ નામે એક શિષ્ય હતો, અને તેનો બુદ્ધકીર્ત્તિ **(ગૌતમ બુદ્ધ)** નામે એક શિષ્ય હતો. તે સરયૂ નદીને કિનારે આવેલાં પલાસ નામના ગામમાં રહેતો હતો, એક સમયે તે સરયૂ નદીમાં જબરૂં પૂર આવ્યું, તેથી કેટલાંક મરેલાં માછલાં તે નદીને કિનારે આવી પડ્યાં, તે જોઇ બુદ્ધકીર્તિએ વિચાર્યું કે, જે જીવો પોતાની મેળેજ સ્વભાવિક રીતે મરી જાય છે, તેઓનું માંસ ભક્ષણ કરવામાં

કશો દોષ નથી; એમ વિચારી તેણે તે મત્સ્યોનું ભક્ષણ કર્યું, અને લોકોને તેણે કહ્યું કે માંસમાં કંઇ જીવ નથી, માટે તે ભક્ષણ કરવામાં કંઇ દોષ નથી, માટે જેમ દુધ, દહીં, ફળ વિગેરેનું ભક્ષણ કરાય છે, તેમજ માંસભક્ષણ પણ કરવું, અને જેમ પાણી પીએ છીએ, તેમ મદિરાપાન કરવામાં પણ કંઈ દોષ નથી; એવો ઉપદેશ આપી તેણે પોતાનો બૌદ્ધમત ચલાવ્યો; પાછળથી તે ધર્મ પાળવામાં ઘણું દુઃખ ન હોવાથી તેનો ઘણો ફેલાવો થયો. આજે પણ ઉકેશગચ્છનો જે પરિવાર ચાલ્યો આવે છે, તે શ્રી પાર્શ્વનાથજીના સંતાનીયા કહેવાય છે.

---

## ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનો સમય, તથા તેમનો સંપૂર્ણ ટુંકામાં ઇતિહાસ. ચંદનબાળા તથા અગ્યાર ગણધરોનું વૃત્તાંત.

શ્રી પાર્શ્વ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વર્ષે મગધ દેશમાં આવેલા ક્ષત્રિયકુંડ નામના ગામમાં સિદ્ધાર્થ નામના રાજાની ત્રિશલા નામે રાણીની કુક્ષિએ જૈનોના ચોવીસમા તીર્થંકર શ્રી વર્ધમાન પ્રભુનો (મહાવીર સ્વામીનો) જન્મ થયો હતો. તેમને નંદિવર્ધન નામે એક ભાઈ હતા. શ્રી મહાવીર પ્રભુએ કેટલોક સમય ગૃહસ્થપણામાં રહીને અંતે આ સંસારને અસાર જાણીને દીક્ષા લીધી હતી. દીક્ષા લીધા બાદ પૂર્વે બાંધેલાં કર્મોને લીધે, તેમને ઘણા ઉપસર્ગો છદ્મસ્થપણામાં સહન કરવા પડ્યા. છદ્મસ્થપણામાં વિહાર કરતી વેળાએ શરવણ ગામનો રહેવાસી ગોશાલો નામનો એક પુરુષ ભગવાનને મળ્યો તથા ભગવાનની સાથે ફરવા લાગ્યો; પરંતુ તે બહુ અટકચાળો અને નીચ સ્વભાવનો હોવાથી લોકો તેને ધિક્કારવા લાગ્યા; અને કેટલીક જગોએ તો તેને તેના તેવા સ્વભાવથી લોકો તરફથી માર પણ પડ્યો હતો. મહાવીર પ્રભુ છદ્મસ્થપણામાં જ્યારે વિચરત્તા હતા, ત્યારે તે તરફના લોકોમાંના કેટલાક ઘણા અજ્ઞાન હોવાથી તેમને દુઃખ ઉપજાવતા હતા, પરંતુ પ્રભુ તો રાગદ્વેષ રહિત હોવાથી શાંત મનથી તે સઘળું સહન કરતા હતા; તથા ઘણા પ્રકારની ઉગ્ર તપસ્યા કરતા હતા. એક સમયે તેમણે એવો નિયમ કર્યો કે, કોઈ રાજકુમારી કે જે કેદી તરીકે પકડાયેલી હોય, દાસપણું પામી હોય, જેણીનું માથું મુંડેલું હોય, પગમાં બેડી હોય, અઠ્ઠમનો

તપ જેણીએ કર્યા હોય, જેણીની આંખોમાંથી આંસુઓ પડતાં હોય, તેવી રાજકુમારી સુપડાના ખુણામાં રહેલા અડદના બાકળા જો ભાવથી આપે, તોજ મારે લેવા; એવી રીતની ભિક્ષા માગતાં લગભગ પોણાછ મહિના વીતી ગયા, પરંતુ ઉપરના નિયમ મુજબ ભિક્ષા નહીં મળવાથી તેટલા દિવસોના તેમને ઉપવાસ થયા. હવે તે વખતે કોશાંબી નગરીના સતાનિક નામના રાજાએ દધિવાહન રાજાની ચંપા નામની નગરી પર હલ્લો કર્યો, ત્યારે દધિવાહન રાજાની હાર થવાથી ત્યાંથી નાશી ગયો; પરંતુ તેની ચંદના નામની પુત્રીને સતાનિક રાજાના એક સુભટે પકડી લીધી, તથા તેણીને કોશાંબીમાં લાવીને એક વેશ્યાને ત્યાં વેચી. તે વેશ્યા પાસેથી ધનાવહ નામના એક જૈન ધર્મી શાહુકારે તેણીને ખરીદ કરી, તથા પોતાની પુત્રી તરીકે રાખી. પરંતુ તે શેઠની સ્ત્રીને એવી શંકા થઇ કે, રખેને શેઠ આ ચંદનાનો સ્ત્રી તરીકે સ્વીકાર કરીને મારો તિરસ્કાર કરશે; એમ વિચારી શેઠ જ્યારે કોઇક કારણસર બહાર ગામ ગયા હતા ત્યારે તે દુષ્ટ સ્ત્રીએ બિચારી ચંદનાનું મસ્તક મુંડાવી, પગમાં બેડી પહેરાવીને તેણીને એક ઓરડામાં પુરી મુકી. ચોથે દિવસે શેઠ જ્યારે બહાર ગામથી ઘેર આવ્યા, ત્યારે ચંદનાને ઘરમાં ન જોવાથી તેણે તેણીની તપાસ કરી, તો છેવટે પાડોશી તરફથી ઉપલી હકીકત માલુમ પડી. ત્યારે શેઠ તે ઓરડાનું તાળું ખોલીને ત્રણ દિવસની ભુખી ચંદનાને બહાર કહાડી, તથા તેને ખાવા માટે એક સુપડામાં ઘોડામાટે રાંધેલા અડદના બાકળા આપીને પછી પોતે બેડીઓ તોડવા માટે લુહારને બોલાવવા ગયો, એટલામાં મહાવીર પ્રભુ પણ ભિક્ષા માટે ભમતા થકા ત્યાં આવી લાગ્યા. પ્રભુને જોઇને ચંદનાએ પણ ભાવથી તે બાકળા લેવા માટે પ્રભુને વિનંતિ કરી; ત્યારે પ્રભુએ વિચાર્યું કે મારો નિયમ તો સંપૂર્ણ થયેલો જણાય છે, પરંતુ તેમાં એક બાબત હજુ અધુરી છે, તે એ કે, તેણીની આંખોમાંથી હજી આંસુ પડતાં નથી; એમ વિચારી પ્રભુ તો તે બાકળા લીધા વિનાજ ત્યાંથી પાછા ફરવા લાગ્યા; તે જોઇ ચંદનબાળાએ વિચાર્યું કે, અહો! હું કેવી નિર્ભાગિણી છું કે, પ્રભુ પણ મારા હાથનું અન્નદાન લેતા નથી; એમ વિચાર કરતાં તેણીની આંખોમાંથી અશ્રુ પડવાં લાગ્યાં: ત્યારે પ્રભુએ પણ પોતાનો નિયમ સંપૂર્ણ થયેલો જાણી તે બાકળા તેણીના પાસેથી ગ્રહણ કર્યા. આ ચંદનબાળા પ્રભુના પરિવારમાં પહેલી સાધવી થયેલી છે. એવી રીતે ભગવાને બાર વર્ષ સુધી જૂદા જૂદા પ્રકારનું તપ કરી ચાર હજાર એકસોને પાંસઠ દિવસના ઉપવાસ કર્યા, અને ત્રણસો પચાસ દિવસ ફક્ત આહાર કર્યો. એવી રીતે બાર વર્ષો સુધી તપ કર્યા બાદ તેરમે વર્ષે વૈશાક શુદ દશમને દિવસે

પ્રભુ જાંભિક ગામ પાસે આવ્યા; ત્યાં ઋજુવાલુકા નામની નદીને કિનારે શ્યામાક નામના ખેડૂના ખેતરમાં ધ્યાન કરતાં પ્રભુને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું; એટલે જ્ઞાનરૂપી ચક્ષુથી ત્રણે લોકના સર્વ ભાવોને તે જાણવા લાગ્યા; તથા લોકોને દયામય એવા સત્ય જૈન ધર્મનો ઉપદેશ દેવા લાગ્યા. પછી વિહાર કરીને તે મહાવીર પ્રભુ મધ્યમ પાવાપુરી નામની નગરીમાં આવ્યા. ત્યાંના સોમિલ નામના એક બ્રાહ્મણે ત્યાં એક મોટો યજ્ઞ આરંભ્યો હતો; તે પ્રસંગે દેશ વિદેશથી ઘણા બ્રાહ્મણો ત્યાં એકઠા થયા હતા. તેઓમાં ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મ, મંડિત, મૌર્ય પુત્ર, અકંપિત, અચળ ભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ નામે અગ્યાર બ્રાહ્મણો વેદોના સર્વ અર્થોને જાણનારા મહા પંડિત હતા. તેઓના મનમાં એવું તો અભિમાન હતું કે, અમો સર્વજ્ઞ છીએ, અમારા સરખા આ દુનિયામાં કોઇપણ વિદ્વાન નથી; એમ સર્વજ્ઞપણાનું અભિમાન લાવી તેઓ સર્વે યજ્ઞ સંબંધી કાર્ય કરતા હતા; તેઓના દરેકના મનમાં વેદોના કેટલાંક પદોના અર્થ માટે સંશય હતો, પરંતુ પોતાના સર્વજ્ઞપણાના અભિમાન માટે તેઓ તે સંશય પરસ્પર કોઇને પૂછતા નહીં. એવામાં તેઓએ ત્યાં મહાવીર પ્રભુનું આગમન થયેલું સાંભળ્યું, તથા લોકોના મુખથી એવું પણ સાંભળ્યું કે, આ મહાવીર પ્રભુ ખરેખરા સર્વજ્ઞ છે; કેમકે તે સર્વ લોકોના મનની વાત પણ સંદેહ રહિત કહી આપે છે. આથી તેઓમાંના મોટા ઇંદ્રભૂતિને પોતાના મનમાં એવી ઇર્ષ્યા થઇ કે, હું બેઠાં છતાં અહીં તે સર્વજ્ઞપણું ધારી શકે એ હું સહન કરૂં નહીં; માટે હમણાજ જઇ તે મહાવીરને વાદમાં જીતીને તેના સર્વજ્ઞપણાનું અભિમાન ઉતરાવી નાખું; એમ વિચારી ઇંદ્રભૂતિ શ્રી મહાવીર પ્રભુ પાસે આવ્યા; ત્યારે દૂરથીજ મહાવીર પ્રભુએ તેમને તેમના નામપૂર્વક બોલાવી સન્માન આપ્યું; ત્યારે તેણે વિચાર્યું કે, આ મારૂં નામ કેમ જાણે છે? વળી તેણે વિચાર્યું કે, અરે! હું તો દેશ વિદેશમાં પ્રખ્યાત પંડિત છું, માટે મારૂં નામ તો પ્રસિદ્ધજ છે, તેમાં કંઇપણ આશ્ચર્ય નથી. એટલામાં પ્રભુએ તેને કહ્યું કે, હે ઇંદ્રભૂતિ! તમારા મનમાં વેદના અમુક પદનો સંશય છે, પરંતુ તમો તે પદનો અર્થ સમજતા નથી; એમ કહી ભગવાને તે પદનો ખરેખરો અર્થ તેને સમજાવ્યો, આથી ઇંદ્રભૂતિએ તો પોતાનું અભિમાન છોડીને તુરત પ્રભુને ચરણે નમીને દીક્ષા લીધી. એવી રીતે ઇંદ્રભૂતિએ દીક્ષા લીધાના ખબર સાંભળીને અગ્નિભૂતિ આદિક અગ્યારે વિદ્વાનો અનુક્રમે પ્રભુ પાસે આવવા લાગ્યા, અને પ્રભુ પણ તેઓના મનનો સંદેહ દૂર કરવા લાગ્યા; તેથી તેઓ સઘળાએ પ્રભુ પાસે દીક્ષા લીધી, તથા મિથ્યાત્વને તજીને શુદ્ધ ચારિત્ર

ધર્મ પાળવા લાગ્યા. પ્રભુએ પણ તે અગ્યારે બ્રાહ્મણ પંડિતોને જૈન સિદ્ધાંતના પારંગામી કરીને ગણધર પદ્દી પર સ્થાપ્યા; એટલે તે અગ્યારે ગણધરોએ પોતપોતાના શિષ્યોના જે પરિવાર સાથે દીક્ષા લીધી હતી, તે તે પરિવારના તેમને નાયક બનાવ્યા. એવી રીતે કેવળ જ્ઞાન પામ્યા બાદ શ્રી મહાવીર પ્રભુએ લગભગ ત્રીસ વર્ષો સુધી દેશ વિદેશમાં વિચરીને લોકોને જૈન ધર્મનો ઉપદેશ આપી દયામયહૃદયવાળા કર્યા. ભગવાનના મોટા ગણધર જે ઇંદ્રભૂતિ, તે ગૌતમસ્વામિના નામથી પણ પ્રસિદ્ધ છે, કેમકે તેમનું ગૌતમ કુળ હતું. આ ગૌતમસ્વામિને મહાવીર પ્રભુ પર ઘણો સ્નેહ હતો; અને તે રાગદશાને લીધે મહાવીર પ્રભુની હયાતિમાં તેમને કેવળ જ્ઞાન થયું નહીં. છેવટે મહાવીર પ્રભુ અપાપા નગરીમાં આવી ત્યાંના હસ્તિપાળ નામના રાજાની જીર્ણ થયેલી જગાતશાળામાં ચતુર માસ રહ્યા. તથા ત્યાં કાર્તિક વદી અમાવાસ્યાને દિવસે નિર્વાણ પામ્યા. તે વખતે તેમના ભક્ત નવમલ્લ જાતિના અને નવલચ્છ જાતિના રાજાઓએ અનેક પ્રકારના દીવાઓ કરીને દીપોત્સવ કર્યો; ત્યારથી દીવાળીનો મહોત્સવ લોકોમાં પ્રસિદ્ધ થયો.

---

## ગૌતમ સ્વામીનું વૃત્તાંત.

જ્ઞાનરૂપી ચક્ષુથી શ્રી મહાવીર પ્રભુએ જ્યારે પોતાનો નિર્વાણ સમય જાણ્યો, ત્યારે વિચાર્યું કે, ગૌતમ સ્વામીને મારાપર ઘણો મોહ છે, તેથી તેને કેવળ જ્ઞાન થતું નથી; એમ વિચારી તેમની તે મોહદશાને દૂર કરવા માટે તેમને પાસેના એક ગામડામાં રહેતા દેવશર્મા નામે બ્રાહ્મણને પ્રતિબોધવા માટે પ્રભુએ મોકલ્યા. ત્યાં તેને પ્રતિબોધિને પ્રભાતમાં જ્યારે પાછા આવ્યા, ત્યારે વીર પ્રભુનું નિર્વાણ થયેલું સાંભળીને પ્રથમ તો મોહને લીધે હૃદયમાં ખેદ પામવા લાગ્યા; પરંતુ પાછળથી અનિત્ય ભાવના ભાવતાં તેમને પણ કેવળ જ્ઞાન થયું. એવી રીતે એકમને દિવસે શ્રી ગૌતમ સ્વામિના કેવળજ્ઞાનનો મહોત્સવ થયો, તેથી તે દિવસ પણ આજ દિન સુધી તેહેવાર તરીકે પાળવામાં આવે છે. શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ સાંભળીને મોહને લીધે તેમના ભાઈ નંદિવર્ધનને શોક થયો, તેથી બીજને દિવસે ભગવાનની બેહેન સુદર્શનાયે તેમને પોતાને ઘેર તેડી જમાડયા, અને ભાઇનો શોક મુકાવ્યો, ત્યારથી ભાઈબીજનો તેહેવાર પણ પ્રસિદ્ધ થયો. નવગણધરો તો પ્રભુની હયાતિમાંજ રાજગૃહિ નગરીમાં પરિવારસહિત મોક્ષે ગયા હતા. વીર પ્રભુના નિર્વાણ પછી બાર વર્ષો સુધી કેવળીપણે વિચરીને શ્રી ગૌતમ સ્વામી પણ મોક્ષે ગયા.

એવી રીતે શ્રી મહાવીર પ્રભુની પાટે પાંચમા ગણધર શ્રી સુધર્માં સ્વામી એઠા, માટે હાલ જૈન સાધુઓનો જે પરિવાર વર્તે છે, તે સઘળો સુધર્માં સ્વામિનો પરિવાર છે. એવી રીતે વિક્રમ સંવત પેહેલાં ચારસોને સિતેર વર્ષે મહાવીર પ્રભુ બહોતેર વર્ષોનું આયુષ્ય સંપૂર્ણ કરી મોક્ષે ગયા છે



# " મધ્ય સમયનો ઇતિહાસ. "

## શ્રી સુધર્મા સ્વામિથી દેવર્ધ્ધી ગણી ક્ષમા શ્રવણ સુધિનો ઇતિહાસ.

# પ્રકરણ ૨ જું.

### સુધર્મા સ્વામી, જંબૂ સ્વામી, પ્રભવ સ્વામી, શય્યંભવ સ્વામી, મનક મુનિ, દશવૈકાલિક સૂત્રનું ઉદ્ધારણ. ઓશવાલ તથા શ્રીમાળીઓની ઉત્પત્તિ.

શ્રી મહાવીર પ્રભુની પાટે સુધર્મા સ્વામી બેઠા, તેમને ગૌત્તમ સ્વામીના નિર્વાણ પછી કેવળ જ્ઞાન થયું. એક વખતે તે સુધર્મા સ્વામી વિહાર કરતા થકા રાજગૃહી નગરમાં આવ્યા; તે નગરમાં ઋષભદત્ત નામે એક મોટો જૈન ધર્મી શેઠ રહેતો હતો; તેને ધારિણી નામે સ્ત્રી તથા જંબૂ નામે પુત્ર હતો; તેના પિતાએ તેનું આઠ કન્યાઓ સાથે સગપણ કર્યું હતું; હવે ત્યાં સુધર્મા સ્વામીને આવેલા સાંભળીને તે જંબૂકુમાર તેમનો ધર્મોપદેશ સાંભળવા ગયો; ઉપદેશ સાંભળીને તે સંસારથી વિરક્ત થઈ સુધર્મા સ્વામીને કહેવા લાગ્યો કે, હે ભગવન્! હું મારા માતપિતાની આજ્ઞા લેઇને આપની પાસે દીક્ષા લેઇશ. એમ કહી જંબૂકુમારે ઘેર આવી પોતાના માતાપિતાને પોતાનો તે અભિપ્રાય જણાવ્યો; ત્યારે મોહને વશ થઇ માતાપિતાએ આજ્ઞા આપી નહીં; ઘણો આગ્રહ કરવાથી માતાપિતાએ કહ્યું કે, હે પુત્ર તમારૂં

આઠ કન્યાઓ સાથે જે સગપણ અમોએ કર્યું છે, તેમને પરણવા બાદ તમો સુખેથી દીક્ષા લેજો. એવી રીતે માતાપિતાના આગ્રહથી તે જંબૂકુમારે આઠે કન્યાઓ સાથે લગ્ન કર્યાં; તથા છેવટે તે આઠે કન્યાઓને પણ પ્રતિબોધિને તેઓ સહિત તેમણે શ્રી સુધર્મા સ્વામી પાસે દીક્ષા લીધી; તથા સુધર્મા સ્વામી મોક્ષે ગયા બાદ તેમની પાટે જંબૂ સ્વામી બેઠા.

---

## દશ વસ્તુઓનો વિચ્છેદ.

છેવટે જંબૂ સ્વામી પણ કેવળ જ્ઞાન પામી વીર પ્રભુના નિર્વાણ પછી ચોસઠમે વર્ષે મોક્ષે ગયા. જંબૂ સ્વામી મોક્ષે ગયા બાદ મનઃપર્યવ જ્ઞાન, પરમાવધિ જ્ઞાન, પુલાકલબ્ધિ, આહારક શરીર, ક્ષપક શ્રેણિ, ઉપશમ શ્રેણિ, જિનકલ્પિ આચાર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર તથા યથાખ્યાત ચારિત્ર, એ ત્રણ પ્રકારનાં ચારિત્રો, કેવળ જ્ઞાન, અને મોક્ષ પ્રાપ્તિ, એ દશ વસ્તુઓ વિચ્છેદ ગઈ.

---

## પ્રભવસ્વામીનું વૃત્તાંત.

જંબૂ સ્વામીની પાટે પ્રભવસ્વામી બેઠા; તેમનું વૃત્તાંત એવું છે કે, વિંધ્યાચળ પર્વતની પાસે જમપુર નામે નગર હતું, ત્યાં વિંધ્ય નામે રાજા હતો; તેને પ્રભવ અને પ્રભુ નામે બે પુત્રો હતા. વિંધ્ય રાજાએ કોઈ કારણથી નાના પુત્રને ગાદી આપવાથી મોટો પુત્ર પ્રભવ રીસાઈને દેશાંતરમાં ચાલ્યો ગયો; તથા ચોરી અને લુંટફાટ વિગેરે કરીને તે પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો. એક વખતે તે જંબૂ કુમારને ઘેર ચોરી કરવા આવ્યો; તથા ત્યાં જંબૂ કુમારે આપેલા ઉપદેશથી પ્રતિબોધ પામીને તેણે પણ જંબૂ કુમારની સાથેજ દીક્ષા લીધી; તથા જંબૂ સ્વામી મોક્ષે ગયા બાદ તેમની પાટે તે પ્રભવ સ્વામી બેઠા; તથા પંચાસી વર્ષનું આયુષ સંપૂર્ણ કરીને વીર પ્રભુ પછી પંચોતેર વર્ષે સ્વર્ગે ગયા.

---

## શય્યંભવાચાર્યનું વૃત્તાંત.

પ્રભવ સ્વામીની પાટે શય્યંભવાચાર્ય બેઠા. તેમનું વૃત્તાંત એવું છે કે, એક વખતે રાત્રિએ પ્રભવ સ્વામીએ વિચાર્યું કે, મારી પાટે બેસવાને કોણ યોગ્ય

થશે? એમ વિચારી જ્ઞાનનો ઉપયોગ દીધો તો જૈનસંઘમાં તો કોઇ તેવો યોગ્ય પુરૂષ જણાયો નહીં; અન્ય દર્શનીયોમાં ઉપયોગ દેવાથી રાજગૃહ નગરના રહેવાસી શય્યંભવ ભટ્ટને યોગ્ય જોયા; તેથી પ્રભવ સ્વામી વિહાર કરીને રાજગૃહમાં આવ્યા; ત્યાં જોયું તો શય્યંભવ ભટ્ટ યજ્ઞ કરે છે, તેથી તે યજ્ઞશાળામાં પ્રભવ સ્વામીએ બે સાધુઓને મોકલ્યા, અને તેઓને કહ્યું કે, તમારે ત્યાં જઇ એમ કહેવું કે, 'અહો! આ તો મહા કષ્ટ છે, કંઇપણ તત્ત્વ જણાતું નથી.' પછી તે બન્ને સાધુઓએ ત્યાં જઇ તેમ કહેવાથી શય્યંભવ ભટ્ટે વિચાર્યું કે, આ મુનિઓ મહાવ્રત ધારી શાંત મનવાળા છે, માટે તે જૂઠું બોલે નહીં. એમ વિચારી તેણે પોતાના ગુરૂને પૂછ્યું કે, ખરૂં તત્ત્વ શું છે? ત્યારે ગુરૂએ અસત્ય ઉત્તર આપવાથી શય્યં-ભવ ભટ્ટ ક્રોધાયમાન થઇ તલવાર કહાડી ત્યારે ગુરૂએ ભયને લીધે કહ્યું કે, આ યજ્ઞસ્તંભની નીચે અરિહંત પ્રભુની પ્રતિમા છે, તેને અમો ગુપ્ત રીતે પૂજીએ છીએ, તેથી યજ્ઞમાં વિઘ્ન આવતું નથી. માટે તે અરિહંત પ્રભુએ કહેલો દયા-મય એવો જૈન ધર્મ સત્ય છે; તે સાંભળી શય્યંભવ ભટ્ટે ખુશી થઇ યજ્ઞને છોડીને પ્રભવ સ્વામી પાસે આવી દીક્ષા લીધી. આ શ્રી શય્યંભવાચાર્યજીએ પોતાના પુત્ર મનક મુનિ માટે દશ વૈકાલિક સૂત્રની રચના કરી છે. તેનું વૃત્તાંત એવું છે કે, જ્યારે શય્યંભવ આચાર્યજીએ દીક્ષા લીધી ત્યારે તેમની સ્ત્રી ગર્ભવંતી હતી.

---

## મનક મુનિનું વૃત્તાંત, તથા દશ વૈકાલિક સૂત્રનું ઉદ્ધારણ.

પાછળથી તેણીએ એક પુત્રને જન્મ આપ્યો, તથા તેનું મનક નામ પાડયું, જ્યારે તે પુત્ર આઠ વર્ષનો થયો ત્યારે તેણે પોતાની માતાને પૂછ્યું કે, મારા પિતાજી કયાં છે? ત્યારે તેણીએ કહ્યું કે તેમણે તો તારા જન્મ પહેલાંજ દીક્ષા લીધી છે; તે સાંભળી પિતાને જોવાની ઇચ્છાથી તે ચંપા નગ-રીમાં આવ્યો; ત્યારે માર્ગમાંજ શય્યંભવાચાર્ય તેને મળ્યા. ત્યારે આચા-ર્યજીએ પૂછવાથી તેણે પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો, તથા તેણે પણ દીક્ષા લીધી.

પછી જ્ઞાનના બળથી શય્યંભવાચાર્યને માલુમ પડયું કે, આ મનકનું આયુષ્ય ફક્ત હવે છ માસનું છે; માટે તેટલી મુદ્દતમાં તેમને શ્રુતજ્ઞાની

કરવા જોઇએ; એમ વિચારી પૂર્વોમાંથી તેમણે દશવૈકાલિક સૂત્રનો ઉદ્ધાર કરી, તે ભણાવી તેને શ્રુતજ્ઞાની કર્યા. છ માસ બાદ મનકમુનિ શાંતમને કાળ કરી સ્વર્ગે ગયા. તે દશવૈકાલિક સૂત્ર હાલ પણ જૈનોમાં પ્રસિદ્ધ છે. શય્યંભવાચાર્ય શ્રી વીરપ્રભુ પછી અઠ્ઠાણું વર્ષે સ્વર્ગે ગયા.

## ઓશવાળ તથા શ્રીમાળીઓની ઉત્પત્તિ.

શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પછી સીત્તેર વર્ષ બાદ શ્રી પાર્શ્વનાથજીના સંતાનોમાં છઠ્ઠી પાટે શ્રી રત્નપ્રભસૂરિ નામે આચાર્ય થયા. તેમણે ઉકેશપટ્ટન નામના નગરમાં શ્રી મહાવીર સ્વામીની પ્રતિમાની પ્રતિષ્ટા કરી; તથા ઓશ્યાનગરીમાં ક્ષત્રિયની જાતિઓને પ્રતિબોધીને ઓશવાળોની સ્થાપના કરી, અને શ્રીમાળ નગરમાં શ્રીમાળીઓની સ્થાપના કરી.



# પ્રકરણ ૩ જું.

(યશોભદ્રસૂરિ, સંભૂતિવિજયજી, ભદ્રબાહુસ્વામી, ઉમાસ્વાતિવાચક, તથા સ્થૂળભદ્રજી. નવ નંદોના રાજ્યનો નાશ, ચંદ્રગુપ્ત, ચાણાક્ય, શકડાલ મંત્રી.)

## યશોભદ્રસૂરિ.

શય્યંભવાચાર્યની પાટે શ્રી યશોભદ્રસૂરિ થયા. તે મહાવીર પ્રભુ પછી એકસો ને અડતાળીશ વર્ષે સ્વર્ગે ગયા.

યશોભદ્રાચાર્યની પાટે સંભૂતિવિજય તથા ભદ્રબાહુસ્વામી થયા. તેઓમાં શ્રી ભદ્રબાહુસ્વામીજીનું વૃત્તાંત નીચે મુજબ છે.

## ભદ્રબાહુસ્વામીનું વૃત્તાંત.

દક્ષિણ દેશમાં આવેલા પ્રતિષ્ટાનપુર નામના નગરમાં ભદ્રબાહુ અને વરાહમિહિર નામે બે બ્રાહ્મણો વસતા હતા. એક વખતે ત્યાં શ્રી યશોભદ્રસૂરી પધાર્યા, તેમની દેશના સાંભળીને તે બન્ને બ્રાહ્મણોએ દીક્ષા લીધી. તેઓમાંથી ભદ્રબાહુસ્વામી ચૌદ પૂર્વધારી થયા; તેથી યશોભદ્રસૂરિએ તેમને પોતાની પાટે સ્થાપ્યા. આથી વરાહમિહિરને ઈર્ષ્યા થઇ, તેથી તે દીક્ષા છોડીને જ્યોતિષશાસ્ત્રના બળથી લોકોને નિમિત્તઆદિક કહીને પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો, તેણે વળી વારાહી સંહિતા નામનું જયોતિષશાસ્ત્ર બનાવ્યું. એક વખતે પ્રતિષ્ટાનપુરના રાજાને ઘેર પુત્રનો જન્મ થયો, ત્યારે વરાહમિહિરે તેનું આયુષ્ય એક સો વર્ષનું જણાવ્યું: પરંતુ ભદ્રબાહુસ્વામીએ જ્ઞાનના બળથી કહ્યું કે, તે પુત્રનું આયુષ્ય ફક્ત સાત દિવસોનુંજ છે. છેવટે ભદ્રબાહુસ્વામીનું વચન સત્ય પડવાથી વરાહમિહિરની ઘણી નિંદા થવા લાગી; જેથી તે તાપસ થઈ અજ્ઞાનતપ તપી વ્યંતર થયો; તથા જૈન લોકોને ઉપદ્રવ કરવા લાગ્યો, ત્યારે ભદ્રબાહુસ્વામીએ ઉવસગ્ગહર સ્તોત્ર રચીને તે ઉપદ્રવનો નાશ કર્યો.

ભદ્રબાહુસ્વામીજીના વખતમાં દેશમાં બાર વર્ષ સુધી દુકાળ પડયો; જેથી સાધુઓને નિર્વાહ માટે મુસ્કેલી પડી, અને તેથી ક્ષુધાની વ્યાધિથી શાસ્ત્રોનું સારી રીતે પઠનપાઠન નહીં થવાથી ભુલી જવાયાં. દુકાળનો નાશ થયા બાદ સર્વ જૈનસંઘ પાટલી પુત્રમાં એકઠો થયો, તથા ત્યાં મહા મુસ્કેલીએ અગ્યાર અંગોનાં સિદ્ધાંતો તો એકઠાં કર્યાં; પરંતુ બારમું દૃષ્ટિવાદ કયાંથી મેળવવું? તે માટે સંઘ વિચારમાં પડયો; એવામાં ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુસ્વામી નેપાળ દેશમાં વિચરતા હતા, તે ખબર મળવાથી તેમને બોલાવવા માટે સંઘે બે સાધુઓને ત્યાં મોકલ્યા; તેમણે જઈ ભદ્રબાહુસ્વામીજીને વિનંતિ કરી કે, આપને પાટલી પુત્રનો સંઘ ત્યાં પધારવા માટે વિનંતિ કરે છે; ત્યારે ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું કે, હાલમાં મેં અત્રે મહાપ્રાણ નામના ધ્યાનનો પ્રારંભ કર્યો છે, માટે હમણાં મારાથી આવી શકાશે નહીં. ત્યારે તે મુનિઓએ પાછા આવી પાટલી પુત્રના સંઘને તે વૃત્તાંત કહ્યો; ત્યારે ફરીને સંઘે સાધુઓને તેમની પાસે મોકલી કહેવરાવ્યું કે, હે ભગવન! જે માણસ સંઘની આજ્ઞાને ઉલ્લંઘન કરે, તેને શું દંડ કરવો? ત્યારે ભદ્રબાહુસ્વામીએ કહ્યું કે, તેને સંઘ બહાર કરવો જોઇએ; પરંતુ સંઘે મારા પર કૃપા કરી બુદ્ધિવાન સાધુઓને અત્રે મોકલવા, તેમને હું દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવીશ. આથી પાટલી પુત્રના સંઘે સ્થૂળભદ્રજી આદિક પાંચસો બુદ્ધિવાન સાધુઓને ત્યાં મોકલ્યા; પરંતુ સ્થૂળભદ્રજી સિવાય બાકીના સાધુઓ તો કંટાળીને ચાલ્યા ગયા. ભદ્રબાહુસ્વામી શ્રી સ્થૂળભદ્રજીને પોતાની પાટે સ્થાપીને શ્રી વીરપ્રભુ પછી એકસોને સીતેર વર્ષે સ્વર્ગે ગયા.

---

## શ્રી ઉમાસ્વાતિવાચક.

આ આચાર્ય ક્યારે થયા? તે માટે જો કે, નક્કી સમય જણાયો નથી, પરંતુ દિગંબરપટાવલિ પ્રમાણે તે વીરપ્રભુ પછી એકસો એક વર્ષે થયા હોય એમ જણાય છે; તેમણે તત્વાર્થસૂત્ર, પ્રશમરતિ પ્રકરણ આદિક પાંચસો ગ્રંથો રચ્યા હતા; તથા તે મહાપ્રભાવિક હતા.

---

# શ્રી સ્થૂળભદ્રજીનું વૃત્તાંત, નંદરાજ્યનો નાશ, ચંદ્રગુપ્ત, ચાણાક્ય, શકડાલ મંત્રી આદિકોનું વૃત્તાંત.

શ્રી ભદ્રબાહુસ્વામીની પાટે સ્થૂળભદ્રજી આવ્યા ; તેમનું વૃત્તાંત નીચે મુજબ છેઃ—પાટલીપુત્ર નગરમાં શ્રેણિકનો પૌત્ર ઉદાયિ રાજા જ્યારે પુત્ર રહિત મૃત્યુ પામ્યો, ત્યારે એક નાઇના નંદ નામના પુત્રને ત્યાંની ગાદી મળી; તે રાજાનો કલ્પક નામે મંત્રી હતો; અનુક્રમે તે ગાદી પર નંદ નામના આઠ રાજાઓ થઈ ગયા; અને તેના મંત્રીઓ પણ કલ્પક મંત્રીના વંશજોજ થયા. એવી રીતે છેલ્લો નવમો નંદ રાજા જ્યારે પાટલીપુત્રમાં રાજ કરતો હતો, ત્યારે તેનો તે કલ્પક મંત્રીના વંશમાં ઉત્પન્ન થયેલો શકડાલ નામે મંત્રી હતો; તે મંત્રી જૈન ધર્મ પાળતો હતો; તેને લક્ષ્મીવતી નામે સ્ત્રી હતી. તે સ્ત્રીથી તેને સ્થૂળભદ્ર તથા શ્રીયક નામના બે પુત્રો થયા હતા. તે નગરમાં એક મહાસ્વરૂપવાળી ખુબસુરત કોશા નામની વેશ્યા રહેતી હતી, તેણીની સાથે સ્થૂળભદ્ર પ્યારમાં પડયો હતો; તેથી તે તેણીને ઘેરજ રહી ઘણા પ્રકારના ભોગ ભોગવતો હતો. એવી રીતે ભોગ ભોગવતાં બાર વર્ષો વીતી ગયાં. શ્રીયકપર રાજાની ઘણીજ પ્રીતિ થવાથી તે નંદ રાજાનો અંગરક્ષક થયો હતો. હવે તે નગરમાં એક વરરુચી નામે મહાવિદ્વાન્ બ્રાહ્મણ વસતો હતો, તે હમેશાં નવાં નવાં કાવ્યો રચીને રાજાની સ્તુતિ કરતો હતો; પરંતુ તે મિથ્યાદૃષ્ટિ હોવાથી જૈન ધર્મ માનનારો શકડાલ મંત્રી તેની પ્રશંસા કરતો નહોતો, તેથી રાજા તે વરરુચીને કંઇપણ દાન આપતો નહીં; કેટલોક સમય ગયા બાદ તે બ્રાહ્મણને તે બાબતની ખબર મળવાથી તેણે શકડાલ મંત્રીની સ્ત્રીની સેવા કરવા માંડી; આથી મંત્રીની સ્ત્રી તેનાપર ખુશી થઈ. ત્યારે તે બ્રાહ્મણે તેણીને કહ્યું કે, તમો મને એવું કરી આપો કે, જેથી તમારા સ્વામી રાજા પાસે મારાં કાવ્યોની પ્રશંસા કરે, પછી શકડાલ મંત્રી જ્યારે ઘેર આવ્યા, ત્યારે તેણીએ આગ્રહપૂર્વક તે બ્રાહ્મણનાં કાવ્યોની રાજા પાસે પ્રશંસા કરવાનું કહ્યું. બીજે દિવસે તે વરરુચીએ રાજા પાસે જઇ નવીન કાવ્યોથી જ્યારે તેમની સ્તુતિ કરી ત્યારે મંત્રીએ તેની પ્રશંસા કરવાથી રાજાએ ખુશી થઇને તે બ્રાહ્મણને એકસો આઠ સોના મોહોરો આપી. એવી રીતે હમેશાં

રાજા તેને એકસોઆઠ સોનામોહોરો દેવા લાગ્યો. કેટલાક દિવસો ગયા બાદ મંત્રીએ રાજાને કહ્યું કે, આપ હમેશાં તેને શામાટે સોનામોહોરો આપોછો? ત્યારે રાજાએ કહ્યું કે, હું તો ફક્ત તમોએ તેના કાવ્યની પ્રશંસા કરી તે ઉપરથી તેને દ્રવ્ય આપું છું. ત્યારે મંત્રીએ કહ્યું કે, તે બ્રાહ્મણ કંઇ હમેશાં નવાં કાવ્યો નથી રચી લાવતો; તે જે કાવ્યો કહે છે તે તો નાની છોકરીઓ પણ જાણે છે; હું તેની ખાતરી આપને આવતી કાલે કરાવી આપીશ. તે મંત્રીને સાત પુત્રીઓ હતી; તેઓ અનુક્રમે એક, બે એમ સાત વખત કોઇએ બોલેલાં કાવ્યોને યાદ રાખી શકતી હતી. બીજે દિવસે મંત્રીએ ગુપ્ત રીતે પડદાની અંદર પોતાની તે સાતે પુત્રીઓને રાજસભામાં બેસાડી; હમેશ મુજબ વરરુચિ જ્યારે પોતાનાં કાવ્યો બોલી રહ્યો, ત્યારે અનુક્રમે તે સાતે બાળાઓ પણ તે કાવ્યોને બોલી ગઇ; તેથી રાજાએ ગુસ્સે થઇને તે વરરુચિને દાન આપવું બંધ કર્યું. પછી તે વરરુચિએ ગંગા કિનારે જઇ એક યંત્ર ગોઠવ્યું; તેમાં રાત્રિએ હમેશાં સોનામોહોરોની એક થેલી ગોઠવી રાખે; તથા સવારમાં લોકોને આશ્ચર્ય પમાડવા માટે ગંગાની સ્તુતિ કરી, પગથી તે યંત્ર દબાવીને થેલી કહાડે, અને લોકોને કહે કે, મારી સ્તુતિથી ગંગાજી મને ખુશી થઇને સોનામોહોરો આપે છે. એક દહાડો રાજાને તે બાબતની ખબર પડવાથી તેણે મંત્રીને તે વાત કહી; ત્યારે મંત્રીએ તપાસ કરીને તે વરરુચિની કપટક્રિયા શોધી કહાડી, અને પ્રભાતે રાજાને ખાતરી કરાવી આપી કે, આ વરરુચિ બ્રાહ્મણ એક મોટો ઠગ છે. હવે આ બનાવથી વરરુચિને ઘણું દુઃખ થયું, તેથી તે શકડાળ મંત્રીને મારવાનો ઉપાય શોધવા લાગ્યો. એટલા મંત્રીના પુત્ર શ્રીયકના લગ્નનો પ્રસંગ આવ્યો, ત્યારે શકડાળ મંત્રીએ તે પ્રસંગે રાજાને ભેટ આપવા માટે કેટલાંક હથિયારો પોતાને ઘેર તૈયાર કરાવવા માંડ્યાં; તેની વરરુચિને ખબર પડવાથી લાગ આવ્યો જાણીને, તેણે શહેરના કેટલાક બાળક છોકરાંઓને એકઠાં કરી, તેમને કંઇક ખાવાનું આપી એવું બોલવાનું શિખાવ્યું કે, રાજા જાણતો નથી કે, તેને મારીને શકડાલ મંત્રી શ્રીયકને ગાદીએ બેસાડવાનો છે, પછી તે બાળકો તો શેરીએ શેરીએ અને ચૌટે ચૌટે તે વાક્ય બોલવા લાગ્યા. એક દિવસે રાજાએ પણ તે સાંભળ્યાથી તેણે વિચાર્યું કે, બાળવાણી જૂઠી હોય નહીં, એમ વિચારી તેણે પોતાના ગુપ્ત માણસો મારફતે મંત્રીના ઘરની તપાસ કરાવી તો જણાયું કે, ત્યાં હથિયારો તૈયાર થાય છે. પછી

પ્રભાતમાં જ્યારે મંત્રી રાજસભામાં આવ્યો, ત્યારે રાજાએ તેની સલામ નહીં લેવાથી રાજાનો અભિપ્રાય મનમાં સમજીને તુરત તે પોતાને ઘેર આવ્યો; તથા શ્રીયકને બોલાવી સઘળું વૃત્તાંત કહીને કહ્યું કે, હવે કુળના રક્ષણનો ફક્ત એકજ ઉપાય છે, અને તે એ છે કે, જેવો હું રાજાને નમસ્કાર કરૂં, કે તુરત તારે મારૂં મસ્તક છેદી નાખવું. કેટલીક આનાકાની સાથે કુળના રક્ષણ માટે શ્રીયકે તેમ કરવાનું કબુલ કર્યું, પછી એવી રીતે રાજાની સમક્ષ શ્રીયકે પોતાના પિતાનું મસ્તક છેદ્યાથી રાજાનો શ્રીયકપર ઘણો વિશ્વાસ આવ્યો, તેથી તેણે તેને મંત્રિપદ લેવાનું કહ્યું, ત્યારે શ્રિયકે કહ્યું કે, મારા મોટા ભાઇ સ્થૂળભદ્ર કોશાવેસ્યાને ત્યાં આજે બાર વર્ષો થયાં રહ્યા છે. માટે તેમને તેડાવીને મંત્રીપદ્વી આપો ? રાજાએ સ્થૂળભદ્રને બોલાવી મંત્રીની પદ્વી લેવાનું કહ્યું, ત્યારે તેમણે કહ્યું કે, હું વિચારીને જવાબ આપીશ. રાજાએ કહ્યું કે, તમો આજેજ વિચારીને મને જવાબ આપજો ? પછી ત્યાંથી જઇ સ્થૂળભદ્રજીએ વિચાર્યું કે, અહો ! આ મંત્રી પદ્વી લેઇને તો સંસારની મોટી ખટપટની જાળમાં પડવું પડશે; ખરેખર આ સંસાર અસાર છે; એમ વિચારી વૈરાગ્ય થવાથી તેમણે સાધુનો વેષ લેઇ રાજા પાસે જઇ ધર્મ લાભ દઇ કહ્યું કે, હે રાજન્ ! મેં તો આવો વિચાર કરી લીધો છે; એમ કહી ત્યાંથી એકદમ નીકળી સંભૂતિવિજયજી આચાર્ય પાસે જઇ તેમણે તો દીક્ષા લીધી. તેથી રાજાએ શ્રીયકને મંત્રીપદ આપ્યું. ત્યારબાદ શ્રીયકે વિચાર્યું કે, મારા પિતાના મૃત્યુનું કારણ આ દુષ્ટ વરરૂચિ છે, માટે મારે તે વૈર વાળવું જોઇએ; એમ વિચારી તેણે કોશાવેશ્યા કે જે સ્થૂળભદ્રજીના વિયોગથી ખેદ પામતી હતી, તેની પાસે આવીને કહ્યું કે, આ સઘળા અનર્થનું મૂળ આ દુષ્ટ વરરૂચિ છે: અને તે વરરૂચિ તારી બ્હેન ઉપકોશાના પ્યારમાં પડેલો છે, માટે તેણીને કહીને તેને મદિરાપાનનું વ્યસન કરાવ તો આપણા વૈરનો બદલો વળી જાય. આ ઉપરથી કોશાએ પોતાની બ્હેન મારફતે તેને મદિરાપાનમાં આસક્ત કર્યો. હવે એક દિવસ સભામાં નંદરાજા શકડાલ મંત્રીના ગુણોને યાદ કરવા લાગ્યો, તે વખતે વરરૂચિ પણ સભામાં બેઠો હતો. પછી શ્રીયકે રાજાને વરરૂચિનું સઘળું વૃત્તાંત ગુપ્ત રીતે કહીને કહ્યું કે, તે મદિરાપાન કરે છે; આથી રાજાએ વરરૂચિને યુક્તિથી ઉલટી કરાવી તો મદિરાપાનનું વમન થયું; તેથી રાજાએ તેનો તિરસ્કાર કરીને તેને સભામાંથી બહાર કહાડી મેલ્યો. બ્રાહ્મણોએ પણ તેને ન્યાતિ બહાર કર્યો, તથા ઉકાળેલું સીસું પીવાનું પ્રાયશ્ચિત્ત આપ્યું, કે જે પીવાથી તે મૃત્યુ પામ્યો.

અહીં સ્થૂળભદ્રજી મુનિએ ચતુર્માસ નજદીક આવવાથી ગુરૂમહારાજને વિનંતિ કરી કે, હે ભગવન્ ! જો આપની આજ્ઞા હોય તો હું કોશાવેશ્યાને ઘેર ચોમાસું રહું. તે સાંભળી ગુરૂમહારાજે જ્ઞાનને બળે તેમને યોગ્ય જાણી તેમ કરવાની આજ્ઞા આપી. તે વખતે બીજા પણ એ ત્રણ મુનિઓ વનમાં સિંહની ગુફા આદિક પાસે ચોમાસું રહેવાની ગુરૂમહારાજ પાસે આજ્ઞા માગી ત્યાં ગયા. સ્થૂળભદ્રજીને આવતા જોઈ કોશાવેશ્યાએ વિચાર્યું કે, સુકુમાર શરીરવાળા સ્થૂળભદ્રજીથી મહાવ્રતોનું કષ્ટ નહીં સહેવાવાથી પાછા આવતા લાગે છે. પછી જ્યારે સ્થૂળભદ્રજી ઘરમાં આવ્યા ત્યારે કોશાવેશ્યાએ તેમને ઘણું સન્માન આપી કહ્યું કે, હે સ્વામી ! આ આપની દાસીને શી આજ્ઞા છે ? ત્યારે સ્થૂળભદ્રજીએ કહ્યું કે, મારે તો આ તમારી ચિત્રશાળામાં ચોમાસું રહેવું છે, તે સાંભળી વેશ્યાએ તે ચિત્રશાળા તેણીને સોંપી આપી. પછી ઘણાં સ્વાદિષ્ટ ભોજન કરાવ્યાં બાદ શૃંગાર સજી તેમની પાસે આવીને પૂર્વે ભોગવેલા ભોગોને યાદ કરાવતી ઘણા હાવભાવ તે કરવા લાગી, પરંતુ સ્થૂળભદ્રજી મહામુનિરાજનું મન તેથી જરા પણ ચલાયમાન થયું નહીં. ઉલટું તેણીને ઉપદેશ આપીને શ્રાવક ધર્મમાં દ્રઢતા કરાવી. વર્ષાકાળ ગયા બાદ વનમાં સિંહગુફા આદિક પાસે ચતુર્માસ રહેલા સાધુઓ જ્યારે ગુરૂ પાસે આવ્યા ત્યારે ગુરૂએ તેમની પ્રશંસા કરી : પરંતુ જ્યારે સ્થૂળભદ્રજી આવ્યા ત્યારે ગુરૂએ પણ ઉભા થઇ તેમને ઘણુંજ સન્માન આપી તેમની ઘણીજ પ્રશંસા કરી. આ બનાવથી તે વનમાં વસેલા સાધુઓને એવી ઇર્ષ્યા થઇ કે, આ સ્થૂળભદ્રજી એક તો વેશ્યાને ઘેર ચોમાસું રહ્યા, ત્યાં વિવિધ પ્રકારનાં મનોહર ભોજન જમ્યા ; અને અમો તો આવું મહાકષ્ટ સહન કરીને આવ્યા, છતાં ગુરૂએ સ્થૂળભદ્રજીને જે ઘણું સન્માન આપ્યું, તેનું કારણ એ કે તે મંત્રીના પુત્ર હોવાથી ગુરૂમહારાજ પણ તેનો પક્ષપાત રાખતા જણાય છે. એમ વિચારી બીજે ચોમાસે તે સાધુઓએ ગુરૂમહારાજને કહ્યું કે, આ ચોમાસું તો અમો પણ કોશાવેશ્યાની ચિત્રશાળામાં રહેશું. ત્યારે ગુરૂએ વિચાર્યું કે, આ સાધુઓને સ્થૂળભદ્રજીની ઇર્ષ્યા થયેલી છે. એમ વિચારી ગુરૂએ વાર્યા છતાં પણ તે કોશાવેશ્યાને ઘેર ગયા. ત્યારે કોશાએ પણ વિચાર્યું જે આ મુનિઓ સ્થૂળભદ્રજીની ઇર્ષ્યાથી આવ્યા છે ; છેવટે તે મુનિઓનું મન તો કોશાવેશ્યાનું રૂપ જોઈ ચલાયમાન થયું ; પરંતુ કોશાએ તેમને યુક્તિથી

પ્રતિબોધીને ગુરૂ પાસે મોકલ્યા; ત્યાં તેઓએ ગુરૂ પાસે આવી આલોચના લેઇ સ્થૂળભદ્રજીની પ્રશંસા કરી. ત્યારબાદ સ્થૂળભદ્રજીએ શ્રી ભદ્રબાહુસ્વામીજીની પાસે દશપૂર્વો ઉપર બે વસ્તુઓનો અભ્યાસ કર્યો; એક વખતે શ્રી ભદ્રબાહુસ્વામી સ્થૂળભદ્રજી આદિક મુનિઓ સહિત પાટલીપુત્ર નગરમાં પધાર્યા. ત્યારે ત્યાં સ્થૂળભદ્રજીની યક્ષા આદિક બ્હેનો કે જેમણે દીક્ષા લીધી હતી, તેઓ તેમને વાંદવા માટે આવી; તેઓએ ભદ્રબાહુસ્વામીને વાંદ્યા બાદ ત્યાં સ્થૂળભદ્રજીને નહીં જોવાથી પૂછ્યું કે, હે ભગવન્! સ્થૂળભદ્રજી ક્યાં છે? ત્યારે ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું કે, પાછળના ભાગમાં દેવકુળમાં છે; તે સાંભળી તે સાધવીઓ ત્યાં જઇ જુએ છે તો એક સિંહને જોયો; કેમકે સ્થૂળભદ્રજીએ તેમને ત્યાં આવતી જોઇને વિસ્મય પમાડવા માટે સિંહનું રૂપ કર્યું હતું. સિંહને જોઇ તેઓ તો ડરીને પાછી વળી ભદ્રબાહુસ્વામી પાસે આવી ક્હેવા લાગી કે, હે ભગવન્! ત્યાં તો એક સિંહ બેઠો છે, અને ખરેખર તે અમારા મોટા ભાઇનું ભક્ષણ કરી ગયો હશે. તે સાંભળી ભદ્રબાહુસ્વામીજીએ જ્ઞાનનો ઉપયોગ દેઇ તેઓને કહ્યું કે, હવે તમો ફરીને ત્યાં જાઓ, કેમકે હવે ત્યાં સિંહ નથી, પણ તમારા ભાઇજ બેઠા છે. ત્યારે ફરીને તેઓ ત્યાં ગયા અને સ્થૂળભદ્રજીને ઓળખી તેમને વંદના કરી, તથા કેટલીક વાતચિત કર્યા બાદ તેઓ પોતાને સ્થાનકે ગઇ. ત્યારબાદ સ્થૂળભદ્રજી વાચનાનો પાઠ લેવા માટે શ્રી ભદ્રબાહુસ્વામી પાસે આવ્યા, પરંતુ સિંહરૂપની વિકૃતિથી તેમને અયોગ્ય જાણી વાંચના આપી નહીં. ત્યારબાદ સંઘના ઘણા આગ્રહથી ફક્ત મૂળ પાઠથી બાકીના ચાર પૂર્વોની વાચના ભદ્રબાહુસ્વામીજીએ સ્થૂળભદ્રજીને આપી, પરંતુ તેનો અર્થ કહ્યો નહીં. સ્થૂળભદ્રજી મહારાજ શ્રી વીરપ્રભુના નિર્વાણ પછી બસોને ઓગણીસ વર્ષે સ્વર્ગે પધાર્યા.

હવે ગોલ્લદેશમાં ચણક નામના ગામમાં ચણી નામે બ્રાહ્મણ વસતો હતો, તેને ચણેશ્વરી નામે સ્ત્રી હતી. તેઓ બન્ને જૈનધર્મ પાળતાં હતાં તેઓને ઘેર જન્મથી દાંતો સહિત એક પુત્રનો જન્મ થયો, તે વખતે કોઇક જ્ઞાની જૈનમુનિ ત્યાં પધાર્યા, તેમને તે બ્રાહ્મણે પોતાના પુત્રની વાત કહી, ત્યારે મુનિએ કહ્યું કે, તમારો તે પુત્ર રાજા થશે, ત્યારે બ્રાહ્મણે વિચાર્યું કે, રાજ્ય મળવાથી તો મહાઆરંભ કરવાથી તે નરકગામી થશે, એમ વિચારી તેણે તે બાળકના દાંતો ઘસી નાખ્યા; અને મુનિને તે વાત

આવું વિચારી તે પ્રવાસી ઉભો રહ્યો. ત્યાં આકાશમાંથી અદૃશ્ય વાણી ઉત્પન્ન થઇ—"હે પ્રવાસી, આ નગર સત્ય નથી, માત્ર બોધને માટે તને દર્શાવવામાં આવ્યું છે, આ નગરનો ઉપનય તું તારા શરીર ઉપર ઉતારજે. આ નગર તે એક શરીર સમજજે. તેને જે નવ દરવાજા છે, તે તેની નવ ઇંદ્રિયોના દ્વાર જાણજે. દરેક દરવાજે જે ચોકીદાર બેઠા છે, તે તે ઇંદ્રિયોના વિષયો છે. તે નગર સર્વથી ભિન્ન દેખાય છે, તે ઉપરથી સમજી લેજે કે, આ શરીર ચિદાનંદ પરમાત્માથી ભિન્ન રહેલું છે.

આ પ્રમાણે બોધનાં વચનો ઊચ્ચારી તે અદૃશ્ય વાણી વિરામ પામી ગઈ. તેના સુબોધક વચનો સાંભળી પ્રવાસીને વિશેષ પ્રસન્નતા પ્રાપ્ત થઈ. ચિદાનંદ આત્મા અને શરીરની ભિન્નતા જાણી તેની તત્ત્વદૃષ્ટીમાં વિશેષ પ્રકાશ પડી ગયો. તે અદૃશ્ય વાણી કોની હશે ? તેને માટે તેના મનમાં શંકા થઈ પણ છેવટે આ તત્વ ભૂમિનો કોઈ ચમત્કાર હશે એવું માની અને હૃદયમાં સંતોષ પામી તેણે પોતાનો પ્રવાસ આગળ ચલાવ્યો.

તત્ત્વ ભૂમિની સુંદર રચના જોતો જોતો પ્રવાસી આગળ ચાલ્યો, ત્યાં એક ચૈતન્ય સ્વરૂપ તેના જોવામાં આવ્યું. તેને જોતાંજ પ્રવાસીના હૃદયમાં પરમાનંદ પ્રગટ થઈ આવ્યો. તેના આનંદ સાગરના ઊર્મિઓ ઊછળવા લાગ્યા અને જાણે નિર્મળ દ્રષ્ટિ ઉપર અમૃતનું સિંચન થતું હોય તેવો ઊત્તમ અનુભવ તેને પ્રાપ્ત થવા લાગ્યો. તે શીતળ અને શાંત સ્વરૂપનું દર્શન કરી પ્રવાસીએ પ્રેમપૂર્વક પ્રશ્ન કર્યો—હે શાંત મૂર્ત્તિ શુદ્ધ સ્વરૂપ આપ કોણ છો? આપની શુદ્ધ પ્રકાશમય પ્રતિમાનું અવલોકન મને અતુળ આનંદ ઊત્પન્ન કરેછે. આપના સ્વરૂપની આસપાસ રહેલું આ મંડળ મારા અંતરની પ્રતિમા ઊપર સારો પ્રકાશ પાડે છે.

મહાનુભાવ, કૃપા કરી તમારા સુંદર અને શાંત સ્વરૂપનું મને જ્ઞાન આપો.

તે ચૈતન્ય સ્વરૂપમાંથી નીચે પ્રમાણે ધ્વનિ ઉત્પન્ન થયો:—

હે તત્ત્વપ્રેમી પ્રવાસી, તું મારા સ્વરૂપને સમજે છે, તથાપિ તારી આગળ મારા સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યક્તા છે, તેથી હું કહું, તે સાંભળ. હું પોતે વસ્તુ સ્વરૂપ છું. મારા સ્વરૂપને ખરો અનુભવી જાણી શકે છે. તે સિવાય જેવા તેવા પુરૂષથી મારૂં સ્વરૂપ જાણવામાં આવતું નથી. મારૂં સ્વરૂપ જાણવાને માટે હૃદયમાં ઘણી શંકાઓ થયા કરે છે. પણ જ્યારે હૃદય તત્ત્વ જ્ઞાનથી ભરપૂર થાય, ત્યારેજ મારૂં સ્વરૂપ જાણવામાં આવે છે.

પ્રવાસીએ પ્રેમ દર્શાવી કહ્યું, મહાનુભાવ, કૃપા કરી તમારા એ સ્વરૂપનું મને ભાન કરાવો. મારા અંતરની એજ ઇચ્છા છે. અને એ ઇચ્છાને આધીન થઈનેજ હું આ તત્ત્વ ભુમિનો પ્રવાસી થયો છું. મારા ઉપકારી પૂર્વ મિત્રે તેને માટેજ આ પ્રયાસ કર્યો છે. હે દયાનિધિ, મારા ઊપર કૃપા કરો અને મને આપનું યથાર્થ સ્વરૂપજણાવો.

વસ્તુસ્વરૂપે હાસ્ય કરતાં કહ્યું, ભદ્ર, મારૂં સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળાએ પ્રથમ જીવની સ્થિતિ જાણવી જોઇએ. કારણકે, કર્મનાં ફળ સુખદુઃખને ભોગવનારો જીવ એ કર્મનાં જાળમાંથી ક્યારે મુક્ત થઇ શકે? એ વાત તેની સ્થિતિ જાણવાથી લક્ષ્યમાં આવે છે. અનુપમ મહિમાને ધારણ કરનારો જીવ આ શરીરમાં કેવી રીતે પમાય છે? તે જાણવાને માટે એક ઉત્તમ દૃષ્ટાંત અપાય છે. જે કોઈ મોટો દ્રવ્યનો નિધિ જમીનમાં દટાઇ રહેલો હોય, તે કોઈના જાણવામાં આવતો નથી. પણ જ્યારે કોઈ તે ધનના નિધિને ખોદી જમીનમાંથી બાહેર કાઢે ત્યારે નેત્રવાળા માણસના દેખવામાં આવે છે, એટલે તેનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. તેવી રીતે આ જીવ અનાદિ કાળથી જડ એવા પુદ્ગળ દ્રવ્યરૂપ જમીનમાં દટાઈ રહેલો

છે. તેને નય સહિત આગમ-સિદ્ધાંત વડે જ્યારે ગુરૂ સાધન વડે સિદ્ધ કરી પ્રગટ કરે છે, એટલે ચતુર પુરૂષ તેને સારી રીતે જાણી શકે છે. આવી રીતે જે સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તેજ હું પોતે વસ્તુસ્વરૂપ છું.

આ વચનો સાંભળી જૈન મુસાફર ઘણાજ પ્રસન્ન થઈ ગયો. તેના નિર્મળ હૃદયમાં વસ્તુસ્વરૂપની યથાર્થ સ્ફુર્ત્તિ થઇ આવી. તત્ત્વદર્શનના ઉત્તમ પ્રકાશથી તેનું અજ્ઞાન અંધકાર વિલીન થઇ ગયું. જાણે તે કાયોત્સર્ગ ધ્યાને રહ્યો હોય તેમ ક્ષણવાર ધ્યાનસ્થ થઈ ઊભો રહ્યો અને તે સ્વરૂપનું ઘણીવાર મનન કરી પોતાના હૃદયની સાથે તેને દૃઢ કરી દીધું.

પ્રવાસીએ પ્રસન્ન મુખે જણાવ્યું—મહાનુભાવ, આપે આપેલાં દૃષ્ટાંતથી મને અનુપમ લાભ થયો છે. હવે જડ-પુદ્ગળ અને જીવના ભેદનું જ્ઞાન થવા માટે કોઇ તેવું અસરકારક દૃષ્ટાંત આપો કે જેથી હું મારા આત્માને કૃતાર્થ સમજી પરમ આનંદનો અનુભવ પ્રાપ્ત કરૂં.

વસ્તુસ્વરૂપે ક્ષણવાર વિચાર કરીને કહ્યું, પ્રવાસી, જડ-પુદ્ગળ અને જીવના ભેદનું જ્ઞાન થવા માટે એક દૃષ્ટાંત કહું, તે સાંભળ.

કોઈ માણસ ધોબીને ઘેર ગયો હતો, તેણે કોઇ બીજાનું વસ્ત્ર પોતાનું ધારીને પહેરી લીધું. તેવામાં તે વસ્ત્રનો ખરો માલિક આવી ચડયો, તેણે તે વસ્ત્ર જોઇને ઓળખી લીધું અને પેલા ગૃહસ્થને કહ્યું કે, "તમે જે આ વસ્ત્ર પહેર્યું છે, તે મારૂં છે." તે સાંભળી પેલા પહેરનારના જાણવામાં આવ્યું કે, "આ વસ્ત્ર મારૂં નથી,' પછી તેણે તે વસ્ત્રનો ત્યાગ કરી દીધો. અને તેના માલેકને તે વસ્ત્ર સોંપી દીધું. તે પ્રમાણે જીવને અનાદિ કાળથી અજાણતાં પુદ્ગળનો યોગ થઇ આવ્યો છે. શરીર તથા

કર્મનો સંયોગી જીવ અનાદિ કાળનો છે. તે સંગના મમત્વથી ઉલટા ભાવમાં વહી રહ્યો હતો. જ્યારે તેને સિદ્ધાંતના યોગથી જડચેતનની ભિન્નતાનું જ્ઞાન થયું, ત્યારે તે પોતાના સ્વરૂપને તથા પરના પુદ્ગળના સ્વરૂપને સમજ્યો. અને તે પરના રૂપથી જુદો થયો અને તેણે પોતાના સ્વરૂપનું ગ્રહણ કર્યું.

જીવને જડ-પુદ્ગળનો યોગ તે પારકા વસ્ત્રના જેવો છે. જે સિદ્ધાંતથી એ જ્ઞાન થયું, તે સિદ્ધાંત પેલા વસ્ત્રના માલેકના જેવો સમજવો. જેમ પેલાને તે વસ્ત્ર પારકું છે એવું જ્ઞાન થયું, એટલે તે વસ્ત્રને તેણે છોડી દીધું, તેવી રીતે જીવને જ્યારે પોતાના સ્વરૂપનું અને પરના સ્વરૂપનું જ્ઞાન થયું, ત્યારે પોતે તે પરરૂપથી જુદો થયો એટલે તેને પરરૂપનો ત્યાગ કર્યો અને પોતાના સ્વરૂપનું તેણે ગ્રહણ કર્યું હતું.

હે પ્રિય પ્રવાસી, હવે તેને માટે હું તને એક નીચેની કવિતા કહું તે તું ધ્યાન દઇને સાંભળજે. એ કવિતા તને નિશ્ચયનયના સ્વરૂપનું ભાન કરાવશે:—

## अडिल्ल छंद.

"कहै विचच्छन पुरुष सदा हों एक हों;
अपने रससों भर्यो आपनी टेक हों ।
मोह कर्म मम नांहि नांहि भ्रम कूप है,
शुद्ध चेतना सिंधु हमारो रूप है. ॥ १ ॥

પ્રવાસી તે સાંભળી પ્રસન્ન થઇ બોલ્યો મહાનુભાવ, મેં આ કવિતાનો ભાવાર્થ મારી બુદ્ધિ પ્રમાણે ગ્રાહ્ય કર્યો છે,

તથાપિ આપના તત્વમય મુખે તેની વ્યાખ્યા સાંભળવાની મારી ઇચ્છા છે, તો આપ કૃપા કરી મને સંભળાવશો.

વસ્તુસ્વરૂપે વિશેષ આનંદિત થઈને કહ્યું, હે તત્ત્વ પ્રેમી પ્રવાસી, સાવધાન થઈને એ તાત્વિક કવિતાનો ભાવાર્થ સાંભળ—

"વિચક્ષણ ચેતન પુરૂષ (જીવ) કહે છે કે, હું સર્વદા એક-પણે રહું છું, હું હમેશાં ચેતના રસવડે ભરપૂર છું. મારે કોઇ બીજાનો આધાર નથી, હું મારા પોતાનાજ આધારથી રહું છું. જે આ વિવિધ જાતના મોહનો પ્રપંચ છે, તે મારૂં સ્વરૂપ નથી. આ ભ્રમરૂપ કૂપ—કુવો છે, તે મારૂં સ્વરૂપ નથી, જે શુદ્ધ ચેતનાનો સમુદ્ર છે, તે મારૂં રૂપ છે."

જ્યારે જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે, ત્યારે તે ઉપર પ્રમાણે વિચાર કરે છે અને તે વખતે તેની મનોવૃત્તિ ઘણીજ ઊંચા પ્રકારની થાય છે. જ્ઞાતાજીવને પોતાનું સ્વરૂપ જાણ્યા પછી કેવી અવસ્થા થાય છે? તેનું આગમમાં સારૂં વર્ણન કરેલું છે. જેનો સાર આ પ્રમાણે છે. જ્યારે જીવને તત્ત્વની પ્રતીતિ થાય છે ત્યારે તે પોતાના જ્ઞાનાદિક ગુણમાં અને બીજાનો દ્રવ્ય ગુણ કે જેમાં ગતિ, સ્થિતિ. અવગાહ, વર્ત્તના અને વર્ણાદિક—એ સર્વની પ્રતીતિ રહેલી છે, તે સાથે જ્ઞાન, દર્શન અને ચારિત્ર—એ ત્રણ ગુણને વિષે તે પરિણમી રહે છે. નિર્મળ તત્ત્વનો વિવેક આવ્યાથી તે વિશ્રાંત થઈ સ્થિરતા પામે છે. અને તે સ્થિરતાને લઇને તે પોતાના સહજ સ્વભાવને શોધી લે છે. તે વખતે આત્મસ્વરૂપ અર્થરૂપ પુરૂષાર્થનું ગ્રહણ કરતો તે જીવ સહજ સ્વભાવમાં આવે છે અને તેથી રાગદ્વેષ મોહરૂપી વિભાવ કે જે તેનામાં અનાદિ-

કાળનો રહેલો છે, તે તત્કાળ દૂર થઈ જાય છે. એટલે પોતે ઈંટોની ભઠ્ઠીમાં ગાળેલા સુવર્ણની જેમ શુદ્ધ ચેતન નિર્મળ સ્વરૂપે પ્રકાશરૂપ થઇ જાય છે.

પ્રિયમુસાફર, તે ઊપર એક નટીનું દૃષ્ટાંત સમજવા જેવું છે. જેમ કોઈ નાચનારી સ્ત્રી વસ્ત્રાભરણથી સુશોભિત થઇ આડો પડદો રાખી રંગભૂમિ ઊપર આવી ઊભી રહે, પણ જ્યાંસુધી તે અંતરપટ દૂર કર્યું ન હોય, ત્યાંસુધી તે લોકોના જોવામાં આવતી નથી. પણ જ્યારે તે અંતરપટ દૂર કરે એટલે તે લોકોના જોવામાં આવે છે અને તેના શરીરનું તથા વસ્ત્રભરણનું સૌંદર્ય જોઇ લોકોના મન રંજન થાય છે, તેવી રીતે આ જ્ઞાનનો સાગર આત્મા આડા મિથ્યાત્વ રૂપ પડદામાં છુપી રીતે રહેલો છે, તે મિથ્યાત્વ રૂપ ગ્રંથિનો પડદો જ્યારે દૂર થઈ જાય છે, ત્યારે તે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. જે સ્વરૂપ જ્ઞાનરૂપ સાગરથી ભરપૂર છે. તેનાથી તે આ ત્રણ લોકને ભરી રહ્યો છે અને તે ત્રણે લોક તેને વિષે ભાસી રહ્યા છે.

વસ્તુસ્વરૂપના મુખથી આ વ્યાખ્યાન સાંભળી પ્રવાસી અત્યંત પ્રસન્ન થઈ ગયો. તેના હૃદયમાં અને રોમેરોમ તાત્ત્વિક હર્ષ વ્યાપી રહ્યો. આ અનાદિ વિશ્વ અને તેમાં રહેલા જડ ચેતન પદાર્થો તેની દિવ્ય તથા તાત્ત્વિક દૃષ્ટિ આગળ ખુલ્લી રીતે દેખાવા લાગ્યા. પછી તે પ્રવાસીએ વસ્તુસ્વરૂપના ચરણમાં વંદના કરી અને અંજળિ જોડી તેની સ્તુતિ કરી.

તે પ્રવાસી તાત્ત્વિક પ્રેમમાં મગ્ન થઇ અંજળિ જોડી ઉભો રહ્યો અને તે વખતે દિવ્ય તેજને ધારણ કરનાર વસ્તુસ્વરૂપ મુખથી

જય ધ્વનિ કરતું ત્યાંથી આગળ ચાલતું થયું. જ્યાંસુધી તે દૃષ્ટિગોચર થયું, ત્યાંસુધી જૈન પ્રવાસી અનિમેષ દૃષ્ટિએ તેનું અવલોકન કરતો ઉભો રહ્યો.

વસ્તુસ્વરૂપ અદૃશ્ય થયા પછી જૈન મુસાફર આગળ ચાલ્યો ત્યાં એક સુંદર દરવાજો જોવામાં આવ્યો. તેની પાસે નજીક આવતાં નીચે પ્રમાણે એક સ્તુતિમય કાવ્ય સાંભળવામાં આવ્યું:—

## सवैया.

" जाकी देह द्युति सों दसो दिसा पवित्र भइ,
जाके तेज आगे सब तेजवंत रुके हैं ।
जाको रूप नीरखी चकित महा रूपवंत,
जाकी वपुवाससों सुवास और लुके हैं ॥
जाकी दिव्य धुनी सुनी श्रवनको सुख होत,
जाके तन लच्छन अनेक आइ ढूंके है ।
तेइ जिनराज जाके कहे विवहार गुन,
निहचै निरखी शुध्ध चेतनसों चुके है ॥ १ ॥ "

આ સ્તુતિ કાવ્ય સાંભળી પ્રવાસીનો આત્મા ભક્તિભાવનાથી ભરપૂર થઈ ગયો. ક્ષણવાર પછી તેજ દિશામાંથી નીચે પ્રમાણે તેની વ્યાખ્યા સાંભળવામાં આવી.

"જેના દેહની કાંતિ એવી પ્રસરી રહી છે કે જેથી દશે દિશા પવિત્ર થઇ જાય છે; શોભાયમાન થઈ જાય છે; જેના તેજ આગળ બીજા સર્વ તેજ મંદ થઈ જાય છે, જેનાં સુંદર રૂપને જોઈ મહા રૂપવંત પંચ અનુત્તરવાસી દેવતા પણ ચકિત થઇ જાય છે જેના શરીરની સુવાસથી બીજી સુગંધી વસ્તુઓ લુકી જાય છે, જેનો દિવ્ય ધ્વનિ સાંભળી શ્રવણને સુખ થાય છે અને જેના શરીરમાં અનેક શુભ લક્ષણો આવી રહેલાં છે, એવા શ્રી જિનરાજ દેવ છે. એ પ્રભુના ગુણો અશુદ્ધ વ્યવહારનયનો આશ્રય લઈને કહેલા છે, પણ નિશ્ચયનયથી એ કહેલા સર્વ ગુણ સર્વ શુદ્ધ ચેતનની ભિન્નતા દર્શાવે છે.

આ પ્રમાણે વ્યાખ્યાન થઈ રહ્યા પછી તે ધ્વનિ શાંત થઈ ગયો. મુસાફર તે ધ્વનિની શોધ કરવા લાગ્યો, પણ તેની શોધ થઇ શકી નહીં. તે સાનંદાશ્ચર્ય થઇ વિચાર કરતો હતો, ત્યાં નીચે પ્રમાણે બીજું સ્તુતિકાવ્ય તેના સાંભળવામાં આવ્યુ:—

## सवैया.

" जामें बालपनो तरुनपनो वृध्धपनो नांहि,
आयु परजंत महारूप महाबल है;
बिना हि जनत जाके तनमें अनेक गुन,
अतिसै बिराजमान काया निरमल है ॥
जैसें विनु पवन समुद्र अविचलरूप,
तैसे जाको मन अरु आसन अचल है;
ऐसों जिनराज जयवंत होउ जगतमें,
जाकी शुभगति महासुकृतिको फल है. ॥ १ ॥

કર્યો; આ આર્યખપુટજી મહારાજ ઘણાજ પ્રભાવિક થયા છે; તેમણે ભરૂચમાં બુદ્ધની પ્રતિમાને મંત્રથી નમાવેલી છે, જે આજે પણ અર્ધી નમેલી છે, તથા નિગ્રંથનમિતના નામથી પ્રસિદ્ધ છે.

---

## વૃદ્ધવાદીજી સિદ્ધસેન દિવાકર તથા વિક્રમ રાજા.

વિદ્યાધર ગચ્છમાં સ્કંદિલાચાર્યના શિષ્ય વૃદ્ધવાદીજી થયા; તે સમયમાં ઉજ્જયની નગરીમાં વિક્રમ રાજા રાજ્ય કરતા હતા. તેની સભામાં દેવઋષિ નામનો મંત્રી હતો, તેની દેવસિકા નામની સ્ત્રીથી સિદ્ધસેન દિવાકરનો જન્મ થયો હતો; તે બહુ વિદ્વાન્ તથા ઘણો અભિમાની હતો. એક વખતે તેણે વૃદ્ધવાદીજીની ઘણી કીર્ત્તિ સાંભળી તેથી તેને જીતવા માટે તે ભરૂચ તરફ ચાલ્યો; ત્યાં માર્ગમાં વનમાંજ વૃદ્ધવાદીજી તેને મળ્યા, ત્યારે સિદ્ધસેને ત્યાંજ વાદ કરવાનું કહેવાથી વૃદ્ધવાદીજીએ કહ્યું કે, અહિં વનમાં આપણી હારજીતનો સાક્ષી કોણ રહે? ત્યારે સિદ્ધસેને કહ્યું કે, આ ગાયો ચરાવનારા ગોવાળીઆ આપણા સાક્ષી થશે; અને તેઓ હારજીતની પરીક્ષા કરશે પછી ત્યાં વૃદ્ધવાદીજીએ અવસર વિચારીને જે બાબતને ગોવાળીઆ સમજી શકે, તથા તેમને જે પ્રિય લાગે, એવો એક ગરબો નાચતાં નાચતાં ગાયો, તેથી ગોવાળીઆ ખુશી થયા; સિદ્ધસેને તો ન્યાયયુક્ત સંસ્કૃત ભાષામાં આડંબરથી પોતાના પક્ષનું મંડન કરવા માંડ્યું, પરંતુ ગોવાળીઆઓને તેમાં કંઇ સમજણ નહીં પડવાથી તેઓએ કહ્યું કે, આ વૃદ્ધવાદીજી સર્વજ્ઞ છે, અને તે જીત્યા છે. આથી સિદ્ધસેને હાથ જોડી વૃદ્ધવાદીજીને કહ્યું કે, હું હાર્યો, માટે મારી પ્રતિજ્ઞા મુજબ મને આપનો શિષ્ય કરો? પછી વૃદ્ધવાદીજીએ વિક્રમરાજાની સભાસમક્ષ પણ ધર્મચર્ચામાં તેને જીતીને પોતાનો શિષ્ય કર્યો, તથા તેમનું કુમુદચંદ્ર નામ રાખ્યું; તથા આચાર્ય પદ્વી સમયે તેમનું નામ સિદ્ધસેનદિવાકર રાખ્યું. પછી વૃદ્ધવાદીજી અન્ય જગોએ વિહાર કરી ગયા, તથા સિદ્ધસેનદિવાકર ઉજ્જયનીમાં રહ્યા; એક વખતે વિક્રમ રાજા હાથીપર બેસી શહેરમાં ફરતા હતા, તે વખતે સન્મુખ સિદ્ધસેનજીને આવતા જોઇને રાજાએ તેમની પરીક્ષા માટે મનથીજ નમસ્કાર કર્યો; અને તેથી સિદ્ધસેનજીએ પણ તેમને મોટા સ્વરથી ધર્મલાભ આપ્યો. ત્યારે રાજાએ પૂછ્યું કે, નમસ્કાર કર્યા વિના આપે મને કેમ ધર્મલાભ આપ્યો? ત્યારે સિદ્ધસેનજીએ કહ્યું કે તમોએ

મને મનથી નમસ્કાર કર્યો છે, જેથી મેં તમોને ધર્મલાભ આપ્યો છે; તે સાંભળી રાજાએ હાથીપરથી ઉતરી તેમને વંદન કર્યું, અને એક ક્રોડ મોહોરો આપવા માંડી, પરંતુ સિદ્ધસેનજીએ નિસ્પૃહિપણાથી તે ન લીધી તેથી સંઘે એકઠા થઇ તે દ્રવ્ય જિન મંદિરોના જીર્ણોદ્ધારમાં ખરચ્યું. પાછળથી સિદ્ધસેનજીએ પોતાની વિદ્યાકળાથી વિક્રમ રાજાને ખુશી કરીને જૈન ધ કર્યો. તેથી રાજાએ ઓંકાર નગરમાં એક વિશાળ જૈનમંદિર બંધાવ્યું પછી. સિદ્ધસેનજીએ મહાકાળેશ્વરમાં રહેલી શ્રી પાર્શ્વનાથજીની મૂર્ત્તિને કલ્યાણ મંદિર સ્તોત્ર રચીને પ્રગટ કરી. કેટલોક સમય ગયા બાદ રાજાના માન વગેરેથી સિદ્ધસેનજી શિથિલાચારી થઈ ગયા; તે બાબતની વૃદ્ધવાદીજીને ખબર પડવાથી તેમણે ત્યાં આવી યુક્તિથી પ્રતિબોધિને તેમને શિથિલાચારથી મુક્ત કર્યા. એક સમયે સિદ્ધસેનજી ચિત્તોડગઢમાં ગયા, ત્યાં એક પ્રાચીન જૈનમંદિરમાં તેમણે એક વિશાળ સ્તંભ જોયો; તપાસ કરતાં માલુમ પડ્યું કે, તે સ્તંભમાં પૂર્વના મહાન્ આચાર્યોએ ચમત્કારી વિદ્યાનાં પુસ્તકો રાખીને તેને વજ્રમય ઔપધિઓથી બંધ કરેલો છે; તેવા ખબર મળવાથી તેઓએ કેટલીક ઔપધિઓના પ્રયોગથી તે સ્તંભને ખોલી તેમાંથી એક પાનું કહાડી વાંચ્યું, તો તેમાં સાર્પપીવિદ્યા તથા સુવર્ણસિદ્ધિવિદ્યા જોઇ; બીજું પાનું કહાડવા જતાં તે સ્તંભ એકદમ બંધ થઈ ગયો; અને એવી અદૃશ્ય વાણી થઇ કે, બીજાં પાનાં તમારે વાંચવાં નહીં; તેથી તે બન્ને વિદ્યાઓ લેઇને તેમણે ત્યાંથી વિહાર કર્યો. એવી રીતે અનેક પ્રકારથી જૈન ધર્મની પ્રભાવના કરીને આ મહાન્ આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી લગભગ વિક્રમ સંવત ૩૦ માં દક્ષિણમાં આવેલા પ્રતિષ્ઠાનપુરમાં સ્વર્ગે પધાર્યા.

## પાદલિપ્તસૂરિ
### મહાવીર સંવત ૪૬૭.

સરયૂ અને ગંગા નદીના પ્રદેશમાં કોશલા નગરીમાં **ફુલ્લ** નામે એક શેઠ વસતો હતો, તેને **પ્રતિમા** નામની સ્ત્રી હતી; તેણીએ પુત્ર માટે વૈરુત્યા દેવીની સેવા કરવાથી તેણીએ પ્રત્યક્ષ થઈ કહ્યું કે, નાગસૂરિ નામના જૈનાચાર્યના ચરણોદકનું જો તું પાન કરીશ, તો તને પુત્ર થશે. પછી તેણીએ તેમ કરવાથી તેણીને દશ પુત્રો થયા; તેમાંથી પહેલો પુત્ર તેણીએ તે આચા-

ર્યજી મહારાજને આપ્યો; આચાર્યજીએ તેને યોગ્ય જાણી તેનું પાદલિપ્તસૂરિ નામ પાડીને પોતાની પાટે સ્થાપ્યા; અનુક્રમે આ પાદલિપ્તસૂરિ આકાશગામી આદિક ચમત્કારિક વિદ્યાઓમાં પારગામી થયા. તેમના નામના સ્મરણ માટે પાદલિપ્તપુર (પાળીતાણા) ની સ્થાપના થઇ છે. છેવટે તે શત્રુંજયપર નાગાર્જુન સહિત અનશન કરીને સ્વર્ગે પધાર્યા.

---

## નાગાર્જુન.

સૌરાષ્ટ્ર દેશમાં આવેલી ઢંકા નામની નગરીમાં **સંગ્રામ** નામે એક ક્ષત્રીય રહેતો હતો; તેની **સુવ્રતા** નામની સ્ત્રીની કુક્ષિએ આ નાગાર્જુનનો જન્મ થયો હતો; તે યોગસાધન તથા રસાયન વિદ્યામાં ઘણો કુશળ થયો; એક વખતે ત્યાં આકાશગામી વિદ્યાના પારંગામી શ્રીપાદલિપ્તસૂરિજી પધાર્યા; ત્યારે નાગાર્જુનને તેમની પાસેથી આકાશગામિની વિદ્યા મેળવવાની ઇચ્છા થવાથી તેમની મિત્રાઇ માટે તેણે પોતાના એક શિષ્ય સાથે સુવર્ણરસનું પાત્ર પાદલિપ્તસૂરિજીને મોકલ્યું; પરંતુ તે નિસ્પૃહી આચાર્યજીએ તે રસને ફેંકી દેઇ તે પાત્ર ફોડી નાખ્યું, તથા તેને બદલે એક કાચના વાસણમાં પોતાનું મૂત્ર ભરીને તે પાત્ર નાગાર્જુનને ભેટ તરીકે મોકલ્યું; નાગાર્જુને તે મૂત્ર સુંઘીને ક્રોધથી જમીનપર ફેંકી દીધું; એવામાં તે મૂત્રવાળી જમીનપર કોઇએ અગ્નિ સળગાવ્યો, જેથી તેટલી જમીન સુવર્ણમય થઇ ગઇ. તે જોઇ નાગાર્જુને આશ્ચર્ય પામીને વિચાર્યું કે, અહો! આ તો કોઇક મહાલબ્ધિવાન્ છે, કે જેમના મળમૂત્રથી પણ સુવર્ણ થાય છે; અને હું તો ઘણાં કષ્ટથી અનેક પ્રકારની ઔષધિઓનું મર્દન કરૂં છું ત્યારેજ સુવર્ણ થાય છે; માટે તેજ ગુરૂને મારે સેવવા, કે જેથી આગળ જતાં મને આકાશગામિની વિદ્યા પણ પ્રાપ્ત થશે. એમ વિચારી તે આચાર્યજી મહારાજ પાસે આવી કહેવા લાગ્યો કે, હે ભગવન્! હું તો હમેશાં આપ સાહેબનીજ સેવા કરીશ. એમ કહી તે હમેશાં આચાર્ય મહારાજના ચરણ ક્ષાલન આદિકની ક્રિયા કરવા લાગ્યો પાદલિપ્તસૂરિ પણ હમેશાં પોતાની આકાશગામિની વિદ્યાથી એક મુહૂર્તવારમાં પાંચે તીર્થની યાત્રા કરતા હતા; તથા જ્યારે તે પાછા પધારતા ત્યારે નાગાર્જુન પણ તેમના ચરણોને ધોઇને તેમાંની ઔષધિઓને હમેશાં સુંઘી તથા ચાખી જોતો; એમ હમેશાં કરીને તેણે

તેમાંની એકસોને સાત ઔષધિઓને તો શોધી કહાડી તથા તે ઔષધિઓ મેળવીને તેનો પગે લેપ કરીને તે આકાશમાં ઉડવાનો પ્રયત્ન કરવા લાગ્યો; પરંતુ તેથી તો ફક્ત કુકડાની પેઠે થોડે ઉંચે ઉડીને તે પાછો નીચે પડવા લાગ્યો અને તેના ઘુંટણ વિગેરે છોલાવવાથી તેને બીજા મુનિઓએ કહ્યું કે હે નાગાર્જુન! ગુરૂગમ વિના આકાશ ગમન થાય નહીં; પછી નાગાર્જુન વિનય પૂર્વક ગુરૂ મહારાજને વિનંતી કરવાથી પાદલિપ્તસૂરિજીએ પણ કહ્યું કે, હે નાગાર્જુન! જો તું જૈન ધર્મને અંગીકાર કરે, તો હું તને તે આકાશગામિની વિદ્યા આપું પછી નાગાર્જુને તે કબુલ કરવાથી આચાર્યજી મહારાજે કહ્યું કે, હે નાગાર્જુન! જો તું તે સર્વ; ઔષધિઓને સાઠિ ચોખાના ધોણમાં પીશીને લેપ કરીશ તો તું પણ આકાશમાં ઉડીશ. પછી તેમ કરવાથી નાગાર્જુને પણ તે વિદ્યા સિદ્ધ થઈ પછી તે કૃતજ્ઞ નાગાર્જુનને ત્યાંથી શત્રુંજયપર જઈ ત્યાંની તળેટીમાં પાદલિપ્તસૂરિજીના સ્મરણ માટે પાદલિપ્ત (પાળીતાણા) નામનું નગર વસાવ્યું; તથા શત્રુંજયપર તેણે શ્રી વીરપ્રભુનું જિનમંદિર બંધાવ્યું; અને તેમાં પાદલિપ્તસૂરિજીની મૂર્તિને પણ સ્થાપન કરી ઇત્યાદિ કરીને તે સિદ્ધ નાગાર્જુને જૈન શાસનની ઘણી ઉન્નતિ કરેલી છે.



# પ્રકરણ ૬ ઠું

## વિક્રમ સંવત ૧ થી ૧૩૦ સુધી.

**(શ્રી વજ્રસ્વામી, આર્યસમિતજી, વજ્રસેનાચાર્ય, જાવડ શાહનો ઉદ્ધાર, આર્યરક્ષિતસૂરિ, દુર્બલિકા પુષ્પમિત્રસૂરિ).**

### શ્રી વજ્રસ્વામી.

શ્રી સિંહગિરિજી મહારાજની પાટે શ્રી વજ્રસ્વામી બેઠા, તેમનું વૃત્તાંત નીચે મુજબ છેઃ—

અવંતી દેશમાં આવેલા **તુંબવન** નામે ગામમાં **ધન** નામે એક શેઠ વસતો હતો; તેને **ધનગિરિ** નામે એક પુત્ર હતો, તે બાળપણથીજ વૈરાગ્યવાન્ હતો; પરંતુ પિતાના આગ્રહથી **સુનંદા** નામની કન્યા સાથે તેણે લગ્ન કર્યાં કેટલેક સમયે તેણીને ગર્ભ રહ્યો; ત્યારે ધનગિરિજીએ તો તુરત ત્યાંથી નિકળીને શ્રી સિંહગિરિજી મહારાજ પાસે દીક્ષા લીધી. નવ માસ વીત્યા બાદ સુનંદાએ એક મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો; જન્મ્યા પછી તુરતજ તે પુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું, તથા તેનું વજ્ર એવું નામ રાખવામાં આવ્યું; એક વખતે ઘરમાં પોતાના પિતાએ દીક્ષા લીધી છે, એવી વાત સાંભળી, તેથી તેણે એવો નિશ્ચય કર્યો કે, મારે પણ જરૂર દીક્ષા લેઇ આ મનુષ્ય જન્મને સફળ કરવો; પછી તેણે વિચાર્યું કે, જો હું ઘણુંજ રડ્યા કરીશ, તો મારી માતા કંટાળો પામીને મને છોડી દેશે; એવા વિચારથી તેણે અત્યંત રૂદન હમેશાં કરવા માંડયું; કોઇપણ ઉપાયથી તે રડતો બંધ

થાય નહીં; હવે તે સુનંદાના ભાઈ આર્યસમિતજીએ પણ સિંહગિરિજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી; એવામાં એક વખતે સિંહગિરિજી મહારાજ ધનગિરિજી આદિક પરિવાર સહિત ત્યાં પધાર્યા; ત્યારે આર્યસમિતજીએ ગુરૂ મહારાજને વિનંતી કરી કે, જો આપની આજ્ઞા હોય તો આ ગામમાં, અમારા સંસાર પક્ષનાં સગાંઓ રહે છે, તેમને વંદાવા માટે જઇએ, ત્યારે ગુરૂ મહારાજે જ્ઞાનના બળથી જાણીને તેઓને કહ્યું કે, આજે તમને કંઇક ઉત્તમ વસ્તુનો લાભ થશે; માટે તમને જે કંઈ સચિત્ત અથવા અચિત્ત લાભ થાય, તે તમારે મારી આજ્ઞાથી ગ્રહણ કરી લેવો; પછી ધનગિરિજી વગેરે જ્યારે સુનંદાને ઘેર આવ્યા ત્યારે પડોશણે જઇ સુનંદાને કહ્યું કે, આ ધનગિરિજી આવ્યા છે, માટે તેમને આ પુત્ર કે જે તને બહુ રંજાડે છે તે આપી દે? તે સાંભળી કંટાળી ગયેલી સુનંદાએ તુરત પુત્રને હાથમાં લેઈ ધનગિરિજીને કહ્યું કે, આ તમારો પુત્ર આખો દિવસ રડી રડીને મને હેરાન કરે છે, તેથી હું કંટાળી ગઇ છું, મારાથી તે સચવાતો નથી, માટે તમો લેઈ જાઓ, તો હું તે દુઃખથી છૂટું. તે સાંભળી ધનગિરિજીએ કહ્યું કે; તું જો આ પુત્ર અમને આપીશ તો પાછળથી તને પસ્તાવો થશે; અને અમે તો લેઈ જશું, પણ પાછળથી તને પાછો મળશે નહીં. એ કહ્યા છતાં પણ કંટાળેલી સુનંદાએ તો તેને આપી દેવાનો આગ્રહ કર્યો; આથી કેટલાક પાડોશીઓને સાક્ષી રાખીને તે પુત્રને ધનગિરિજીએ પોતાની ઝોળીમાં લીધો; અને તેને લેઇને ગુરૂ પાસે આવ્યા; તે સમયે ગુરૂ મહારાજે તે પુત્રને વધારે ભારવાળો જાણીને તેનું વજ્ર એવું નામ કાયમ રાખીને તેનું પોષણ થવા માટે તેને સાધવીઓને સોંપ્યો. સાધવીઓએ તેને પોષવા માટે ઉત્તમ શ્રાવિકાઓને સોંપ્યો, શ્રાવિકાઓ પણ તેને ઘણી ચાહનાથી પોષવા લાગી, અનુક્રમે શ્રીવજ્રસ્વામીને મહાતેજસ્વી તથા રૂપવાન જોઇને સુનંદા તે શ્રાવિકાઓને કહેવા લાગી કે તે મારો પુત્ર છે, માટે મને આપો ત્યારે શ્રાવિકાઓએ કહ્યું કે, અમે તે વાત જાણતા નથી, અમારે ત્યાં તો ગુરૂ મહારાજે થાપણ તરિકે રાખેલ છે; પરંતુ જ્યારે તેણીએ ઘણી હઠ લીધી ત્યારે તે શ્રાવિકાઓએ કહ્યું કે તું અમારે ઘેર આવીને સુખેથી તેને રમાડ, તથા ધવરાવ; પછી સુનંદા હમેશાં તેમ કરવા લાગી.

## આર્યસમિતાચાર્ય.

અચળપુર દેશમાં કન્યા અને પૂર્ણા નામની બે નદીઓની વચ્ચેના પ્રદેશમાં કેટલાક તાપસો વસતા હતા; તેઓમાં પાદ લેપ જાણનારો એક તાપસ હતો, જે પગે લેપ કરીને જળ ઉપર પણ સ્થળની પેઠે ચાલતો હતો; તે જોઈ આશ્ચર્ય પામેલા જૈન લોકોની તે હાંસી કરતો કે, તમારા ધર્મમાં અમારા ધર્મ જેવા કોઈ પ્રભાવિક પુરૂષો નથી. એક વખતે વજ્રસ્વામિના મામા આર્યસમિતજી ત્યાં પધાર્યા, તેમને શ્રાવકોએ તે વૃતાંત કહ્યું. ત્યારે આચાર્યજીએ કહ્યું કે, તે ઔષધિઓનો લેપ કરી જળપર ચાલે છે, તેમાં કંઈ પણ દૈવિક પ્રયોગ નથી; તેની જો તમારે ખાતરી કરવી હોય તો તેને ભોજન માટે બોલાવી તેના પગ ખૂબ ઘસીને ધોઈ નાંખજો, જેથી લેપ ઉતરી જવાથી તે જળપર ચાલી શકશે નહીં. પછી શ્રાવકોએ ઘણાજ વિનયથી તેને ભોજન માટે ઘેર લાવી, તેના પગ એવા ઘસીને ધોયા કે, તેપરના લેપનો ગંધ પણ રહ્યો નહીં; આથી તે તાપસને એટલો તો ખેદ થયો કે તેને તે ભોજન પણ બીલકુલ ભાવ્યું નહીં; પછી તેણે જાણ્યું કે, કદાચ જો થોડો ઘણો લેપ હજુ પગપર રહ્યો હશે તો સુખેથી નદી ઉતરી જઇશ. એમ વિચારી તે નદી કિનારે આવ્યો; ત્યાં કુતૂહલ જોવાની ઇચ્છાથી ઘણા લોકો એકઠા થયા. પછી જેવો તે તાપસ નદીમાં ચાલવા લાગ્યો, તેવોજ કિનારાપરજ કમંડલુંની પેઠે બુડવા લાગ્યો તે જોઇ લોકોએ તેની ઠગ વિદ્યા જાણીને તેને ઘણોજ ધિક્કાર્યો. એવામાં ત્યાં આર્યસમિતજી મહારાજ પણ આવી પહોંચ્યા; તથા જૈન શાસનની ઉન્નત્તિ માટે તેમણે નદી કિનારે આવી મંત્ર જપી કહ્યું કે, હે પુત્રી! અમારે બીજે કાંઠે જવું છે; તે વચનની સાથે તે નદીના બન્ને તીરો એકઠાં થઈ ગયાં, જેથી આચાર્ય મહારાજ પરિવારસહિત સામે કિનારે આવ્યા. શ્રીઆર્યસમિતજીનો એવો પ્રભાવ જોઈને તે સર્વ તાપસોએ મિથ્યાત્વ તજીને તેમની પાસે દીક્ષા લીધી, અને તે તાપસમુનિઓ તથા તેમના વંશજો બ્રહ્મદ્વીપવાસીના નામથી શાસ્ત્રમાં પ્રસિધ્ધ થયા.

હવે અહીં વજ્રસ્વામી જયારે ત્રણ વર્ષના થયા, ત્યારે ધનગિરિજી આદિક વિહાર કરતા પાછા ત્યાં આવ્યા, સુનંદાએ પ્રથમથી વિચાર કર્યો હતો કે, જ્યારે ધનગિરિજી અહીં આવશે, ત્યારે તેમને કહીને હું મારો પુત્ર પાછો લઇશ. તેથી ધનગિરિજીને આવેલા જાણીને તેમની પાસે આવી પોતાના

પુત્રની માગણી કરી; ત્યારે ધનગિરિજીએ કહ્યું અરે! ભોળી! અમારા ભાગ્ય વિના તેં તારી મેળેજ તે પુત્ર આપ્યો છે, તો હવે વમેલાં ભોજનની પેઠે તેને તું પાછો લેવાની શામાટે ઇચ્છા કરે છે? લોકોએ સુનંદાપર દયા આવવાથી કહ્યું કે, આ બાબતનો ન્યાય તો રાજા કરી શકે. પછી સુનંદા લોકો સહિત રાજા પાસે ગઈ, અને ધનગિરિજી પણ સંઘ સહિત ત્યાં ગયા. ત્યાં રાજાએ બન્ને પક્ષની વાત સાંભળીને કહ્યું કે, જેના બોલાવવાથી આ બાળક પાસે જાય તેને તે સ્વાધીન કરવો. ત્યારે પ્રથમ સુનંદાએ ભાતભાતનાં રમકડાં,, મેવા, મીઠાઈ આદિક દેખાડીને તે બાકળને બોલાવ્યો, પરંતુ વજ્રસ્વામી તો જાતિ સ્મરણ જ્ઞાનવાળા હતા, તેથી બિલકૂલ તેણીની પાસે ગયા નહીં. તેમણે વિચાર્યું કે, જો કે માતાના ઉપકારનો બદલો તો કોઈપણ રીતે વાળી શકાય તેમ નથી, પરંતુ આ સમયે જો હું માતાપર દયા લાવીને સંઘની ઉપેક્ષા કરીશ, તો શાસનની હેલના થશે, તેમ મારો સંસાર વૃદ્ધિ થશે; અને આ મારી પુણ્યશાળી માતા તો થોડો વખત દુઃખ સહન કરી છેવટે દીક્ષા લેશે. પછી ધનગિરિજીએ વજ્રસ્વામિજીને કહ્યું કે, હે વજ્ર! જો તમારે દીક્ષા લેવાની ઇચ્છા હોય તો તમે આ ધર્મધ્વજ રૂપ રજોહરણને ગ્રહણ કરો? તે સાંભળતાંજ વજ્રસ્વામીએ રજોહરણ લઇને નૃત્ય કરવા માંડ્યું; અને તુરત તે ધનગિરિજીના ખોળામાં જઇ બેઠા. પછી સુનંદાએ પણ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. વજ્રસ્વામી બાળપણામાંજ અગ્યારે અંગો શીખી ગયા; એક વખતે વજ્રસ્વામિના મિત્ર જૃંભક દેવોએ તેમનું સત્વ જોઇને ખુશી થઈ વૈક્રિય લબ્ધિની તથા આકાશગામિની વિદ્યા આપી. પછી તેમણે શ્રીભદ્રગુપ્તાચાર્યજી પાસેથી દશ પૂર્વોનો અભ્યાસ કર્યો; કેટલાક સમય પછી સિંહગિરિજી મહારાજ તેમને પોતાની પાટે સ્થાપીને સ્વર્ગે ગયા. હવે પાટલીપુત્ર નગરમાં ધન નામના એક ધનાઢ્ય શેઠની રૂકિમણી નામે મહા સ્વરૂપવાન્ પુત્રી હતી. એક વખતે તેણીએ કેટલીક સાધ્વીઓના મુખથી વજ્રસ્વામીજીની ઘણીજ પ્રશંસા સાંભળી; તેથી તે મુગ્ધાએ એવી પ્રતિજ્ઞા કરી કે, મારે વજ્રસ્વામીજીનેજ પરણવું. ત્યારે તે સાધ્વીઓએ તેણીને કહ્યું કે, અરે રૂકિમણી! વજ્રસ્વામીજીએ તો દીક્ષા લીધી છે, ત્યારે રૂકિમણીએ કહ્યું કે જો એમ છે તો હું પણ દીક્ષા લઈશ. એવામાં વજ્રસ્વામીજી પણ વિહાર કરતા ત્યાં આવ્યા. ત્યારે પુત્રીના આગ્રહથી રૂકિમણીનો પિતા રૂકિમણીને તથા ક્રોડોગમે સોના મોહોરને સાથે લેઇને વજ્રસ્વામીજી પાસે આવ્યો, અને કહ્યું કે,

આ મારી પુત્રી હઠ લેઇને બેહેલી છે, માટે તેને આપ પરણો. અને આ ક્રોડો સોના મોહોરો પણ આપ ગ્રહણ કરો. ત્યારે વજ્રસ્વામીજીએ જરા હસીને કહ્યું કે, આ સંસારના વિષયો તો ઝેર સમાન છે, માટે જો તમાંરી પુત્રીને મારાપર સ્નેહ હોય, તો તે પણ મારી પેઠે દીક્ષાજ ગ્રહણ ; એવી રીતે પ્રતિબોધવાથી રૂકિમણીએ પણ વૈરાગ્યથી દીક્ષા લીધી. ામાં તે દેશમાં ભયંકર દુકાળ પડવાથી લોકો ધાન્ય વિના ઘણું હેરાન વા લાગ્યા; તે વખતે સંઘે એકઠા થઇ વજ્રસ્વામિજીને વિનંતિ કરવાથી તેમણે એક મ્હોટો પાટ તૈયાર કરાવી તે પર સંઘને બેસાડી આકાશમાર્ગે બીજા સ્થળમાં પુરી નામની નગરીમાં લેઈ ગયા; કેમકે ત્યાં સુકાળ હતો. હવે તે નગરનો રાજા બૌધધર્મી હતો; તેથી જૈનધર્મપર દ્વેષ રાખતો હતો; એક વખતે પર્યુષણમાં તેણે જૈન લોકોને પુષ્પો આપવાં બંધ કરાવ્યાં; ત્યારે જિનપૂજા માટે પુષ્પો નહીં મળવાથી, સંઘની વિનંતિ સાંભળીને વજ્રસ્વામીજી આકાશગામિની વિદ્યાથી પદ્મ સરોવર પ્રત્યે ગયા; તથા ત્યાં લક્ષ્મી દેવી પાસેથી સહસ્ર પાંખડીઓવાળાં કમળો અને બીજાં પુષ્પો લાવ્યા; તેમનો આવો પ્રભાવ જોઇને ત્યાંનો રાજા પણ પ્રજાસહિત જૈનધર્મી થયો. એક વખતે વજ્રસ્વામિજીને શ્લેષ્મનો વિકાર થવાથી સુંઠનો એક ટુકડો શ્રાવકને ઘેરથી મગાવ્યો; તથા વિચાર્યું કે, આહાર પાણી કર્યા બાદ હું તે વાપરીશ; એમ વિચારી તેમણે તે ટુકડો પોતાના કાનપર રાખી મેલ્યો. આહાર પાણી લીધા બાદ વિસ્મરણ થવાથી તે ટુકડો કાનપરજ રહી ગયો; સંધ્યા સમયે પ્રતિક્રમણ કરતી વેળાએ મુહપત્તિથી અંગનું પડિલેહણ કરતાં તે ટુકડો નીચે પડ્યો; ત્યારે યાદ આવવાથી તેમને ઘણો પશ્ચાત્તાપ થયો કે, અરે! આ સંયમાવસ્થામાં મને પ્રમાદ આવ્યો! માટે મારૂં સંયમ કલંકવાળું થયું, માટે હવે જીવવું વૃથા છે; એમ નિશ્ચય કરી પોતાના શિષ્ય વ્રજસેનસૂરિજીને પોતાની પાટે સ્થાપી કહ્યું કે, આજથી બાર વર્ષોનો દુકાળ પડશે; તથા જ્યારે તમને લક્ષ મૂલ્યના ભાતમાંથી ભિક્ષા મળશે, તેને બીજે દિવસે સુકાળ થશે. એમ કહી રથાવર્ત્ત પ્રર્વતપર જઈ ત્યાં અનશન કરી સ્વર્ગે પધાર્યા. વિક્રમ સંવત. ૧૧૪.

## વજ્રસેનસૂરિ. વિક્રમ સંવત ૧૧૫.

શ્રી વજ્રસ્વામીની પાટે વજ્રસેનસૂરિ થયા. તેમના સમયમાં દેશમાં બાર વર્ષોનો ભયંકર દુકાળ પડ્યો. એક વખતે વિહાર કરતા તે સોપારક નગ-

રમાં પધાર્યા. તે નગરમાં એક જીનદત્ત નામે મહાધનાઢ્ય શ્રાવક વસતો હતો, તેને મહાગુણવાળી ઇશ્વિરી નામે સ્ત્રી હતી. તેમના ઘરમાં દ્રવ્ય તો ઘણું હતું, પરંતુ દુકાળના સબબથી ધાન્ય નહોતું, તેથી તેણીએ પોતાના કુટુંબને કહ્યું કે, હવે વધારે ધાન્ય ન હોવાથી આજે તો આપણે સર્વેએ વિષમિશ્રિત ભોજન કરવું, તથા પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરીને સમાધિપૂર્વ મૃત્યુનું આલંબન લેવું. કુટુંબે પણ તે વાત માન્ય રાખ્યાથી તેણીએ એક લાખ સોના મોહોરોની કીમતના ચોખા રાંધ્યા; તથા તેમાં વિષ ભેળવવાની તૈયારી કરે છે, તેટલામાં શ્રીવજ્રસેનસૂરિજી ગોચરી માટે ત્યાં આવ્યા. તેમને જોઈ ઇશ્વિરીએ ઘણાજ ભાવથી તે ભાત વોરાવીને પોતાનું લક્ષમૂલ્ય પાકનું સઘળું સ્વરૂપ કહી બતાવ્યું; ત્યારે આચાર્યજી મહારાજે કહ્યું કે, હે ભાગ્યવતી! હવે તમે જરા પણ ફિકર કરો નહીં; આવતી કાલથી સુકાળ થશે. તે સાંભળી અત્યંત ખુશી થયેલી તે ઇશ્વિરીએ તે દિવસ તો એક ક્ષણની પેઠે વ્યતીત કર્યો; પ્રભાત થતાંજ ત્યાં અનાજનો જથ્થો ભરીને વણજારાની પોઠો આવવાથી સુકાળ થયો. પછી તે જિનદત્ત શેઠે પણ પોતાનું દ્રવ્ય શુભ માર્ગે ખર્ચીને કુટુંબ સહિત શ્રીવજ્રસેનસૂરિજી પાસે દીક્ષા લીધી.

---

## આર્યરક્ષિતજી તથા દુર્બળિકાપુષ્પ વિગેરે.

જયારે દશપુર નગરમાં ઉદાયન રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાંના રહેવાસી સોમદેવ પુરોહિતની સ્ત્રી રૂદ્રસોમાની કુક્ષિએ આર્યરક્ષિત તથા ફલ્ગુરક્ષિત નામના બે પુત્રોનો જન્મ થયો હતો; તેઓ વેદશાસ્ત્ર આદિકમાં મહાપારગામી હતા; તેઓમાંના આર્યરક્ષિતજીએ પાટલી પુત્રમાં જઈ ઉપનિષદ્ આદિકોનો ઘણો અભ્યાસ કર્યો; ત્યાંથી પાછા આવી પોતાની માતાને જયારે તેમણે નમસ્કાર કર્યો, ત્યારે માતા જૈનધર્મી હોવાથી તે વખતે સામાયિક વ્રતમાં હતી; તેથી તેણીએ તેમને તે સમયે આશિષ આપી નહીં. ત્યારે આર્યરક્ષિતજીએ વિચાર્યું કે, જે વિદ્યાથી મારી માતાને ખુશી ન ઉપજી, તે વિદ્યાને પણ ધિક્કાર છે! પછી સામાયિક સંપૂર્ણ થયા બાદ તેમની માતાએ આર્યરક્ષિતજીને કહ્યું કે હે પુત્ર! આ સંસાર વધારનારી વિદ્યાથી હું ખુશી

થાઉં નહીં; પરંતુ હાલમાં આપણા સેલડીના વાઢમાં તોસલીપુત્ર નામે આચાર્ય પધાર્યા છે, તેમની પાસે મોક્ષ સુખ આપનારા દૃષ્ટિવાદનો જો તું અભ્યાસ કરે, તો હું ખુશી થાઉં; તે સાંભળીને તે તોસલીપુત્ર આચાર્ય પાસે ગયા, તથા દીક્ષા લઈ પૂર્વોનો અભ્યાસ કરવા લાગ્યા; તથા બાકીનો અભ્યાસ તેમણે વજ્રસ્વામીજી પાસે કર્યો; એવી રીતે તેમણે સાડા નવ પૂર્વોનો અભ્યાસ કર્યો; છેવટે તેમની માતા રૂદ્રસોમાએ પોતાના પુત્રને બોલાવવા માટે ફલ્ગુરક્ષિતજીને મોકલ્યા; પરંતુ તે ફલ્ગુરક્ષિતે પણ આર્યરક્ષિતજીનો પ્રતિબોધ પામીને દીક્ષા લીધી. છેવટે આર્યરક્ષિતજીએ અભ્યાસથી કંટાળીને વજ્રસ્વામીજીને કહ્યું કે, હે ભગવન્! હવે હું વળી બીજી વખતે આવીને બાકીનો અભ્યાસ સંપૂર્ણ કરીશ. ત્યારે વજ્રસ્વામીએ જ્ઞાનબળથી જાણ્યું જે હવે તો મારૂં આયુષ્ય થોડું છે, માટે હવે આ આર્યરક્ષિતજીને પણ આટલાંજ પૂર્વો આવડશે; એમ વિચારી વજ્રસ્વામીજીએ તેમને જવાની આજ્ઞા આપી. પછી આર્યરક્ષિતજી મહારાજ પણ વિહાર કરી દશપુરમાં આવી પોતાની માતાને મળ્યા; તથા પોતાના પિતાજીને પ્રતિબોધ આપીને દીક્ષા દીધી; તથા તેમને શુદ્ધ સંયમ ધારી બનાવ્યા. હવે તે ગચ્છમાં ઘૃતપુષ્પમિત્ર, વસ્ત્રપુષ્પમિત્ર તથા દુર્બળિકાપુષ્પમિત્ર નામે ત્રણ મુનિરાજો શાસ્ત્રના પારગામી હતા. ઘૃતપુષ્પમિત્રને ઘૃતની લબ્ધિ હતી, વસ્ત્રપુષ્પમિત્રને વસ્ત્રોની લબ્ધિ હતી; તથા દુર્બળિકાપુષ્પમિત્ર ઘી, દૂધ આદિક પુષ્ટ પદાર્થોનું જો કે ઘણું ભોજન કરતા-તોપણ તેમનો અભ્યાસમાં એટલોબધો શ્રમ હતો, કે તેઓ હમેશાં દુર્બળજ રહેતા. વળી તે આર્યરક્ષિતજી મહારાજના ગચ્છમાં દુર્બલિકા પુષ્પમિત્ર વિંધ્ય, ફલ્ગુરક્ષિત, અને ગોષ્ટામાહિલ એ ચારે મહા વિદ્વાન્ મુનિઓ હતા. આર્યરક્ષિતજી મહારાજે આગામી કાળમાં મનુષ્યોની ઘટતી બુદ્ધિ જાણીને તે માટે શાસ્ત્રોના ચાર અનુયોગો સ્થાપ્યા; અંગ, ઉપાંગ, મૂળ ગ્રંથ તથા છેદસૂત્રોને ચરણકરણાનુયોગમાં દાખલ કર્યાં, ઉત્તરાધ્યયનાદિકોને ધર્મકથાનુયોગમાં દાખલ કર્યાં, સૂર્યપન્નતિ આદિકોને ગણિતાનુયોગમાં દાખલ કર્યાં, તથા દૃષ્ટિવાદને દ્રવ્યાનુયોગમાં દાખલ કર્યો. આર્યરક્ષિતજી મહારાજે પોતાની

પાટે દુર્બલિકાપુષ્પમિત્રજીને સ્થાપ્યા; આથી ગોષ્ટામાહિલને ઇર્ષા થઈ, અને તેથી તે ગચ્છથી વિપરીતપણે વર્તીને સાતમા નિન્હવ તરીકે પ્રસિદ્ધ થયા. (વિક્રમ સંવત ૧૧૪.)

## શત્રુંજયનો જાવડશાહે કરેલો તેરમો ઉદ્ધાર.

## વિક્રમ સંવત ૧૧૮.

શ્રી વજ્રસ્વામીના વખતમાં વિક્રમ સંવત ૧૦૮માં જાવડશાહ નામના શેઠે શ્રી શત્રુંજય તીર્થનો તેરમો ઉદ્ધાર કર્યો; તથા ત્યાં મૂળ નાયકજીની પ્રતિમાની શ્રી વજ્રસ્વામીએ પ્રતિષ્ટા કરી.

## વિક્રમ સંવત ૧૨૫.

કોરંટ નગરમાં નાહડ મંત્રીએ જિનમંદિર બંધાવ્યું, તથા તેમાં જજ્જિગસૂરિએ બિંબોની પ્રતિષ્ટા કરી.

## વિક્રમ સંવત ૧૩૦.

સત્યપુરના જિનમંદિરમાં જજ્જિગસૂરિએ જિન બિંબોની પ્રતિષ્ટા કરી.



# પ્રકરણ ૭ મું.

## વિક્રમ સંવત ૧૩૧ થી ૫૧૦.

**(દિગંબરોની ઉત્પત્તિ, શ્રી ચંદ્રસૂરિ, સામંતભદ્રસૂરિ, શ્રી વૃદ્ધદેવસૂરિ, શ્રી પ્રદ્યોતનસૂરિ, શ્રી માનદેવસૂરિ, માનતુંગસૂરિ, શ્રી વીરસૂરિ, શ્રી જયદેવસૂરિ, શ્રી દેવાનંદસૂરિ, મલ્લવાદીઆચાર્ય, બૌદ્ધોનો પરાજય, શિલાદિત્ય રાજા, વલ્લભીપુરનો ભંગ, શત્રુંજય માહાત્મ્યની રચના, વિક્રમસૂરિ, નરસિંહસૂરિ, સમુદ્રસૂરિ, માનદેવસૂરિ, દેવર્દ્ધીગણી ક્ષમાશ્રમણ, જૈન સિદ્ધાંતોનું પુસ્તકારૂઢ થવું વિગેરે.)**

## દિગંબરોની ઉત્પત્તિ.

### વિક્રમ સંવત ૧૩૯.

શિવભૂતિ અથવા (સહસ્રમલ્લ) નામે એક માણસ રથવીર નામના નગરમાં રહેતો હતો; અને તે ત્યાંના રાજાની નોકરી કરતો હતો. એક વખતે રાત્રિએ કંઈ કારણસર તેની માતાએ તેને ઠપકો દેવાથી તે ઘર છોડીને ચાલતો થયો. તથા જૈનોના ઉપાશ્રયમાં જઈ ત્યાં રહેલા આર્યકૃષ્ણ નામના આચાર્યજી પાસે તેણે દીક્ષા લીધી. એક વખતે ત્યાંના રાજાએ ખુશી થઈને તેને એક રત્નકંબલ (કીંમતી શાલ) આપી, તેપર તેને ઘણો મોહ લાગ્યો; તેથી ગુરૂ મહારાજે તેને ઠપકો આપ્યો કે, આવી કીંમતી શાલ મોહનું કારણ હોવાથી સાધુએ રાખવી ન જોઇએ; એમ કહ્યા છતાં પણ તેણે તે શાલ તજી નહીં; આ શ્રી ગુરૂમહારાજે એક વખતે તેની ગેરહાજરી દરમ્યાન તે કીંમતી શાલ ફડાવીને ફેંકી દેવરાવી; આથી તે સહસ્રમલ્લને ગુસ્સો આવ્યો, અને તે

ગુસ્સાના આવેશમ તેણે ગુરૂને કહ્યું કે, જો એમ છે, તો સાધુએ બીલકુલ વસ્ત્ર રાખવાં ન જોઇયે; એવી રીતે ગુરૂ સાથે કલેશ કરીને તે ત્યાંથી ચાલતો થયો. તે સમયે તેની બેહેન ઉત્તરા પણ તેની સાથે ગઈ; સહસ્રમલ્લે નગ્ન રહેવાનો વિચાર કર્યો; અને તે સાથે તેની બેહેને પણ નગ્ન રહેવાની ઇચ્છા કરી; પરંતુ સહસ્રમલ્લે વિચાર્યું કે સ્ત્રીજાતિ જો નગ્ન રહેશે, તો તેથી ઘણો ગેરફાયદો થશે; એમ વિચારી તેણે પોતાની બેહેનને કહ્યું કે, સ્ત્રીજાતિને કંઈ મોક્ષ મળતો નથી; પછી તેણે પોતાના દિગંબરમતનો ફેલાવો કરવા માંડયો એવી રીતે દિગંબરમતની ઉત્પત્તિ મહાવીરપ્રભુ પછી ૬૦૯ વર્ષે એટલે વિક્રમ સંવત ૧૩૯ માં થયેલી છે.

## શ્રી ચંદ્રસૂરિ ચંદ્રગચ્છની સ્થાપના.

શ્રી વજ્રસેનસૂરિને પાટે શ્રી ચંદ્રસૂરિ થયા; તેમના સમયમાં કોટિક ગચ્છનું ચંદ્રગચ્છ નામ પડ્યું.

## સામંતભદ્રસૂરિ, વનવાસી ગચ્છની સ્થાપના.

શ્રી ચંદ્રસૂરિની પાટે સામંતભદ્રસૂરિ થયા; તે આચાર્ય પરમ વૈરાગ્ય વાળા હોવાથી વનમાં વસતા, તેથી ગચ્છનું ફરીને વનવાસી ગચ્છ નામ પડ્યું.

## શ્રી વૃદ્ધદેવસૂરિ, પ્રદ્યોતનસૂરિ.

સામંતભદ્ર આચાર્યજીની પાટે શ્રીવૃદ્ધદેવસૂરિ થયા, તથા તેમની પાટે પ્રદ્યોતનસૂરિ થયા.

## માનદેવસૂરિ.

શ્રી પ્રદ્યોતનસૂરિની પાટે માનદેવસૂરિ થયા, તેમનું વૃત્તાંત એવું છે કે, સપ્રશતી નામના દેશમાં એક કોરંટક નામે ગામ હતું, ત્યાં અસંત મનોહર શ્રી મહાવીરપ્રભુનું મંદિર હતું તે મંદિરમાં દેવચંદ્ર નામે એક મહાવિદ્વાન્

ચૈત્ય [illegible] ઉપાધ્યાય વસતા હતા. એક દહાડો શ્રી સર્વદેવસૂરિ ત્યાં પધાર્યા, અને દેવચંદ્રજી ઉપાધ્યાયજીને ચૈત્યવ્યવહારથી છોડાવીને યોગ્ય જાણી તેમણે તેને સૂરિપદ આપી દેવસૂરિના નામથી પ્રસિદ્ધ કર્યા; તે દેવસૂરિ મહારાજ પણ પોતાની પાટે પ્રદ્યોતનસૂરિને સ્થાપીને અનુક્રમે અનશન કરી સ્વર્ગે પધાર્યા; હવે તે ન[illegible]માં એક જિનદત્ત નામે ધનાઢ્ય શાહુકાર વસતો હતો, તેને ધારિણી નામે મહાધાર્મિક સ્ત્રી હતી; તેઓને માનદેવ નામે અત્યંત બુદ્ધિવાન્ પુત્ર હતો. [illegible] માનદેવે વૈરાગ્યથી પ્રદ્યોતનસૂરિજી પાસે પોતાની માતાપિતાની આજ્ઞા લઈ દીક્ષા લીધી. છેવટે તે માનદેવ મુનિ અગ્યાર અંગો વિગેરે શાસ્ત્રોમાં પારંગામી થઇ બહુ શ્રુત થયા; પછી તેમને યોગ્ય જાણીને પ્રદ્યોતનસૂરિજીએ પોતાની પાટે સ્થાપ્યા; તે માનદેવસૂરિજીના બ્રહ્મચર્યના પ્રભાવથી જયા અને વિજયા નામની બે દેવીઓ તેમને વાંદવા માટે આવી; તે સમયે પાંચસો જિનમંદિરવાળી તક્ષશિલા નગરીમાં મરકીનો ઉપદ્રવ થયો, તેથી ત્યાં હજારો મનુષ્યો મરણ પામવા લાગ્યા, તેથી ત્યાંના જિનમંદિરોની પૂજા થતી અટકી ગઇ; અને સર્વ સંઘ ચિંતાતુર થયો; અને વિચારવા લાગ્યો કે, અરે! આ સમયે સર્વ શાસનરક્ષક દેવો પણ આપણા અભાગ્યથી નજરે પડતા નથી. તે સમયે શાસનદેવીએ પ્રત્યક્ષ થઈ સંઘને કહ્યું કે, મ્લેચ્છોના વ્યંતરોએ સર્વ દેવીઓને ઉપદ્રવ કર્યો છે, માટે અમો અશક્ત થયા છીએ; અને આજથી ત્રીજે વર્ષે આ નગરીનો તુરૂષ્ક લોકો નાશ કરશે. તોપણ સંઘના રક્ષણ માટે હું તમોને એક ઇલાજ બતાવું છું, તે એ છે કે, નાંદોલ નામના શહેરમાં હાલમાં મહાપ્રભાવિક શ્રીમાનદેવસૂરિ બિરાજે છે, તેમને અત્રે બોલાવીને તેઓના ચરણોદકથી તમારાં ઘરો ધોઇને સાફ કરજો, જેથી તમોને ઉપદ્રવ થશે નહીં; વળી તે ઉપદ્રવ જેવો શાંત થાય કે, તમો સઘળા કોઈ બીજા દેશાવરમાં જઈ રહેજો; એટલું કહી શાસનદેવી અંતર્ધ્યાન થયાં; હવે તે સંઘે તુરત એક વીરદત્ત નામના શ્રાવકને વિનંતીપત્ર આપી આચાર્યજી પાસે મોકલ્યો; તે વીરદત્ત તુરત નાંદોલમાં આવી આચાર્યજી પાસે ગયો, તે વખતે જયા અને વિજયા દેવીઓ પણ સ્ત્રીઓનું રૂપ કરીને ત્યાં આચાર્યજી પાસે એકાંતમાં બેઠેલીઓ હતી. તે જોઈ મુગ્ધ વીરદત્તે વિચાર્યું કે અરે! આ તો શાસન દેવીએ આપણને ઠગ્યા છે; કેમકે આવા સ્ત્રીલોલુપી આચાર્યે તો ફક્ત મને આવતો જાણીને ફોકટ ધ્યાનનો ડોળ ધારણ કરેલો લાગે છે. પછી જ્યારે આચાર્યજીનું ધ્યાન

સંપૂર્ણ થયું, ત્યારે તે વીરદત્ત તેમની પાસે ગયો, તથા અવજ્ઞાપૂર્વક તેણે આચાર્યજીને નમસ્કાર કર્યો; તેની તે ચેષ્ટાથી ક્રોધાતુર થયેલી દેવીઓએ તેને અદૃશ્ય બંધનોથી બાંધી તાડના કરવા માંડી; પણ આચાર્યજીએ દયાથી તેને છોડાવ્યો, ત્યારે જયાદેવીએ તે શ્રાવકને કહ્યું કે, અરે અધમ શ્રાવક! દેહધારી ચારિત્ર સરખા આ શ્રીમાનદેવસૂરિના માહાત્મ્યને તું જાણતો નથી? આ સમયે જો આ આચાર્ય મહારાજે તારી દયા ન કરી હોત, તો તને તો અમોએ કયારનોએ યમને દ્વાર પહોંચાડયો હોત. અરે ચંડાળ! હવે તું બોલ કે અહીં શામાટે આવેલો છે? તે સાંભળી થરથરતા વીરદત્તે હાથ જોડીને કહ્યું કે, હે માતાઓ! આપ મને ક્ષમા કરો? મને અહીં તક્ષશિલાના સંઘે મોકલાવ્યો છે; કેમકે ત્યાં હાલ મરકીનો મોટો ઉપદ્રવ ચાલે છે; તે શાંત કરાવવા માટે સંઘની આજ્ઞાથી હું આચાર્યજી મહારાજને તેડી જવા માટે આવ્યો છું; તે સાંભળી વિજયા દેવીએ કહ્યું કે, અરે દુષ્ટ! તારા જેવા શાસનનું છિદ્ર જોવાવાળા જ્યાં શ્રાવકો વસે છે, ત્યાં ઉપદ્રવ થાય તેમાં શી નવાઇ છે? વળી તારા જેવાજ ત્યાં શ્રાવકો હશે, માટે હું આવા મહાન્ પ્રભાવિક આચાર્યજીને ત્યાં મોકલી શકતી નથી. તે સાંભળી આચાર્યજીએ દેવીઓને કહ્યું કે, સંઘની આજ્ઞા આપણે મસ્તકે ચડાવવી લાયકજ છે; માટે આપણે અહીં રહીને પણ તેઓનો ઉપદ્રવ દૂર કરવો; એમ વિચારી તેમણે લઘુ શાંતિસ્તવ રચીને તે વીરદત્તને આપ્યું અને કહ્યું કે, આ સ્તવનનો પાઠ ભણવાથી સર્વ ઉપદ્રવ નષ્ટ થશે. પછી તે વીરદત્તે તક્ષશિલામાં જઇને સર્વ વૃત્તાંત સંઘને નિવેદન કરી તે સ્તોત્ર તેમને સ્વાધીન કર્યું; અને તે સ્તોત્રના પાઠથી સંઘનો સર્વ ઉપદ્રવ નષ્ટ થયો. છેવટે તે ઉપદ્રવ નષ્ટ થયા બાદ સંઘના લોકો તે નગર છોડીને જૂદે જૂદે સ્થાનકે ગયા; અને ત્રણ વર્ષો વીત્યાબાદ તે નગરીનો તુરૂષ્ક લોકોએ નાશ કર્યો. તે નગરીના ભોંયરાઓમાં હજુ પણ પિત્તળ આદિકની જિનમૂર્તિઓ છે, એમ વૃદ્ધવાદ ચાલ્યો આવે છે. એવી રીતે શ્રીમાનદેવસૂરિજીએ રચેલું શાંતિસ્તવ હજુ પણ ક્ષુદ્ર ઉપદ્રવોને નાશ કરનારૂં પ્રસિદ્ધ છે.

---

## માનતુંગસૂરિ.

શ્રીમાનદેવસૂરિજીની પાટપર માનતુંગસૂરિ થયા; તેમનું વૃત્તાંત એવું છે કે, વાણારસી નગરીમાં હર્ષદેવ નામે રાજા હતો; ત્યાંએક ધનદેવ નામે બ્રહ્મ ક્ષત્રિય જાતિનો એક શેઠ રહેતો હતો; તેને માનતુંગ નામે એક મહાબુદ્ધિવાન્

પુત્ર હતો. તેણે એક દહાડો ત્યાંના દિગંબર સાધુ પાસે ધર્મ દેશના સાંભળીને વૈરાગ્યથી દિગંબરી દીક્ષા લીધી; અને તેમનું **મહાકીર્ત્તિ** નામ રાખવામાં આવ્યું; એક દહાડો તેમને શ્વેતાંબર મતને માનનારી તેમની બ્હેને ભક્તિથી ગોચરી માટે નિમંત્રણ કર્યું, અને તેથી તે મહાકીર્તિ તેમને ઘેર ગયા; તે વખતે તેમના કમંડલુમાં કેટલાક સંમૂર્છિમ જંતુઓને જોઈ તેની બ્હેને ઉપદેશ આપ્યો કે, શ્વેતાંબર મુનિઓનો આચાર અતિ ઉત્તમ છે; અને તે આચારથીજ મોક્ષ મળે છે. હવે તે વાત મહાકીર્ત્તિજીને પણ ધ્યાનમાં ઉતરી, અને તેથી કેટલેક કાળે ત્યાં પધારેલા અજિતસિંહસૂરિજીની પાસે તેમણે ફરીને શ્વેતાંબરી જૈન દીક્ષા લીધી, તથા તેમનું માનતુંગસૂરિ નામ રાખવામાં આવ્યું. પછી તેમણે ગુરૂ મુખથી કેટલીક ચમત્કારી વિદ્યાઓનો અભ્યાસ કર્યો. વળી તેજ નગરમાં એક મહાવિદ્વાન્ અને રાજાનો માનીતો **મયૂર** નામે બ્રાહ્મણ વસતો હતો, તેને વિદ્યા, રૂપ તથા શીલ આદિક અનેક ગુણોવાળી એક પુત્રી હતી; તે પુત્રીને તેણે ત્યાંનાજ રહેવાસી એક **બાણ** નામના મહા વિદ્વાનની સાથે પરણાવી. એક દહાડો તેણીને પોતાના ભર્ત્તાર સાથે ક્લેશ થવાથી તે રીસાઈ ગઈ; અને તે માટે તેણીને તેણીના પિતા મયૂરે ઠપકો આપ્યો, તેથી તેણીએ શ્રાપ આપીને પોતાના પિતાને કુષ્ટી કર્યો; હવે બાણને પણ ઇર્ષા આવવાથી તેણે રાજાને કહ્યું કે, મયૂરને તો કુષ્ટનો રોગ થયો છે, તેથી તેને સભામાં આવતો બંધ કરવો. રાજાએ પણ તેમ કર્યાથી મયૂરે ખેદ પામીને સૂર્યનું સ્તુતિપૂર્વક આરાધન કર્યું, તેથી સૂર્યે તેના રોગને નષ્ટ કર્યો; તે જોઈ રાજાને આશ્ચર્ય થયું, અને તેથી તેણે બાણને કહ્યું કે તું પણ જો ખરો વિદ્વાન્ હો તો મને કંઇક તેવું આશ્ચર્ય બતાવ; પછી તેણે પણ પોતાના હાથપગો છેદાવીને ચંડીનું સ્તુતિપૂર્વક આરાધન કરી તે હાથપગો પાછા મેળવ્યા; તે જોઈ રાજા આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે, આજના સમયમાં બ્રાહ્મણો શિવાય કોઈ પણ પાસે આવી ચમત્કારી વિદ્યા નથી. તે સાંભળી જૈનમંત્રીએ રાજાને કહ્યું કે, હે સ્વામી! આપણાજ નગરમાં, જે માનતુંગસૂરિ નામના જૈનશ્વેતાંબર આચાર્ય છે, તે પણ મહાપ્રભાવિક છે; પછી રાજાએ શ્રી માનતુંગસૂરિજીને બોલાવીને પોતાને કંઇક ચમત્કાર બતાવવા માટે વિનંતિ કરી; અને તેથી આ આચાર્યજીએ **ભક્તામર** નામનું ચુમ્માળીશ કાવ્યોવાળું સ્તોત્ર રચીને પોતાની ચુમ્માળીશ બેડીઓ તેના પ્રભાવથી તોડીને રાજાને વિસ્મિત કર્યો, અને છેવટે રાજાને ધર્મોપદેશ આપીને જૈની કર્યો. વળી તેમણે ઉપદ્રવોને

હરનારૂં ભયહર સ્તોત્ર રચેલું છે. આ પ્રભાવિક આચાર્યજીએ માળવાના મોટા ભોજરાજાને પ્રતિબોધ્યા હતા.

---

## શ્રી વીરસૂરિ, વિક્રમ સંવત ૩૦૦.

શ્રી માનતુંગસૂરિની પાટે શ્રી વીરસૂરિ થયા, તેમણે નાગપુરમાં વિક્રમ સંવત ત્રણસોમાં શ્રી નમિનાથજીના બિંબની સ્થાપના કરી છે.

## શ્રી જયદેવસૂરિ, દેવાનંદસૂરિ.

શ્રી વીરસૂરિજીની પાટે શ્રી જયદેવસૂરિ થયા, તથા તેમની પાટે શ્રી દેવાનંદસૂરિ થયા.

## શ્રી મલ્લવાદી આચાર્ય, શિલાદિત્ય રાજા, તથા બૌદ્ધોનો થયેલો પરાજય, વલ્લભીપુરનો ભંગ. વિક્રમ સંવત ૩૧૪ થી ૩૭૫.

ભૃગુકચ્છ નામના નગરમાં **શ્રી જિનાનંદ** નામે એક શ્વેતાંબરી આચાર્ય વસતા હતા; ત્યાં **આનંદ** નામના એક બૌદ્ધ વાદીએ તેમને વિતંડાવાદથી જીતવાથી તે વલ્લભીપુરમાં આવીને રહ્યા. ત્યાં **દુર્લભદેવી** નામે એક તેમની બેહેન રહેતી હતી. તેણીને **જિતયશા, યક્ષ અને મલ્લ** નામે ત્રણ પુત્રો હતા. દુર્લભદેવીએ વૈરાગ્ય થવાથી તે ત્રણે પુત્રો સહિત જિનાનંદસૂરિજી પાસે દીક્ષા લીધી. પછી તે સર્વે વ્યાકરણાદિ સર્વ શાસ્ત્રોમાં પારંગામી થયા. હવે પૂર્વે થયેલા આચાર્યોએ જ્ઞાનપ્રવાદ નામના પૂર્વમાંથી નયચક્ર નામનું શાસ્ત્ર ગુંથ્યું હતું, તે નયચક્ર સિવાય ગુરૂ મહારાજે તેમને સર્વ શાસ્ત્રો ભણાવ્યાં. એક વખતે ગુરૂ મહારાજને કોઇ કારણથી બીજે ગામ જવાનું થયું; ત્યારે તેમણે વિચાર્યું કે, આ મહાબુદ્ધિવાન્ મલ્લ કદાચ તેના બાલ્યપણાથી પાછળથી જો આ નયચક્રનું પુસ્તક વાંચશે, તો ઉપદ્રવ થશે, એમ વિચારી તેમની માતાની સમક્ષ તેમણે મલ્લને કહ્યું કે, હે વત્સ! આ પુસ્તક તમો ખોલીને વાંચશો નહીં, કેમકે તેથી કદાચ મોટો ઉપદ્રવ થવાનો સંભવ છે; ગુરૂના ગયા બાદ તે મલ્લે પોતાની માતાની નજર ચુકાવીને તે પુસ્તક ખોલીને તેનો એક શ્લોક વાંચ્યો; પણ એટલામાં શ્રુતદેવતાએ તે પુસ્તક તેની પાસેથી ખુંચવી લીધું; તે જોઇ મલ્લ તો ઝંખવાણો પડી ગયો,

અને તેની માતાએ તેનું કારણ પૂછ્યાથી તેણે તે વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી તેની માતા તથા સઘળો સંઘ પુસ્તક ગુમ થવાથી બહુ દિલગીર થયાં; પછી તે મલ્લે શ્રુતદેવતાનું પર્વતની ગુફામાં રહી તપસ્યાપૂર્વક આરાધન કરવા માડ્યું, પછી એક દહાડો તુષ્ટમાન થયેલી શ્રુતદેવતાએ તેની પરીક્ષા માટે અદૃશ્ય રહી તેને પૂછ્યું કે, આજે તેં શાનું ભોજન કર્યું છે? ત્યારે તેણે કહ્યું કે, વાલનું. પછી છ માસ બાદ ફરીને તે દેવતાએ તેને પૂછ્યું કે, શાની સાથે? ત્યારે મહાસ્મરણશક્તિવાળા તેણે કહ્યું કે, ગોળ, ઘીની સાથે. તે સાંભળી શ્રુતદેવતાએ પ્રત્યક્ષ થઇ તેને કહ્યું કે, કંઇક વરદાન માગ. ત્યારે મલ્લે કહ્યું કે, તે નયચક્રનું પુસ્તક મને પાછું આપો, તે સાંભળી શ્રુતદેવીએ કહ્યું કે, તે ગ્રંથ પ્રગટ કરવાથી દ્વેષી દેવો ઉપદ્રવ કરે તેમ છે, માટે હું તને એવું વરદાન આપું છું કે, તે ગ્રંથના ફક્ત એકજ શ્લોકથી તને તે ગ્રંથનો સર્વ અર્થ ધ્યાનમાં આવશે; એમ કહી તે દેવી અંતર્ધ્યાન થઇ. પછી એક દહાડો શ્રી જિનાનંદસૂરિ ત્યાં પધાર્યા, અને સંઘની આજ્ઞાથી તેમણે મલ્લને સૂરિપદ આપ્યું; હવે ત્યાં જીતયશાયે પ્રમાણ ગ્રંથ રચ્યો, તથા યક્ષે નિમિત્ત સંહિતા બનાવી. એક વખતે મલ્લસૂરિએ વૃદ્ધ મુનિઓ પાસેથી સાંભળ્યું કે, બૌધ્ધોએ ભૃગુકચ્છમાં પોતાના ગુરૂનો તિરસ્કાર કર્યો હતો; તે સાંભળી તે તુરત ભરૂચમાં આવ્યા, તથા ત્યાંના સંઘે તેમનું ઘણુંજ સન્માન કર્યું; મલ્લસૂરિને ત્યાં આવેલા જાણીને બૌદ્ધાચાર્ય આનંદ અત્યંત ગર્વિષ્ટ થયો. છેવટે ત્યાં રાજાની સભા સમક્ષ મલ્લસૂરિએ તે બૌદ્ધાચાર્યનો પરાજય કર્યો: અને તેથી શાસનદેવીએ તેનાપર પુષ્પવૃષ્ટિ કરી. રાજાએ પણ મલ્લસૂરિને મહોત્સવપૂર્વક વાદીનું બિરૂદ આપીને બૌધ્ધોને પોતાના રાજ્યમાંથી કહાડી મેલ્યા; છેવટે શોકનો માર્યો તે **આનંદ** નામનો બૌદ્ધાચાર્ય પણ ત્યાંજ મરણ પામ્યો; પછી તે મલ્લવાદીસૂરિએ પોતાના ગુરૂને ત્યાં બોલાવ્યા, તથા સર્વ સમક્ષ નયચક્રનું વ્યાખ્યાન કર્યું; તેમ તેમણે ચોવીશ હજાર શ્લોકોનું પદ્મચરિત્ર (જૈન રામાયણ બનાવ્યું.) વળી તેમણે ધર્મોત્તરાચાર્યે કરેલા ન્યાયબિંદુપર ટીકા રચી છે. આ મલ્લવાદી આચાર્ય વિક્રમ સંવત ત્રણસો ચૌદમાં વિદ્યમાન હતા.

# શિલાદિત્ય રાજા.

ગુજરાતમાં ખેડા નામના નગરમાં **દેવાદિત્ય** નામે એક વેદાંતી બ્રાહ્મણ વસતો હતો, તેને **સુભગા** નામે એક બાળ વિધવા પુત્રી હતી; તેણીને કોઈક ગુરૂએ સૌર નામનો મંત્ર આપ્યો હતો; તે મંત્રથી ખેંચાયેલા સૂર્યે તેણીની પાસે આવી, તે સાથે કામ વિકારથી સંભોગ કર્યો; અને તેથી તેણીને ગર્ભ રહ્યો; અનુક્રમે તેણીના પિતાને તેણીનો ગર્ભ સંબંધી વૃત્તાંત જણાવાથી તે દિલગિર થયો, અને તેણીને તે કહેવા લાગ્યો કે અરે દુષ્ટ! તેં આ નિંદા લાયક શું કાર્ય કર્યું? ત્યારે તેણીએ હાથ જોડીને પિતાને સૂર્ય સંબંધી વૃત્તાંત કહ્યું; પછી તે દિવાદિત્યે તેણીને વલ્લભીપુરમાં મોકલી આપી. ત્યાં તેણીએ એક પુત્રને અને એક પુત્રીને જન્મ આપ્યો; એમ કરતાં આઠ વર્ષો નિકળી ગયાં; એક વખતે નિશાળમાં ભણતાં તેઓને નિશાળીઆઓ સાથે ક્લેશ થવાથી કોઈએ તેને નબાપાનું મેણું આપ્યું, તેથી મનમાં ખેદ લાવી ઘેર આવી તે પુત્રે માતાને પૂછવાથી માતાએ સઘળું વૃત્તાંત કહ્યું. તે સાંભળી તેણે જયારે આપઘાત કરવાની ઇચ્છા કરી, ત્યારે સાક્ષાત સૂર્યે આવી તેને કહ્યું કે, હે વત્સ હું તારો પિતા છું, અને તને જે કોઈ પરાભવ કરશે, તેનો હું વિનાશ કરીશ; એમ કહી સૂર્યે તેને એક કાંકરો આપી કહ્યું કે આ કાંકરો નાખવાથી તુરત તારા શત્રુનું મૃત્યુ થશે. પછી તે બાળક જે જે નિશાળીઆઓ તેને રંજાડતા હતા, તેઓને તે કાંકરાથી તેને માર્યા; છેવટે તે વૃત્તાંત વલ્લભીપુરના રાજાને માલુમ પડવાથી ક્રોધાયમાન થઇ તેણે તેને સભામાં બોલાવ્યો, અને કહ્યું કે, અરે! દુષ્ટ તું બાળકોને કેમ મારે છે. ત્યારે તેણે કહ્યું કે, એટલુંજ નહીં, પણ હું તો રાજાને પણ મારી શકું છું. એમ કહી તેણે કાંકરો નાંખી તે રાજાને પણ મારી નાંખ્યો; પછી ભય પામેલા પ્રધાન આદિકોએ તેનું શિલાદિત્ય નામ પાડી, તેને રાજગાદીએ બેસાડયો; તે શિલાદિત્ય રાજા પ્રથમ જૈનધર્મી હતો, તથા તેણે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો છે. એક વખતે મહાતર્કવાદી બૌદ્ધાચાર્યે શિલાદિત્યને કહ્યું કે, અમારી સાથે શ્વેતાંબરો વિવાદ કરે; જો તેઓ હારે તો તેઓ દેશપાર થાય, અને જો અમો હારીએ તો અમો દેશપાર થઇયે; પછી તેઓ સાથે શ્વેતાંબરોને વાદ થયો, તેમાં શ્વેતાંબરો હારવાથી તે શિલાદિત્ય રાજા બૌદ્ધધર્મી થયો; તથા શત્રુંજયનું તીર્થ પણ બૌદ્ધને સ્વાધીન થયું; આ બાબતની મલ્લવાદીજીને ખબર મળવાથી મલ્લવાદીજીએ ત્યાં આવી કરીને બૌધ્ધો સાથે વિવાદ

ફરી તેમને હરાવ્યા; તેથી ફરીને શિલાદિત્ય રાજા જૈનધર્મી થયો, તથા શત્રુંજયનું તીર્થ પણ ફરીને પાછું ઔધ્ધોને સ્વાધીન થયું. પછી શિલાદિત્ય રાજાના આગ્રહથી ધનેશ્વર સૂરિજીએ શત્રુંજય માહાત્મ્યનો ગ્રંથ રચ્યો.

---

## વલ્લભી નગરીનો ભંગ, વિક્રમ સંવત ૩૭૫.

કેટલોક સમય વિત્યાબાદ તે વલ્લભી નગરમાં એક રંક નામે વ્યાપારી થયો; તેની દુકાને કોઈક કાપડી જોગી સિદ્ધરસનું એક તુંબડું વિસરી ગયો; તે સિદ્ધરસના સ્પર્શથી લોઢું સુવર્ણમય થઈ જવાથી તે વણિકે પોતાનું મકાન અત્યંત સુંદર બનાવ્યું. તે રંક વ્યાપારીની એક પુત્રીને રાજાની પુત્રી સાથે મિત્રાઈ હતી. એક વખતે તે રંક વ્યાપારીની પુત્રી પાસે રહેલી રત્નજડિત કાંસકી તે રાજપુત્રીએ માગી; પરંતુ તે રંક વ્યાપારીએ આપી નહીં, તેથી રાજાએ તે કાંસકી તેની પાસેથી બળાત્કારે ખુંચવી લીધી. આથી ક્રોધાયમાન થયેલા તે રંક વ્યાપારીએ મ્લેચ્છોનું સૈન્ય બોલાવીને તે વલ્લભીપુર નગરનો નાશ કરાવ્યો; તેમાં તે શિલાદિત્ય રાજાનું મૃત્યુ થયું;

---

## વિક્રમસૂરિ, નરસિંહસૂરિ સમુદ્રસૂરિ.

દેવાનંદસૂરિની પાટે વિક્રમસૂરિ થયા, તથા તેમની પાટે નરસિંહસૂરિ થયા, અને તેમની પાટે સમુદ્રસૂરિ થયા.

---

## દેવર્દ્ધીગણી ક્ષમાશ્રમણ, જૈનશાસ્ત્રોનું પુસ્તકારૂઢ થવું. વિક્રમ સંવત ૫૧૦

આ શ્રી દેવર્દ્ધીગણી ક્ષમાશ્રમણજી લાહિત્યાચાર્યના તથા મતાંતરે દુસ્સહગણિના શિષ્ય હતા; તેમને વલ્લભીપુરમાં સર્વે જૈન સિદ્ધાંતો પુસ્તકારૂપે લખાવ્યાં; તેમના સમયમાં ફક્ત એકજ પૂર્વનું જ્ઞાન હતું; તે વલ્લભીપુ-

રના ખંડેરા પાસે હાલમાં વળા નામે ગામ વસેલું છે; જેમાં શ્રી વિજયાનંદસૂ-
રીશ્વરજીના પરિવારમાં પ્રસિદ્ધ મુનિ મહારાજ શ્રી હંસવિજયજીના ઉપદેશથી
તે પરમોપકારી શ્રી દેવર્દ્ધીક્ષમાશ્રમણજી મહારાજની મૂર્ત્તિ સ્થાપન કરવામાં
આવી છે.



## અર્વાચીન સમયનો ઈતિહાસ.

# પ્રકરણ ૮ મું.

### વિક્રમ સંવત ૫૮૫ થી ૫૯૨.

### હરિભદ્રસૂરિ તથા સિદ્ધસૂરિ.

### હરિભદ્રસૂરિ. વિક્રમ સંવત ૫૮૫.

ચિત્રકૂટ પર્વતની પાસે આવેલા ચિત્તોડ ગઢમાં જ્યારે **જિતારિ** નામે રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં તેમનો એક **હરિભદ્ર** નામે મહાવિદ્વાન્ પુરોહિત બ્રાહ્મણ વસતો હતો; તેને પોતાની વિદ્યાનો એટલો તો ગર્વ હતો કે, તેણે એવો નિયમ લીધો હતો કે, કોઈનું ભણેલું જો હું ન સમજી શકું તો તેનો હું શિષ્ય થઈ જાઉં. એકવખતે જ્યારે તે જૈનોના એક ઉપાશ્રય પાસેથી જતો હતો, ત્યારે તે ઉપાશ્રયમાં એક **યાકિની** નામે સાધ્વી એક ગાથાનો પાઠ કરતી હતી; તે ગાથા નીચે મુજબ હતી:—

**ગાથા—चक्की दुगं हरिपणगं । पणगं चक्कीण केसवो चक्की ॥**
**केसव चक्की केसव । दुचक्की केसव चक्कीय ॥ १ ॥**

તે ગાથા સાંભળી હરિભદ્રે આશ્ચર્ય પામી તેણીને કહ્યું કે, હે માતાજી, તમોએ આ ગાથામાં બહુ **चाकचक्य*** કર્યું છે. ત્યારે તેણીએ પણ યોગ્ય ઉત્તર આપ્યો કે, હે પુત્ર! તે **गोमयार्द्रलिप्त**+ છે;

---

* ચાકચકય એટલે ભીનું કચકચતું.

+ ગોમયાર્દ્રલિપ્ત એટલે છાણથી ભીનું લીપેલું પક્ષે—વચનોની ચાતુરીવાળુ

એવી રીતનો તેણીનો ચતુરાઇવાળો અર્થ સાંભળી હરિભદ્રે વિચાર્યું કે, ખરેખર આ મહાચતુર સાધ્વીએ મને વચન વિવાદમાં પણ જીત્યો છે; તેમ આ ગાથાનો હું અર્થ પણ સમજી શકતો નથી. એમ વિચારી તેણે તે યાકિની સાધ્વીને તે ગાથાનો અર્થ પોતાને સમજાવવા માટે કહ્યું, ત્યારે તે ચતુર સાધ્વીએ કહ્યું કે, હે પંડિત જૈનના આગમોનો અર્થ અમારા ગુરૂની અનુમતિ સિવાય અમારાથી તમોને સમજાવી શકાય નહીં; અને તેનો અર્થ તમારે જાણવાની જો ઇચ્છા હોય તો તમો આ નજદીક રહેલા ઉપાશ્રયમાં જાઓ, ત્યાં અમારા ગુરૂ છે, તે તમોને તેનો અર્થ સમજાવશે. તે સાંભળી હરિભદ્રજી તો તુરત નજદીક ઉપાશ્રયમાં રહેલા જિનભદ્ર નામના આચાર્યજી પાસે ગયા. અને તેમને તે ગાથાનો અર્થ સમજાવવા માટે વિનંતી કરી. ત્યારે જિનભદ્રસુરિજીએ તેમને કહ્યું કે, તમો જો જૈન દીક્ષા ગ્રહણ કરો, તોજ અમારાથી તમોને તેનો અર્થ સમજાવી શકાય. તે સાંભળી હરિભદ્રજીએ તુરત સઘળા સંઘની સમક્ષ સર્વ પરિગ્રહનો ત્યાગ કરી ભાવપૂર્વક તેમની પાસે દીક્ષા લીધી. પછી ગુરૂએ પણ તેમને તે ગાથાનો અર્થ સમજાવી અનુક્રમે સર્વ શાસ્ત્રોમાં પારંગામી કર્યા. એક દિવસે તેમણે પોતાના ભાણેજા હંસ અને પરમહંસને ગુરૂની આજ્ઞાથી દીક્ષા આપી શિષ્યો કર્યા; અને તેમને પણ તેમણે પ્રમાણ શાસ્ત્રાદિકમાં પારંગામી કર્યા; એક દહાડો તે હંસ અને પરમહંસે હરિભદ્ર મહારાજને વિનંતિ કરી કે, અમોને બૌધ્ધોનાં પ્રમાણ શાસ્ત્રો ભણવાની ઇચ્છા છે, માટે જો આપ આજ્ઞા આપો તો અમો તેમના નગરમાં જઇને તેમની પાસે અભ્યાસ કરીયે; તે સાંભળી હરિભદ્રસૂરિયે નિમિત્ત શાસ્ત્ર જોઇ તેઓને કહ્યું કે, તમારા ત્યાં જવાથી પરિણામ બહુ વિપરીત આવવાનો સંભવ લાગે છે; તે સાંભળી શિષ્યોયે વિનયથી કહ્યું કે, આપના ફક્ત નામના મંત્રથી ત્યાં અમોને કંઇ પણ આપદા થશે નહીં; પછી તે હંસ અને પરમહંસ બન્ને વેષ બદલીને ત્યાંથી બૌધ્ધોના નગરમાં આવ્યા; અને ત્યાં તેમણે તેમના પ્રમાણ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો; ત્યાં તેમની બહુ દયાળુ વૃત્તિ જોઇને એક દહાડો બૌદ્ધાચાર્યને શંકા થઇ કે, ખરેખર આ બન્ને જૈનીઓ છે, એમ વિચારી તેણે તેમની પરીક્ષા માટે ઉપાશ્રયની સીડી પર એક જિનપ્રતિમાનું ચિત્ર કરાવ્યું તેમ કરવાની તે બૌદ્ધાચાર્યની એવી મતલબ હતી કે, જો તેઓ જૈની હશે તો તે પર પગ મુકીને ચાલશે નહીં.

પછી જ્યારે તેઓ બન્ને સીડીપર ચડવા ગયા, ત્યારે તેમની દૃષ્ટિએ તે પ્રતિમાનું ચિત્ર પડ્યું; તે જોઇ તેમણે વિચાર્યું કે, આપણા મહાન

ગુરૂ હરિભદ્રજીએ આગમચથી સૂચવેલી આપદા આજે આપણાપર ખરેખર આવી પડી છે, માટે હવે કદાચ અહીંજ આપણું મૃત્યુ થાય તોપણ તેથી ડરવું નહીં; એમ વિચારી તેઓએ તે જિનપ્રતિમાના ચિત્રપર ખડીથી ત્રણ લીંટીઓની જનોઇ કરીને તેને બૌદ્ધપ્રતિમા બનાવી; અને તેપર પગ મૂકીને ઉપર ચડી ગયા, તે વાત ગુપ્ત રહેલા માણસોએ બૌદ્ધાચાર્યને જણાવવાથી તુરત તે હંસ અને પરમહંસ એમ બન્નેનો પોતાના સુભટો મારફતે વધ કરાવ્યો. અનુક્રમે તે વાતની હરિભદ્રસૂરિજીને ખબર પડવાથી તે બૌધ્ધોપર ક્રોધ લાવીને એક તેમની ઉષ્ણ કડા તૈયાર કરાવી; અને તેમાં તે બૌદ્ધાચાર્યને તેના ચૌદસો ચુમાળીશ શિષ્યો સહિત હોમવા માટે તેમણે પોતાની મંત્રશક્તિથી આકર્ષીને આકાશમાં સ્થિર કર્યા; એટલામાં તે વાતની તેમના ગુરૂજીને ખબર પડવાથી તેમણે હરિભદ્રજીને શાંત કરવા માટે ત્યાં આવી ઉપદેશ કર્યો; અને તેથી હરિભદ્રજીએ તે સર્વે બૌધ્ધોને મુક્ત કર્યા. પછી તે બૌધ્ધો પણ તેમની ક્ષમા માગી પોતાને સ્થાનકે ગયા. હરિભદ્રસૂરિજીએ પણ તે પાપની શુદ્ધિ માટે અનેકાંતજયપતાકા, શિષ્યહિતા નામની આવશ્યક ટીકા, ઉપદેશપદ, લલિતવિસ્તરા નામની ચૈત્યવંદનવૃત્તિ, જંબૂદ્વીપ સંગ્રહણી, જ્ઞાનપંચક વિવરણ, દર્શનસપ્તતિકા, દશવૈકાલિકવૃત્તિ, દીક્ષાવિધિપંચાસક, ધર્મબિંદુ, જ્ઞાનચિત્રિકા, પંચાસક, મુનિપતિચરિત્ર, લગ્નકુંડળિકા, વેદબાહ્યતાનિરાકરણ, શ્રાવકધર્મ વિધિપંચાસક, સમરાદિત્યચરિત્ર, યોગબિંદુપ્રકરણવૃત્તિ, યોગદૃષ્ટિસમુચ્ચય, ષટ્દર્શનસમુચ્ચય, પંચસૂત્રવૃત્તિ, પંચવસ્તુકવૃત્તિ, અષ્ટક, ષોડશક ઇત્યાદિક સર્વ મળીને ચૌદસો ચુમાળીશ ગ્રંથો બનાવ્યા કહેવાય છે. પોતાના ઉત્તમ શિષ્યોના વિરહથી તેમણે પોતાના દરેક ગ્રંથને છેડે પોતાની કૃતિની નિશાની દાખલ 'વિરહ' શબ્દ મેલેલો છે, અને તેથી તે 'વિરહાંકવાળા, ગ્રંથો તેમની કૃતિ સૂચવે છે; તેમ તેમણે પોતાની પ્રતિબોધક સાધ્વી યાકિની મહત્તરાનું નામ પણ દરેક ગ્રંથને છેડે તેમના ધર્મપુત્રી તરિકે તેમણે સૂચવ્યું છે. ગચ્છોત્પત્તિ પ્રકરણમાં કહ્યું છે કે, આ ચૌદસો ચુમાળીશ ગ્રંથના કર્તા હરિભદ્રસૂરિજીનું સ્વર્ગગમન, વિક્રમ સંવત ૫૩૫માં મતાંતરે ૫૮૫ માં થયું છે.

## સિદ્ધસૂરિ. વિક્રમ સવત. ૫૯૨

ગુજરાત નામના દેશમાં આવેલા શ્રીમાળ નામે નગરમાં શ્રી **વર્મલાભ** નામે રાજા હતો, તેને **સુપ્રભદેવ** નામે મંત્રી હતો, તેને **દત્ત** અને **શુભંકર** નામે બે પુત્રો હતા; દત્તને **માઘ** નામે એક મહાવિદ્વાન્ પુત્ર હતો: અને તેને અવંતીના રાજા ભોજ સાથે ઘણીજ મિત્રાઇ હતી; તેણે શિશુપાળવધ (માઘકાવ્ય) નામે કાવ્ય ગ્રંથ રચ્યો છે. શુભંકરને **લક્ષ્મી** નામે સ્ત્રી હતી, અને તેણીની કુક્ષિએ આ મહાન્ આચાર્ય **શ્રી સિદ્ધસૂરિજીનો જન્મ** થયો હતો. આ સિદ્ધને તેના પિતાએ એક મહાસ્વરૂપવંતી કન્યા પરણાવી હતી; સિદ્ધને તેના માતાપિતાએ વાર્યા છતાં જુગારનું વ્યસન પડવાથી તે હમેશાં રાત્રિએ બહુ મોડેથી ઘેર સુવા માટે આવતો હતો, અને તેથી તેની સ્ત્રી અત્યંત દુઃખી થઇ હતી. એક દહાડો તેણીને અત્યંત દિલગીર થતી જોઇને તેણીની સાસુએ તેનું કારણ પૂછ્યાથી તેણીએ લજ્જાયુક્ત થઇ પોતાના સ્વામીનું વૃત્તાંત જણાવ્યું. તે સાંભળી સિદ્ધની માતાએ કહ્યું કે, આજ રાત્રિએ જ્યારે સિદ્ધ મોડો આવે, ત્યારે તારે દ્વાર ઉઘાડવું નહીં; અને તે સમયે હું તેને શિખામણ આપીશ. પછી રાત્રિએ સિદ્ધ જ્યારે મોડો આવ્યો, ત્યારે સ્ત્રીએ દ્વાર નહીં ઉઘાડવાથી તે બૂમો મારવા લાગ્યો. તે સાંભળી તેની માતાએ કૃત્રિમ ગુસ્સો કરી કહ્યું કે, અત્યારે મોડી રાત્રે દ્વાર ઉઘાડવામાં નહીં આવે; માટે આ સમય જેનાં દ્વાર ખુલ્લાં હોય ત્યાં તું જા. તે સાંભળી સિદ્ધ તો ત્યાંથી નીકળીને રાત્રિએ પણ જેનાં દ્વારો ખુલ્લાં છે, એવા જૈન મુનિઓનાં ઉપાશ્રયમાં ગયો. ત્યાં તેણે જૈન મુનિઓને વિવિધ પ્રકારના સ્વાધ્યાય કરતા જોઇને નમસ્કાર કર્યો; અને તેથી મુનિઓએ પણ તેને ધર્મલાભ આપી પૂછ્યું કે, તમો કોણ છો? ત્યારે તેણે પોતાનું સર્વ વૃત્તાંત સત્ય રીતે જાહેર કરી કહ્યું કે, "હું શુભંકરનો પુત્ર સિદ્ધ છું, તથા મારા જુગારના દુર્વ્યસનથી મારા માતાએ મને કહાડી મેલ્યો છે; હવે તો આજથી આપનુંજ મને શરણું છે" તે સાંભળી આચાર્ય મહારાજે શ્રુતોપયોગ દેઇ જાણ્યું કે, આ ભાગ્યશાળી પુરૂષથી શાસનની ઉન્નતિ થવાની છે, એમ વિચારી તેમણે તેને કહ્યું કે, જો અમારા જેવો વેષ તમો અંગીકાર કરો તો તમો સુખેથી અહીં રહો; એમ કહી તેમણે જૈન મુનિઓનો સર્વ આચાર તેને કહી સંભળાવ્યો. પછી સિધ્ધે પણ તે વાત કબુલ કરવાથી આચાર્યજીએ તેમને કહ્યું કે, હવે પ્રભાતે તમારા માતપિતાની આજ્ઞા લેઇ તમોને દીક્ષા આપશું. હવે પ્રભાતે શુભંકર શેઠને સિદ્ધ સંબંધી રાત્રિનું વૃત્તાંત માલુમ પડ-

વાથી તેણે પોતાની સ્ત્રીને ઠપકો આપ્યો કે, વ્યસની માણસને ઉતાવળથી શિખામણ લાગતી નથી, તેને તો રફતે રફતે સમજાવવો જોઇયે. પછી નગરમાં શોધ કરતાં સિદ્ધને જૈન મુનિઓને ઉપાશ્રયે ગયેલો જાણીને શુભંકર શેઠ ત્યાં આવી તેને પાછો ઘેર આવવા માટે સમજાવવા લાગ્યા; ત્યારે સિધ્ધે કહ્યું કે, "હે પિતાજી! હવે તો મારૂં મન વૈરાગ્યયુક્ત થયું છે. અને તેથી હું તો જૈન દિક્ષા લઇશ. વળી મારી માતાજીનું વચન તો મને આ સંસાર સાગરથી તારનારૂં થયું છે તેથી હું તેમનો પણ મહાન્ ઉપકાર માનું છું." સાંભળી શુભંકર શેઠે તેને કહ્યું કે, હેપુત્ર! તું ઘેર આવી તારી ઇચ્છા પ્રમાણે વરત, તું અમોને એકનો એકજ પુત્ર છે, અને તેથી અમારો સર્વ આધાર તારાપર છે, એવી રીતે શુભંકર શેઠે ઘણું સમજાવ્યા છતાં પણ તેણે માન્યું નહીં; અને ઉલટી પોતાના પિતાજીને તેણે નમ્રતાપૂર્વક અરજ કરી કે, હે પિતાજી! તમો ખુશી થઇ કહો કે, તે મને દીક્ષા આપે; પછી એવી રીતનો તે સિદ્ધનો આગ્રહ જોઈ શુભંકરે પણ તેમ કરવાની આજ્ઞા આપવાથી આચાર્ય મહારાજે તેમનું સિદ્ધસૂરિ નામ પાડીને તેમને દીક્ષા આપી. પછી ગુરૂ મહારાજે સિદ્ધસૂરિજીને પોતાના ગચ્છનું વર્ણન કરી બતાવ્યું કે, પૂર્વે મહા પ્રભાવિક શ્રીવજ્રસ્વામિજી મહારાજ થયેલા છે; તેમના શિષ્ય શ્રીવજ્રસેનસૂરિજીના નાગેંદ્ર, નિવૃત્તિ, ચંદ્ર, અને વિદ્યાધર નામના શિષ્યો થયા; તે નિવૃત્તિના ગચ્છમાં મહા બુદ્ધિવાન્ શ્રીસૂરાચાર્ય થયા છે, અને તેમના શિષ્ય જે ગર્ગઋષિ, તે હું તારો દીક્ષા ગુરૂ છું. અનુક્રમે શ્રીસિદ્ધસૂરિજી મહારાજ સર્વ શાસ્ત્રોમાં પારંગામી થયા; ત્યારબાદ તેમણે ધર્મદાસગણીજીએ રચેલી ઉપદેશમાળાપર મોટી ટીકા રચી; તથા ઉપમિતિભવ પ્રપંચકથા નામનો અતિ અદ્ભૂત ગ્રંથ રચ્યો. એક દહાડો શ્રી સિદ્ધસૂરિજીએ ગુરુ મહારાજને વિનંતી કરી કે, હે ભગવન્! હવે મને બૌધ્ધોના પ્રમાણ શાસ્ત્રો જોવાની ઇચ્છા થાય છે; માટે તેમની પાસે જઇ હું તેમનાં શાસ્ત્રોનો પણ અભ્યાસ કરૂં. તે સાંભળી ગર્ગઋષિજીએ કહ્યું કે, તે લોકો એવા તો પ્રપંચી છે કે, હેત્વાભાસોથી માણસોના હૃદયને પીગળાવી નાખે છે, અને તેથી તને તેઓથી કંઇક પણ અનર્થ થશે, એમ મને ભાસ થાય છે; વળી આસમયે નિમિત્તથી પણ એમ જણાય છે કે, તું તારાં ઉપાર્જન કરેલાં પુણ્યોનો ત્યાં જઈ નાશ કરીશ. તે છતાં પણ જો તને ત્યાંજવાનીજ ઉત્કંઠા હોય તો આ અમારૂં રજોહરણનું અમોને પાછું સમર્પણ કર? અને પાછું તારે ત્યાંથી એક વખત પણ મારી પાસે આવવું એવું તું મને વચન આપ. તે સાંભળી સિદ્ધસૂરિજીએ

કહ્યું કે, હે ભગવન્! આપે મારા પર ઘણોજ ઉપકાર કર્યો છે, અને તેથી હું આપનું વચન કદાપિ પણ ઉલ્લંઘન કરીશ નહીં. તે બૌધ્ધાનાં પ્રમાણ શાસ્ત્રો બહુ દુર્બોધ છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે, અને તેથી હું ફક્ત મારી બુદ્ધિની પરીક્ષા માટે ત્યાં જાઉં છું. એમ કહી ગુરુમહારાજને નમસ્કાર કરી સિદ્ધસૂરિ મહારાજ વેષ બદલીને તુરત **મહાબોધ** નામના બુધ્ધોના નગરમાં ગયા, પછી ત્યાં તે મહાબુદ્ધિવાન્ સિધ્ધર્ષિએ તેમના શાસ્ત્રોનો અભ્યાસ કર્યો; અને મનમાં ચમત્કાર પામ્યા. બૌધ્ધોએ તેમને ત્યાં એવા પ્રપંચોથી સમજાવ્યા કે, જેથી તેમની શ્રદ્ધા ફેરવાઇને બૌદ્ધ ધર્મપર લાગી; અને તેથી તેમણે બૌદ્ધદીક્ષા ગ્રહણ કરી. પછી બૌદ્ધાચાર્યે જ્યારે તેમને આચાર્ય પદવી આપવા માંડી, ત્યારે તેમણે કહ્યું કે, મેં અહીં આવતા પહેલાં મારા પૂર્વના ગુરૂને વચન આપ્યું છે કે, એકવાર હું આપની પાસે આવી જઇશ; પછી તે બૌદ્ધાચાર્યની અનુમતિ લેઇ એકદમ ગર્ગઋષિજી પાસે આવ્યા; અને કહ્યું કે, મેં તો બૌદ્ધ દીક્ષા લીધી છે, અને ફક્ત મારી પ્રતિજ્ઞાની ખાતર હું આપની પાસે આવેલો છું. તે સાંભળી ગુરૂમહારાજે તેમને આસન પર બેસાડી કહ્યું કે, હું જરા બહાર જઇને આવું ત્યાંસુધી તમો આ ગ્રંથ વાંચજો, એમ કહી તેમને શ્રી હરિભદ્રસૂરિજીએ રચેલી ચૈત્યવંદનસૂત્ર પરની લલિતવિસ્તરા નામની ટીકાની પરત ગુરુમહારાજે આપી. પછી ગર્ગઋષિજી બહાર ગયા બાદ સિદ્ધસૂરિજીએ જેવો તે ગ્રંથ વાંચ્યો કે તુરત તેમના મનમાં એવો વિચાર સ્ફુરી આવ્યો કે, "અરે! મેં નિર્બુદ્ધિએ આ શું કાર્ય આરંભ્યું છે! અરે! મારા જેવો મૂર્ખ આ જગતમાં કોઇપણ નથી. આ ગ્રંથ ગુરૂમહારાજે મારા હાથમાં આપી મને ભવસાગરમાંથી ડુબતો બચાવ્યો છે. વળી આ મહાન્ ઉપકારી એવા શ્રીહરિભદ્રસૂરિજીએ ખરેખર જાણે મારે માટેજ આ ગ્રંથ બનાવ્યો હોય નહીં તેમ મને તો ભાસે છે." પછી તેમણે નિશ્ચય કર્યો કે, હવે તો જો ગર્ગઋષિજી મહારાજ અહીં તુરત પધારે તો તેમના ચરણોમાં મસ્તક નમાવીને હું તુરત મારાં પાપોની આલોચના લઉં. એટલામાં ત્યાં ગુરૂમહારાજ આવી પહોંચવાથી તુરત સિદ્ધસૂરિજી પણ ઉઠીને તેમના ચરણોને નમ્યા. અને કહ્યું કે, હે ભગવન્! આ હરિભદ્રીય ગ્રંથરૂપી સૂર્યે મારા મનમાં નિવાસ કરી રહેલા બૌદ્ધ મતરૂપી અંધકારને દૂર કર્યો છે, અને હવે આપ સાહેબ કૃપા કરીને મારાં દુર્ધ્યાનનું મને પ્રાયશ્ચિત્ત આપો. તે સાંભળી ગુરૂમહારાજે પણ આનંદના અશ્રુઓ આંખોમાં લાવી કહ્યું કે, હે વત્સ! હવે તું ખેદ કર નહીં; કેમકે આ જગતમાં ધૂ-

ત્તાનાં વચનોથી બુદ્ધિવાનો પણ ઠગાય છે; એમ કહી ગુરૂમહારાજે તેમને પ્રાયશ્ચિત્ત આપ્યું. તથા છેવટે તેમને પોતાની પાટે સ્થાપ્યા, ત્યારબાદ ગર્ગ-ઋષિજી અનશન કરી સ્વર્ગે ગયા; સિદ્ધસૂરિજી મહારાજ પણ જૈન શાસનની ઉન્નતિ કરીને લગભગ વિક્રમ સંવત ૫૮૨માં સ્વર્ગે પધાર્યા.



# પ્રકરણ ૯ મું.

## વિક્રમ સંવત ૬૦૦ થી ૯૦૦.

**( હેલામહત્તર, દુર્ગસ્વામી, રવિપ્રભસૂરિ, જિનભદ્રગણિક્ષમાશ્રમણ, અપ્પભટ્ટીસૂરિ તથા આમરાજા, શિલગુણસૂરિ, વનરાજ ચાવડા, અણહિલ્લપુર પાટણની સ્થાપના. )**

### હેલામહત્તર, વિક્રમ સંવત ૬૦૦.

આ મહાન્ આચાર્ય સૂરાચાર્યજીના શિષ્ય તથા દુર્ગસ્વામીના ગુરુ હતા, તેમને માટે સિદ્ધર્ષિમહારાજ પોતાના ઉપમિતિભવપ્રપંચમાં જણાવે છે કે, તે નિવૃત્તિ કુળમાં ઉત્પન્ન થયેલા તથા જ્યોતિઃ શાસ્ત્રના પારંગામી હતા ; તથા તેમણે લાટ દેશમાં વિહાર કરી ઘણા જીવોને પ્રતિબોધ્યા હતા. તે હેલામહત્તર નામના મહાન્ આચાર્ય લગભગ વિક્રમ સંવત ૬૦૦ માં વિદ્યમાન હતા.

---

### દુર્ગસ્વામી, વિક્રમ સંવત ૬૦૦.

આ દુર્ગસ્વામી નામના આચાર્ય સિદ્ધર્ષિમહારાજના ગુરૂભાઇ હેલામહત્તરજીના શિષ્ય હતા; તેમણે વૈરાગ્યથી ઘણું દ્રવ્ય તથા સ્ત્રીઓને તજીને દીક્ષા લીધી હતી ; ભિલ્લમાલ નામે નગરમાં તેઓ સ્વર્ગે ગયા હતા. સિદ્ધર્ષિજી મહારાજે બનાવેલા ઉપમિતિભવપ્રપંચની પેહેલી પ્રતિ આ દુર્ગસ્વામિજીની શિષ્યણી ગણાએ લખી હતી.

---

## રવિપ્રભસૂરિ વિક્રમ સંવત ૭૦૦.

શ્રી મહાવીર પ્રભુથી ત્રીસમી પાટે આ મહાન્ પ્રભાવિક રવિપ્રભસૂરિ નામે આચાર્ય થયા; તેમણે વિક્રમ સંવત ૭૦૦ મા નડોલ નગરમાં શ્રી નેમિનાથજીના જિનમંદિરની પ્રતિષ્ઠા કરેલી છે.

---

## શિલગુણસૂરિ, વનરાજ ચાવડો, અણહિલ્લપુર પાટણની સ્થાપના વિક્રમ સંવત ૮૦૨.

ગુજરાત દેશમાં આવેલા પંચાસર નગરમાં **જયશિખર** નામે રાજા રાજ્ય કરતો હતો; તે ઘણો નીતિવાન્ તથા દયાળુ હોવાથી તેની કીર્ત્તિ દેશોદેશમાં વિસ્તાર પામી હતી; તે વખતે દક્ષિણ દેશમાં આવેલા કલ્યાણ નામના નગરમાં **ભુવડ** નામે રાજા રાજ્ય કરતો હતો; તેને જયશિખરની ઘણી કીર્ત્તિ સાંભળી, તેથી તેના મનમાં ઇર્ષા આવી. પછી તેણે પોતાનું લશ્કર એકઠું કરી ગુજરાતમાં આવી જયશિખરની રાજધાની પંચાસર નગરને ઘેરો ઘાલ્યો; જયશિખર રાજા ઘણીજ બહાદુરીથી તેના સામે લડ્યો, પરંતુ અંતે લડાઇમાં તે ઘાયલ થઇ મૃત્યુ પામ્યો. તે વખતે જયશિખરનો સાળો સુરપાળ પોતાની ગર્ભવંતી બ્હેન રૂપસુંદરીને ગર્ભના બચાવ માટે લેઇને વનમાં નાશી ગયો. ત્યાં તેણીએ એક મહાસ્વરૂપવાન્ પુત્રને જન્મ આપ્યો, તથા તે પુત્રનું **વનરાજ** નામ રાખવામાં આવ્યું. તે સમયે વઢીયાર દેશમાં ( શીલાંગાચાર્ય ) શીલગુણસૂરિ નામે એક મહાપ્રભાવિક જૈન આચાર્ય ) વિચરતા હતા; એક વખતે તેઓ દેહચિંતા માટે વનમાં ગયા, ત્યાં એક ઝાડ સાથે એક ઝોળીને લટકતી જોઇ, તેમાં નજર કરી તો જણાયું કે, એક મહાસ્વરૂપવાન્ તેજસ્વી અને શુભ રાજ્યલક્ષણવાળો બાળક સૂતેલો છે, તેમ તે વૃક્ષની છાયા પણ તેનાપરથી ખસતી નથી; તે જોઇ આચાર્યજીએ વિચાર્યું કે, ખરેખર આ બાળક કોઇક મહાન્ પુરૂષ થવાનો લાગે છે, અને મોટો ભાગ્યશાળી છે. એટલામાં ત્યાં પાસેજ ઝાડીમાં રહેલી તે બાળકની માતા રૂપસુંદરીએ આવી આચાર્યજીને નમન કર્યું; ત્યારે આચાર્યજીએ તેણીને પોતાનો વૃત્તાંત કહેવાનું કહેતાં તેણીએ કહ્યું કે, હે ભગવન્! આ બાળકનો પિતા અને મારો સ્વામી આ ગુર્જર ભૂમિનો રાજા હતો; પરંતુ તેને ભુવડ રાજાએ મારી નાખ્યો છે. હું ગર્ભવંતી હતી, તેથી ત્યાંથી નાશીને અહીં આ વનમાં આવી રહેલી છું, અને અહીંયા આ પુત્રને મેં જન્મ આપે-

લો છે; તેમજ અહીં ફળફૂલ ખાઈ હું મારી આજીવિકા ચલાવું છું. તે સાંભળી ગુરૂમહારાજે તેણીને ધીરજ આપી કહ્યું કે, હે રાણી! તમો કંઈ પણ ફીકર ચિંતા કરો નહીં; આ તમારો પુત્ર ગુજરાતનો રાજા થશે, અને ઘણાં ઉત્તમ ધર્મનાં કાર્યો કરશે. તે સાંભળી રૂપસુંદરી રાણીને ઘણોજ હર્ષ થયો. પછી ગુરૂમહારાજે ઉપાશ્રયે આવી શ્રાવક લોકોને તે વૃત્તાંતથી વાકેફ કર્યો, અને કહ્યું કે, તમો તે બાળકને તેની માતા સહિત અહીં લાવો ? તે બાળક આ ગુજરાત દેશનો રાજા થશે. તે સાંભળી ખુશી થયેલા શ્રાવકો વનમાં જઇ, વનરાજ સહિત રૂપસુંદરીને ત્યાં તેડી લાવ્યા; તથા તેઓનું પાળણપોષણ કરવા લાગ્યા. અનુક્રમે જ્યારે તે વનરાજ મોટો થયો ત્યારે રમત રમતી વેળાએ ગામના બીજા બાળકોને તે મારવા લાગ્યો, તે જોઇ ગામના લોકોએ તેની માતાને કહ્યું કે, હવે તમો અહીંથી ચાલ્યાં જાઓ; તે સાંભળી રૂપસુંદરી રાણી પણ પોતાના પુત્ર વનરાજને સાથે લેઇને જ્યાં પોતાનો ભાઇ સુરપાળ રહેતો હતો ત્યાં ગઇ; તે વખતે તે સુરપાળ ભુવડના દેશમાં લુંટફાટ કરી પોતાની આજીવિકા ચલાવતો હતો; તેથી વનરાજ પણ પોતાના મામાને તે લુંટફાટના કામમાં મદદ કરવા લાગ્યો. એક વખતે તે વનરાજ કેટલીક લુંટ કરીને આવ્યા બાદ વનમાં ભોજન કરવા બેઠા, પરંતુ તે સમયે ભોજન માટે ઘી નહીં હોવાથી તેણે પોતાના માણસોને ઘી શોધી લાવવા માટે હુકમ કર્યો; તે માણસો પણ તે વખતે ઘીની શોધ માટે ચારે દિશાઓ તરફ જોવા લાગ્યા, એટલામાં તેઓએ એક વટેમાર્ગુ વાણીઆને ચાલ્યો જતો જોયો. તે વાણીઆને ખમે ઘીની એક કુડલી લટકાવેલી હતી; તેથી ખુશી થયેલા તે વનરાજના માણસોએ તે વાણીઆ પાસે જઇ કહ્યું કે, તું અમોને ઘી આપ? ત્યારે વાણીઆએ કહ્યું કે, અરે! લુચ્ચાઓ! શું તમારા દાદાની મત્તા છે? જાઓ ઘી નહીં મળે; તે સાંભળી ભયભીત થયેલા તે માણસોએ વનરાજ પાસે જઇ તે વૃત્તાંત કહી સંભળાવ્યું, ત્યારે વનરાજે તે વણિકને પોતાની પાસે બોલાવી તેની પાસેથી ઘી માગ્યું; ત્યારે વાણીએ આગળ બુદ્ધિ લાવી વિચાર્યું કે, હવે અહીં ઘી આપ્યા વિના ચાલશે નહીં; કેમકે હું તો એકલો છું, અને આ લોકો તો ઘણા છે, માટે જો આનાકાની કરીશ તો ઘી પણ જશે, અને માર પણ ખાવો પડશે. એમ વિચારી તે વણિકે વાણીયાગત વાપરી કહ્યું કે, હે મહારાજ! આપ તો કોઈ રાજ્યને યોગ્ય જણાઓ છો, છતાં અહીં વનવગડામાં કેમ ભટકયા કરો છો? વળી આ ઘી પણ આપનુંજ

છે, માટે સુખેથી આપને જેટલું જોઇએ તેટલું લ્યો. એમ કહી તેણે ઘીની કુડલી ખભેથી ઉતારી વનરાજની પાસે મુકી. વનરાજે પણ તેની કિમતથી બમણો માલ તે વણિકને આપી ખુશી કર્યો. પછી તે વણિકે વિચાર્યું કે, આ તો મને ઘણોજ લાભ થયો. પછી વનરાજે પોતાના મનમાં ચિંતવ્યું કે, આ વણિક મહાચતુર માણસ છે, માટે જો તે મારો પ્રધાન થાય, તો હું મારૂં કાર્ય તુરત સિદ્ધ કરૂં; એમ વિચારી તેણે તે વણિકને કહ્યું કે, જો તું મારો પ્રધાન થઇને રહેતો તારી બુદ્ધિના બળથી હું પણ મારૂં પરાક્રમ તને દેખાડી આપું; તે સાંભળી તે બુદ્ધિવાન્ વણિક પણ તે વાત કબુલ કરી વનરાજની સાથે રહી તેનો પ્રધાન થયો. એવામાં ભુવડના માણસો ગુજરાતમાં ખંડણી ઉઘરાવવાને આવ્યા હતા; અને તે ખંડણી ઉઘરાવી ચોવીસ લાખ સોનામોહોરો તથા ચારસો ઘોડા અને હાથીઓને લઇને તેઓ પોતાના દેશ તરફ જતા હતા, એટલામાં વનરાજે પોતાના પ્રધાનની મદદથી તેઓને લુંટી લીધા. ત્યારબાદ તે દ્રવ્યની મદદથી વનરાજે પોતાનું કેટલુંક લશ્કર એકઠું કર્યું; અને તેનીજ મદદથી તેણે કેટલાક રાજાઓને પણ જીતી લીધા. ભુવડે પણ વનરાજને પ્રબળ થતો જાણીને તેનાપર હુમલો કર્યો નહીં; અને તેથી છેવટે સઘળો ગુજરાત દેશ વનરાજના કબજામાં આવ્યો. પછી તેણે પોતાના પ્રધાનને કહ્યું કે, હવે આપણે રાજધાની માટે નગર વસાવવું છે, માટે કોઇક ઉત્તમ જગ્યાની શોધ કરો; એટલામાં એક ગોવાળે આવીને તે વણિક પ્રધાનને કહ્યું કે, હું તમોને નગર વસાવવા માટે એક ઉત્તમ ભૂમિ બતાવું, પછી વનરાજ પ્રધાન અને તે ગોવાળ ત્યાંથી નીકળી વનમાં ગયા; તે વખતે ગોવાળની સાથે એક કુતરો હતો, તે કુતરાને જોઇ ત્યાં વનમાં રહેલા એક સસલાએ તેનાપર હુમલો કર્યો, અને તેથી તે કુતરો ભય પામીને નાશી ગયો; એવી રીતનું આશ્ચર્ય જોઇ વનરાજે ત્યાં નગર વસાવવા માટે નિશ્ચય કર્યો પછી ત્યાં શુભ દિવસે અને શુભ મુહૂર્તે વનરાજે નગર વસાવ્યું; તે નગરનો વિસ્તાર બાર ગાઉનો હતો. અણહિલ્લ નામના જે ગોવાળે રાજાને નગર વસાવવા માટે ભૂમિ બતાવી હતી; તે ગોવાળના સ્મરણ માટે વનરાજે તે નગરનું **અણહિલ્લપુરપાટણ** નામ રાખ્યું. એવી રીતે સુખ ભોગવતાં એક દહાડો વનરાજે વિચાર્યું કે, મારા પરમ ઉપકારી શીલાંગાચાર્યની આ સમયે મારે સંભાળ લેવી જોઇએ, એમ વિચારી તેણે ગુરૂમહારાજને વિનયસહિત પોતાની પાસે બોલાવ્યા; તથા તેમને વંદન કરી કહ્યું કે, હે ભગવન્! આપના

પસાયથી મને રાજ્ય મળ્યું છે, માટે હવે આપ ફરમાવો કે હું જૈનધર્મ સંબંધી શું કાર્ય કરૂં? તે સાંભળી શીલાંગાચાર્યે કહ્યું કે, હે રાજન્! જિનમંદિર બંધાવવાથી ઘણું પુણ્ય થાય છે; તે સાંભળી વનરાજે તે નગરમાં અત્યંત મનોહર શ્રી પંચાસરા પાર્શ્વનાથજીનું મંદિર બંધાવ્યું; આજે પણ તે જિનમંદિર હયાત છે, તથા તેમાં પંચાસરાપાર્શ્વનાથજીની મૂર્તિ છે; તે સાથે તે જિનમંદિરમાં વનરાજની પણ મૂર્ત્તિ ઉભી છે, તથા તેના પર છત્ર ધારણ કરેલું છે. એવી રીતે આ વનરાજે સાઠ વર્ષ સુધી રાજ્ય કરી જૈનધર્મનો ઘણો મહિમા વધાર્યો હતો.

---

## જિનભદ્રગણિ ક્ષમાશ્રવણ, વિક્રમ સંવત ૬૪૫થી ૬૮૫.

આ યુગપ્રધાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીએ સંક્ષિપ્તજિતકલ્પ, ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, બૃહત્સંગ્રહણી, વિશેષ્યાવશ્યક ભાષ્ય વિગેરે ગ્રંથો રચ્યા છે, તેમનું સ્વર્ગગમન ૧૦૪ વર્ષોની ઉમરે થયું હતું.

---

## બપ્પભટ્ટીસૂરિ તથા આમરાજા, વિક્રમ સંવત ૮૦૦થી ૮૯૫.

ગુજરાત દેશમાં આવેલા પાટલા નામના ગામમાં જ્યારે **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં સિદ્ધાંતોના પારંગામી શ્રી સિદ્ધસેન નામે જૈનાચાર્ય વસતા હતા. એક દહાડો તે શ્રી સિદ્ધસેનસૂરિજી શ્રી વીરપ્રભુને નમસ્કાર કરવા માટે મોઢેરા નામના ગામમાં ગયા. તે ગામમાં એક દહાડો તેમણે રાત્રિએ સ્વપ્નમાં ચૈત્યના શિખરપર રહેલા એક સિંહના બચ્ચાંને જોયો. પછી જાગ્યા બાદ તેમણે વિચાર્યું કે, આજે મને કોઇક ઉત્તમ શિષ્યનો લાભ થશે. પછી પ્રભાતે સિદ્ધસેનસૂરિજી પ્રભુનાં દર્શન કરવા માટે જિનાલયમાં ગયા. ત્યાં તેમની પાસે છ વર્ષની ઉમરનો કોઇક બાળક આવી ચડ્યો, ત્યારે આચાર્યજીએ તેને પૂછ્યું કે, તારૂં નામ શું છે? તથા તું કયાંથી આવ્યો છું? ત્યારે તે બાળકે કહ્યું કે, મારૂં નામ બપ્પ છે, અને હું પાંચાળ દેશના રહેવાસી ભટ્ટીનો પુત્ર છું. ત્યારે આચાર્યજીએ તેના સામુદ્રિક લક્ષણોથી તેને જૈનશાસનનો ઉદ્યોતકારક જાણીને પૂછ્યું કે, તારે અમારી પાસે રહેવું છે? ત્યારે તે બાળકે પણ હા પાડવાથી આચાર્ય મહારાજ તેને પોતાની પાસે રાખી શાસ્ત્રોનો અભ્યાસ કરાવવા લાગ્યા; પછી આચાર્યજીએ તે

બપ્પના ગામમાં જઇ તેને દીક્ષા આપવા માટે તેના માતપિતાની આજ્ઞા માગી; ત્યારે તેના માતપિતાએ કહ્યું કે, તે અમારે એકનો એકજ પુત્ર છે, અને અમારી સઘળી આશા તેનાપર છે; તોપણ આપ જો તેનું **બપ્પભટ્ટી** નામ રાખો તો ભલે ખુશીથી એમને દીક્ષા આપો; પછી આચાર્યજીએ તે વાત કબુલ કરી, અને વિક્રમ સંવત ૮૦૭ના વૈશાક શુદિ ત્રીજ ને ગુરૂવારે બપ્પભટ્ટીજીસૂરિને દીક્ષા આપી. પછી સિદ્ધસેનસૂરિજીએ તેમને યોગ્ય જાણીને મોઢેરા ગામમાં સારસ્વત મહા મંત્ર આપ્યો, તે મંત્રના પ્રભાવથી સરસ્વતી કે જે તે સમયે ગંગામાં સ્નાન કરતી હતી, તે તુરતજ નગ્ન વેશે ત્યાં હાજર થઇ. તેણીને તેવાં સ્વરૂપવાળી જોઇને બપ્પભટ્ટીજીએ પોતાનું મુખ ફેરવી નાખ્યું; ત્યારે સરસ્વતીએ તેમને પૂછ્યું કે, હે વત્સ! હું તમારા મંત્રજાપથી તુષ્ટમાન થઇને અહીં આવી છું. તો તમો મારી સન્મુખ કેમ જોતા નથી? ત્યારે બપ્પભટ્ટીજીએ કહ્યું કે, હે માતાજી! તમારૂં આવું નગ્ન સ્વરૂપ હું કેમ જોઉં? તે સાંભળી સરસ્વતીએ વિચાર્યું કે, અહો! આમનું બ્રહ્મચર્યવ્રત ખરેખર અસ્ખલિત છે; પછી સરસ્વતીએ કહ્યું કે, હે વત્સ! હવેથી જ્યારે પણ તમે મારૂં સ્મરણ કરશો, ત્યારે હું તમારી પાસે હાજર થઇશ; એમ કહી સરસ્વતી દેવી અંતર્ધ્યાન થઇ ગયાં. હવે એક દહાડો બપ્પભટ્ટીસૂરિજી કંઇક કારણસર તે ગામથી બહાર ગયા હતા, અને ત્યાં વરસાદ થવાથી એક ચૈત્યમાં જઇ ઉભા. ત્યાં તેમણે સુંદર લક્ષણો વાળા કોઇક યુવાન પુરૂષને શોકમાં મગ્ન થયેલો દીઠો; પછી વરસાદ બંધ રહ્યા બાદ બપ્પભટ્ટીસૂરિજી તે પુરૂષને પોતાને ઉપાશ્રયે તેડી લાવ્યા. અને તેને પૂછ્યું કે, તમે કોણ છો? અને કયાંથી આવ્યા છો? ત્યારે તે પુરૂષે કહ્યું કે, હે ભગવન્! મૌર્યવંશમાં થયેલા ચંદ્રગુપ્ત રાજાના ગોત્રનો અને કાન્યકુબ્જ દેશનો **યશોવર્મ** નામે રાજા છે, અને તેનો હું પુત્ર છું. એમ કહી તેણે ખડીના અક્ષરોથી પોતાનું 'આમ' એવું નામ જમીનપર લખ્યું. તે સાંભળી આચાર્યજી મહારાજને યાદ આવ્યું કે, પૂર્વે આ પુરૂષજ જ્યારે છ માસનો હતો, ત્યારે મેં તેને જોયેલો છે. કેમકે એક દહાડો અમોએ એક પીલુવૃક્ષની નીચે ઝોળીમાં સૂતેલા બાળકને જોયો હતો; અને તે વખતે વૃક્ષની છાયા પણ તેનાપર અચળ રહી હતી; તેથી અમોએ જાણ્યું હતું કે, આ કોઇ પુણ્યશાળી જીવ છે. વળી તે વખતે ત્યાં નજદીકમાંજ વૃક્ષોનાં ફળો વીણતી એવી તેની માતાને અમોએ પૂછ્યાથી તેણીએ પોતાનું વૃત્તાંત અમોને કહ્યું હતું કે કાન્યકુબ્જના રાજા યશોવર્મની હું સ્ત્રી છું, પણ શોકયની ઇર્ષાથી રાજાએ મને કહાડી મેલી છે; તેથી હું વનમાં રહીને મારા દિવસો નિર્ગમન કરૂં છું. પછી અમોએ તેણીને ધીરજ

આપી હતી કે, તમો અહીં ચૈત્યમાં સુખે સમાધે રહો? પછી કેટલેક કાળે તેણીની શોક્ય ગુજરી ગયા બાદ રાજાએ તેણીને પાછી બોલાવી હતી, માટે ખરેખર આ આમ તેણીનો તેજ પુત્ર છે. અને ખરેખર આનાં લક્ષણો તરફ દૃષ્ટિ કરતાં તે રાજા થવાનો છે. એમ વિચારી આચાર્યજીએ તેને કહ્યું કે, હે વત્સ! તું અહીં સુખેથી રહે, અને શાસ્ત્રોનો અભ્યાસ કર? પછી એક દહાડો તે રાજપુત્રે બપ્પભટ્ટીજી મહારાજને કહ્યું કે, હે સ્વામી! જ્યારે મને રાજ્ય મળશે, ત્યારે હું તે આપને સમર્પણ કરીશ. પછી એક વખતે તે કાન્યકુબ્જનો રાજા યશોવર્મ મૃત્યુ પામવાથી મંત્રિઓએ આમકુમારને શોધીને રાજ્યપર બેસાડ્યો, ત્યારે તુરત આમરાજાએ પોતાના ઉપકારી એવા બપ્પભટ્ટીજીને બોલાવવા માટે પોતાના મંત્રિઓને મોઢેરા ગામમાં મોકલ્યા. ત્યારે બપ્પભટ્ટીજી પણ ગુરૂની આજ્ઞા લઈને ગીતાર્થો સહિત ત્યાં પધાર્યા. તે વખતે આમરાજા પણ પોતાના હાથી, ઘોડા, વિગેરે પરિવાર સહિત તેમની સન્મુખ આવ્યો; પછી આમરાજાએ હાથ જોડીને આચાર્યજીને વિનંતિ કરી કે, હે ભગવન્! પેહેલાંજ મેં પ્રતિજ્ઞા કરેલી છે, માટે આપ આ રાજ્ય ગ્રહણ કરો? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, હે રાજન્! અમો નિસ્પૃહી મુનિઓ રાજ્યને શું કરીએ? અમારે રાજ્યનો ખપ નથી; પરંતુ તમોને જૈનધર્મના પસાયથી રાજ્ય મળ્યું છે, માટે જૈનધર્મની ઉન્નતિ કરજો; પછી કેટલાક દિવસો સુધી આમરાજાએ આચાર્યજીને ત્યાં સન્માનથી રાખીને મંત્રિઓ સહિત તેમને તેમના ગુરૂ પાસે મોકલ્યા. પછી ત્યાં સિદ્ધસેનસૂરિજીએ બપ્પભટ્ટીજીને વિક્રમ સંવત ૮૧૧માં ચૈત્ર વદી આઠમને દિવસે આચાર્ય પદવી આપી. હવે અહીં આમરાજાને બપ્પભટ્ટીજીનો વિયોગ થવાથી બહુ શોક થવા લાગ્યો; અને તેથી દિનદિન પ્રત્યે તેનું શરીર સુકાવા લાગ્યું. ત્યારે તેના મંત્રિઓ એકઠા થઈને મોઢેરામાં સિદ્ધસેનસુરિજી પાસે આવ્યા; અને કહેવા લાગ્યા કે, બપ્પભટ્ટીજીના વિયોગથી અમારા રાજાને ઘણી પીડા થાય છે, માટે આપ કૃપા કરીને તેમને અમારી સાથે મોકલો? ત્યારે સિદ્ધસેનજીએ બપ્પભટ્ટીજીને કહ્યું કે, આ જગતમાં એક તો તરૂણતા અને બીજી રાજ્યપૂજા, એ બન્ને વિકારના હેતુઓ છે, માટે હે વત્સ, તમારે બહુજ સાવધ રહેવું, એવી રીતે શીખામણ દેઈને ગુરૂમહારાજે ત્યાં જવાની આજ્ઞા આપવાથી બપ્પભટ્ટીજી પણ ધીરે ધીરે વિહાર કરીને મંત્રિઓ સહિત કાન્યકુબ્જમાં પધાર્યા. ત્યારે રાજાએ પણ સર્વ સામગ્રી સહિત તેમની સન્મુખ જઈને ઘણુજ ઠાઠમાઠથી મહોત્સવપૂર્વક તેમને પ્રવેશ કરાવ્યો. પછી આમ રાજાએ આચાર્યજીને નમસ્કાર કરી પૂછ્યું કે, હે સ્વામી! હવે મારે ધર્મના આરાધન માટે શું કાર્ય કરવું? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, શક્તિ મુજબ સાતે

ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરો? તેમાં પણ જિનાલય બંધાવવાથી ઘણા પુ
થાય છે. તે સાંભળી આમ રાજાએ ત્યાં એકસો હાથ ઉંચું જિનમંદિ
અને તેમાં અઢાર ભાર સુવર્ણના વજનની શ્રી મહાવીરપ્રભુની પ્રતિમા
તે પ્રતિમાની પ્રતિષ્ટા પણ બપ્પભટ્ટીજીસુરિએ કરી. વળી ગોપગિરિપર પણ તેવ
હાથ ઉંચું જિનમંદિર બંધાવીને તે રાજાએ તેમાં શ્રી મહાવીરપ્રભુની લોહમય પ્રતિમા સ્થાપી. પછી શ્રી બપ્પભટ્ટીજી ત્યાં કેટલોક કાળ રહીને ગૌડ દેશમાં આવેલી લક્ષણાવતી નગરીમાં પધાર્યા. ત્યાંના શ્રી ધર્મરાજાએ ઘણા હર્ષથી મોટા આડંબરપૂર્વક તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો. તે ધર્મરાજા તથા આમરાજા વચ્ચે પ્રથમ અણબનાવ હતો, પરંતુ બપ્પભટ્ટીજીના ઉપદેશથી તેઓ બન્ને વચ્ચે મિત્રાઇ થઇ. વળી ત્યાં રહી તેમણે **વર્ધનકુંજર** નામના બૌદ્ધવાદીનો પરાજય કર્યો, તેથી રાજાએ ખુશી થઇને તેમને **વાદિકુંજરકેસરીનું** બિરૂદ આપ્યું. ત્યારબાદ બપ્પભટ્ટીજી પાછા કાન્યકુબ્જમાં પધાર્યા. હવે એક દિવસે ત્યાં આમરાજાની પાસે કેટલાક ગવૈયા આવ્યા; તેઓની સાથે એક મહાસ્વરૂપવાન્ નટી હતી, તેણીને જોઇને રાજા કામાતુર થયો; અને તેથી તેણીની સાથે તેને ભોગવિલાસ કરવાની ઇચ્છા થઇ. તે વૃત્તાંતની બપ્પભટ્ટીજીને ખબર મળવાથી તેમણે વિચાર્યું કે, મારે રાજાને આવા દુરાચારથી નિવારવો એ મારી ફરજ છે. એમ વિચારી આચાર્યજીએ કેટલાંક નવીન કાવ્યો રચીને તેને પ્રતિબોધવા માટે તેના મહેલના દ્વારપર લખ્યાં, તે વાંચી રાજા પ્રતિબોધ પામ્યો, તથા પશ્ચાતાપ કરવા લાગ્યો કે, હવે હું ગુરૂમહારાજને મારૂં મુખ કેમ બતાવી શકું? એમ વિચારી તેણે બળી મરવાની ઇચ્છાથી ત્યાંજ પોતાના માણસો પાસે ચિતા ખડકાવી, તે વૃત્તાંત સાંભળી સર્વ લોકો હાહાકાર કરવા લાગ્યા; ત્યારે બપ્પભટ્ટીજી મહારાજે ત્યાં આવી તેને પ્રતિબોધ આપીને તેમ કરતો નિવાર્યો. પછી આમરાજાના કહેવાથી મથુરામાં રહેલા **વાક્પતિ** નામના શૈવમાર્ગી યોગીને બપ્પભટ્ટીજીએ પ્રતિબોધીને જૈની કર્યો. ત્યારબાદ આચાર્યજીના ઉપદેશથી આમરાજાએ કાન્યકુબ્જ, મથુરા, અણહિલ્લપુર-પાટણ, સતારક નગર તથા મોઢેરા આદિક શહેરોમાં જિનમંદિર બંધાવ્યાં; એવી રીતે શ્રી બપ્પભટ્ટીજીના ઉપદેશથી આમ રાજાએ જૈનધર્મની ઘણીજ પ્રભાવના

આ શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વરજીનો જન્મ વિક્રમ સંવત ૮૦૦ના ભાદરવા અને રવિવારે થયો હતો, તથા પંચાણું વર્ષોનું આયુ સંપૂર્ણ કરીને તે વત ૮૯૫માં સ્વર્ગે પધાર્યા. તેમની પાટે તેમના મહાન્ વિદ્વાન્ એવા નસૂરિ તથા ગોવિંદસૂરિ થયા છે, અને તેઓ પણ મહાપ્રભાવિક થયા છે; તેમના ઉપદેશથી આમરાજાના પૌત્ર ભોજ રાજાએ પણ અધિક રીતે જૈનશાસનની પ્રભાવના કરેલી છે.



# પ્રકરણ ૧૦ મું.

## વિક્રમ સંવત ૯૦૦ થી ૧૦૦૦.

## (શીલાંગાચાર્ય, ગર્ગમહર્ષિ, યશોભદ્રસૂરિ, ઉદ્યોતનસૂરિ. વીરગણિ.)

### શીલાંગાચાર્ય, વિક્રમ સંવત ૯૧૯.

આ પ્રસિદ્ધ ટીકાકાર શ્રી શીલાંગાચાર્ય શક ૭૮૪થી ૭૯૮ની લગભગ વિદ્યમાન હતા. તેમનું બીજું નામ કોટ્યાચાર્ય પણ કહેવાય છે. તેમણે અગ્યારે અંગોપર ટીકાઓ રચેલી હતી, એમ પ્રભાવિક ચરિત્રના ઓગણીસમા શૃંગમાં કહેલું છે, પરંતુ હાલમાં તેમની રચેલી આચારાંગસૂત્ર તથા સૂયગડાંગસૂત્ર-પરની એમ બે અંગોપરની ટીકાઓ દૃષ્ટિએ પડે છે; તે ટીકામાં તે લખે છે કે, પૂર્વે તે સૂત્રોની ટીકાઓ ગંધહસ્તીસુરિજીએ રચેલી હતી; વળી તે બન્ને ટીકાઓ રચવામાં તેમને વાહરીગણિજીએ મદદ કરી હતી, એમ પણ તે લખે છે.

### ગર્ગમહર્ષિ, વિક્રમ સંવત ૯૬૨.

આ ગર્ગમહર્ષિજી મહારાજ વિક્રમ સંવત ૯૬૨માં વિદ્યમાન હતા, તેમણે પાસક કેવળી તથા કર્મવિપાક નામના ગ્રંથો રચ્યા છે.

### યશોભદ્રસૂરિ, વિક્રમ સંવત ૯૬૪.

આ શ્રી યશોભદ્રસૂરિજી મહારાજ મહાપ્રભાવિક અને ચમત્કારી થયેલા છે; તેઓ મારવાડમાં આવેલા નારલાઈ ગામમાં મંત્રશક્તિથી શ્રી આદિનાથજીનું

મંદિર ખેરગઢથી લાવ્યા હતા; તે માટે નીચે મુજબ દંતકથા સંભળાય છેઃ—ખેરગઢ ગામમાં એક શિવાલય અને આદિનાથજીનું મંદિર એ બન્ને મારવાડમાં લુણી નદીના કિનારા પર આવેલાં હતાં. પરંતુ યતિઓના અને ગોસાંઇઓનાં મંત્ર બળથી અહીં લાવવામાં આવ્યાં હતાં, એક વખતે યતિઓ અને ગોસાંઇઓ પોતપોતાની મંત્રવિદ્યાની કુશળતા માટે વિવાદ કરતા હતા, તેમાં એવો ઠરાવ થયો કે, ખેરગઢમાંનું આદિનાથનું જિનમંદિર અને ત્યાંનું શિવમંદિર એક રાત્રિની અંદર મંત્રશક્તિથી ઉખેડીને અરૂણોદય પહેલાં નારલાઇમાં લાવવું; અને તેમાં જે વહેલું લાવે તે શિખર પર મંદિર સ્થાપે, અને જે મોડું લાવે તે નીચે સ્થાપન કરે. એવી શરત કરાવીને યતિઓ આદિનાથનું દેવળ અને ગોસાંઇઓ મહાદેવનું મંદિર મંત્રશક્તિથી ત્યાંથી ઉખેડીને એક રાત્રિમાં નારલાઇમાં લાવ્યા. પરંતુ ગોસાંઇઓ પ્રથમ આવી પહોંચ્યા, જેથી તેમણે શિવનું મંદિર પહાડ પર સ્થાપ્યું, અને યતિઓ જરા મોડા પહોંચ્યા, તેથી તેઓએ પોતાનુ આદિનાથનું મંદિર નીચે સ્થાપ્યું; એવી રીતે આ દેવળો લાવવામાં બન્ને પક્ષોએ તરેહવાર ચમત્કારિક યુક્તિઓ કામે લગાડી હશે એમ જણાય છે. તે આદિનાથજીના મંદિરમાં જે શિલાલેખ છે, તેમાં લખ્યું છે કે, આ જિનમંદિરને શ્રીયશોભદ્રસૂરિ પોતાની મંત્રશક્તિથી અત્રે લાવ્યા છે.

---

## ઉદ્યોતનસૂરિ, વિક્રમ સંવત ૯૯૪, વડગચ્છની સ્થાપના, તથા મતાંતરે ચોર્યાસીગચ્છોની સ્થાપના.

શ્રી મહાવીરપ્રભુ પછી પાંત્રીસમી પાટે **શ્રી ઉદ્યોતનસૂરિ** નામે આચાર્ય થયા. તે એક સમયે આર્બુદાચળ પર તીર્થયાત્રા કરવા માટે પધાર્યાં હતા; ત્યાંથી ઉતરી પર્વતની તળેટીમાં આવેલા **ટેલી** નામે ગામ પાસે એક વિશાળ વડની છાયામાં બિરાજ્યા હતા. તે સમયે એવું મુહૂર્ત્ત તેમને માલુમ પડ્યું કે, આ સમયે જો મારી પાટે આચાર્યને બેસાડવામાં આવે તો વંશપરંપરા પાટની સારી વૃદ્ધિ થાય; એમ વિચારી તેમણે વિક્રમ સંવત ૯૯૪ માં તે વડવૃક્ષની નીચે શ્રી સર્વદેવસૂરિ આદિક આઠ આચાર્યોને પોતાની પાટે સ્થાપ્યા; કોઇ એમ કહે છે કે, એકલા સર્વદેવસૂરિનેજ તેમણે પોતાની પાટે સ્થાપ્યા; એવી રીતે વિશાળ વડની નીચે સૂરિપદ દેવાથી પૂર્વેથી ચાલ્યા આવતા વનવાસી ગચ્છનું પાંચમું નામ **વડગચ્છ** પડ્યું; વળી કોઇનો એવો પણ અભિપ્રાય છે કે, આ ઉદ્યોતનસૂરિ મહારાજે પછી ચોર્યાસી ગચ્છો સ્થાપ્યા છે.

## વીરગણિજી, વિક્રમ સંવત ૯૩૮થી ૯૯૧.

ગુજરાત દેશમાં આવેલા **શ્રીમાળ** નામના નગરમાં **શિવનાગ** નામે એક મહા ધનાઢ્ય વણિક રહેતો હતો. તેને **પૂર્ણલતા** નામે એક અત્યંત ગુણવાન્ સ્ત્રી હતી; તથા તેઓને એક **વીર** નામે મહાપુણ્યશાળી પુત્ર હતો; તે જ્યારે યૌવન અવસ્થા પામ્યો ત્યારે તેના માતપિતાએ તેને મહાસ્વરૂપવાળી સાત કન્યાઓ પરણાવી હતી. તેનો પિતા મૃત્યુ પામ્યા બાદ તે વીર વૈરાગ્યથી હમેશાં **સત્યપુરમાં** જઈ શ્રી મહાવીરપ્રભુની પ્રતિમાને વાંદવા લાગ્યો. એક દહાડો માર્ગમાં કેટલાક ચોરોએ તેને ઘેરી લેવાથી કોઇએ તેની માતાને તે વાત જાહેર કરી; અને તેથી તે બિચારી પુત્રના મોહથી તેજ સમયે ત્યાં મૃત્યુ પામી. પછી તે વીર વણિકે પોતાની દરેક સ્ત્રીને એકેક ક્રોડ સોનામોહોરો વહેંચી આપી, અને બાકીનું દ્રવ્ય તેણે શુભ માર્ગે ખરચી નાખ્યું. અને પોતે તો સત્યપુરમાં જઇ શ્રી વીરપ્રભુનું ધ્યાન ધરવા લાગ્યો. ત્યાં હમેશાં તે આઠ દિવસોના ઉપવાસ કરી વિગય રહિત પારણું કરવા લાગ્યો; તથા રાત્રિએ સ્મશાન આદિકમાં જઈ કાઉસ્સગ્ગ ધ્યાનધરવા લાગ્યો. એક દિવસે ત્યાં મહાવૈરાગ્યવાળા શ્રી વિમળગણિજી મહારાજ ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઇ તે વીર વણિકે અત્યંત ભક્તિપૂર્વક વંદના કરી; ત્યારે વિમળગણિજી મહારાજે પણ તેમને ખુશીથી ધર્મલાભની આશિષ્ આપી. પછી તે વીર વણિકે તેમને પોતાના ઉપાશ્રયમાં સ્થાન આપવાથી શ્રી વિમળગણિજી મહારાજ પણ ત્યાં પધાર્યા. છેવટે તે વીર વણિકે શ્રી વિમળગણિજી મહારાજ પાસે દીક્ષા લીધી; તથા તેમનું વીરગણિજી નામ રાખવામાં આવ્યું. ત્યારબાદ શ્રી વિમળગણિજી મહારાજ શત્રુંજય પર જઇ ત્યાં સમાધિપૂર્વક કાળ કરી સ્વર્ગે પધાર્યા. વીરગણિજી મહારાજે પણ ગુરૂમહારાજના કહેવાથી થારાપદ્રપુરીમાં આવી અંગ વિદ્યાનો અભ્યાસ કર્યો; તે વિદ્યાના પ્રભાવથી તે મહાપ્રભાવિક થયા. હવે એક સમયે તે વીરગણિજી મહારાજ સ્થિર નામના ગામમાં પધાર્યા: ત્યાં લોકોના મુખથી તેમણે એવી વાત સાંભળી કે, આ ગામમાં એક મહાદેવના મંદિરમાં વલ્લભીનાથ નામનો જે વ્યંતર રહે છે, તે રાત્રિએ ત્યાં સુતેલા માણસને મારી નાખે છે; તે સાંભળી વીરગણિજી મહારાજ તે વ્યંતરને પ્રતિબોધવા માટે તે મંદિરમાં સાડાચાર હાથનું કુંડાળું કરીને તેમાં ધ્યાન ધરીને રાત્રિએ રહ્યા. રાત્રિએ તે વ્યંતરે હાથી, સર્પ વગેરેનાં રૂપો કરીને તેમને ઉપદ્રવ કરવા માટે ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તે કુંડાળાની અંદર તે જઇ શકયો નહીં. પછી પ્રભાતે તે વ્યંતર શ્રી વીરગણિજી મહારાજ પાસે પ્રત્યક્ષ થઇ કહેવા લાગ્યો કે, હે ભગવન્! આજ દિન સુધીમાં મને કોઇયે પણ

જીત્યો નથી, પરંતુ આજે મને આપે આપના તપ બળથી જીત્યો છે; તેથી હવે હું આપના પર તુષ્ટમાન થયો છું; માટે આપ કંઇક વરદાન માગો? તે સાંભળી શ્રી વીરગણિજીએ કહ્યું કે, અમને નિસ્પૃહી મુનિઓને બીજી તો કંઈ ઇચ્છા નથી, પરંતુ હવે તું સમકીત લેઇને જીવહિંસાનો ત્યાગ કર કે જેથી તારી સદ્‌ગતિ થાય. પછી તે વાત તે વલ્લભીનાથ વ્યંતરે કબુલ રાખવાથી વીરગણિજી મહારાજ તેને અણહિલ્લપુરપાટણમાં ચામુંડ રાજાની પાસે લેઇ ગયા; અને ત્યાં રાજાની સમક્ષ તે વ્યંતરે કહ્યું કે, આ મહાન્ આચાર્યજીના ઉપદેશથી હું પ્રતિબોધ પામ્યો છું, તથા આજથી મેં જીવહિંસાનો ત્યાગ કર્યો છે. ચામુંડ રાજાએ પણ શ્રી વીરગણિજી મહારાજનો મહોટા આડંબરથી સૂરિપદનો મહોત્સવ કર્યો; એક વખતે તે શ્રીવીરગણિજી આચાર્ય મહારાજ તે વ્યંતરની સહાયથી અષ્ટાપદ પર્વતપર પધાર્યા; તથા ત્યાં શાશ્વતા જિનબિંબોની યાત્રા કરી પાછા તુરત અણહિલ્લપુરપાટણમાં પધાર્યા; તે વખતે તે આચાર્યજી મહારાજ ત્યાં દેવોએ અષ્ટાપદ પર્વત પર પૂજા માટે પ્રભુના બિંબો પાસે મુકેલા અક્ષતોમાંથી પાંચ અક્ષતો પોતાની સાથે લાવ્યા; તે અક્ષતો બાર અંગુલ લાંબાં અને એક અંગુલ પહોળાં હતાં. ઉપાશ્રયમાં તે અક્ષતોની ઘણીજ સુગંધિ આવવાથી તેનું કારણ બીજા મુનિઓએ આચાર્યજી મહારાજને પૂછ્યું, ત્યારે તેમણે યથાર્થ વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. મુનિઓએ તે વાત સંઘને જાહેર કર્યાથી ચામુંડ રાજાએ પણ શ્રી વીરગણિજી મહારાજને બોલાવી તે અક્ષતો નજરે જોઈ તેઓનો મહોટો મહોત્સવ કર્યો. એક દિવસે તે ચામુંડ રાજાએ પોતાના પ્રધાનને ગુપ્ત રીતે કહ્યું કે, મારી રાણીઓના ગર્ભોનો અકાળે શ્રાવ થઈ જાય છે, માટે તેનો કંઇક ઉપાય થાય તો સારૂં; પછી તે વાત પ્રધાને શ્રી વીરગણિજી મહારાજને કહ્યાથી તેમણે પણ પોતાના શ્રુતજ્ઞાનથી તે રાજાના સંતાનોથી આગમી કાળમાં શાસનની ઉન્નતિ થવાની જાણીને કહ્યું કે, હું તમોને જે વાસક્ષેપ મંત્રીને આપું, તેને જળમાં મિશ્રિત કરીને તેથી જો રાણીઓને સ્નાન કરાવવામાં આવશે, તો રાજાના સંતાનોની વૃદ્ધિ થશે, પછી તેમ કર્યાથી ચામુંડ રાજાને ઘેર વલ્લભરાજ આદિક સંતાનોની વૃદ્ધિ થઇ. એવી રીતે આ શ્રી વીરગણિજી મહારાજ મહાપ્રભાકવિ થયેલા છે. તેમનો જન્મ વિક્રમ સંવત ૯૩૮માં થયો હતો, ૯૮૦માં તેમણે દીક્ષા લીધી હતી, તથા ૯૯૧માં તે પોતાની પાટે શ્રી ચંદ્રસૂરિને બેસાડીને સ્વર્ગે પધાર્યા હતા.

# પ્રકરણ ૧૧ મું

## વિક્રમ સંવત ૧૦૦૦થી ૧૦૩૦.

## ( સર્વદેવસૂરિ, સાંબમુનિ, ધનપાળ મહાકવિ, તથા શોભનાચાર્ય.)

### સર્વદેવસૂરિ, વિક્રમ સંવત ૧૦૧૦.

શ્રી મહાવીરપ્રભુની છત્રીસમી પાટે **શ્રી સર્વદેવસૂરિ** થયા, તેમણે રામસૈન્ય પુરમાં વિક્રમ સંવત ૧૦૧૦માં **શ્રી ઋષભદેવપ્રભુ** તથા **શ્રી ચંદ્રપ્રભપ્રભુ**ના જિનમંદિરોની પ્રતિષ્ટા કરી, તથા ચંદ્રાવતીમાં જૈનમંદિર બંધાવનાર કુંકણ મંત્રીને પ્રતિબોધીને દીક્ષા આપી.

---

### સાંબમુનિ, વિક્રમ સંવત ૧૦૨૫.

આ નાગેંદ્રકુળના ગ્રંથકારે સંવત ૧૦૨૫માં જંબૂગુરૂએ રચેલા જિનશતક પર ટીકા રચી છે.

---

### ધનપાળ, મહાકવિ તથા શોભનાચાર્ય.

અવંતીદેશમાં આવેલી **ધારાપુરીનગરી**માં જ્યારે **ભોજરાજા** રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં **સર્વદેવ** નામે એક બ્રાહ્મણ વસતો હતો, તેને **શોભન** અને **ધનપાળ** નામે બે પુત્રો હતા. એક દહાડો તે નગરમાં ચંદ્રગચ્છના **મહેંદ્રસૂરિ** નામના આચાર્ય પધાર્યા; તેમની કીર્ત્તિ સાંભળીને તે સર્વદેવ બ્રાહ્મણ તેમને ઉપાશ્રયે ગયો, અને ત્યાં ત્રણ દિવસ સુધી સમતાથી રહ્યો; ત્યારે મહેંદ્રસૂરિજીએ તેમને પૂછ્યું કે, હે ઉત્તમ

બ્રાહ્મણ! તમારે કંઈ પ્રશ્ન પૂછવો છે? ત્યારે તે સર્વદેવ બ્રાહ્મણે વિનયપૂર્વક કહ્યું કે, હે ભગવન્! આપ સર્વ લોકોના સંશયો છેદો છો, તો મારે પણ એક સંશય આપને પૂછવાનો છે; ત્યારે ગુરૂમહારાજે તેને એકાંતે લઈ જઈ કહ્યું કે, તમારે જે સંશય પૂછવો હોય તે સુખેથી પૂછો; ત્યારે તે સર્વદેવ બ્રાહ્મણે કહ્યું કે, હે ભગવન્! મારો પિતા પુણ્યશાળી હતો, તથા તેના પર રાજાની બહુ કૃપા હતી, તેથી રાજા તેને હમેશાં એકલાખ સોનામોહોરો આપતો, અને તેથી મને એવી શંકા છે કે, મારા ઘરમાં કોઈક જગ્યાએ પણ ધન દાટેલું હોવું જોઈયે; માટે હે ભગવન્! જો આપ મારા પર કૃપા કરીને તે સ્થાન આપના જ્ઞાનથી બતાવશો તો મારા પર મોટો ઉપકાર થશે; તથા હું પણ જૈનધર્મ અંગીકાર કરીશ, અને હમેશાં સુખેસમાધે રહીશ. ત્યારે આચાર્યજીએ તેની પાસેથી શિષ્યનો લાભ થવાનો જાણી તેને કહ્યું કે, હે દ્વિજોત્તમ! જો અમો તે નિધાન તમોને દેખાડીયે તો તમો અમોને શું આપશો? તે અમોને ખાનગીમાં કહો? ત્યારે તે બ્રાહ્મણે નમ્રતાપૂર્વક કહ્યું કે, જો આપ તેમ કરશો તો હું આપને તેમાંથી અરધું દ્રવ્ય આપીશ. ત્યારે આચાર્યજીએ કહ્યું કે, અમારી ઇચ્છા મુજબ તમારી પાસેથી અર્ધ વસ્તુ લેઇશું; એમ કહી સાક્ષી રાખીને તેનું લખત કરાવ્યું. પછી શુભ દિવસે આચાર્યજીએ તેને ઘેર જઇ તે નિધાન દેખાડયું; એટલે તે ખોદવાથી તેમાંથી ચાળીસ લાખ સોનામોહોરો નિકળી; પરંતુ તે નિસ્પૃહી આચાર્ય કંઇ પણ લીધાવિના પોતાને ઉપાશ્રયે પધાર્યા. પછી તે સર્વદેવ બ્રાહ્મણ અને મહેંદ્રસૂરિજી વચ્ચે દાન ગ્રહણ માટે એક વર્ષ સુધી વિવાદ ચાલ્યો; પછી એક દહાડે તો તે સર્વદેવ બ્રાહ્મણ પ્રતિજ્ઞા કરી ઉપાશ્રયે આવી આચાર્યજી મહારાજને કહેવા લાગ્યો કે, હે ભગવન્! હવે તો હું આપને તે દાન આજે આપ્યા બાદજ ઘેર જઈશ. ત્યારે આચાર્યજીએ કહ્યું કે હે દ્વિજ! અમારા અને તમારા વચ્ચે એવું લખત થયું છે કે, મારી ઇચ્છા મુજબ તારી પાસેથી હું અર્ધ ભાગ લેઉં, માટે હવે અમો નિસ્પૃહીને દ્રવ્યની ઇચ્છા તો નથી, માટે તારે જો તારી પ્રતિજ્ઞા પાળવાની ઇચ્છા હોય, તો તારા બન્ને પુત્રોમાંથી એક પુત્ર અમોને આપ? અને તેમ કરવાની જો તારી ઇચ્છા ન હોય તો તું સુખેથી તારે ઘેર પાછો જા? તે સાંભળી ગભરાએલા બ્રાહ્મણે દુખી થઇ કહ્યું કે, હે ભગવન્? મારી પ્રતિજ્ઞાની ખાતર હું તેમ કરીશ એમ કહી ચિંતાતુર થઇને તે ઘેર ગયો; તથા એક ત્રુટેલા ખાટલા પર વ્યાકુળથઈ આળોટવા લાગ્યો; એટલામાં રાજદરબારમાંથી આવેલા ધનપાળે પોતાના પિતાને એવી ચિંતાતુર અવસ્થામાં પડેલા જોઇ તેનું કારણ પૂછયું, ત્યારે સર્વદેવે કહ્યું કે, હે પુત્ર! તમારા જેવા ઉત્તમ અને કુલીન પુત્રો હમેશાં પિતાની આજ્ઞાને મસ્તકે

ચડાવવામાં તત્પરજ હોય છે, તથા કરજમાંથી પિતાને મુક્ત કરીને તેને નરકે જતો અટકાવે છે; માટે મને કરજથી છોડવવો એ તમને યોગ્ય છે; એમ કહી તેણે ધનપાળને પોતાનું સઘળું વૃત્તાંત કહ્યું; પરંતુ ધનપાળે તે જૈનદીક્ષા લેવાની ના પાડી, તેથી તે સર્વદેવ બ્રાહ્મણ મનમાં અત્યંત દુઃખી થયો; એટલામાં તેનો બીજો પુત્ર શોભન ત્યાં આવી ચડ્યો; તેને પણ સર્વદેવે તે વૃત્તાંત કહેતાંજ, તેણે તો તુરત તેમ કરવું કબુલ કર્યું અને કહ્યું કે, હું ખુશીથી દીક્ષા લેઇશ; અને મારા મોટા ભાઇ ધનપાળ કુટુંબનો સઘળો બોજો ધારણ કરશે; તે સાંભળી સર્વદેવ બ્રાહ્મણ ઘણોજ ખુશી થઇને શોભનની પ્રશંસા કરવા લાગ્યો; તથા પછી ભોજન કર્યા બાદ સર્વદેવ બ્રાહ્મણે શોભન સહિત મહેંદ્રસૂરિજી પાસે આવીને તે શોભનપુત્રને આચાર્યજીના ખોળામાં સોંપ્યો. ત્યારે આચાર્યજીએ પણ તે સર્વદેવ બ્રાહ્મણની આજ્ઞાથી તેજ દિવસે શુભ મુહૂર્તે તેને દીક્ષા આપી; પછી શોભનમુનિ સહિત મહેંદ્રસૂરિજી પણ ત્યાંથી વિહાર કરીને અણહિલ્લપુરપાટણમાં પધાર્યા.

હવે અહીં ધનપાળે પોતાના પિતાને ઠપકો આપ્યો કે, તમોએ દ્રવ્યને માટે પુત્રને વેચ્યો, માટે હવે મારે તમારી સાથે રહેવું ઉચિત નથી; એમ કહી તે તેમનાથી જૂદો પડ્યો. તથા તેણે ભોજરાજાને પણ સમજાવ્યું કે, આવા પાખંડી જૈનયતિઓ આપણા દેશમાં આવીને સ્ત્રી તથા બાળકોને ઠગે છે. તે સાંભળી મુગ્ધ ભોજરાજાએ પણ આજ્ઞાપત્ર કહાડીને પોતાના દેશમાં જૈનમુનિઓનો વિહાર બંધ કરાવ્યો; તથા તેથી બાર વર્ષ સુધી માળવામાં જૈનમુનિઓનો વિહાર બંધ રહ્યો. હવે અહીં શોભનાચાર્ય સિદ્ધાંતોમાં પારંગામી થવાથી મહેંદ્રસૂરિએ તેમને વાચનાચાર્યની પદ્વી આપી; એવામાં અવંતીદેશના સંઘની વિનંતિ આવવાથી શોભનાચાર્યે ગુરૂ મહારાજને કહ્યું કે, હે ભગવન્! જો આપ આજ્ઞા આપો તો હું મારા ભાઈ ધનપાળને પ્રતિબોધવા માટે ધારાનગરીમાં જાઉં, પછી ગુરૂમહારાજે આજ્ઞા આપવાથી શોભનાચાર્ય કેટલાક ગીતાર્થ મુનિઓ સહિત ધારાનગરીમાં પધાર્યા; તથા ત્યાં તેમણે ધનપાળને ઘેર બે મુનિઓને ગોચરી માટે મોકલ્યા; તે વખતે ધનપાળ સ્નાન કરવાની તૈયારી કરતો હતો. પછી તે સાધુઓ જ્યારે ધર્મલાભ દેઇ ઉભા ત્યારે ધનપાળે પોતાની સ્ત્રીને કહ્યું કે, આ સાધુઓને જે ભિક્ષા જોઇએ તે આપો? કેમકે ઘેર આવેલો અર્થી જો નિરાશ થઇ પાછો જાય તો મહાન્ અધર્મ થાય. પછી તે સાધુઓને જ્યારે દહીં આપવા માંડ્યું, ત્યારે સાધુઓએ પૂછ્યું કે, આ દહીં કેટલા દિવસનું છે? ત્યારે ધનપાળે ગુસ્સે થઇ કહ્યું કે, આ દહીં ત્રણ દિવસનું છે, શું તેમાં કંઇ જીવ પડ્યા છે? તમે તો કોઇક નવીન દયાળુ જેવા દેખાઓ છો.

તમારે જોતું હોય તો લ્યો, નહીં તો અહીંથી તુરત ચાલ્યા જાઓ. ત્યારે સાધુઓએ કહ્યું કે, હે ધનપાળ! અમારો તેમ પૂછવાનો આચાર છે, તમો શામાટે ઇર્ષ્યા કરો છો? ઇર્ષ્યાથી મહાન્ દોષ થાય છે; અને પ્રિય વાક્ય બોલવાથી કીર્ત્તિ વધે છે. વળી જ્ઞાનીઓએ પણ કહ્યું છે કે, બે દિવસ પછી દહીંની અંદર જીવોની ઉત્પત્તિ થાય છે; ત્યારે તે બુદ્ધિવાન્ ધનપાળે કહ્યું કે, મને તેની ખાતરી કરાવી આપો? ત્યારે તે સાધુઓએ તે દહીંમાં જરા અળતાનો રંગ નખાવ્યો, તેથી તેમાં રહેલા જંતુઓ ઉપર તરી આવ્યાં; તથા તરફડવા લાગ્યાં. તે જોઇ ધનપાળનો મિથ્યાત્વરૂપી લેપ નીકળી ગયો; અને વિચાર્યું કે, અહો! આ જૈનલોકોનો ધર્મ દયાથી ઉજ્જવળ છે! પછી તેણે સાધુઓને પૂછયું કે, તમારા ગુરૂ કોણ છે? તથા તમે અહીં કયાં રહ્યા છો? પછી તે સાધુઓએ તે સઘળો વૃત્તાંત કહેવાથી ધનપાળ શોભનાચાર્યજી પાસે ગયા; ધનપાળને આવતો જોઇ શોભનાચાર્યે પણ ઉઠીને તેને ઘણું સન્માન આપ્યું. પછી ધનપાળે પોતે કરેલાં વિપરીત આચરણનો પસ્તાવો કર્યો; તથા શોભનાચાર્યના ઉપદેશથી ધનપાળે જૈનધર્મ અંગીકાર કરી ઋષભદેવ પ્રભુનું મંદિર બંધાવ્યું, તથા પ્રભુ સન્મુખ ઋષભપંચાસિકા નામની નવીન સ્તુતિ રચીને કહી. પછી તેમણે બાર હજાર શ્લોકોના પ્રમાણવાળો ગદ્યકાવ્યરૂપ તિલકમંજરી નામનો ગ્રંથ બનાવ્યો. ત્યારબાદ ભોજરાજાએ તે તિલકમંજરી ગ્રંથમાં પોતાનું નામ દાખલ કરવાનું કહેવાથી ધનપાળે તેમ કરવું કબુલ કર્યું નહીં; આથી રાજાએ તે ગ્રંથ તેની પાસેથી ઝુંટવીને અગ્નિમાં બાળી નાંખ્યો, ત્યારે ધનપાળ ગુસ્સે થઇ પોતાને ઘેર જઇ શોકાતુર થઇ બેઠા; ત્યારે તેની નવ વર્ષની ઉમરની પુત્રીએ તેની દિલગીરીનું કારણ પૂછવાથી તેણે તે વાત જણાવી, ત્યારે તેણીએ કહ્યું કે, તમો તેની ચિંતા ન કરો? તે સઘળું પુસ્તક મારે કંઠે છે. પછી પુત્રીના મુખથી સાંભળીને તે લખવા માંડતાં છેવટે તેમાંથી ત્રણ હજાર શ્લોકો ઓછા થયા, અને હાલ પણ તે નવ હજાર શ્લોકોના પ્રમાણનો ગ્રંથ મોજુદ છે. પછી ધનપાળ પંડિત તે ધારાનગર છોડીને સત્યપુરમાં ગયો. તેના જવાથી ભોજરાજાને પાછળથી પસ્તાવો થયો; તેથી તેને ફરીથી તેણે સન્માનપૂર્વક ધારાનગરીમાં બોલાવ્યો. છેવટે ધનપાળ પંડિત નિર્દોષપણે ગૃહસ્થ ધર્મ પાળી ધર્મધ્યાનપૂર્વક કાળ કરી સ્વર્ગે ગયા. આ મહાપ્રભાવિક ધનપાળ કવીશ્વર વિક્રમ સંવત્ ૧૨૨૯માં વિદ્યમાન હતા, કેમકે તે સાલમાં તેમણે **પાયલચ્છી** નામ માળા રચી છે. શોભનાચાર્યજીએ પણ મહા યમકવાળી અતિ અદ્ભૂત શોભનસ્તુતિ રચી છે; અને તેની રચના તેમણે ગોચરી જતાં માર્ગમાંજ એક વખત કરી હતી; તથા તેનાપર ધનપાળ પંડિતજીએ ટીકા રચી છે.

# પ્રકરણ ૧૨ મું.

## વિક્રમ સંવત્ ૧૦૩૧થી ૧૧૦૦.

## ( સૂરાચાર્ય, વર્ધમાનસૂરિ તથા વિમળશાહ. )

**સૂરાચાર્ય વિક્રમ સંવત ૧૦૩૧થી ૧૦૭૨ સુધીમાં વિદ્યમાન હતા.**

ગુજરાતમાં **અણહિલ્લપુરપાટણમાં** જ્યારે **ભીમદેવ** રાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં **દ્રોણાચાર્ય** નામે મહાવિદ્વાન્ જૈનાચાર્ય વસતા હતા; તે આચાર્ય ભીમદેવ રાજાના સંસાર પક્ષમાં મામા થતા હતા. તે આચાર્યજીના ભાઈ **સંગ્રામસિંહના** પુત્ર **મહીપાળે** પણ તેમની પાસે દીક્ષા લીધી હતી, તથા તેમનું **સૂરાચાર્ય** નામ રાખવામાં આવ્યું હતું. અનુક્રમે તે સૂરાચાર્યજી પણ શાસ્ત્રોના પારંગામી થયા. એક વખતે ભીમરાજાના દરબારમાં ધારાનગરીના ભોજરાજાના પ્રધાનો આવ્યા, તેમણે ભોજરાજાની પ્રશંસાનો એક શ્લોક ભીમરાજાને સંભળાવ્યો. તે ગાથાનો પ્રત્યુત્તર તેવીજ મનોહર ગાથામાં લખવા માટે ભીમરાજાએ સૂરાચાર્યજીને યોગ્ય જાણી, તેમને સન્માનપૂર્વક સભામાં બોલાવી તે ગાથા રચવાનું કહ્યું; ત્યારે સૂરાચાર્યજીએ પણ તેજ સમયે ત્યાં અત્યંત ચમત્કારી ગાથા રચીને રાજાને સોંપી. તે જોઇ રાજાએ ચમત્કાર પામી તે ગાથા સહિત પોતાના પ્રધાનોને ધારાનગરીમાં ભોજરાજા પાસે મોકલ્યા. હવે અહીં દ્રોણાચાર્યજીએ પોતાના બીજા શિષ્યોને ભણાવવા માટે સૂરાચાર્યજીને સોંપ્યા સૂરાચાર્યજીનો જાતિસ્વભાવ તીવ્ર હોવાથી તે, શિષ્યોને અભ્યાસ કરાવવા માટે એટલી તાડના કરતા કે, જેથી હમેશાં એક રજોહરણની દાંડી ભાંગતી. તે જોઇ સૂરાચાર્યજીએ પોતાના એક ભક્ત શ્રાવકને લોખંડની દાંડી લાવવાનું કહ્યું; તે બાબતની ગુરૂને ખબર પડવાથી તેમણે સૂરાચાર્યજીને ઉલંભો આપ્યો કે, સાધુને લોખંડનું શસ્ત્ર રાખવાનો અધિકાર નથી. ત્યારબાદ ઉપલી ગાથા ભોજરાજાએ વાંચી તેથી ખુશી થઇને સૂરાચાર્યજીને બોલાવવા માટે પોતાના પ્રધાનોને ભીમદેવરાજાના દરબારમાં મોકલ્યા. ભીમદેવે સૂરાચા-

યજીને બોલાવી તે હકીકત કહી, તેથી તેમણે પણ વિચાર્યું કે, ભોજરાજાની સભામાં ઘણા વિદ્વાનો સંભળાય છે, માટે તેમને જીતવાથી ઘણી કીર્ત્તિ થશે તથા જૈનશાસનનો પણ મહિમા થશે, એમ વિચારી ગુરૂની આજ્ઞા લઇ સૂરાચાર્યજી ધારાનગરીમાં ગયા; ત્યાં ભોજરાજાએ ઘણા આદરમાનથી તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો. એક વખતે ભોજરાજાને એવી ઇચ્છા થઇ કે, છએ દર્શનોને હું એકમત કરી આપું; એમ વિચારી તેઓના આગેવાનોને તેણે કેદખાનામાં પૂરી કહ્યું કે, જ્યાંસુધી તમો સઘળા એકમત નહીં થાઓ, ત્યાંસુધી તમોને ભોજન મળશે નહીં. તે સાંભળી તેઓ બિચારા ગભરાઇને ત્યાં બેસી રહ્યા. આ બાબતની સૂરાચાર્યજીને ખબર પડવાથી તેમણે રાજાને એવી યુક્તિથી સમજાવ્યો કે, બજારમાં જેમ સર્વ ચીજો એકજ દુકાનેથી મળે એવો બંદોબસ્ત થઇ શકતો નથી, તેમ છએ દર્શનો એકમત થવા અસંભવિત છે; એવી રીતે રાજાને સમજાવવાથી રાજાએ તે આગેવાનોને છોડી મેલ્યા, જેથી સૂરાચાર્યજીની ત્યાં ઘણી કીર્ત્તિ થઇ. એક દહાડો સૂરાચાર્યજી ભોજરાજાની પાઠશાળામાં ગયા, તે વખતે ત્યાં ભોજરાજાએ બનાવેલા વ્યાકરણનો અભ્યાસ ચાલતો હતો; તેના મંગળાચરણમાં સરસ્વતીને વધૂ ( વહુ ) કહેલી હતી; આથી સૂરાચાર્યજીએ જરા ઉપહાસથી તે અધ્યાપકને કહ્યું કે, સરસ્વતીને તો કુમારિકા કહેલી સાંભળી છે, પરંતુ સરસ્વતીને વહુ બનાવનારા વિદ્વાનો તો આ દેશમાંજ દેખાય છે. પછી તે અધ્યાપકે આ વાત ભોજરાજાને કહેવાથી તેને ક્રોધ ચડ્યો, તેથી તેણે પોતાની સભાના પંડિતોને બોલાવી કહ્યું કે, તમારે આવતી કાલે સૂરાચાર્યને ધર્મવાદમાં જીતવા. પછી વળતે દિવસે રાજાએ પોતાના વિદ્વાનોને એકઠા કરીને સૂરાચાર્યજીને ઘણા સન્માનથી બોલાવી તે વિદ્વાનો સાથે ધર્મવાદ કરવાનું કહ્યું. ત્યારે આચાર્યજીએ પણ પોતાના પ્રબળ જ્ઞાનથી તે સર્વ વિદ્વાનોનો પરાજય કર્યો; આથી રાજાને મનમાં ઘણોજ ગુસ્સો થયો; પરંતુ તે સમયે તેણે તે જણાવ્યો નહીં, પણ ઉલટી આચાર્યજીની પ્રશંસા કરી. પછી આચાર્યજી જ્યારે ઉપાશ્રયે પધાર્યા, ત્યારે ધનપાળ પંડિતે હાથ જોડીને તેમને કહ્યું કે, હે ભગવન્! આપણા જૈનશાસનની ઉન્નતિથી તો મને હર્ષ થયો છે, પરંતુ આ ભોજરાજા પોતાની સભાના પંડિતોને જીતનારને મારી નાખે છે, તેથી મને આ સમયે ઘણીજ દિલગિરિ થાય છે. હવે હું જ્યારે આપને ચેતાવું ત્યારે આપે છુપા વેષથી મારે ઘેર પધારવું; કે જેથી હું છુપી રીતે આપને ગુજરાતમાં મોકલી આપીશ. એમ કહી ધનપાળ પંડિત ગયા બાદ રાજાએ સૂરાચાર્યજીને જયપત્ર આપવાના મિષથી માણસો મોકલી બોલાવ્યા. તેજ વખતે ધનપાળે પણ આચાર્યજીને ચેતાવ્યું કે, આજે રાજા


ક્રિયા કરનાર છે, માટે ગુપ્ત વેષે આપે મારે ઘેર પધારવું. પછી આચાર્યજીએ તે રાજાનાં માણસોને કહ્યું કે, હું આહારપાણી કરીને મધ્યાન્હસમયે રાજાની સભામાં આવીશ. તે સાંભળી તે માણસો ત્યાં ઉપાશ્રયને ઘેરીને બેઠાં. પછી આચાર્યજીએ એક વૃદ્ધ મુનિને સિંહાસનપર બેસાડ્યા, અને પોતે શ્રાવકનો વેષ લઇ જ્યારે બહાર જવા માંડ્યું, ત્યારે રાજાનાં માણસોએ તેમને અટકાવ્યાં. ત્યારે તેમણે કહ્યું કે, હું તો આ નગરનો એક શ્રાવક છું, અને સૂરાચાર્યજી તો અંદર સિંહાસનપર બેઠા છે, વળી મને પાણીની બહુ તરસ લાગી છે, માટે પાણી પીવા જાઉં છું. તે માણસોએ વેષ બદલવાથી બરોબર નહીં ઓળખવાથી તેમને જવા દીધા; તેથી તે તુરત ધનપાળને ઘેર આવ્યા. ત્યારે ધનપાળે પણ તેમનો સત્કાર કરીને તેમને છૂપી રીતે ભોંયરામાં રાખ્યા; એવામાં કેટલાક તંબોળીઓ નાગરવેલનાં પાનના કરંડીઆ ભરીને ગુજરાત તરફ જતા હતા, તેઓને ધનપાળે એકસો સોનામોહોરો આપી કહ્યું કે, તમો આ મારા ગુરૂને છુપી રીતે એક કરંડીઆમાં રાખીને તમારી સાથે લઇ જાઓ. તેઓએ પણ તેમ કરવાની કબુલાત આપવાથી તેઓની સાથે સૂરાચાર્યજી પણ છુપી રીતે પાનના કરંડીઆમાં બેસી વૃષભપર સ્વાર થઇને રવાના થઇ ગયા.

હવે અહીં મધ્યાન્હકાળ વીત્યા છતાં પણ જ્યારે સુરાચાર્ય બહાર આવ્યા નહીં, ત્યારે રાજાનાં માણસો એકદમ ઉપાશ્રયમાં ધુસી ગયાં, અને સિંહાસનપર બેઠેલા મોટા ઉદરવાળા એક ઘરડા સાધુને ઉપાડીને રાજા પાસે લેઇ ગયા. તેને જોઇ રાજાએ તે પોતાના માણસોને કહ્યું કે, અરે દુષ્ટો! તમો આ ડોકરાને અહીં કેમ લાવ્યા? ખરેખર તમોને આંધળા બનાવીને તે મહાચતુર ગુર્જર સાધુ ત્યાંથી પલાયન કરી ગયો છે. તે સાંભળી તેઓએ જતાં જતાં કહ્યું કે, હે સ્વામી! એક તરસ્યા શ્રાવક શિવાય અમોએ તે ઉપાશ્રયમાંથી કોઇને પણ જવા દીધો નથી, તે સાંભળી રાજાએ અત્યંત ક્રોધ કરી કહ્યું કે, અરે! અંધાઓ! ખરેખર તે વેષ બદલી તમારી આંખો આંજીને ચાલ્યો ગયો છે; તેમાં કંઇ પણ શક નથી; એમ કહી તેઓને રજા આપી રાજા તો શોકમાં નિમગ્ન થયો. હવે અહીં તે તંબોળીઓ પણ ચાલતો માર્ગ છોડી આડમાર્ગે ભયંકર જંગલો અને પર્વતો ઓળંગીને મહીનદીને કિનારે આવી પહોંચ્યા. ત્યારે સુરાચાર્યજી પણ ત્યાં ગુજરાતની હદ જાણીને પ્રગટ રીતે વિહાર કરવા લાગ્યા; તથા અનુક્રમે અણહિલ્લપુરપાટણમાં આવ્યા તે સમયે ભીમરાજાએ પણ તેમનું મહોટા આડંબરથી સામૈયું કર્યું, પછી તે સૂરાચાર્યજીએ પોતાનો સર્વ

વૃત્તાંત ગુરૂમહારાજને તથા રાજસભામાં કહી બતાવ્યો, તે સાંભળી ભીમદેવ રાજાને ઘણોજ હર્ષ થયો. ત્યારબાદ સુરાચાર્યજીએ ગુરૂમહારાજની સમક્ષ દેશાંતરમાં થયેલા અતિચારોની આલોચના લેઇ પોતાના આત્માને પવિત્ર કર્યો. પછી તેમણે **દ્વીસંધાન** નામનો કવિત્વચમત્કૃતિવાળો કાવ્યગ્રંથ રચ્યો. પછી દ્રોણાચાર્યજી તેમને પોતાની પાટે સ્થાપીને સમાધિપૂર્વક કાળ કરી સ્વર્ગે પધાર્યા. સુરાચાર્યજી પણ ત્યારબાદ જૈનશાસનની કેટલીક ઉન્નતિ કરીને સ્વર્ગે ગયા.

## વર્ધમાનસૂરિ તથા વિમળશાહ, વિક્રમ સંવત ૧૦૮૮.

શ્રી વર્ધમાનસૂરિજી મહારાજ વિક્રમ સંવત ૧૦૮૮માં વિદ્યમાન હતા, કેમકે તેમણે તે સાલમાં આબુપરના વિમળશાહ શેઠે બંધાવેલાં જિનમંદિરોની પ્રતિષ્ટા કરી હતી. આ વિમળશાહ શેઠ મહાધનાઢ્ય શ્રાવક હતા, તથા તે રાજાના મંત્રી હતા. તેમણે કરોડો દ્રવ્ય ખરચીને આબુપર અત્યંત અદ્‌ભૂત જૈનમંદિરો બંધાવેલાં છે. શ્રી વર્ધમાનસૂરિ પ્રથમ ચૈત્યવાસી જિનચંદ્રસૂરિના શિષ્ય હતા, પરંતુ પાછળથી પોતાના કબજાના ચોર્યાસી ચૈત્યોનો ભોગવટો છોડીને તે શ્રી નેમિચંદ્રસૂરિજીના શિષ્ય શ્રી ઉદ્યોતનસૂરિના શિષ્ય થયા હતા. તેમણે ઉપમિતિભવપ્રપંચ, નામ સમુચ્ચય તથા વાસુપૂજ્ય ચરિત્ર નામના અદ્‌ભુત ગ્રંથો રચ્યા છે.



# પ્રકરણ ૧૩ મું.

## જિનેશ્વરસૂરિ, અભયદેવસૂરિ, તથા વાદિવેતાળશાંતિસૂરિ, વિક્રમ સંવત ૧૦૫૦થી ૧૧૦૦.

### જિનેશ્વરસૂરિને ખરતરનું બિરૂદ, વિક્રમ સંવત ૧૦૮૦.

આ મહાન્ આચાર્ય ઉદ્યોતનસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિના શિષ્ય, તથા નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિના ગુરૂ હતા. તે વિક્રમ સંવત ૧૦૮૦માં વિદ્યમાન હતા; તેમને ગુજરાતના રાજા **દુર્લભસેન** તરફથી ખરતરનું બિરૂદ મળ્યું હતું. તેમણે હરિભદ્રસૂરિજીએ રચેલા અષ્ટકની ટીકા, પંચલિંગી પ્રકરણ, વીરચરિત્ર, લીલાવતી કથા, કથારત્નકોષ વિગેરે ગ્રંથો રચ્યા છે. તેમનું વૃત્તાંત એવું છે કે, માળવામાં આવેલી **ધારાનગરીમાં** જ્યારે **ભોજરાજા** રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં **લક્ષ્મીપતિ** નામનો એક મહાધનાઢ્ય વ્યાપારી વસતો હતો; એક વખતે ત્યાં **શ્રીધર** અને **શ્રીપતિ** નામના બે બ્રાહ્મણો દેશ જોવાની ઇચ્છાથી આવી ચડ્યા; તથા ભિક્ષા માટે તે લક્ષ્મીપતિ શેઠને ઘેર જવાથી તેણે તેઓને ભક્તિપૂર્વક ભિક્ષા આપી. હવે તે શેઠના ઘરની ભીંત ઉપર એક ઘણોજ ઉપયોગી શિલાલેખ હતો, તે લેખને આ બન્ને બ્રાહ્મણો હમેશાં વાંચતા, તેથી તેઓને તે લેખ કંઠે થઇ ગયો. એવામાં એક સમયે તે શેઠના ઘરમાં અકસ્માત્ આગ લાગી, જેથી સઘળું મકાન તથા તે સાથે તે લેખ પણ બળી ગયો; આથી શેઠને ઘણી દિલગીરી થઇ; શેઠને દિલગીર થયેલા જોઇ તે બ્રાહ્મણોએ કહ્યું કે, હે શેઠ! તમે તે લેખ માટે કશી ફિકર કરો નહીં, અમે તે લેખ આપને જેવો હતો તેવો લખી આપશું. પછી તે બન્ને બ્રાહ્મણોએ તે લેખ યથાર્થ રીતે લખી આપવાથી લક્ષ્મીપતિ શેઠ ઘણો ખુશી થયો, તથા તેઓને હમેશાં પોતાને ઘેરજ રાખ્યા. તેઓને શીળવંત તથા ઉત્તમ ગુણવાળા જાણીને શેઠે વિચાર્યું કે, આ બન્ને બ્રાહ્મણોને જો આપણા આચાર્ય શિષ્ય કરે, તો ખરેખર તેઓ જૈનશાસનને દીપાવનારા થાય. એવામાં ત્યાં વર્ધમાનસૂરિજી

મહારાજ પધાર્યા તેથી તે લક્ષ્મીપતિ શેઠ તે બન્ને બ્રાહ્મણપુત્રોને સાથે લેઇને તેમને વાંદવા માટે ગયા; ત્યાં તે બન્ને બ્રાહ્મણોની હસ્તરેખા આદિક જોઇને ગુરૂએ તેમને દીક્ષા યોગ્ય જાણીને તે લક્ષ્મીપતિની અનુજ્ઞાપૂર્વક તેમને દીક્ષા આપી. પછી તેઓ યોગવાહનપૂર્વક સર્વ સિદ્ધાંતોનો અભ્યાસ કરીને પાંચે મહાવ્રતોને અતિચાર રહિત પાળવા લાગ્યા. છેવટે તેમને યોગ્ય જાણી ગુરૂમહારાજે આચાર્ય પદવી આપી; તથા તેઓના અનુક્રમે જિનેશ્વરસૂરિ તથા બુદ્ધિસાગરસૂરિ નામ પાડ્યાં. પછી શ્રી વર્ધમાનસૂરિજીએ તેઓને કહ્યું કે, આજકાલ અણહિલ્લપુરપાટણમાં ચૈત્યવાસીઓનું ઘણું જોર હોવાથી ત્યાં શુદ્ધ સામાચારીવાળા મુનિરાજોને રહેવાનું સ્થાન પણ મળતું નથી; માટે તે ઉપદ્રવ તમે બન્ને તમારી શક્તિ અને બુદ્ધિથી નિવારણ કરો કેમકે આ વખતમાં તમારા સરખા બીજા વિચક્ષણો નથી. એવી ગુરૂમહારાજની આજ્ઞા મસ્તકપર ચડાવીને તેઓ ત્યાંથી વિહાર કરીને અણહિલ્લપુરમાં આવ્યા. ત્યાં તેઓ એક ઉત્તમ અને દયાળુ પુરોહિતના મકાનમાં ઉતર્યા; એટલામાં ચૈત્યવાસીઓને તેઓના આવવાના સમાચાર મળવાથી તેઓએ તેમની પાસે પોતાના નોકરોને મોકલ્યા; તે નોકરો ત્યાં આવી જિનેશ્વરસૂરિ તથા બુદ્ધિસાગરજીને કહેવા લાગ્યા કે, અરે! સાધુઓ! તમો તુરત આ નગરીની બહાર નીકળી જાઓ? કેમકે અહીં ચૈત્યવાસીઓ શિવાય બીજા શ્વેતાંબર મુનિઓને રહેવાનો હક નથી. ત્યારે તે પુરોહિતે કહ્યું કે, આ બાબતનો મારે રાજા પાસે જઇ રાજસભામાં નિર્ણય કરવો છે, એમ કહી તે દુર્લભસેન રાજા પાસે ગયો, અને ત્યાં ચૈત્યવાસીઓ પણ આવ્યા. પછી તે પુરોહિતે રાજાને વિનંતિ કરી કે, હે રાજન્! આ નગરમાં એ ઉત્તમ જૈનમુનિઓ પોતાને સ્થાન નહીં મળવાથી મારે ઘેર પધાર્યા છે, તેઓ મહાગુણી હોવાથી મેં તેઓને રહેવા માટે સ્થાન આપ્યું છે; પરંતુ આ ચૈત્યવાસી યતિઓએ પોતાના માણસોને મારે ઘેર મોકલી તેઓને નગરની બહાર નીકળી જવાનું કહેવરાવ્યું છે. તે સાંભળી નીતિવાન્ દુર્લભરાજાએ જરા હસીને કહ્યું કે, મારા નગરમાં જે ગુણી માણસો દેશાંતરથી આવીને વસે છે, તેઓને કોઇ પણ અટકાવી શકે તેમ નથી; તો આવા મહાત્માઓને અહીં ન વસવા દેવા માટે શું પ્રયોજન છે? ત્યારે ચૈત્યવાસીઓ બોલી ઉઠયા કે, હે રાજન્! પૂર્વે શ્રીવનરાજ નામના જે મહાપરાક્રમી રાજા અહીં થયેલા છે, તેમને બાલ્યપણામાં ચૈત્યવાસી શીલગુણસૂરિજીએ આશ્રય આપી પોષ્યા હતા; અને તે ઉપકારના બદલામાં વનરાજે સંપ્રદાય વિરોધના ભયથી આ નગરમાં ફક્ત ચૈત્યવાસીઓએજ રહેવું, અને બીજા શ્વેતાંબર જૈનસાધુઓએ અહીં રહેવું નહીં, એવો લેખ કરી આપ્યો છે,

અને તેથી અમો તેમને અહીં વસવા માટે મના કરીયે છીયે; અને આપે પણ આપના તે પૂર્વજોની આજ્ઞા પાળવી જોઇયે ત્યારે રાજાએ કહ્યું કે, અમારા પૂર્વજોની આજ્ઞા અમારે પાળવીજ જોઇયે, તે વ્યાજબીજ છે, કેમકે આપ જેવા મહાત્માઓની આશિષ્થી અમારા જેવા રાજાઓ ઋદ્ધિવાળા થાય છે, અને ટુંકામાં કહીયે તો આ રાજ્યજ આપનું છે, તેમાં કંઇ પણ સંદેહ નથી. વળી તમે પણ જૈનમુનિઓ છો, તો મુનિઓનો આચાર શું છે? તે સાંભળવાની મને ઇચ્છા છે, અને તે આચારમાં જો આ બન્ને મુનિઓનું વિરોધીપણું માલુમ પડે, તો તેઓએ આ નગરમાં રહેવું નહીં; એમ કહી તે દુર્લભસેનરાજાએ પોતાના સરસ્વતી ભંડારમાં રહેલું જૈનમુનિના આચારના સ્વરૂપને જણાવનારૂં દશવૈકાલિકસૂત્ર મગાવ્યું, અને તેમાં કહેલા આચાર મુજબ આ બન્ને આચાર્યોને પ્રવર્તતા જોઇને, તેમને **ખરતર** બિરૂદ આપી ત્યાં રહેવા માટે સ્થાન આપ્યું; આથી ચૈત્યવાસી યતિઓ તો ઝંખવાણા પડીને પોતાને સ્થાનકે ગયા. તથા ત્યારથી તે અણહિલ્લપુરમાં શુદ્ધ સામાચારીવાળા જૈનમુનિઓને નિવાસ મળવા લાગ્યો; અને ચૈત્યવાસીઓનું જોર ધીમે ધીમે કમી થતું ચાલ્યું. ત્યાં બુદ્ધિસાગરજીએ બુદ્ધિસાગર નામનું આઠ હજાર શ્લોકોના પ્રમાણવાળું નવીન વ્યાકરણ રચ્યું. એવી રીતે આ ખરતરનું બિરૂદ ધરાવનારા શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજ મહાપ્રભાવિક થયેલા છે.

---

## નવાંગીટીકાકાર શ્રી અભયદેવસૂરિ, વિક્રમ સંવત ૧૦૮૮થી.

ધારાપુરીનગરીમાં વસનારા **મહીધર** નામના એક શેઠની **ધનદેવી** નામની સ્ત્રીની કુક્ષિએ **અભયકુમાર** નામના એક પુત્રનો જન્મ થયો હતો. એક વખતે શ્રી વર્ધમાનસૂરિના શિષ્ય શ્રી જિનેશ્વરસૂરિ ત્યાં પધાર્યા. ત્યારે તે અભયકુમારે તેમની પાસે દીક્ષા લીધી. પછી શ્રી વર્ધમાનસૂરિની અનુમતિપૂર્વક તેમને ફક્ત સોળ વર્ષની ઉમરેજ વિક્રમ સંવત ૧૦૮૮માં આચાર્યપદ આપવામાં આવ્યું હતું. હવે તે સમયમાં દુકાળ આદિકના સબબથી આગમોની ટીકાઓનો વિચ્છેદ થયો હતો. એક વખતે શ્રી અભયદેવસૂરિજી મધ્યરાત્રિએ જ્યારે ધ્યાનમાં લીન થયા હતા, તે સમયે શાસનદેવીએ આવી તેમને કહ્યું કે, પૂર્વના આચાર્યોએ અગ્યારે અંગોની ટીકાઓ રચી હતી; પરંતુ કાળના દૂષણથી ફક્ત બે અંગો શિવાય બાકીના અંગોની ટીકાઓનો વિચ્છેદ થયો છે. માટે આપ તે અંગોની ટીકાઓ રચીને

સંઘપર કૃપા કરો? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, હે શાસનમાતા! આવું ગહન કાર્ય કરવાને અલ્પ બુદ્ધિવાન્ એવો હું શી રીતે સમર્થ થાઉં? કેમકે તે કાર્યમાં જો કદાચ ઉત્સૂત્ર થાય તો મને ઘણી આપદા થાય; તેમ આપની આજ્ઞાનું ઉલ્લંઘન પણ થવું ન જોઇયે. ત્યારે શાસનદેવીએ કહ્યું કે, હે આચાર્યજી! આપને તે કાર્ય માટે સમર્થ જાણીનેજ મેં કહ્યું છે. તેમ તે ટીકાની રચનામાં તમોને જે સંશય હશે, તે હું સીમંધરસ્વામીને પૂછીને તમારા તે સંશયો દૂર કરીશ. તેમ ફક્ત મારૂં સ્મરણ કરવાથીજ હું તમારી પાસે હાજર થઇશ. તે સાંભળી અભયદેવસૂરિજીએ ઉત્સાહપૂર્વક તે કાર્યનો પ્રારંભ કર્યો; તથા તે કાર્ય સંપૂર્ણ થતાં સુધી તેમણે આબીલનો તપ કર્યો; તથા પોતાની કબુલાત મુજબ શાસનદેવીએ પણ તેમને તે કાર્યમાં મદદ આપી; પણ તે આંબિલ તપથી રાત્રિએ જાગવાના પ્રયાસથી શરીરમાંના રૂધિરમાં બિગાડ થવાથી તેમને કુષ્ટનો રોગ થયો. ત્યારે અન્યદર્શનીય આદિક ઇર્ષાળુ લોકોને નિંદા કરવાનું કારણ મળ્યું કે, ટીકાઓની રચનામાં થયેલા ઉત્સૂત્રપ્રરૂપણથી આચાર્યપર ગુસ્સે થયેલા શાસનદેવોએ શિક્ષા કરવાના હેતુથી તેમનેઆ દશાએ પહોંચાડ્યા છે; તે અપવાદ સાંભળી આચાર્યજી દિલગિર થયા. પછી રાત્રિએ ધરણેંદ્રે આવીને તેમના રોગને નિવારણ કર્યો, તથા કહ્યું કે, સ્તંભન (ખંભાત) શહેરની પાસે સેઢી નદીને કિનારે ભૂમીની અંદર શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે, કે જે પ્રતિમાના પ્રભાવથી પૂર્વે નાગાર્જુને રસસિદ્ધિ સાધી છે; તે પ્રતિમાને ત્યાં પ્રગટ કરીને તમો ત્યાં મહોટું તીર્થ પ્રવર્ત્તાવો કે જેથી તમારી અપકીર્ત્તિનો નાશ થશે અને જૈનશાસનની પણ પ્રભાવના થશે. પછી ત્યાં શ્રી અભયદેવસૂરીશ્વરજીએ **જયતિહુઅણ** નામના બત્રીસ ગાથાઓવાળા સ્તોત્રપૂર્વક તે શ્રી સ્તંભનપાર્શ્વનાથજીની પ્રતિમાને સંઘ સમક્ષ પ્રગટ કરી; તેથી તેમની ઘણી કીર્ત્તિ થઇ તથા જૈનશાસનની ઉન્નતિ થઇ; પછી ધરણેંદ્રનાં વચનથી આચાર્યજીએ તે સ્તોત્રની બે ગાથાઓને ગોપવી રાખી, કે જેથી અદ્યાપિપર્યંત તે સ્તોત્ર ત્રીસ ગાથાઓનું વિદ્યમાન છે; તે શ્રી સ્તંભનપાર્શ્વનાથજીની પ્રતિમા હાલ પણ ખંભાતમાં વિદ્યમાન છે; તે પ્રતિમાના આસનની પાછળ એવો લેખ કોતરવામાં આવ્યો છે કે, આ પ્રતિમા **ગોડ** નામના શ્રાવકે શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં બે હજાર બસો બાવીસમે વર્ષે કરાવી છે; એવી રીતે શ્રી જૈનશાસનની પ્રભાવના કરીને શ્રી અભયદેવસૂરિજી વિક્રમ સંવત ૧૧૩૫માં (બીજા મત પ્રમાણે વિક્રમ સંવત ૧૧૩૯માં ગુજરાતમાં આવેલા કપડવંજ નામે ગામમાં સ્વર્ગે ગયા; તેમણે નવે અંગોની ટીકાઓ ઉપરાંત હરિભદ્રસૂરિજીના પંચાસકપર સંવત ૧૧૨૪માં ધોળકામાં રહીને

# પ્રકરણ ૧૪ મું

## વિક્રમ સંવત ૧૧૦૧ થી ૧૨૦૦.

(શ્રી ચંદ્રસૂરિ, નમિસાધુ, મલ્લધારી, અભય સૂરિ, દેવેંદ્રગણિ, જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ, ધનવિજયવાચક, કક્કસૂરિ, પુનમીયા ગચ્છની ઉત્પત્તિ, આર્યરક્ષિતજી તથા વિધિપક્ષગચ્છની ઉત્પત્તિ, દેવભદ્રસૂરિ, મલ્લધારી, હેમચંદ્રસૂરિ, પાર્શ્વદેવગણી, ધનેશ્વરસૂરિ.)

### શ્રી ચંદ્રસૂરિ, વિક્રમ સંવત ૧૧૨૧.

આ શ્રી ચંદ્રસૂરિજી મલ્લધારી શ્રી હેમચંદ્રજીના શિષ્ય હતા, તથા તે વિક્રમ સંવત ૧૧૨૧ માં વિદ્યમાન હતા, તે સાલમાં જ્યારે તે ભરૂચમાં પધાર્યા હતા, ત્યારે ત્યાંના નગરશેઠ ધવલશાહે સંઘની અનુમતિપૂર્વક તેમને મુનિ સુવ્રતસ્વામીનું ચરિત્ર રચવાની વિનંતિ કરી હતી, અને તેથી તેમણે આશાવળીમાં આવી શ્રીમાળકુળના **નાગિલ** નામના શ્રાવકના ઉપાશ્રયમાં રહી તે ગ્રંથ રચ્યો હતો, અને તે ગ્રંથની પેહેલી પ્રતિ પાર્શ્વદેગવણિજીએ લખી હતી.

---

### નમિસાધુ, વિક્રમ સંવત ૧૧૨૫.

આ ગ્રંથ કર્ત્તા **થારાપદ્રપુરીય** નામના ગચ્છના **શ્રી શાલિભદ્રસૂરિજીના** શિષ્ય હતા; તેમણે વિક્રમ સંવત ૧૧૨૨ માં **ષડાવશ્યક**ની ટીકા તથા ૧૧૨૫ માં રૂદ્રટના રચેલા કાવ્યાલંકારપર ટિપ્પન રચેલું છે.

---

ટીકા બનાવી; તેમ જયતિહુઅણ સ્તોત્ર, નિગોદષટ્‌ત્રિંશિકા, પંચનિર્ગ્રંથવિચારસંગ્રહણી, પુદ્ગળષટ્‌ત્રિંશિકા, ષોડશક ટીકા વિગેરે અનેક શાસ્ત્રો રચેલાં છે.

---

## વાદીવેતાળ શાંતિસૂરિ, વિક્રમ સંવત ૧૦૯૬.

ગુજરાતમાં અણહિલ્લપુરપાટણમાં જ્યારે ભીમદેવરાજા રાજ્ય કરતો હતો, ત્યારે ત્યાં ચાંદ્રકુળના થારાપદ્રીય ગચ્છના **વિજયસિંહસૂરિ** નામે આચાર્ય વસતા હતા. તે **સમયે** તે નગરથી પશ્ચિમ દિશામાં આવેલા **ઉન્નતાયુ** નામના ગામમાં શ્રીમાળી વંશનો **ધનદેવ** નામે એક શ્રાવક વસતો હતો. તેની **ધનશ્રી** નામની સ્ત્રીની કુક્ષિએ **ભીમ** નામના એક ઉત્તમ લક્ષણોવાળા પુત્રનો **જન્મ** થયો હતો. એક દહાડો તે શ્રી વિજયસિંહસૂરિજી તે ગામમાં પધાર્યા; અને તેમણે તે ભીમને તેના સામુદ્રિક લક્ષણોથી જૈનશાસનની ઉન્નતિ કરનારો જાણીને તેના માતપિતાની અનુજ્ઞાપૂર્વક તેને દીક્ષા આપીને તેમનું **શાંતિસૂરિ** નામ પાડયું; તેમને સર્વ શાસ્ત્રોના પારંગામી જાણીને તેમને પોતાની પાટે સ્થાપીને વિજયસિંહસૂરિજી દેવલોકે પધાર્યા; ત્યારબાદ ધારાનગરીના પ્રખ્યાત મહાકવિ ધનપાળે પોતે રચેલી તિલકમંજરી નામની કથાને તેમની પાસે સુધરાવી. એક વખતે તે શ્રી શાંતિસૂરિજી મહારાજ ધનપાળ પંડિતની પ્રેરણાથી ધારાનગરીમાં ગયા; અને ત્યાંના રાજા ભોજે તેમનો ઘણો આદરસત્કાર કર્યો. વળી ત્યાં તેમણે સરસ્વતીએ આપેલાં વરદાનથી ભોજ રાજાની સભાના સર્વ પંડિતોને જીત્યા, અને તેથી તે રાજાએ તુષ્ટમાન થઇને તેમને **વાદિવેતાળ**નું બિરૂદ આપ્યું. પછી તે શ્રી શાંતિસૂરિજી મહારાજ જ્યારે પાછા અણહિલ્લપુરમાં પધાર્યા ત્યારે ત્યાંના એક **પદ્મ** નામના ધાર્મિક શ્રાવકને **સર્પ** ડંખ્યો હતો, પરંતુ આ પ્રભાવિક સૂરિરાજે પોતાના માંત્રિક પ્રયોગથી તે સર્પના વિષને દૂર કર્યું; સિદ્ધરાજની સભામાં દિગંબરોનો પરાજય કરનારા શ્રી મુનિચંદ્રસૂરિજીના શિષ્ય દેવસૂરિજીએ પણ તેમની પાસે અભ્યાસ કર્યો હતો. આ શ્રી વાદિવેતાળ શાંતિસૂરિજીએ ઉત્તરાધ્યયન સૂત્રપર મનોહર ટીકા રચેલી છે; તેમનું સ્વર્ગ ગમન વિક્રમ સંવત ૧૦૯૬ માં થયેલું છે.

## અભયદેવસૂરિ (મલ્લધારી), વિક્રમ સંવત ૧૧૫૦.

આ અભયદેવસૂરિજી **મલ્લધારી**ના નામથી પ્રસિદ્ધ છે, તેમને ગુજરાતના રાજા **કર્ણ** તરફથી મલ્લધારીનું બિરૂદ મળ્યું હતું; તથા સૌરાષ્ટ્રના રાજા **ખેંગાર** તરફથી પણ ઘણું માન મળ્યું હતું; તેમણે એક હજારથી પણ વધારે બ્રાહ્મણોને પ્રતિબોધ્યા હતા. તેમના ઉપદેશથી અજમેર પાસે આવેલા **મેડતા** નામના ગામમાં જિનમંદિર બાંધવામાં આવ્યું હતું. વળી તેમના ઉપદેશથી **ભુવનપાળ રાજાએ** જૈનમંદિરમાં પૂજા કરનારાઓ ઉપરનો કર માફ કર્યો હતો. અજમેરના રાજા **જયસિંહે** પણ તેમના ઉપદેશથી પોતાના રાજ્યમાં જીવહિંસા કરવાની મનાઇ કરી હતી. શાકંભરીના રાજા **પૃથ્વીરાજે** તેમના ઉપદેશથી અજમેર પાસે **રણથંભોરમાં** સુવર્ણના ઇંડાંવાળું જિનમંદિર બંધાવ્યું હતું. આ મલ્લધારી અભયદેવસૂરિજી જ્યારે અજમેરમાં અનશન કરી સ્વર્ગે પધાર્યા ત્યારે તેમના શરીરનો ત્યાં બહુ માનપૂર્વક અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો; તે સમયે તેમના શરીરને ચંદનના રથમાં સ્થાપન કરવામાં આવ્યું હતું, તથા શહેરમાંના દરેક ઘરમાં ફક્ત એક એક માણસ ઘેર રહ્યો હતો, અને બાકીનાં સઘળાં માણસો તેમના માનાર્થે સ્મશાને ગયા હતા; તેમ જયસિંહરાજા પોતે પણ પોતાના કારભારીઓ સહિત સ્મશાને ગયો હતો. તેમના શરીરને સૂર્યોદય વખતે ઉચકવામાં આવ્યું હતું, પરંતુ બહુજ ધીમે ચાલવાથી છેક પાછલે પહોરે સ્મશાને લાવવામાં આવ્યું હતું. અગ્નિસંસ્કાર થયા બાદ નજીક રહેલા ભક્તોએ તે રાખ વહેંચી લીધી હતી, કે જે રાખના પ્રભાવથી જ્વર આદિક ઉપદ્રવોનો નાશ થયો હતો. વળી જેઓને તે રાખ ન મળી, તેઓએ તે જગોની માટી પણ ગ્રહણ કરી લીધી. આ ઉપર લખેલું સઘળું વૃત્તાંત રણથંભોરના જિનમંદિરમાં રહેલા શિલાલેખમાં કોતરવામાં આવ્યું છે. એવી રીતે આ શ્રી મલ્લધારીનું બિરૂદ ધરાવનારા શ્રી અભયદેવસૂરિજી મહાપ્રભાવિક થયેલા છે.

---

## નેમિચંદ્રસૂરિ અથવા (દેવેંદ્રગણી), વિક્રમ સંવત ૧૧૨૯.

દેવેંદ્રગણીજી મહારાજનું બીજું નામ નેમિચંદ્રસૂરિજી પણ હતું, તે વડગચ્છમાં થયેલા આમ્રદેવસૂરિના શિષ્ય હતા; તેમણે વિક્રમ સંવત ૧૧૨૯ માં ઉત્તરાધ્યયન સૂત્રપર ટીકા રચેલી છે. વળી તેમણે પ્રવચનસારોદ્ધાર, આખ્યાન

મણિકોશ તથા વીરચરિત્ર આદિક ગ્રંથો રચ્યા છે. આ નેમિચંદ્રસૂરિજી **સૈદ્ધાંતિક શિરોમણિના** નામથી પણ પ્રસિદ્ધ છે.

---

## જિનવલ્લભસૂરિ, વિક્રમ સંવત ૧૧૬૦ થી ૧૧૬૪, ખરતર-ગચ્છની ઉત્પત્તિ.

આ આચાર્ય નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિના શિષ્ય હતા; આ આચાર્યથી ખરતરગચ્છ નિકળ્યો, એમ કહેવાય છે. તેમણે વીરપ્રભુના પાંચ કલ્યાણકોને બદલે છ કલ્યાણકોની પ્રરૂપણા કરી છે. તેમણે પિંડવિશુદ્ધિ પ્રકરણ, ગણધર સાર્ધશતક, આગમિકવસ્તુવિચારસાર વિગેરે ગ્રંથો રચ્યા છે. તે ચિત્રકવિત્વ શક્તિના પારંગામી હતા; તેમણે પોતાનાં સઘળાં ચિત્રકાવ્યો ચિત્તોડમાં આવેલા શ્રી વીરપ્રભુના મંદિરમાં શિલાલેખમાં કોતરાવ્યાં હતાં, અને તે મંદિરના દ્વારની બન્ને બાજુએ તેમણે ધર્મશિક્ષા તથા સંઘપટ્ટક પણ વિક્રમ સંવત ૧૧૬૪ ની સાલમાં કોતરાવ્યાં હતાં.

---

## જિનદત્તસૂરિ, વિક્રમ સંવત ૧૧૪૧.

આ શ્રી જિનદત્તસૂરિ ખરતરગચ્છમાં થયેલા શ્રી જિનવલ્લભસૂરિના શિષ્ય હતા; તથા તે મહાપ્રભાવિક હતા; તેથી અંબાદેવીએ તેમને યુગપ્રધાનપદ આપ્યું હતું. તેઓએ પોતાના અદ્ભુત ચમત્કારોથી ઘણા અન્ય દર્શનીઓને પણ જૈની કર્યા હતા; અને જૈનધર્મનો ઘણો મહિમા વધાર્યો હતો; અને તેથી દરેક જગોએ દાદાસાહેબના નામથી તેમનાં પગલાં આજે પણ પૂજાય છે. વિક્રમ સંવત ૧૨૧૧ માં અજમેરમાં તેમનું સ્વર્ગગમન થયું હતું. તેમણે સંદેહદોલાવલી આદિક ઘણા ગ્રંથો રચ્યા છે.

---

## ધનવિજય વાચક, વિક્રમ સંવત ૧૧૪૧.

આ ગ્રંથ કર્તા વિક્રમ સંવત ૧૧૪૧ માં વિદ્યમાન હતા. કેમકે તે સાલમાં તેમણે લોકનાલિકા સૂત્રપર ભાષાવૃત્તિ લખી છે.

---

## કક્કસૂરિ, વિક્રમ સંવત ૧૧૫૪.

આ આચાર્ય ઉકેશગચ્છમાં થયેલા દેવગુપ્તસૂરિના શિષ્ય હતા; તેમણે હેમચંદ્રાચાર્ય તથા કુમારપાળ રાજાની પ્રેરણાથી ક્રિયાહિન ચૈત્યવાસીઓને હરાવીને ગચ્છથી બહાર કર્યા હતા. તે મહાવિદ્વાન્ તથા પ્રભાવિક હતા. તેમણે પંચપ્રમાણિકા તથા જિનચૈત્યવંદન વિધિ આદિક ઘણા ગ્રંથો રચ્યા છે.

## પુનમીઆ ગચ્છની ઉત્પત્તિ, વિક્રમ સંવત ૧૧૫૯.

ચંદ્રપ્રભસૂરિ, મુનિચંદ્રસૂરિ, માનદેવસૂરિ અને શાંતિસૂરિ એ ચારે ગુરૂભાઈઓ હતા. વિક્રમ સંવત ૧૧૪૯ માં એક શ્રીધર નામના શ્રાવકને મોટું ખરચ કરી જિનમૂર્તિ બેસાડવાની ઇચ્છા થઇ; અને તેથી તેણે તેઓમાંના વડા ચંદ્રપ્રભસૂરિજીને કહ્યું કે, હે ભગવન્! આ મૂર્તિની પ્રતિષ્ઠા માટેની વિધિ કરવા માટે આપ આપના ગુરૂભાઇ મુનિચંદ્રસૂરિજીને આજ્ઞા આપો ? તે શ્રીધર શ્રાવકની એવી માગણીથી ચંદ્રપ્રભસૂરિને ઇર્ષ્યા આવી, અને તેથી તેમણે તે શ્રાવકને કહ્યું કે, તેવાં પ્રતિષ્ઠા આદિક કાર્યોમાં સાધુએ પડવું ઉચિત નથી; માટે શ્રાવક મારફતે પ્રતિષ્ઠા કરાવવી. ત્યારબાદ વિક્રમ સંવત ૧૧૫૯ માં એક દહાડે ચંદ્રપ્રભસૂરિએ કહ્યું કે, આજ રાત્રિએ પદ્માવતી દેવીએ મને સ્વપ્નમાં કહ્યું છે કે, તમારે તમારા શિષ્યોને કહેવું કે, શ્રાવકે પ્રતિષ્ઠા કરાવવી, તથા પૂર્ણિમાની પ્રાપ્તિ કરવી. એવી રીતે તે પુનમીઆ ગચ્છની ઉત્પત્તિ ચંદ્રપ્રભસૂરિથી વિક્રમ સંવત ૧૧૫૯ની સાલમાં થઈ છે.

## આર્યરક્ષિતજી તથા (વિધિપક્ષગચ્છની ઉત્પત્તિ) વિક્રમ સંવત ૧૧૬૯ મતાંતરે વિક્રમ સંવત ૧૨૧૩.

વિધિપક્ષગચ્છ સ્થાપન કરનાર આર્યરક્ષિતજીનો જન્મ **દંતાણી** ગામના **દ્રોણ** શેઠની સ્ત્રી **દેદી**થી થયેલો હતો, તેમનું નામ પ્રથમ **નરસિંહ** આચાર્ય હતું, તથા એક આંખે તેઓ અપંગ હતા. પ્રથમ તે પુનમીઆ ગચ્છના હતા; એક વખતે તેઓ જ્યારે **બ્યુના** નામના ગામમાં આવ્યા, ત્યારે એક **નાથી** નામની ઘણીજ પૈસાદાર સ્ત્રી તેમની પાસે પ્રતિક્રમણની ક્રિયા કરવાને આવી; પરંતુ તે વખતે તે પોતાની મુહપત્તિ ઘેર વિસરી ગઇ હતી; તે જોઇ આચાર્યજીએ કહ્યું કે, જો તમો મુહપત્તિ લાવવી વિસરી ગયાં હો તો તે મુહપત્તિને બદલે તમારાં વસ્ત્રનો છેડો ચાલી શકશે. ત્યારે તેણીએ પણ તે વાત કબુલ રાખી. તથા

ત્યારબાદ તેણીના પૈસાની મદદથી તેમણે ત્યાં આંચલિકગચ્છની (વિધિપક્ષગચ્છની) સ્થાપના કરી; અને ત્યારથી તેમના વંશજો પ્રતિક્રમણ વખતે મુહપત્તિને બદલે વસ્ત્રના છેડાથી કામ ચલાવવા લાગ્યા. એવી રીતે તે આર્યરક્ષિતજીથી અંચલ ગચ્છની ઉત્પત્તિ થયેલી છે.

---

## દેવભદ્રસૂરિ, વિક્રમ સંવત ૧૧૬૮.

આ દેવભદ્રસૂરિજી વિક્રમ સંવત ૧૧૬૮ માં વિદ્યમાન હતા. તેમણે પાર્શ્વનાથ ચરિત્ર, સંવેગ રંગશાળા, વીરચરિત્ર તથા કથારત્નકોષ આદિક ઘણા ગ્રંથો રચ્યા છે; તેમણે ભરૂચમાં રહીને જ્યારે પાર્શ્વનાથ ચરિત્ર રચ્યું હતું, ત્યારે તે નગરમાં શ્રી મુનિસુવ્રતસ્વામીજીનું જિનમંદિર સુવર્ણના ઘુમટવાળું વિદ્યમાન હતું.

---

## હેમચંદ્રસૂરિ, (મલ્લધારી), વિક્રમ સંવત ૧૧૬૪.

આ આચાર્ય પ્રશ્નવાહનકુળની મધ્યમ શાખાના હર્ષપુરીય ગચ્છના મલ્લધારી શ્રી અભયદેવસૂરિજીના શિષ્ય હતા. તેમણે જીવસમાસ, ભવભાવના, ઉપદેશમાળાવૃત્તિ, અનુયોગસૂત્ર ટીકા, શતકવૃત્તિ, વિશેષાવશ્યકવૃત્તિ વિગેરે ઘણા ગ્રંથો રચ્યા છે. આ આચાર્યજી મહાવિદ્વાન હતા; ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે તેમને ઘણું માન આપ્યું હતું; તથા તે રાજા તેમના વ્યાખ્યાનમાં હાજર થતા હતા. તે જૈનશાસનની કેટલીક ઉન્નતિ કરીને છેવટે અનશન કરી શત્રુંજય પર સ્વર્ગે પધાર્યા.

---

## પાર્શ્વદેવગણિ, વિક્રમ સંવત ૧૧૬૯.

આ ગ્રંથકારે વિક્રમ સંવત ૧૧૬૯ માં હરિભદ્રસૂરિજીએ રચેલા ન્યાયપ્રવેશપર પંજિકા રચેલી છે, તેમ તેમણે વિક્રમ સંવત ૧૧૯૦ માં નેમિચંદ્રસૂરિજીના આખ્યાનમણિકોશની ટીકા રચવામાં આમ્રદેવસૂરિજીને મદદ કરી હતી, તેમ તેમણે ઉવસગ્ગહરસ્તોત્ર પર પણ ટીકા રચી છે.

---

## ધનેશ્વરસૂરિ (વિશાવળગચ્છી), વિક્રમ સંવત ૧૧૭૧.

આ ધનેશ્વરસૂરિજી વિક્રમ સંવત ૧૧૭૧ માં વિદ્યમાન હતા; તેમણે જિનવલ્લભસૂરિએ રચેલા સાર્ધશતક નામના ગ્રંથપર ટીકા રચી છે. વળી તે વિશાવળગચ્છના હતા.

# પ્રકરણ ૧૫ મું

## વિક્રમ સંવત ૧૧૪૦ થી ૧૨૪૦.

## જયસિંહસૂરિ, લાલણ ગોત્રની ઉત્પત્તિ, વાદિદેવસૂરિ.

### જયસિંહસૂરિ, વિક્રમ સંવત ૧૨૦૨.

આ શ્રી જયસિંહસૂરિજી મહારાજ **અંચલગચ્છમાં** થયેલા **શ્રી આર્યરક્ષિત-જીના** શિષ્ય હતા; ગૃહસ્થાવાસમાં તે સોપારક નગરના **આહુડ** નામના શેઠની **નાથી** નામની સ્ત્રીની કુક્ષિએ જન્મ્યા હતા; આ **જયસિંહસૂરિજી** મહારાજ મહાવિદ્વાન્ તથા વાદીઓની સભામાં સભાજિત હતા. સિદ્ધરાજ જયસિંહની સભામાં જ્યારે **વાદિદેવસૂરિજીએ** દિગંબરોનો પરાજય કર્યો હતો, ત્યારે આ જયસિંહસૂરિજી પણ દેવસૂરિજીના મદદગાર હતા. આ આચાર્યજીને ગુજરાતના રાજા **સિદ્ધરાજ જ-યસિંહ** તરફથી ઘણું સન્માન મળ્યું છે.

---

### લાલણ ગોત્રની ઉત્પત્તિ, વિક્રમ સંવત ૧૨૨૯.

પારકર દેશમાં આવેલા **પિલુઆ** નામના ગામમાં **રાવજી** નામના એક તે ગામના માલિક ઠાકોર વસતા હતા. તેમને **લાલણ** અને **લખધીર** નામે બે પુત્રો હતા. તે ઠાકોરનો પ્રધાન એક જૈનધર્મી શ્રાવક હતો. હવે તે બન્ને પુત્રોમાંના લાલણને કોઇ કર્મના ઉદયથી કોઢનો રોગ લાગુ થયો હતો; આથી રાવજી ઠાકોરને તે સંબંધી ઘણી ચિંતા ઉત્પન્ન થઇ; અને તેથી તે હમેશાં દિલ-ગિર રહેતા. એવામાં વિક્રમ સંવત ૧૨૨૯ માં તે ગામમાં અંચળગચ્છના આચા-ર્ય શ્રી જયસિંહસૂરિજી પધાર્યા; તે વખતે તે આચાર્યજીની કીર્ત્તિ તે દેશમાં ઘણી ફેલાઇ હતી. શ્રી જયસિંહસૂરિજીને ચમત્કારી જાણીને રાવજી ઠાકોરે પોતાના

શ્રાવકમંત્રીને કહ્યું કે, આ આચાર્ય મહારાજ મહાપ્રભાવિક સંભળાય છે; માટે જો તે આપણા કુમાર લાલણનો કોઢ રોગ મટાડી આપે તો મારી હમેશની ચિંતા દૂર થાય. પછી મંત્રીએ તે વાત શ્રી જયસિંહસૂરિજીને કહ્યાથી તેમણે કહ્યું કે, જો તે લાલણ જૈનધર્મ સ્વીકારવાનું વચન આપે, તો તેમનો કોઢનો રોગ દૂર કરવાનો હું ઉપાય બતાવું. મંત્રીએ જઈ તે વાત રાવજીઠાકોરને તથા લાલણને કહેવાથી તેઓ તેમ કરવું કબુલ કરીને આચાર્યજી મહારાજ પાસે આવ્યા, તથા હાથ જોડીને જૈનધર્મ સ્વીકારવાની વાત તેમણે કબુલ કરી; ત્યારે આચાર્યજીએ પણ લાભનું કારણ જાણી માંત્રિક પ્રયોગથી લાલણનો કોઢ રોગ દૂર કર્યો, જેથી તે લાલણે પણ શુદ્ધભાવથી જૈનધર્મ અંગીકાર કર્યો; છેવટે આચાર્યજી મહારાજે તે લાલણના વંશજોને ઓશવાળ જ્ઞાતિમાં દાખલ કર્યા; જે આજે લાલણ ગોત્રવાળા કહેવાય છે. લાલણ ગોત્રના જૈન ઓશવાળોની વસ્તી પારકર, કચ્છ, જેસલમેર તથા જામનગર વિગેરે શહેરોમાં છે.

---

## વાદીદેવસૂરિજી, વિક્રમ સંવત ૧૧૭૪.

ગુજરાતમાં આવેલા **મદ્દાહત** નામના ગામમાં રહેતા **દેવનાગ** નામના એક ગૃહસ્થની **જિનદેવી** નામની સ્ત્રીએ એક દિવસ સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતા ચંદ્રને જોયો. પ્રભાતે ત્યાં રહેલા શ્રી મુનિચંદ્રસૂરિજી પાસે જઈ તેણીએ નમસ્કારપૂર્વક તે સ્વપ્નનું વૃત્તાંત કહ્યું. ત્યારે આચાર્યજીએ તેણીને કહ્યું કે, હે મહાભાગે! કોઇક ચંદ્ર સરખા મહાતેજસ્વી દેવે તમારા ઉદરમાં જન્મ લીધો છે. પછી તેણીએ મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો; તથા સ્વપ્નને અનુસારે તેનું **પૂર્ણચંદ્ર** નામ પાડ્યું; એક વખતે તે ગામમાં રોગનો ઉપદ્રવ થવાથી તે દેવનાગ શેઠ ત્યાંથી નીકળી ભરૂચમાં આવ્યો. તે સમયે ત્યાં તે શ્રી મુનિચંદ્રસૂરિજી પણ આવી પહોંચ્યા હતા. કેટલાક દિવસ બાદ મુનિચંદ્રસૂરિજીએ પૂર્ણચંદ્રના માતપિતાની આજ્ઞાથી તેને દીક્ષા આપી; તથા તે દીક્ષા સમયે તેમનું **રામચંદ્ર** નામ રાખવામાં આવ્યું. પછી તે રામચંદ્ર મુનિરાજ તર્કવિદ્યા, વ્યાકરણ તથા સાહિત્ય શાસ્ત્રાદિકમાં પારંગામી થયા. છેવટે વિક્રમ સંવત ૧૧૭૪ માં તેમને આચાર્યપદ આપીને તેમનું દેવસૂરિ નામ રાખવામાં આવ્યું. પછી એક દહાડો તે શ્રી દેવસૂરિજી મહારાજ ગુરૂની આજ્ઞા લઇને ધોળકામાં પધાર્યા. ત્યાં રહેતા એક **ઉદય** નામના ધાર્મિક અને ધનાઢ્ય શ્રાવકે શ્રી મંધરસ્વામીની પ્રતિમા કરાવી હતી. તેણે ત્રણ ઉપવાસપૂર્વક શાસનદેવીનું આરાધન કરી પૂછ્યું કે, આ પ્રતિ-

માની પ્રતિષ્ઠા મારે કોની પાસે કરાવવી? ત્યારે શાસનદેવીએ દેવસૂરિજી પાસે કરાવવાનું કહેવાથી તેણે તેમ કર્યું; અને એવી રીતે શ્રી દેવસૂરિજી મહારાજે પ્રતિષ્ઠાવેલી મૂર્તિવાળું તે જિનમંદિર હજુ પણ ત્યાં ઉદય વસ્તીના નામથી પ્રસિદ્ધ છે. પછી એક દહાડો શ્રી દેવસૂરિજી મહારાજ આબુપર પધાર્યા; તથા ત્યાં તેમણે શ્રી ઋષભદેવ પ્રભુનાં દર્શન કરીને અંબાદેવીની સ્તુતિ કરી. ત્યારે અંબાદેવીએ પ્રત્યક્ષ થઈ તેમને કહ્યું કે, હવે તમારે તુરત અણહિલ્લપુરમાં જવું, કેમકે તમારા ગુરૂનું આયુષ્ય ફક્ત હવે છ માસનુંજ બાકી રહ્યું છે. તે સાંભળી દેવસૂરિજી મહારાજ અણહિલ્લપુરમાં પધાર્યા, તેથી તેમના ગુરૂને પણ ઘણો આનંદ થયો. પછી ત્યાં તેમણે **દેવબોધ** નામના એક ભાગવત મતના આચાર્યને વાદમાં જીતીને જૈનશાસનની ઘણી પ્રભાવના કરી. વળી તે નગરના રહેવાસી **બાહડ** નામના એક ધનાઢ્ય શ્રાવકે તેમના ઉપદેશથી અતિ મનોહર જિનમંદિર બંધાવ્યું. પછી વિક્રમ સંવત ૧૧૭૮ માં શ્રી મુનિચંદ્રસૂરિજીનું સ્વર્ગગમન થયું. એક વખતે શ્રી દેવસૂરિજી મહારાજ જ્યારે નાગપુરમાં પધાર્યા, ત્યારે ત્યાંના આલ્હાદન રાજાએ ઘણા આદરમાનપૂર્વક તેમનું સામૈયું કર્યું. ત્યારબાદ કર્ણાવતી નગરીના સંઘે વિનંતિ કરવાથી દેવસૂરિજી મહારાજ ચાતુર્માસ માટે ત્યાં પધાર્યા.

તે સમયે દક્ષિણમાં આવેલા કર્ણાટક દેશના રાજાનો **કુમુદચંદ્ર** નામે મહા અહંકારી દિગંબર મતનો એક ગુરૂ હતો. તેને દેવસૂરિજીની કીર્ત્તિ સાંભળી ઘણી ઇર્ષ્યા થઈ. તેથી તેમને વાદમાં જીતવા માટે તે કર્ણાવતી નગરીમાં આવ્યો. તથા એક ભાટને દેવસૂરિજી પાસે મોકલીને વાદ કરવા માટે જણાવ્યું. ત્યારે દેવસૂરિજીએ કહેવરાવ્યું કે તમો અણહિલ્લપુરપાટણમાં આવો, ત્યાંનો રાજા સિદ્ધરાજ જયસિંહ ન્યાયી અને નીતિવાન છે, માટે તેમની સભા સમક્ષ આપણે ધર્મવાદ કરીશું. ત્યારે કુમુદચંદ્રે તો અહંકારથીજ કહેવરાવ્યું કે, બહુ સારૂં હું ત્યાં આવીશ. ત્યારબાદ તે કુમુદચંદ્રે ત્યાંથી અણહિલ્લપુર તરફ પ્રયાણ કરવાની તૈયારી કરી, પરંતુ તે સમયે તેને અપશુકનો થયાં, તોપણ તેની દરકાર કર્યા વિના તે અણહિલ્લપુર પહોંચ્યો. અહીં દેવસૂરિજી મહારાજે પણ શુભ દિવસે અણહિલ્લપુર તરફ વિહાર કર્યો, તથા ત્યાં પહોંચતાં ત્યાંના સંઘે ઘણા આડંબરથી તેમનો પ્રવેશ મહોત્સવ કર્યો; પછી શુભ દિવસે તેમણે ત્યાંના મહારાજા સિદ્ધરાજનો મેળાપ કર્યો, તથા કુમુદચંદ્ર સાથે ધર્મવાદ કરવા માટેની સઘળી હકીકત જણાવી, ત્યારે રાજાએ પણ પોતાની સભા સમક્ષ તેમ કરવાની ખુશી જણાવી. એવામાં ત્યાંના મહાધનાઢ્ય બાહડ અને નાગદેવ નામના બન્ને શ્વેતાંબરી શ્રાવકોએ દેવસૂરિજી મહારાજને વિનંતિ કરીકે હે ભગવન્! અહીં

દિગંબરોએ ગાંગિલ આદિક કારભારીઓને દ્રવ્ય આપી પોતાને વશ કરેલા છે, માટે જો આપની આજ્ઞા હોય તો અમો પણ તેઓને દ્રવ્ય આપી આપણા પક્ષમાં ખેંચી લઇએ; ત્યારે દેવસૂરિજીએ કહ્યું કે, એવીરીતે ફોકટ દ્રવ્યનો વ્યય કરવાની કંઇજરૂર નથી, કેમકે વિદ્યાના પ્રબળથી જય મેળવવો, તેજ શ્રેષ્ઠ છે; અને અમારી પણ તેવીજ આકાંક્ષા છે. પછી ત્યાં કુમુદચંદ્રે ધર્મવાદ માટે જાહેર ખબર ચોડાવી, અને તે માટે દિવસ પણ મુકરર થયો; ત્યારે રાજાએ ગાંગિલ કારભારીને તેઓની જુબાનીઓ લખી લેવાનો હુકમ કર્યો, પરંતુ ગાંગિલ દિગંબરીઓનો પક્ષકાર હોવાથી તેણે પ્રતિવાદીની જુબાની લખી નહીં. પછી જ્યારે રાજાએ તે ધર્મસંવાદના કેસ માટે ગાંગિલને પૂછ્યું ત્યારે તેણે એવી રીતનો ઉત્તર આપ્યો કે, હે રાજન્ આ લોકોના સંવાદમાં કંઇ પણ સાર જેવું નથી તેથી મેં તેઓની જુબાની લખી નથી; તે સાંભળીને ન્યાયી રાજાને મનમાં ઘણો ગુસ્સો થયો, અને ફરીને પોતાની સન્મુખ તેઓની જુબાની લખવાને તેને હુકમ કર્યો, અને તેમાં એવી શરત કરી કે જો દિગંબરીઓ હારે તો તેઓ દેશપાર થાય, અને જો શ્વેતાંબરીઓ હારે તો તેઓ દેશપાર થાય. એવી રીતની પ્રતિજ્ઞા કરીને વિક્રમ સંવત ૧૧૮૧ના વૈશાખ શુદ્ધિ પુનેમને દિવસે તે બન્ને પક્ષકારોને રાજાએ પોતાની સભામાં બોલાવ્યા. ત્યારે કુમુદચંદ્રે છત્રચામર આદિક મોટા આડંબર સહિત સભામાં પ્રવેશ કર્યો, તથા પ્રતિહારે મુકેલાં આસન પર બેસી બોલવા લાગ્યો કે, અરે! હજુ શું મારા ભયથી શ્વેતાંબર ભિક્ષુક આવ્યો નથી? એવામાં દેવસૂરિજી મહારાજ પણ ત્યાં પધાર્યા, અને ત્યાં થયેલા ધર્મસંવાદમાં તેમણે સ્ત્રી મોક્ષના અધિકાર આદિકમાં મરૂદેવા આદિકના દૃષ્ટાંતથી કુમુદચંદ્રનો પરાજય કર્યો; ત્યારે મહારાજા સિદ્ધરાજે પણ ખુશી થઇને દેવસૂરિજી મહારાજને જયપત્ર આપ્યો, તથા તેજ સમયે શાસનદેવીએ પણ ત્યાં પ્રત્યક્ષ થઇને સભાજનોના દેખતાંજ દેવસૂરિજીને તથા મહારાજા સિદ્ધરાજને આશિષ આપી, અને કુમુદચંદ્રના લલાટમાં મષીનું તિલક કર્યું—વળી તે સમયે મહારાજા સિદ્ધરાજે તુષ્ટિદાન તરીકે દેવસૂરિજી મહારાજને એક લાખ સોનામોહોરો દેવા માંડી, પરંતુ તે નિસ્પૃહી મુનિરાજે તે સ્વીકારી નહીં. પછી રાજાએ મોટા આડંબરથી દેવસૂરિજી મહારાજને તેમના ઉપાશ્રયે પ્રવેશ કરાવ્યો. હવે પ્રભાતે સર્વ સાધુઓ જ્યારે પડિલેહણ કરવા લાગ્યા ત્યારે તેઓએ પોતાની ઉપધિઓને ઉંદરોથી કરડાએલી જોઇ; ત્યારે આચાર્યજી એ વિચાર્યું કે, આ દિગંબરી મંત્રપ્રયોગથી મને પણ પોતાની તુલ્ય કરવાને ઇચ્છતો લાગે છે; માટે આ તેના પ્રયોગનો ઇલાજ કરવો. એમ વિચારી તેમણે સૌવીરથી ભરેલો એક કુંભ મગાવી મંત્રપ્રયોગથી તે કુંભનું મુખ બંધ કર્યું. પછી પા પહોર દિવસ વીત્યાબાદ

તે દિગંબરીઓના શ્રાવકો દેવસૂરિજી પાસે આવી નમસ્કાર કરીને કરગરવા લાગ્યા કે, હે સ્વામી! આપ અમારા ગુરૂને મુક્ત કરો. પરંતુ આચાર્યજીએ તેમને કહ્યું, કે, અમો તે સંબંધમાં કંઇ જાણતા નથી, એમ કહી તેઓને પાછા વાળ્યા. પછી જ્યારે અરધો પોહોર થયો, ત્યારે તે દિગંબરાચાર્ય પોતે દેવસૂરિજી પાસે આવી કરગરવા લાગ્યો કે, હે સ્વામી! અમારો અપરાધ આપ માફ કરો. તથા અમારા શ્વાસોશ્વાસના નિરોધથી અમોને મુક્ત કરો. કેમકે નહીંતર ખરેખર અમારૂં મૃત્યુ થશે. એવી રીતનાં તેનાં દીન વચનો સાંભળીને દેવસૂરિજીએ તેમને કહ્યું કે, તમો સઘળા તમારા પરિવાર સહિત મારા ઉપાશ્રયથી બહાર જાઓ? પછી આચાર્યજીની તે આજ્ઞાને મસ્તકપર ચડાવી કુમુદચંદ્ર પોતાના પરિવારસહિત ઉપાશ્રયની બહાર ગયો. ત્યારબાદ આ આચાર્યજીએ તે સૌવીર કુંભનું મુખ છોડ્યાથી તે દિગંબરીઓનાં ઉદરો વાયુથી ફુલી ગયાં હતાં, તે નરમ પડ્યાં, તથા તેઓ પોતાને સ્થાનકે ગયા. પછી કુમુદચંદ્રે તો આવી રીતનાં પોતાના પરાભવને જોઇ શોકથીજ પ્રાણનો ત્યાગ કર્યો; આ ધર્મવાદ સમયે ત્યાં પ્રસિદ્ધ હેમચંદ્રાચાર્યજી પણ સિદ્ધરાજની સભામાં વિદ્યમાન હતા.

હવે મહારાજા સિદ્ધરાજે તુષ્ટિદાન તરીકે દેવસૂરિજીને આપવા માંડેલું તે દ્રવ્ય તેમણે નહીં ગ્રહણ કરવાથી તે દ્રવ્યનો જિનમંદિર બંધાવવામાં ઉપયોગ કર્યો, તથા તે મંદિરમાં વિક્રમ સંવત ૧૧૮૩ના વૈશાખ શુદિ ૧૨ને દિવસે શ્રી ઋષભદેવજી પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. એવી રીતે આ શ્રી દેવસૂરિજી મહારાજે જૈનશાસનની ઘણીજ પ્રભાવના કરેલી છે. તેમણે સ્યાદ્વાદરત્નાકર નામનો અતિ અદ્‌ભુત ગ્રંથ રચ્યો છે. એવી રીતે આ શ્રી દેવસૂરિજી મહારાજ પોતાનું ત્યાશી વર્ષનું આયુ સંપૂર્ણ કરીને વિક્રમ સંવત ૧૨૨૬ના શ્રાવણ વદ ૭ અને ગુરૂવારે દેવલોક પધાર્યા.

# પ્રકરણ ૧૬ મું.

## વિક્રમ સંવત ૧૨૦૦ થી ૧૨૭૭, જીવદેવસૂરિ.

## જીવદેવસૂરિ, વિક્રમ સંવત ૧૨૦૦ થી ૧૨૭૭.

ગુજરાત દેશમાં એક **વાયટ** નામે બ્રાહ્મણોના ભોગવટાનું ગામ હતું, તે ગામમાં રહેનારા બ્રાહ્મણો તથા વણિકો 'વાયડા' નામથી પ્રસિદ્ધ હતા; તે ગામમાં **ધર્મદેવ** નામના એક શેઠની **શીળવતી** નામની સ્ત્રીની કુક્ષિએ **મહીધર** અને **મહીપાળ** નામના બે પુત્રોનો જન્મ થયો હતો. તેઓમાંથી મહીપાળ કર્મયોગે દેશાંતરમાં ભ્રમણ કરવા લાગ્યો; અને પોતાના ભાઈ મહીપાળના વિયોગથી મહીધરને પણ વૈરાગ્ય થયો. હવે તેજ વાયટ ગામમાં સંસાર સમુદ્રથી તારનારા અને જંગમ તીર્થ સમાન મહાપ્રભાવિક **જિનદત્તસૂરિ** નામે આચાર્ય વસતા હતા. એક દહાડો તે મહીધરે તેમની પાસે જઈ પોતાને દીક્ષા આપવાની આચાર્ય મહારાજ પાસે માગણી કરી; ત્યારે ગુરૂ મહારાજે તેને યોગ્ય જાણીને તેના માતપિતાની અનુજ્ઞા લઈ તેને દીક્ષા આપી. પછી તે મહીધર મુનિ પંચમહાવ્રત પાળતા સર્વ શાસ્ત્રોના પારંગામી થયા; તેથી ગુરૂ મહારાજ તેમનું ક્રમાગત **રાસિલ્લસૂરિ** નામ પાડીને તથા તેમને પોતાની ગાદીએ સ્થાપીને પોતે પરલોક સંબંધી કાર્ય સાધવા લાગ્યા. હવે તે રાસિલ્લસૂરિજીનો બીજો ભાઈ મહીપાળ ભ્રમણ કરતો રાજગ્રહી નગરીમાં નિવાસ કરી રહેલા દિગંબર મતના શ્રુતકીર્ત્તિ નામના આચાર્યજી પાસે જઈ ચડ્યો. તે આચાર્યે તેને પ્રતિબોધીને દિગંબરી દીક્ષા આપી; તથા તેમનું સુવર્ણકીર્ત્તિ નામ રાખ્યું. છેવટે શ્રુતકીર્તિ આચાર્યે તેમને યોગ્ય જાણી પોતાની પાટે સ્થાપીને ધરણેંદ્રે આપેલી અપ્રતિચક્રા નામની વિદ્યા તથા પરકાયપ્રવેશ નામની વિદ્યા આપી. હવે તેમની માતા શીળવતી પોતાનો સ્વામી પરલોક ગયા બાદ પોતાના પુત્ર સુવર્ણ

કીર્ત્તિને મળવા માટે રાજગૃહીમાં ગઈ. ત્યાં દિગંબર મતના શ્રાવકોએ ગુરૂમાતાનો ઘણો આદરસત્કાર કર્યો. પછી માતાએ પુત્રને પૂછ્યું કે, હે પુત્ર! શ્રી વીતરાગ પ્રભુનો માર્ગ તો વિસંવાદ રહિત છે, ત્યારે શ્વેતાંબર અને દિગંબર મતમાં કેમ ભિન્નતા જોવામાં આવે છે? માટે તમો આપણા નગરમાં આવી બન્ને ભાઇઓ શાસ્ત્રપૂર્વક મને નિર્ણય કરી આપો કે, કયો ધર્મ સ્વીકારવાથી મને પરમ મોક્ષ મળે? પછી તે સુવર્ણકીર્ત્તિ મુનિ માતાના ઉપરોધથી વાયટ ગામમાં આવ્યા, તથા પોતાના ભાઇ રાસિલ્લસૂરિજીને મળ્યા. પછી તેમની માતાએ એક ઉત્તમ ભોજનમાં કીડાં તથા દગ્ધ ભોજનો તૈયાર કરીને રાખ્યાં, તથા બીજા એક સામાન્ય ભોજનમાં ઉષ્ણ તથા ઉત્તમ ભોજનો તૈયાર કરીને રાખ્યાં. તેમ કરી તેણીએ બન્ને પુત્રોને આહાર માટે નિમંત્રણ કર્યાથી પ્રથમ સુવર્ણકીર્ત્તિ તે ભોજન લેવા માટે આવ્યા. અને તેણે ઉત્તમ ભોજનપર મોહિત થઇને તેમાંની વસ્તુઓ લીધી. પરંતુ પછી તે વસ્તુઓને કીડી તથા દગ્ધ થયેલી જોઇને તેણે પોતાનું મુખ મરડ્યું. એવામાં બીજા પુત્ર રાસિલ્લસૂરિ પણ એક સાધુને સાથે લેઇને ત્યાં પધાર્યા; ત્યારે માતાએ તેમને ભોજન લેવા માટે તે બન્ને વાસણો દેખાડ્યાં. તે જોઇ તે બન્ને સાધુઓએ વિચાર્યું કે, આ ભોજન તો આધાર્મિક છે, માટે આપણે સાધુઓને તે લેવું લાયક નથી. એમ વિચારી તેઓ તે ભોજન લીધા વિનાજ ત્યાંથી પાછા વળ્યા. તે જોઇ માતાએ પોતાના દિગંબર પુત્રને કહ્યું કે, હે પુત્ર! તેં તારા ભાઇનો આચાર જોયો? માટે હવે જેમ તને યોગ્ય લાગે તેમ તું કર? તે સાંભળી માતાનાં વચનોથી પ્રતિબોધ પામીને સુવર્ણકીર્ત્તિ ફરીને રાસિલ્લસૂરિજી પાસે શ્વેતાંબરી દીક્ષા લેઇને સિદ્ધાંતોના પારંગામી થઇ ગીતાર્થ થયા. પછી રાસિલ્લસૂરિજીએ પણ તેમને યોગ્ય જાણી તેમનું જીવદેવસૂરિ નામ પાડી પોતાની પાટે સ્થાપ્યા. હવે એક વખતે તે જીવદેવસૂરિજી જ્યારે ઉપાશ્રયમાં રહી વ્યાખ્યાન કરતા હતા, ત્યારે ત્યાં કોઇક યોગી આવીને વિચારવા લાગ્યો કે, આ મુનિ ખરેખર મહાતેજસ્વી તથા સર્વકળા સંપન્ન છે; માટે મારી શક્તિ હું તેમનાપર ચલાવું. એમ વિચારી તેણે પોતાની જીભ ખેંચીને તથા તે જીભથી પર્યંક આસન બાંધીને તે સભામાં બેઠો. તેના તે કાર્યથી આચાર્યજીની જીભ સ્તબ્ધ થઇ, અને તેમણે તેથી તે યોગીના કાર્યનો ભેદ જાણ્યો. ત્યારે આચાર્યજીએ પોતાના મંત્રપ્રયોગથી તે યોગીના આસનને વજ્રલેપ કર્યાથી તે યોગી પણ ત્યાંથી ચાલવાને અશક્ત થયો. ત્યારે તે યોગી હાથ જોડીને આચાર્યજીને કહેવા લાગ્યો કે, હે પ્રભુ! મારો અપરાધ આપ ક્ષમા કરો અને મને મુક્ત કરો? પછી કેટલાક શ્રાવકોએ પણ વિનંતિ કરવાથી આચાર્યજીએ તે યોગીને મુક્ત કર્યો. બાદ આચાર્યજીએ પોતાના સાધુ સાધ્વીઓના પરિવારને

હુકમ કર્યો કે, આ દુષ્ટ યોગીએ સ્વીકારેલી પશ્ચિમ દિશામાં હાલ કોઇએ જવું નહીં. પરંતુ ભુલથી એક સાધ્વીનું જોડું તે તરફ ગયું; અને ત્યાં તળાવના કાંઠાપર રહેલા તે યોગીની દૃષ્ટિએ પડ્યું, ત્યારે તે દુષ્ટ યોગીએ ચપળતા વાપરીને તેઓમાંની એક સાધ્વીપર કંઇક ચૂર્ણ નાખ્યાથી તે સાધ્વી તે યોગીની પાછળ ગઇ. તે જોઇ આંખોમાં અશ્રુ લાવીને બીજી સાધ્વીએ આચાર્યજી પાસે આવી તે વૃત્તાંત તેમને નિવેદન કર્યો, ત્યારે આચાર્યજીએ તેણીને ધીરજ આપી કે, તેનો હું ઉપાય કરૂં છું, માટે તમારે ખેદ કરવો નહીં. પછી આચાર્યજીએ એક કુશમય પુતળું બનાવીને શ્રાવકોને સોંપ્યું, અને કહ્યું કે, આ પુતળાંની તમારે આંગળીઓ છેદવી. પછી બીજા કેટલાક શ્રાવકોને આચાર્યજીએ તે યોગી પાસે મોકલ્યા. ત્યારબાદ તે શ્રાવકો જેમ જેમ તે પુતળાંની આંગળીઓ છેદવા લાગ્યા, તેમ તેમ તે યોગીની આંગળીઓ પણ છેદાવા લાગી; ત્યારે તે યોગીએ ગભરાઇને શ્રાવકોને કહ્યું કે, તમો આ સાધ્વીના મસ્તકપર જળ સીંચો, તેથી તે સાવધ થઇને પોતાને સ્થાનકે જશે. પછી તેમ કરવાથી તે સાધ્વીએ સચેતન થઇ ગુરૂ પાસે જઇ આલોચના લીધી. પછી તે યોગી ભય પામીને ત્યાંથી નાસી ગયો.

હવે તે વાયટ નગરમાં **લલ્લુ** નામે મહાધનાઢ્ય શેઠ વસતો હતો; તેણે એક મ્હોટા યજ્ઞનો પ્રારંભ કર્યો. તે યજ્ઞ કુંડપર એક આંબલીનું વૃક્ષ હતું, તેમાંથી ધુંવાડાને લીધે વ્યાકુળ થયેલો એક સર્પ નીચે આવીને પડ્યો; ત્યારે યજ્ઞ કરનાર બ્રાહ્મણે તે સર્પને પકડીને તે બળતા યજ્ઞકુંડમાં હોમ્યો, તે જોઇ દયાળુ લલ્લુ શેઠે કહ્યું કે, અરે! આ દુષ્ટ કર્મ તમોએ શું કર્યું? જાણી જોઇ પંચેંદ્રિય જીવની તમોએ હિંસા કરી; ત્યારે તે યજ્ઞ કરનાર બ્રાહ્મણે કહ્યું કે, હે શ્રેષ્ટ! આમ કરવામાં કંઇ પણ દોષ નથી; કેમકે મંત્રથી સંસ્કાર કરેલા અગ્નિમાં પડેલો આ સર્પ ખરેખર પુણ્યશાળીજ છે. કેમકે તે આ અગ્નિકુંડમાં મૃત્યુ પામીને દેવલોકમાં જઇ દેવતા થશે; માટે તમારે જરા પણ સંતાપ કરવો નહીં; વળી તમો કદાચ દયાળુ અને આસ્તિક હો તો પ્રાયશ્ચિત્ત માટે આ સર્પ જેવડા સોનાના બે સર્પો કરાવીને તમો બ્રાહ્મણોને તે સુવર્ણ વહેંચી આપો? પછી તે શેઠે તુરતજ સુવર્ણના તેવા બે સર્પો કરાવ્યા, જ્યારે બ્રાહ્મણો તેને વહેંચી લેવા માટે છેદવા લાગ્યા ત્યારે શેઠે વિચાર્યું કે, એક સર્પની હિંસા માટે મારે આ સુવર્ણના સર્પો કરવા પડ્યા છે, તો વળી આની હિંસા માટે મારે બીજા સુવર્ણના સર્પો કરવા પડે, માટે આ તો અનવસ્થા દોષ થાય છે; એમ વિચારી તેણે તે યજ્ઞ બંધ કર્યો, તથા સત્ય ધર્મની તે શોધ કરવા લાગ્યો. એવામાં બે શ્વેતાંબર મુનિઓ તેને ઘેર ભિક્ષા માટે આવ્યા; ત્યારે તેણે

ઘરના માણસોને હુકમ કર્યો કે, આ મુનિઓ માટે ઉત્તમ ભોજન તૈયાર કરીને આપો ? ત્યારે તે મુનિઓએ કહ્યું કે, તેવું ભોજન અમારાથી લેવાય નહીં, કેમકે તેમ કરવાથી તો ફક્ત અમારે માટેજ પૃથ્વીકાય આદિકની હિંસા થાય. તે સાંભળી લલ્લુ શેઠે વિચાર્યું કે, અહો ! આ સાધુઓ નિસ્પૃહી તથા નિરહંકારી છે, માટે સત્ય ધર્મ ખરેખર તેમની પાસે હોવો જોઇએ; એમ વિચારી તે શેઠે તે મુનિઓને ધર્મનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે, અહીં ઉપાશ્રયમાં રહેલા અમારા ગુરૂ મહારાજ આપને તે સત્ય ધર્મનું સ્વરૂપ સમજાવશે. ત્યારે તે લલ્લુ શેઠે ત્યાં જઇ શ્રી જીવદેવસૂરિજીને ધર્મનું સ્વરૂપ પૂછ્યું, ત્યારે તેમણે પણ તે શેઠને યોગ્ય જાણીને દયામય જૈનધર્મનું સ્વરૂપ કહી દેખાડ્યું. તે સાંભળી તે લલ્લુ શેઠે સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મ અંગીકાર કર્યો. પછી તે લલ્લુ શેઠે શ્રી જીવદેવસૂરિજીના ઉપદેશથી પિપ્પલક નામાના ગામમાં એક સુંદર જૈનમંદિર બંધાવ્યું, તથા તે ધર્મમાં અત્યંત દૃઢ થયો. એવી રીતે તે લલ્લુ શેઠને જૈનધર્મમાં અત્યંત આસક્ત થયેલો જાણીને બ્રાહ્મણોને ઘણી ઇર્ષ્યા થઇ, તેથી ગોચરી આદિક માટે જતા જૈનસાધુઓને તેઓ સંતાપવા લાગ્યા. એક દિવસે તે દુષ્ટ બ્રાહ્મણોના છોકરાઓએ એક મૃત્યુની અણીપર આવેલી ગાયને ગુપ્ત રીતે એક જૈનમંદિરમાં ગુસાડી દીધી. પ્રભાતે ગાયને જિનમંદિરમાં મૃત્યુ પામેલી જોઇને, શ્રી જીવદેવસૂરિજીએ પરકાય પ્રવેશ નામની વિદ્યાથી તેણીને તુરત ઉઠાડીને બ્રાહ્મણોના મંદિરમાં બ્રહ્માની મૂર્ત્તિ પાસેજ દાખલ કરી, તથા તે ગાય ત્યાં મૃત્યુ પામી. ત્યારે તે બ્રાહ્મણો એકઠા થઇ વિચારવા લાગ્યા કે, હવે આપણે શું કરવું? આ ગાયને તો શ્રી જીવદેવસૂરિજી શિવાય કોઇ અહિંથી જીવતી કહાડી શકે તેમ નથી; પરંતુ આપણે તો તેમનાપર ઇર્ષ્યા રાખી તેમના સાધુઓને સંતાપીયે છીયે, માટે આપણું આ કાર્ય તે કરી આપશે નહીં. પરંતુ જો આપણે વિનયથી માફી માગીને તેમને વિનંતિ કરશું તો તે આપણું કાર્ય કરી આપશે. એમ વિચારી તેઓ એકમત થઇ આચાર્યજી પાસે આવ્યા, તથા હાથ જોડી આચાર્યજીને સર્વ વૃત્તાંત કહી કહ્યું કે, આપ કૃપા કરીને આ ગાયને જીવતી બ્રહ્મશાળામાંથી કહાડો ? તે સાંભળી આચાર્યજી મહારાજ જ્યારે મૌન રહ્યા ત્યારે લલ્લુ શ્રાવકે તેઓને કહ્યું કે, હે બ્રાહ્મણો ! તમો જૈન ઉપર ઇર્ષ્યા લાવીને હમેશાં જૈનમુનિઓને ઉપદ્રવ કરો છો, તો આજથી તમો એવું લખત કરી આપો કે, આ નગરમાં જૈનલોકો પોતાની ઇચ્છા મુજબ જ્યારે પણ કંઇ ઉત્સવાદિક કરે ત્યારે તેમને તમારે કંઇ પણ ઉપદ્રવ કરવો નહીં, તથા જ્યારે જૈનના નવા આચાર્ય ગાદીપર

બેસે ત્યારે તમારે તેમને સુવર્ણની યજ્ઞોપવીત પહેરાવીને જૈનમંદિરમાં તેમનું સ્નાત્ર કરવું. પછી તે સર્વ બાબતો જ્યારે બ્રાહ્મણોએ કબુલ કરી ત્યારે લલ્લુશેઠની વિનંતિથી આચાર્યજીએ પરકાયપ્રવેશવિદ્યાના બળથી તે ગાયને તે-માંથી જીવતી બહાર કહાડી; ત્યારે બ્રાહ્મણોએ પણ જય જય શબ્દપૂર્વક આ-ચાર્યજીને વધાવી લીધા. પછી ત્યારથી તે વાયટ ગામમાં બ્રાહ્મણો અને શ્રાવકો વચ્ચે ઘણોજ સ્નેહ બંધાણો. એવી રીતે આ શ્રી જીવદેવસૂરિજીએ જૈનશાસનની ઘણી પ્રભાવના કરેલી છે. પછી પોતાના પ્રાંત સમયે તેમણે પોતાના શિષ્યોને એકઠા કરી કહ્યું કે, જે સિદ્ધયોગી પૂર્વે અહિંથી પરાભવ પામીને ગયેલો છે, તે અમારૂં મૃત્યુ સાંભળીને તુરત અહિં આવશે; અને તે જો અમારૂં કપાળ મેળ-વવાને શક્તિવાન્ થશે, તો તે જૈનશાસનપર ઘણાં ઉપસર્ગો કરશે; માટે તમોએ સ્નેહને તજીને જ્યારે અમારૂં શરીર પ્રાણરહિત થાય ત્યારે અમારા કપાળને તમા-રે ચૂરીને છુંદી નાખવું, કે જેથી શાસનપર ઉપદ્રવ થાય નહીં. એવી રીતે શિષ્યો-ને શિખામણ આપીને જીવદેવસૂરિજી પ્રત્યાખ્યાનપૂર્વક પરમેષ્ઠિ ધ્યાનમાં લીન થ-યા, તથા છેવટે વાયુને રોધીને મસ્તકદ્વારથી પ્રાણરહિત થઇ વૈમાનિકોમાં પધાર્યા; ત્યારે તેમના બુદ્ધિવાન્ શિષ્યે મજબૂત દંડ લઇને તેમના કપાળને ચૂરી નાખ્યું; તથા પછી તેમના શરીરને શિબિકામાં પધરાવીને ચાલવા લાગ્યા, ત્યારે તે સિદ્ધ યોગી હાથમાં ડમરૂ લઇ વગાડતો થકો ત્યાં આવી પહોંચ્યો, તથા કપટથી છાતી કુટી રડવા લાગ્યો, અને કહેવા લાગ્યો કે, મારા આ સ્વામિનું મુખકમળ મને ફક્ત એકજ વખત દેખાડો, પછી તે સાધુઓએ શિબિકા નીચે મુકીને આચાર્યજીનું મુખ ખુલ્લું કર્યું, ત્યારે કપાળને ચૂર્ણિત કરેલું જોઇને તે યોગી પોતાના હાથ ઘસી કહેવા લાગ્યો કે, મહાપુરૂષના લક્ષણોને સૂચવનારૂં ફક્ત એકજ ટુકડાવાળું કપાળ વિક્રમરાજાનું, મારા ગુરૂનું તથા આ શ્રી જીવદેવસૂરિજીનું હતું, પરંતુ મને નિર્ભાગીને તે કયાંથી મળે? હવે મારે આવા મહાન્ પુરૂષના અગ્નિસંસ્કારમાં ભાગ લેવો જો-ઇયે, એમ વિચારી આકાશમાર્ગે મલયાચળપર જઇ, તથા ત્યાંથી ચંદન આદિક કાષ્ટો લાવી તેની ચિતા બનાવી તેણે આચાર્યજીના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. એવી રીતે આ શ્રી જીવદેવસૂરિજી ચમત્કારિક વિદ્યામાં પારંગામી થયેલા છે, તથા તેમના વંશમાં થતા આચાર્યો આજે પણ પ્રભાવિક જોવામાં આવે છે.





# પ્રકરણ ૧૭ મું

## વિક્રમ સંવત ૧૨૨૨ થી ૧૨૭૬.

**(વાગ્ભટ્ટમંત્રી, સાર્ધપુર્ણમીયક ગચ્છની ઉત્પત્તિ, આગમિકગચ્છની ઉત્પત્તિ, તપગચ્છનું બિરૂદ, જગચ્ચંદ્રસૂરિ, રત્નપ્રભસૂરિ, પદ્મદેવસૂરિ, માણિક્યચંદ્રસૂરિ, જિનપતિસૂરિ, ધર્મઘોષસૂરિ, અમરચંદ્રસૂરિ.)**

## વાગ્ભટ્ટમંત્રી, વિક્રમ સંવત ૧૨૨૨.

**કુમારપાળ** રાજાનો એક **ઉદય** નામે મંત્રી હતો, તેને **વાગ્ભટ્ટ** નામે પુત્ર હતો; તે જૈનધર્મ પર ઘણીજ શ્રદ્ધા રાખતો હતો; તેણે હેમચંદ્રજી મહારાજના ઉપદેશથી વિક્રમ સંવત ૧૨૨૨માં સાડાત્રણ ક્રોડ રૂપીયા ખરચીને શત્રુંજય તીર્થનો ચૌદમો ઉદ્ધાર કરાવ્યો.

## સાર્ધપૂર્ણમીયક ગચ્છની ઉત્પત્તિ, વિક્રમ સંવત ૧૨૩૬.

આ સાર્ધપૂર્ણમીયક ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૩૬માં થયેલી છે. તેને લગતી હકીકત એવી છે કે, એક વખતે કુમારપાળ રાજાએ હેમચંદ્રાચાર્યજીને પૂછ્યું કે, પુનમીઆ ગચ્છવાળા જૈનોના આગમ પ્રમાણે ચાલે છે કે નહીં? તે માટે આપણે તેમની પાસેથી ખુલાસો માગવો છે; માટે તે ગચ્છના આચાર્યને મારી પાસે બોલાવી લાવવા. તે સાંભળી હેમચંદ્રજી મહારાજ તે પુનમીઆ ગચ્છના આચાર્યને કુમારપાળ રાજાની પાસે બોલાવી લાવ્યા; ત્યારે કુમારપાળ રાજાએ તે પુનમીઆ ગચ્છના આચાર્યજીને જૈન આગમોના સંબંધમાં કેટલાક સવાલો પૂછ્યા; પરંતુ તેમણે તેના આડાઅવળા ઉત્તરો આપ્યા; તે સાંભળી કુમારપાળ રાજાએ તે પુનમીઆ ગચ્છવાળાઓને પોતાના અઢારે દેશોમાંથી હાંકી કઢાવ્યા. પછી કુ-

મારપાળ રાજા અને હેમચંદ્રાચાર્યજીના સ્વર્ગગમન બાદ તે પુનમીઆ ગચ્છના સુમતિસિંહ નામના આચાર્ય પાછા અણહિલ્લપુરપાટણમાં આવ્યા; ત્યારે તેમને કોઇયે પૂછ્યું કે તમો કયા ગચ્છના છો? ત્યારે તેમણે કહ્યું કે, અમો સાર્ધપૂર્ણમીયક ગચ્છના આચાર્ય છીયે. એવી રીતે તે સુમતિસિંહ આચાર્યના વંશજો સાર્ધપૂર્ણમીયક ગચ્છવાળા કહેવાવા લાગ્યા. તે સાર્ધપૂર્ણમીયક ગચ્છવાળાઓનો એવો મત છે કે, જિનેશ્વરપ્રભુની મૂર્ત્તિઓ પાસે ફળ મૂકીને પૂજા કરવી નહીં. એવી રીતે તે સાર્ધપૂર્ણમીયક ગચ્છની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૩૬માં થઇ છે.

---

## આગમિક ગચ્છની ઉત્પત્તિ, વિક્રમ સંવત ૧૨૫૦.

આગમિક અથવા ત્રણ થુઇવાળાઓની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૫૦માં થયેલી છે; તેની હકીકત એવી છે કે, પુનમીઆ ગચ્છમાં શીલગણસૂરિ અને દેવભદ્રસૂરિ નામના આચાર્યો હતા. કંઇક કારણથી તેઓ બન્ને પુનમીઆ ગચ્છને છોડીને અંચલિક ગચ્છમાં દાખલ થયા, તથા પાછળથી તેઓએ તે અંચલિક ગચ્છને પણ છોડીને પોતાનો એક નવો પંથ ચલાવ્યો; અને તેમ કરી તેઓએ નક્કી કર્યું કે, આપણે ક્ષેત્રદેવતાની ચોથી થોઇ પ્રતિક્રમણ આદિકમાં કહેવી નહીં. એવી રીતે આ આગમિક ગચ્છની અથવા ત્રણ થુઇવાળાઓની ઉત્પત્તિ વિક્રમ સંવત ૧૨૫૦માં થઇ છે.

---

## જગચ્ચંદ્રસૂરિ, તેમને મળેલું તપાનું બિરૂદ, વિક્રમ સંવત ૧૨૪૦ થી ૧૨૮૫.

શ્રી મહાવીરપ્રભુની ચુમાળીસમી પાટે **જગચ્ચંદ્રસૂરિ** થયા. તે મહાવૈરાગ્યવાન્ અને તપસ્વી હતા. તેમણે પોતાના ગચ્છમાં શિથિલ આચાર જોયો, તેથી તેમને ક્રિયોદ્ધાર કરવાની ઇચ્છા થઇ. આથી તેમણે ગુરૂમહારાજની આજ્ઞાથી ચૈત્રવાલીય ગચ્છવાળા તથા મહાવૈરાગ્યવાન્ એવા દેવભદ્રજી ઉપાધ્યાયની સહાયતાથી પોતાના ગચ્છનો ક્રિયોદ્ધાર કર્યો. વળી તેમણે ચિત્તોડની રાજધાની અઘાડમાં બત્રીસ દિગંબરી આચાર્યો સાથે ધર્મવાદ કર્યો; અને તેમાં તેમણે પોતાની વિદ્યાના બળથી તે સઘળા દિગંબર આચાર્યોનો પરાજય કર્યો; આથી ત્યાંના રાજાએ ખુશી થઇને તેમને 'હિરલા' એવું બિરૂદ આપ્યું; અને તેથી તે હીરલા જગચ્ચંદ્રસૂરિના નામથી પ્રસિદ્ધ થયા છે. વળી તેમણે છેક જીવિત

પર્યંત આંબિલ તપ કરવાનું નિયમ લીધું હતું, અને એવી રીતે તપસ્યા કરતાં થકાં જ્યારે તેમને બાર વર્ષ વીતી ગયાં, ત્યારે ચિત્તોડના રાજાએ વિક્રમ સંવત ૧૨૮૫માં તેમને તપાનું બિરૂદ આપ્યું, તેથી પૂર્વથી ચાલ્યા આવતા વડગચ્છનું નામ ત્યારથી તપાગચ્છ પડ્યું. એવી રીતે આ શ્રી જગચ્ચંદ્રસૂરિજી મહાપ્રભાવિક થયેલા છે.

---

## રત્નપ્રભસૂરિ, વિક્રમ સંવત ૧૨૩૮.

આ મહાન્ ન્યાયપારગામી શ્રી રત્નપ્રભસૂરિજી વડગચ્છમાં થયેલા અને મહારાજા સિદ્ધરાજની સભામાં દિગંબરોનો પરાજય કરનારા એવા શ્રી દેવસૂરિજીના શિષ્ય ભદ્રેશ્વરસૂરિના શિષ્ય હતા; અને તે વિક્રમ સંવત ૧૨૩૮માં વિદ્યમાન હતા. તેમણે ધર્મદાસગણિજીએ રચેલી ઉપદેશમાળાપર મનોહર ટીકા રચેલી છે, તેમ શ્રી દેવસૂરિજી મહારાજે રચેલા સ્યાદ્વાદ રત્નાકરપર અત્યંત ગહન અને વિદ્વાનોને ચમત્કાર ઉપજાવનારી ન્યાયથી ભરપૂર રત્નાકરઅવતારિકા નામની ટીકા રચેલી છે આ શ્રી રત્નપ્રભસૂરિજીનું જ્ઞાન અપાર હતું, એમ તેમની તે ટીકા ખુલ્લી રીતે સૂચવી આપે છે.

---

## પદ્મદેવસૂરિ, વિક્રમ સંવત ૧૨૪૦ થી ૧૨૯૨.

આ શ્રી **પદ્મદેવસૂરિજી** મહારાજ વિક્રમ સંવત ૧૨૪૦ થી ૧૨૯૨ સુધીમાં વિદ્યમાન હતા; અને તે **માનતુંગસૂરિજી**ના શિષ્ય હતા. તેમનું વૃત્તાંત એવું છે કે, મારવાડ દેશમાં આવેલા **પાલી** નામના નગરમાં એક **સીદ** નામે જૈનધર્મી ધનાઢ્ય પોરવાડ જ્ઞાતિનો શ્રાવક વસતો હતો, તેને **વીરદેવી** નામે સ્ત્રી હતી; અને તેઓને **પૂર્ણદેવ** નામે પુત્ર હતો. તે પૂર્ણદેવને **વાહલવી** નામે સ્ત્રી હતી; તે વાહલવીને જૈનધર્મપર ઘણીજ પ્રીતિ હતી; તેથી તેણીએ વિજયસિંહસૂરિજી પાસે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો; તથા ઉપધાન વહ્યાં હતાં. આ બન્ને સ્ત્રીભરતારને આઠ પુત્રો હતા. તેઓમાં પેહેલાનું નામ **બ્રહ્મદેવ** અને તેની સ્ત્રીનું નામ **પોહિની** હતું. તે બ્રહ્મદેવે ચંદ્રાવતી નગરીમાં ઘણું દ્રવ્ય ખર્ચીને એક સુંદર જૈનમંદિર બંધાવ્યું હતું. તથા તેની સ્ત્રી પોહિનીએ પણ કેટલુંક દ્રવ્ય ખરચીને જૈનશાસ્ત્રો લખાવ્યાં હતાં. હવે તેઓમાંના ત્રીજા પુત્રનું નામ **બાહુદેવ** હતું, અને તેણે વૈરાગ્યથી દીક્ષા લીધી હતી; તથા પોતાનું સર્વ દ્રવ્ય તેણે જૈનપુસ્તકો લખાવવામાં ખરચ્યું હતું; અને દીક્ષા લીધા બાદ તેમનું પદ્મદેવસૂરિ નામ હતું.

---

## માણિક્યચંદ્રસૂરિ, વિક્રમ સંવત ૧૨૭૬.

આ શ્રી માણિક્યચંદ્રસૂરિ કોટિક ગણની વજ્રશાખાના રાજગચ્છમાં થયેલા શ્રી સાગરચંદ્રસૂરિજીના શિષ્ય હતા. અને તે વિક્રમ સંવત ૧૨૭૬ માં વિદ્યમાન હતા. તેમણે તે સાલમાં દિવ બંદરમાં ચતુર્માસ રહીને પાર્શ્વનાથ ચરિત્ર રચ્યું છે; વળી તેમણે કાવ્યપ્રકાશ સંકેત, તથા નલાયન નામના ગ્રંથો રચ્યા છે. તેમણે પાર્શ્વનાથ ચરિત્ર કેવી રીતે રચ્યું? તે વિષેનું વૃત્તાંત એવું છે કે, કુમારપાળ રાજાની સભામાં ભિલ્લમાલ નામના કુળમાં ઉત્પન્ન થયેલા **વર્ધમાન** નામે એક માનીતા ગૃહસ્થ હતા. તેમને **માઉ** નામની એક ગુણવાન્ સ્ત્રી હતી. તેણીની કુક્ષિએ **ત્રિભુવનપાળ, મલ્હ** અને **દેહડ** નામના ત્રણ પુત્રોનો જન્મ થયો હતો. તેમાંના દેહડને **પાલ્હન** નામે એક પુત્ર હતો, અને તે કવિત્વશક્તિમાં ઘણો હુશીયાર હતો. એક વખતે તે દેહડ પોતાના પુત્ર પાલ્હનને લેઇને માણિક્યચંદ્રસૂરિજી પાસે આવ્યો; અને આચાર્યજીને કહ્યું કે, આપના પૂર્વજો શ્રી પ્રદ્યુમ્નસૂરિજીએ તથા શ્રી અભયદેવસૂરિજીએ મહાન્ ગ્રંથો રચ્યા છે; તો આપ પણ કોઇક તેવો ગ્રંથ રચો? તે સાંભળી આ મહાવિદ્વાન્ શ્રી માણિક્યચંદ્રસૂરિજીએ પાર્શ્વનાથચરિત્ર નામનો ગ્રંથ રચ્યો.

---

## જિનપતિસૂરિ, વિક્રમ સંવત ૧૨૩૩.

આ શ્રી જિનપતિસૂરિ ખડતર ગચ્છમાં થયેલા શ્રી જિનચંદ્રસૂરિજીના શિષ્ય હતા; તેમણે જિનેશ્વરસૂરિજીએ રચેલા પંચલિંગી પ્રકરણ પર ટીકા, ચર્ચરીક સ્તોત્ર, સંઘપટાપર મોટી ટીકા, અને સામાચારિપત્ર નામના ગ્રંથો રચ્યા છે. જિનપ્રભસૂરિજીએ રચેલા તીર્થકલ્પમાં કહ્યું છે કે, જિનપતિસૂરિજીએ વિક્રમ સંવત ૧૨૩૩માં કલ્યાણ નામના નગરમાં શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા કરેલી છે.

---

## ધર્મઘોષસૂરિ (અંચલગચ્છી), વિક્રમ સંવત ૧૨૬૩.

આ શ્રી ધર્મઘોષસૂરિજી મહારાજ અંચળ ગચ્છમાં થયેલા શ્રી જયસિંહસૂરિજીના શિષ્ય હતા. તેમણે વિક્રમ સંવત ૧૨૬૩માં શતપદિકા નામનો ગ્રંથ રચ્યો છે. તેમના શિષ્ય મહેંદ્રસૂરિજીએ વિક્રમ સંવત ૧૨૯૪માં તે ગ્રંથપર વિવરણ રચ્યું છે. વળી તેજ ગ્રંથપરથી મેરૂતુંગસૂરિજીએ શતપદિસારોદ્ધાર નામનો પણ ગ્રંથ રચ્યો છે. તેની પ્રશસ્તિમાં તે લખે છે કે, આ ધર્મઘોષસૂરિજીને જન્મ

વિક્રમ સંવત ૧૨૦૮માં મારવાડ દેશમાં આવેલા **મહાપુર** ગામમાં થયો હતો; તેમના પિતાનું નામ **ચંદ્ર** અને માતાનું નામ **રાજલદે** હતું. વળી મેરૂતુંગસૂરિજી કહે છે કે, આ શ્રી ધર્મઘોષસૂરિજીએ શાકંભરી નામની નગરીના રાજા પ્રથમ રાજાને પ્રતિબોધીને જૈની કર્યો હતો.

---

## અમરચંદ્રસૂરિ, વિક્રમ સંવત ૧૨૬૫.

આ શ્રી અમરચંદ્રસૂરિજી વાયટ ગચ્છમાં થયેલા શ્રી જિનદત્તસૂરિના શિષ્ય હતા. તેમણે ચતુર્વિંશતિ જિનચરિત્ર (અથવા પદ્માનંદાભ્યુદય મહાકાવ્ય) બાલ-મહાભારત કાવ્ય, કવિ શિક્ષાવૃત્તિ સહિત કાવ્યકલ્પલતા તથા છંદોરત્નાવલી વિગેરે ઘણા ઉત્તમ ગ્રંથો રચેલા છે, તેમની શીઘ્રકવિત્વશક્તિથી ગુજરાતના રાજા વિશળદેવે આશ્ચર્ય પામીને તેમને ખુશીથી કવિવેણીકૃપાણનું બિરૂદ આપ્યું હતું. તેમની વિદ્વત્તા ઘણા ઉંચા પ્રકારની હતી.

# પ્રકરણ ૧૮ મું.

## સાજનદે અને મહારાજા સિદ્ધરાજજયસિંહ, તથા હેમચંદ્રાચાર્યની દીક્ષા.

### સાજનદે અને મહારાજા સિદ્ધરાજજયસિંહ.

ગુજરાતમાં આવેલા ઉંદિરા નામના ગામમાં **સાજનદે** નામનો એક વણિક્ વસતો હતો. દૈવયોગે નિર્ધન થવાથી તે ખંભાતમાં ગયો. માર્ગમાં **સકરપુર** નામના ગામમાં એક રંગારી ભાવસારના ઘરમાં તે ઉતર્યો તે ઘર પાસે તેણે એક સોનામોહોરોથી ભરેલી કડા જોઇને તે રંગારીને તેણે કહ્યું કે, આ દ્રવ્ય તમારૂં છે, માટે તમો તે ગ્રહણ કરો? તે સાંભળી તે રંગારીએ વિચાર્યું કે, આ દ્રવ્ય ખરેખર આ સાજનદેના ભાગ્યનું છે; કેમકે મેં તેની ઘણી શોધ કર્યા છતાં પણ તે મને મળ્યું નહીં. પછી તેણે સાજનદેને કહ્યું કે, આ દ્રવ્ય મારા ભાગ્યનું નથી, પરંતુ તમારા ભાગ્યનું છે, માટે તમો તે ગ્રહણ કરો? પછી તે દ્રવ્ય સાજનદેએ પોતે નહીં લેતાં, તેણે તે મહારાજા સિદ્ધરાજને સમર્પણ કર્યું; ત્યારે સિદ્ધરાજે પણ તેને શુદ્ધ શ્રાવક જાણીને તેની પ્રશંસા કરીને તેને સોરઠ દેશના સૂબા તરિકે સ્થાપ્યો. એક વખતે તે સાજનદે ગિરનારજીના પવિત્ર પર્વતપર ચડયો, પણ ત્યાં શ્રી નેમિનાથ પ્રભુ આદિકના જિનમંદિરોને જીર્ણ થયેલાં જોઇ તેને સંતાપ થયો; અને વિચાર્યુ કે, જો હું આ જિનમંદિરોનો ઉદ્ધાર ન કરાવું તો ખરેખર મારા જીવતરને ધિક્કાર છે. એમ વિચારી સોરઠ દેશની ઉપજ તરીકે આવેલી સાડીબાર ક્રોડ સોનામોહોરો ખરચીને તેણે ત્યાં જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. પછી તેણે વિચાર્યું કે, રાજાનું દ્રવ્ય ખરચીને મેં આ જીર્ણોદ્ધાર તો કરાવ્યો, પણ તેથી જો કદાચ રાજા ગુસ્સે થશે, અને તે દ્રવ્ય જો પાછું માગશે, તો તેનો ઉપાય પેહેલેથી શોધી રાખવો જોઇએ, કે જેથી આગળ જતાં પશ્ચાત્તાપ થાય નહીં; એમ વિચારી તે વણ-

થલી નામના ગામમાં આવ્યો; તે ગામમાં ઘણા લક્ષાધિપતિ જૈનો રહેતા હતા; તે જૈનશાહુકારોને બોલાવી તેણે સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું; ત્યારે કેટલા કૃપણો માંહોમાંહે એકબીજાના કાનમાં વાતો કરવા લાગ્યા કે, સાજનદેને આવું સાહસ કરવું યોગ્ય ન હતું. પેહેલાં વિચાર કર્યા વિનાજ રાજાનું દ્રવ્ય ખરચી હવે જે ભીખ માગવા આવ્યો છે, તેથી તેને શું શરમ થતી નથી? કેટલાક ગંભીર માણસોએ વિચાર્યું કે, ખરેખર આ સાજનદે પુણ્યશાળી છે; તેણે ઉત્તમ પુણ્યનું કાર્ય કર્યું છે, માટે તેમાં આપણે મદદ કરવી જોઇયે; એમ તે સર્વ શાહુકારો વિચાર કરતા બેઠા હતા, એટલામાં એક **ભીમ** નામનો શેઠ ત્યાં આવી ચડ્યો; તેના શરીરપર મેલાં અને ફાટાં તુટાં કપડાં હતાં; તેને પગમાં પેહેરવાને પગરખાં પણ નહોતાં; પછી તે સર્વ શાહુકારોને પ્રણામ કરી તેણે કહ્યું કે, હે મહાજનો! આપ અહીં શામાટે એકઠા થયા છો? ધર્મના કાર્ય માટે જો કંઇ દ્રવ્યનો ખપ હોય તો મને પણ ફરમાવશો, હું પણ મારી શક્તિ મુજબ આપીશ. તે સાંભળી કેટલાકોએ તો તે બિચારાની હાંસી કરી. પછી તે સાજનદેને પોતાને ઘેર લેઇ ગયો, તથા ત્યાં તેને ભોજન કરાવી સોનામોહોરોના ઢગલા બતાવી કહ્યું કે, આમાંથી તમારે જોઇયે તેટલી લ્યો? ત્યારે સાજનદેએ કહ્યું કે, હે શેઠજી! હાલ તો તેનો મારે ખપ નથી, પરંતુ જો રાજા માગશે, તો તે વખતે હું તે લઇશ; એમ કહી તે સાજનદે પોતાને સ્થાનકે ગયો. એવામાં કોઇક ચુગલખોરે સિદ્ધરાજ પાસે ચાડી કરી કે, હે સ્વામી! સાજનદેએ આપનું સઘળું દ્રવ્ય એક જિનમંદિર બાંધવામાં ખરચીને પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું છે. તે સાંભળી ક્રોધાયમાન થયેલા સિદ્ધરાજે પોતાના માણસોને હુકમ કર્યો કે, તમો તે સાજનદેને બાંધીને અહીં મારી પાસે લાવો. ત્યારે તે માણસોએ સોરઠમાં જઇ સાજનદેને કહ્યું કે, રાજા તમોને બોલાવે છે, માટે તુરત ચાલો? ત્યાં કોઈ ચુગલખોરે તમારી ચાડી કરી છે; એમ કહી સઘળું વૃત્તાંત તેઓએ તેને કહી બતાવ્યું. ત્યારે સાજનદેએ વિચારીને તેઓને કહ્યું કે, તમો રાજાને જઇ કહો કે, હાલ અહીં રાજ્યનું કામ છોડીને આવી શકાય તેમ નથી, માટે જો આપને દ્રવ્યની ઇચ્છા હોય તો અહીં પધારી સુખેથી લઇ જાઓ? પછી તે માણસોએ ત્યાં જઇ સિદ્ધરાજને તે હકીકત કહેવાથી તેને ઉલટો વધારે ગુસ્સો ચડ્યો; અને તેથી તે લશ્કર લઇને સોરઠમાં આવ્યો, ત્યારે સાજનદે પણ તેમની સન્મુખ આવ્યો, તથા નજરાણા તરિકે ઘણું દ્રવ્ય રાજા પાસે મૂકીને રાજાને પગે પડ્યો; પરંતુ ક્રોધાતુર રાજાએ તો તેની સન્મુખ પણ જોયું નહીં; છેવટે ભ્રકુટી ચડાવી રાજાએ કહ્યું કે, આ સોરઠ દેશની ઉપજ ક્યાં છે? તેનો હિસાબ આપો?

ત્યારે સાજનદેએ હાથ જોડીને કહ્યું કે, હે સ્વામી! તે સઘળું દ્રવ્ય હું આપને સમર્પણ કરીશ; પરંતુ સેવકની વિનંતિ સ્વીકારીને પ્રથમ આપ આ તીર્થાધિરાજની યાત્રા કરી આ દુર્લભ મનુષ્ય જન્મને સફળ કરો? તે સાંભળી શાંત થયેલો રાજા મનના ઉલ્લાસપૂર્વક ગિરનારપર ચડયો ત્યાં ઇંદ્રભુવન સરખાં મનોહર જિનમંદિરને જોઇ તેને ઘણોજ ઉલ્લાસ થયો; અને તે ઉલ્લાસના આવેશમાંજ તે બોલી ઉઠયો કે, ધન્ય છે તેના માતાપિતાને કે જેણે આવાં મનોહર જિનમંદિરનો ઉદ્ધાર કર્યો છે. અવસર આવ્યો જાણીને સાજનદેએ પણ કહ્યું કે, ધન્ય છે તે મીણલમાતાને તથા કરણ મહારાજાને કે જેમના પુત્રે આવાં મનોહર જિનમંદિરનો ઉદ્ધાર કર્યો છે. તે સાંભળી આશ્ચર્ય પામી સિદ્ધરાજે જ્યારે સાજનદે તરફ જોયું ત્યારે તેણે હાથ જોડીને કહ્યું કે, હે સ્વામી આપની સોરઠ દેશની ઉપજનું દ્રવ્ય આ જિનમંદિરનો ઉદ્ધાર કરવામાં વાપર્યું છે; માટે હવે જો આપને તે દ્રવ્ય લેવાની ઇચ્છા હોય તો હું આપને તે સઘળું દ્રવ્ય આપું. તે સાંભળી ખુશી થયેલા સિદ્ધરાજે કહ્યું કે, હે મંત્રીરાજ! તેં મારૂં દ્રવ્ય અત્યંત શુભ માર્ગે ખરચીને ખરેખર આ જગતમાં મારૂં નામ અમર કર્યું છે; અને ચુગલખોરનાં વચનોથી મને તમારા તરફ જે ગુસ્સો થયો છે, તે માટે મને માફ કરશો. એમ કહી રાજાએ તે ચુગલખોરને તથા તેના જેવા બીજા પણ ચુગલખોરોને એકઠા કરી મહોડે મશી ચોપડાવી ગધેડે બેસાડી ચૌટામાં ફેરવી નગરની બહાર કહાડી મેલ્યા. એવામાં તે ભીમાશાહે આવી સાજનદેને વિનંતિ કરી કે, હે સ્વામી! જિનમંદિરના જીર્ણોદ્ધાર માટે આપ આ દ્રવ્ય ગ્રહણ કરો? ત્યારે સાજનદેએ તેમને કહ્યું કે, હે શેઠજી! હવે આપના દ્રવ્યનો ખપ નથી; આપે ખરેખરો અવસર સાચવીને મારાપર ઉપકાર કર્યો છે. તે સાંભળી ભીમાશાહે કહ્યું કે, હે મંત્રીશ્વર જે દ્રવ્ય મેં નિર્માલ્ય કર્યું છે, તે હવે હું મારા ઉપયોગમાં લેઇશ નહીં. તે સાંભળી સાજનદેએ તે દ્રવ્યનો અમૂલ્ય હાર કરાવી શ્રી નેમિનાથ પ્રભુની મૂર્ત્તિના કંઠમાં પહેરાવ્યો.

---

## હેમચંદ્રાચાર્યજીનો જન્મ તથા તેમની દીક્ષા.

એક સમયે શ્રી દેવચંદ્રસૂરિજી વિહાર કરતા થકા અનુક્રમે **ધંધુકા** નગરમાં પધાર્યા. તે નગરમાં એક **ચાચોશાહ** નામનો મોઢ જ્ઞાતિનો વણિક વસતે હતો. તેને **ચાહરી** નામે એક સૌભાગ્યવંતી સ્ત્રી હતી; એક દહાડો રાત્રિએ તેણીએ એવું સ્વપ્ન જોયું કે, મેં એક અમૂલ્ય ચિંતામણિ રત્ન ગુરૂમહારાજને

સમર્પણ કર્યું. તે સ્વપ્નના ફળ માટે તેણીએ જ્યારે ગુરૂમહારાજને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે, હે શ્રાવિકા! તમોને એક મહાપુણ્યશાળી પુત્ર થશે; પરંતુ તે દીક્ષા લેઇ જૈનધર્મની ઘણીજ ઉન્નત્તિ કરશે, અને જગત્માં ઘણો જશ મેળવશે. એમ કહી ગુરૂમહારાજ તો અન્ય દેશમાં વિહાર કરી ગયા. અહીં તે ચાહરીએ પણ નવ માસ સંપૂર્ણ થયે કાર્તિક શુદિ પુનેમને દિવસે એક મહાતેજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતપિતાએ પણ ઉત્સવપૂર્વક તેનું **ચંગદેવ** નામ રાખ્યું. હવે તે ચંગદેવ જ્યારે પાંચ વર્ષનો થયો, ત્યારે દેવચંદ્રસુરિજી પણ અવસર જાણીને ત્યાં પધાર્યા. તે વખતે ચાહરી પણ સર્વ સંઘની સાથે તેમને વાંદવા માટે પોતાના પુત્ર સહિત આવી. તે સમયે તે ચંગદેવ રમતો રમતો ગુરૂમહારાજના આસનપર ચડી બેઠો. ત્યારે આચાર્ય મહારાજે ચાહરીને કહ્યું કે હે શ્રાવિકા! તમો તે દિવસનું વચન યાદ લાવીને અમોને તમારો આ પુત્ર ભાવસહિત આપી દ્યો? ત્યારે ચાહરીએ કહ્યું કે, હે પુજ્ય! આપ વિચારો કે, મારો સ્વામી મિથ્યાત્વી છે, માટે મારાથી તે પુત્ર આપને શી રીતે અપાય? કેમકે તેમ કરવાથી મારો સ્વામી મારા પર અત્યંત ગુસ્સે થાય. ત્યારે સર્વ સંઘે તે બાઇને કહ્યું કે, તમો તે તમારો પુત્ર ગુરૂમહારાજને આપો? અને તેથી તમોને ઘણા પુણ્યનો લાભ થશે. તે સાંભળી તે ચાહરીએ શરમાઇને પોતાના તે પુત્રને ગુરૂમહારાજને સોંપી દીધો. ગુરૂમહારાજ પણ તે ચંગદેવને લેઇને કર્ણપુરીમાં આવ્યા, અને ત્યાં ઉદયન મંત્રીને ઘેર રહી તે બાળક વિદ્યાભ્યાસ કરતો થકો વૃદ્ધિ પામવા લાગ્યો. હવે અહિં ચાચો શેઠ જ્યારે ઘેર આવ્યો ત્યારે પોતાના પુત્રને નહીં જોવાથી તેણે સ્ત્રીને પુછ્યું કે, આજે ચંગદેવ ક્યાં ગયો છે? ત્યારે સ્ત્રીએ સર્વ હકીકત તેમને કહી સંભળાવી. તે સાંભળી તે ગુસ્સે થઇ પોતાની સ્ત્રીને ગાળો દેવા લાગ્યો, તથા અન્નપાણીનો ત્યાગ કરીને તે ગુરૂમહારાજ પાસે આવ્યો. ત્યાં ગુરૂમહારાજે તેને મિષ્ટ વચનોથી ઉપદેશ આપી શાંત કર્યો; તથા પછી ઉદયન મંત્રીએ તેને પોતાના ઘેર તેડી જઇ ઉત્તમ ભોજન કરાવીને કહ્યું કે, હે શેઠ! આજે આપનો જન્મ સફળ થયો છે, કેમકે આપે આજે ગુરૂમહારાજને પુત્રદાન આપી આપનું નામ અમર કર્યું છે; વળી આ ત્રણ લાખ સોનામોહોરો લેઇને તમો હમેશાં ધર્મકાર્ય કરો? ત્યારે તે ચાચા શાહે કહ્યું કે, મેં ધર્મ માટે પુત્ર આપ્યો છે, મારે તે સોનામોહોરો જોઇતી નથી; એમ કહી શાંત થઇ તે પોતાને ઘેર પાછો ગયો. પછી જ્યારે તે ચંગદેવ નવ વર્ષનો થયો, ત્યારે આચાર્યજીએ તેને યોગ્ય જાણી દીક્ષા આપીને તેમનું સોમદેવ નામ રાખ્યું.

# પ્રકરણ ૧૯ મું.

## (હેમચંદ્રજીને સૂરિપદ, હેમચંદ્રજી અને સિદ્ધરાજ, સિદ્ધરાજ અને કુમારપાળ, કુમારપાળે ભોગવેલાં સંકટો).

### હેમચંદ્રજીને સૂરિપદ, વિક્રમ સવત ૧૧૬૬.

એક વખતે તે **સોમદેવ મુનિ** વિહાર કરતા કરતા **નાગપુરમાં** ગુરૂમહારાજની સાથે પધાર્યા. તે નગરમાં એક **ધનદ** નામે વણિક રહેતો હતો. તે પૂર્વભવના કર્મના ઉદયથી નિર્ધન થયો હતો. એક સમયે તેણે ઘરની જમીન ખોદવાથી તેમાંથી કોલસાનો ઢગલો નિકળ્યો, તે કોલસા તેણે કહાડીને પોતાના આંગણા આગળ તેનો ઢગલો કરી રાખ્યો હતો. એક દિવસે ત્યાં તે સોમદેવ મુનિ ગુરૂ સાથે ગોચરી માટે તે ધનદને ઘેર આવ્યા; ત્યારે ધનદે દિલગીરીથી કહ્યું કે, હે ભગવન્! મારા નિર્ધનના ઘરમાં તો આ વખતે જુવારની ઘેંસ રાંધી છે, તે આપને દેતાં મને શરમ આવે છે; ત્યારે સોમદેવ મુનિએ ગુરૂમહારાજને ગુપ્ત રીતે કહ્યું કે, આ વણિકના આંગણામાં તો સોનામોહોરોનો ઢગલો પડ્યો છે, છતાં તે પોતાને નિર્ધન કેમ જણાવે છે? ત્યારે ગુરૂમહારાજે જાણ્યું કે, આ સોમદેવ મુનિનાસ્પર્શથી ખચિત આ કોલસાનો ઢગલો સોનામોહોરોનો થશે, એમ વિચારી તેમણે તે ઢગલાપર સોમદેવ મુનિને બેસવાનું કહ્યું, અને તેમ કર્યાથી તુરત તે કોલસાનો ઢગલો સોનામોહોરોનો થઈ ગયો. તે જોઇ ધનદ ઘણો ખુશી થયો; અને ગુરૂમહારાજને વિનંતિ કરવા લાગ્યો કે, આ સોમદેવ મુનિના પ્રભાવથી હું ધનપાત્ર થયો છું, માટે આ મુનિરાજને આપ અહિં આચાર્ય પદ્વી આપો? અને તે માટેનો સઘળો મહોત્સવ હું કરીશ; પછી ગુરૂમહારાજે પણ તે સોમદેવ મુનિરાજને યોગ્ય જાણી ત્યાં મહોત્સવપૂર્વક આચાર્ય પદ્વી આપીને તેમનું **હેમચંદ્રાચાર્ય** નામ પાડ્યું.

## હેમચંદ્રજી અને મહારાજા સિદ્ધરાજજયસિંહ.

એક વખતે આ શ્રી હેમચંદ્રજી મહારાજ તથા સિદ્ધરાજનો મેળાપ થયો; તથા વાતચિત થવાથી સિદ્ધરાજને હેમચંદ્રજીપર ઘણી પ્રીતિ થઇ; તેથી તેણે હેમચંદ્રજીને કહ્યું કે, આપે હમેશાં મારી સભામાં આવી મને ધર્મોપદેશ કરવો; તેથી હેમચંદ્રજી પણ હમેશાં રાજાની સભામાં પધારીને તેમને ધર્મનો ઉપદેશ દેવા લાગ્યા. સિદ્ધરાજે તેમનો ધર્મોપદેશ સાંભળીને શિકાર કરવાનો ત્યાગ કર્યો, તથા દર વર્ષે ધર્મકાર્ય માટે એક ક્રોડ સોનામહોરો તે ખરચવા લાગ્યો. ત્યારબાદ શ્રી હેમચંદ્રજી મહારાજે સંસ્કૃત ભાષાનું એક અત્યંત શ્રેષ્ટ વ્યાકરણ બનાવ્યું, તે જોઇ સિદ્ધરાજે ખુશી થઇ, તે પુસ્તકને હાથીની અંબાડીપર પધરાવી તેનો મહોટો ઉત્સવ કર્યો.

## સિદ્ધરાજ અને કુમારપાળ.

કુમારપાળ સિદ્ધરાજનો પિત્રાઇ થતો હતો, અને તે મહાગુણવાન્ માણસ હતો; અને વારંવાર તે હેમચંદ્રજી મહારાજ પાસે આવી તેમનો ઉપદેશ સાંભળતો હતો. હવે સિદ્ધરાજને પુત્ર નહોતો, તેથી તે વારંવાર ચિંતાતુર રહેતો હતો; એક વખતે તેણે હેમચંદ્રજી મહારાજ પાસે આવીને પૂછયું કે, હે મુનીંદ્ર! મને પુત્ર થશે કે નહીં? તે આપ જોવું હોય તેવું મને કહો, તેજ વખતે હેમચંદ્રજી મહારાજે અંબાદેવીનું ધ્યાન ધર્યું; ત્યારે તેણીએ કહ્યું કે, તેને પુત્ર થશે નહીં. પછી આચાર્યજીએ સિદ્ધરાજને કહ્યું કે, હે રાજન્! તમોને પુત્ર થશે નહીં; અને તમારૂં આ સઘળું રાજ્ય કુમારપાળ ભોગવશે. તે સાંભળી સિદ્ધરાજને મનમાં ઘણો ખેદ થયો, પરંતુ તે વાત તેણે કોઇની પાસે પણ પ્રકાશી નહીં. છેવટે રાજસભામાં આવી બીજા કેટલાક જોષીઓને બોલાવી પૂછયાથી તેઓએ પણ કહ્યું કે, હે સ્વામી! આપને પુત્ર થશે નહીં; અને આપના રાજ્યનો માલિક કુમારપાળ થશે. તે સાંભળી સિદ્ધરાજ તો અત્યંત ઉદાસ થયો. પછી છેવટે તેને એવી દુર્બુદ્ધિ આવી કે, હવે જો હું કુમારપાળને હણું તો મને પુત્ર થશે, એમ વિચારી તે કુમારપાળને મારવાનો ઉપાય શોધવા લાગ્યો; પરંતુ કુમારપાળનું પુણ્ય પ્રબળ હોવાથી સિદ્ધરાજના તે સર્વ ઉપાયો ફોગટ ગયા. છેવટે કુમારપાળને તે બાબતની ખબર મળવાથી તે દેશાંતરમાં નાશી ગયા, અને પોતાના બનેવી કૃષ્ણદેવને ત્યાં ગુપ્તપણે રહ્યા.

## કુમારપાળે ભોગવેલાં સંકટો.

એવી રીતે કેટલાક દિવસ સુધી ત્યાં ગુપ્તપણે રહેવા બાદ સિદ્ધરાજને તેની ખબર મળવાથી તેને મારવા માટે ત્યાં તેણે પોતાના સુભટોને મોકલ્યા; પરંતુ કુમારપાળને પ્રથમથીજ તે ખબર મળવાથી તે યોગીનો વેષ લેઇ ત્યાંથી ભાગી પાટણમાં આવી યોગીઓની જમાતમાં રહેવા લાગ્યા. એવી રીતે કેટલાક દિવસ વીત્યા બાદ વળી દૈવયોગે સિદ્ધરાજને ખબર મળ્યા કે, કુમારપાળ અહિં યોગીઓની જમાતમાં છે. તેથી સિદ્ધરાજે તે સર્વ યોગીઓને ભોજન માટે તેડ્યા, અને એક પછી એક એમ સર્વના તે પોતે પગ ધોવા લાગ્યો; એવામાં પગમાં રાજચિન્હ-વાળા કુમારપાળને તેણે ઓળખી કહાડ્યો, પછી પોતાના સુભટોને તેણે હુકમ કર્યો કે, હવે તમારે આ યોગીઓને અહિંથી જવા દેવા નહીં; એમ કહી તેણે છુપી રીતે રસોઇયાને વિષ મિશ્રિત ભોજન તૈયાર કરવાનો હુકમ કર્યો. રાજાની આ ચેષ્ટા-થી કુમારપાળ ચેતી ગયા કે, આજે ખરેખર આપણું હવે મૃત્યુ થશે; તોપણ બની શકે ત્યાંસુધી છુટવાનો પ્રયત્ન કરવો; એમ વિચારી તેણે પોતાના ગળામાં આંગળી-ઓ ખોસી વમન કરીને પોતાનું આખું શરીર ખરડી મેલ્યું, આથી બીજા યોગીઓને સુગ થવાથી તેઓએ તેને ત્યાંથી કહાડી મેલ્યો; એવી રીતે પોતાનો છુટકારો થવા-થી તે કુમારપાળ ત્યાંથી ભાગીને એક **આલિંગ** નામના કુંભારને ઘેર પહોંચ્યો. એવામાં રાજા ઝેરવાળું ભોજન તૈયાર કરીને આવ્યો, પરંતુ ત્યાં કુમારપાળને નહીં જોઇને તે સુભટોપર ગુસ્સે થયો, અને ગમે ત્યાંથી તે યોગીને શોધી લાવવાનો તેણે પોતાના સુભટોને હુકમ કર્યો. ત્યારે તે સુભટો પણ તેના પગલાં જોતાં જોતાં આલિંગ કુંભારને ઘેર ગયા; પરંતુ કુંભારે પ્રથમથીજ કુમારપાળને પોતાના નિભાડામાં છુપાવ્યો હતો. સુભટોએ કુંભારને ધમકી આપી, પરંતુ ત્યાં તે યોગી નહીં મળવાથી તેઓ નિરાશ થઇને પાછા ગયા. ત્યારે સિદ્ધરાજે બહુજ ગુસ્સે થઇ તેઓને કહ્યું કે, અરે! દુષ્ટો! તમો પાછા જાઓ? અને તેને શોધી લાવીનેજ તમો મને તમારૂં મુખ દેખાડજો? તે સાંભળી તેઓ પાછા તે કુંભારને ઘેર આવવા લાગ્યા, પરંતુ કુંભારને તેની ખબર પડવાથી તેણે કુમારપાળને કહ્યું કે, હે રાજકુ-માર! હવે તમો અહિંથી તુરત નાશી જાઓ? હવે મારાથી તમારૂં રક્ષણ થશે નહીં. તે સાંભળી કુમારપાળ તેનો ઉપકાર માની ત્યાંથી નાશીને એક **ભીમ** નામના ખેડુના ખેતરમાં છુપાયો. તે ખેડુએ પણ તેને એક ખાડામાં સંતાડી તેપર ઝાંખ-રાં નાખ્યાં. સિદ્ધરાજના માણસો પણ જોતા જોતા ત્યાં આવી લાગ્યા તથા ખેડુને ધમકી આપી ખેતરમાં તપાસવા લાગ્યા; તેઓએ તે ઝાંખરાંના ઢગલાપર પણ

ભાલાંની અણીઓ ખોસી, પરંતુ મહાપરાક્રમી કુમારપાળ કંઇ પણ હલ્યાચલ્યા વિના ખાડામાં બેશી રહ્યા, તથા તેમના પુણ્યબળથી તેમને જરા પણ ઇજા ન થઈ. છેવટે તે માણસો નિરાશ થઇ ત્યાંથી પાછા ચાલ્યા ગયા. ત્યારબાદ કુમારપાળ તે ખેડુતને પ્રત્યુપકાર કરવાનો કોલ આપી ત્યાંથી પરદેશ પ્રત્યે ચાલતા થયા. આગળ ચાલતાં વનમાં તેમણે એક ઉંદરને પોતાના દરમાંથી સોનામોહોરો લાવતો જોયો. એવી રીતે અનુક્રમે એકવીસ સોનામોહોરો બહાર લાવીને તે ઉંદર ત્યાં અત્યંત હર્ષથી નાચવા લાગ્યો; ત્યારે કુમારપાળે તે સઘળી સોનામોહોરો લઇલીધી. પછી જ્યારે તે ઉંદર બહાર આવ્યો, અને પોતાની સોનામોહોરો તેણે ન જોઈ ત્યારે તે ત્યાં પોતાનું મસ્તક પછાડીને મૃત્યુ પામ્યો. તે જોઇ કુમારપાળને મનમાં ખેદ થયો કે, અરે ! મેં પાપીએ આ ઉંદરના પ્રાણ લીધા. ત્યાંથી કુમારપાળ તો આગળ ચાલ્યા, ત્યાં તેમને ત્રણ દિવસો સુધી કંઈપણ ભોજન મળ્યું નહીં. એવામાં કોઇક શાહુકારની સ્ત્રી તેમને વનમાં મળી; તેણીએ કુમારપાળને ઉત્તમ પુરૂષ જાણીને ભોજન કરાવ્યું, ત્યારે કુમારપાળે ખુશી થઇને તેણીને કહ્યું કે, જ્યારે મને રાજ્ય મળશે, ત્યારે હું તમારે હાથે તિલક કરાવીશ. ત્યાંથી નીકળી કુમારપાળ દહીંથળી ગામમાં આવ્યા, તે વખતે સિદ્ધરાજના માણસો પણ તેમને શોધતા શોધતા ત્યાં આવી ચડ્યા; પરંતુ ત્યાં **સાજન** નામના કુંભારે તેમને પોતાના ઇંટોના નિભાડામાં છુપાવવાથી તે બચી ગયા. ત્યાંથી નીકળી કુમારપાળ ખંભાત પાસે આવ્યા; તે વખતે તેમને શુભ શુકન થયાં. એવામાં હેમચંદ્રજી મહારાજ પણ દેહચિંતા માટે શહેર બહાર આવ્યા હતા, તેમણે કુમારપાળને ઓળખ્યા. કુમારપાળે પણ આચાર્યજીને ઓળખીને કહ્યું કે, હે ભગવન્! મેં ઘણું કષ્ટ સહન કર્યું, હવે મારાં તે કષ્ટનો ક્યારે અંત આવશે? ત્યારે આચાર્યજીએ નિમિત્ત જોઇ તેમને કહ્યું કે, હવે તમોને થોડી મુદ્દતમાંજ રાજ્ય મળશે. એવામાં ત્યાં ઉદયન મંત્રી આવી ચડ્યો, તેને આચાર્યજીએ કહ્યું કે, આ રાજકુમારનું તમારે રક્ષણ કરવું, કેમકે આ રાજકુમારથી આગળ જતાં જૈન શાસનનો ઘણો મહિમા થવાનો છે. પછી ઉદયન મંત્રી કુમારપાળને પોતાને ઘેર લેઈ ગયો. એવામાં સિદ્ધરાજને ખબર મળ્યા કે, કુમારપાળ તો ઉદયન મંત્રીને ઘેર છે; તેથી ત્યાં તેણે પોતાનું લશ્કર મોકલ્યું. ત્યારે ઉદયન મંત્રીએ કુમારપાળને કહ્યું કે, હવે આ સમયે તમો અહિંથી ચાલ્યા જાઓ નહીંતર આપણા બન્નેનું મૃત્યુ થશે. તે સાંભળી કુમારપાળ ત્યાંથી નાસીને હેમચંદ્રજી પાસે આવ્યા; ત્યારે હેમચંદ્રજીએ તેમને ઉપાશ્રયના ભોંયરામાં છુપાવ્યા, તથા ઉપર પુસ્તકો ખડકી મૂક્યાં. કુમારપાળની શોધ માટે આવેલા સિદ્ધરાજના માણસોએ ઉદયન મંત્રી તથા

હેમચંદ્રજીને ત્યાં ઘણી તપાસ કરી, પરંતુ ત્યાં પત્તો ન મળવાથી તેઓ નિરાશ થઇ પાછા ગયા. પછી ત્યાંથી નીકળીને કુમારપાળે વિદેશમાં ભ્રમણ કરવા માંડ્યું, તથા ત્યાં તેમને ઘણું કષ્ટ સહન કરવું પડ્યું. એક વખતે ત્રણ દિવસ સુધી તેમને બિલકુલ ભોજન મળ્યું નહીં, તેથી તેમણે વિચાર્યું કે, હવે આજે જો ખાવાનું નહીં મળે તો હવે મારા પ્રાણ જશે. એવામાં એક કણબણ પોતાના પુત્ર માટે ભાત લઇ ખેતરે જતી હતી, તેણીની પાસે કુમારપાળે ભોજન માગ્યું, પરંતુ તેણીએ નહીં આપવાથી કુમારપાળે તેણીની પાસેથી બળાત્કારે ઝુંટવી લઇ ખાધું. આગળ ચાલતાં કુમારપાળને માર્ગમાં એક જાન મળી, ત્યારે કુમારપાળે વિચાર્યું કે, આ જાનના માણસોની જો હું ચાકરી કરીશ તો મને સુખેથી ભોજન મળશે. એમ વિચારી તેણે તે જાનના સર્વ માણસોને પાણી ભરીને નવરાવ્યાં, તથા તેઓએ ભોજન કરી લીધા બાદ તેઓનાં વાસણો પણ કુમારપાળે માંજ્યાં; આટલી ચાકરી કરતાં છતાં પણ કોઇયે તેમને ભોજન આપ્યું નહીં, તેથી કુમારપાળને ઘણો ક્રોધ ચડ્યો; અને પૂછવાથી માલુમ પડ્યું કે, તે જાન પાટણના રહેવાસી લાડ વાણીઆઓની હતી. પછી તેમણે વિચાર્યું કે, જ્યારે મને રાજ્ય મળશે, ત્યારે હું આ લોકોનું વૈર વાળીશ. એવી રીતે ભુખ્યા તરસ્યા કુમારપાળ તો ત્યાંથી આગળ ચાલ્યા; એવામાં તેમને એક વણિક મળ્યો. તે વણિક પોતાના ખભાપર ઘીની કેટલીક કુડલીઓ લેઇને બહાર ગામ જતો હતો; પછી માર્ગમાં તે વણિકને રસોઈ કરવાની તૈયારી કરતો જોઇને કુમારપાળે તેને બળતણ તથા પાણી લાવી આપ્યું. આથી તે ઉદાર વણિકે રસોઇ કરીને પ્રથમ કુમારપાળને જમાડ્યા, અને પછી પોતે જમ્યો. ત્યારે કુમારપાળે તેની સ્તુતિ કરીને કહ્યું કે, હે ગુણવાન્ વણિક! મારૂં નામ કુમારપાળ છે, અને જ્યારે મને રાજ્ય મળે ત્યારે તું તુરત મારી પાસે આવજે, હું તારી સારી રીતે ભક્તિ કરીશ. એમ કહી કુમારપાળ તો આગળ ચાલ્યા. એવામાં તેમને ખબર મળ્યા કે સિદ્ધરાજ મૃત્યુ પામ્યો; તેથી તે જેમ બને તેમ તુરત પાટણમાં આવ્યા.

# પ્રકરણ ૨૦ મું.

(કુમારપાળને મળેલી રાજગાદી, કુમારપાળ અને હેમચંદ્રાચાર્ય, કુમારપાળે પ્રતિબોધ પામી જૈનધર્મ અંગીકાર કરી કરેલાં ધાર્મિક કામો.)

## કુમારપાળને મળેલી રાજગાદી.

સિદ્ધરાજે પોતાના મરણ સમયે પોતાના મંત્રીઓને બોલાવી કહ્યું હતું કે, જો તમોએ મારૂં નિમક ખાધું હોય તો તમારે કુમારપાળને રાજગાદી આપવી નહીં; પરંતુ મંત્રીઓએ પાછળથી વિચાર કરીને કુમારપાળનેજ રાજગાદી યોગ્ય જાણીને તેનેજ ગાદી આપી. તે વખતે કેટલાક ઘરડા પ્રધાનોને તે વાત પસંદ પડી નહીં, તેથી તેઓ કુમારપાળને મારી નાખવાના ઉપાયો શોધવા લાગ્યા; આ વાતની કુમારપાળને જાણ થવાથી તુરત તેણે તે પ્રધાનોને મારી નખાવ્યા; અને તેના તે ઉપાયથી અનુક્રમે સઘળા કારભારીઓ ડરીને કુમારપાળની આજ્ઞા મુજબ ચાલવા લાગ્યા.

## કુમારપાળ રાજા અને હેમચંદ્રાચાર્ય.

ત્યારબાદ કુમારપાળે પોતાના ઉપકારી ઉદયન મંત્રીને બોલાવી તેના પુત્ર બાહડને મહામંત્રીની પદ્દી આપી; તથા પોતાના સંકટ સમયે જેણે જેણે પોતા-પર ઉપકાર કર્યો હતો, તે સર્વને બોલાવી તેઓને ગામ ગરાસ વિગેરે આપી સંતુષ્ટ કર્યા. જે જગોએ સોનામોહોરોવાળો ઉંદર મરણ પામ્યો હતો, ત્યાં તેણે **ઉંદરાવિ-હાર** નામનું જિનાલય બંધાવ્યું. આટલું છતાં પણ દૈવયોગે પોતાના ખરા ઉપકારી હેમચંદ્રાચાર્યજીને તે વિસરી ગયા. એક સમયે હેમચંદ્રજીએ ઉદયન મંત્રીને બોલા-

વીને કહ્યું કે, આજે કુમારપાળ રાજાની નવી રાણીના મહેલમાં મધ્યરાત્રિએ પ્રાણઘાતક ઉપસર્ગ થવાનો છે, માટે આજે રાજાને ત્યાં જતા અટકાવજો? અને આ બાબતની રાજા જો વધારે પૂછપરછ કરે તો અમારૂં નામ જણાવજો. ઉદયન મંત્રીએ પણ રાજાને રાત્રિએ ત્યાં જતા અટકાવ્યા, અને તેજ રાત્રિએ ત્યાં વીજળી પડવાથી તે રાણીનું મૃત્યુ થયું. તેજ વખતે રાજાએ ઉદયનને બોલાવી પૂછ્યું કે, હે મંત્રી! આવો ભવિષ્યજ્ઞાની માણસ તમોને કોણ મળ્યો? કે જેણે મને આજે જીવિતદાન આપ્યું. ત્યારે મંત્રીએ કહ્યું કે, હે રાજન! અહીં શ્રી હેમચંદ્રાચાર્યજી પધાર્યા છે; અને તેમણે આ વાત મને જણાવ્યાથી મેં આપને ત્યાં જતા અટકાવ્યા છે. તે સાંભળી રાજાએ બહુ ખુશી થઈ આચાર્યજીને રાજસભામાં બોલાવ્યા. હેમચંદ્રજી પણ તુરત ત્યાં ગયા, ત્યારે રાજાએ ઉભા થઇ તેમને વંદન કર્યું; તથા હાથ જોડી આંખોમાં અશ્રુઓ લાવી કુમારપાળે કહ્યું કે, હે ભગવન્! આપને મુખ દેખાડતાં પણ મને લજ્જા થાય છે; કેમકે આજદિનસુધી મેં આપને સંભાર્યા પણ નહીં; આપના ઉપકારનો બદલો મારાથી કોઇ પણ રીતે વળી શકે તેમ નથી. વળી હે પ્રભો! આપે પ્રથમથીજ મારાપર નિઃકારણ ઉપકાર કર્યો છે, અને આપનું તે કરજ હું ક્યારે અદા કરીશ? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, હે રાજન! હવે તમે દિલગિર ન થાઓ? તમને ઉત્તમ પુરૂષ જાણીનેજ મેં ઉપકાર કર્યો છે હવે અમારા ઉપકારના બદલામાં તમો ફક્ત જૈનધર્મ આરાધો? એટલીજ અમારી આશિષ છે; ત્યારે કુમારપાળે કહ્યું કે, હે ભગવન! આપની તે આશિષ તો મને હિતકારી છે; એમ કહી રાજાએ જૈન ધર્મ સ્વીકાર્યો; એક વખતે કુમારપાળને પેલી જાનની વાત યાદ આવવાથી તેમણે લાડ જાતિના સઘળા વણિકોને માર મારી નગરથી બહાર કહાડી મેલ્યા; અને ફક્ત દયા લાવી તેઓને જીવતા મેલ્યા. આ કુમારપાળ રાજાના રાજ્યમાં સર્વ પ્રજા દયાધર્મ પાળવા લાગી. કુમારપાળ રાજાને જૈન ધર્મ પાળતો જોઇને બ્રાહ્મણોને ઇર્ષ્યા થઇ, આથી તેમણે પોતાના મંત્રતંત્રવાદી એવા **દેવબોધ** નામના આચાર્યને બોલાવ્યા. તેની સાથે હેમચંદ્રજીને ઘણા પ્રકારના વાદવિવાદો થયા, પરંતુ છેવટે સર્વ વાદોમાં હેમચંદ્રજીએ તેને હરાવવાથી તે ઝાંખો પડીને ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારબાદ કુમારપાળ રાજાનું જૈન ધર્મમાં દૃઢ ચિત્ત થવાથી તેમણે શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં. એક સમયે કુમારપાળ રાજા જ્યારે કાયોત્સર્ગ ધ્યાનમાં હતા, ત્યારે તેમને પગે એક મંકોડો આવીને ચોટયો. કાઉસગ્ગ પારીને તેમણે તે મંકોડાને ઉખેડવા માંડ્યો, પરંતુ તે ઉખડ્યો નહીં; ત્યારે તે દયાળુ રાજાએ તે જગાએથી પોતાનું તેટલું માંસ છેદાવીને તે

મંકોડાને દૂર કર્યો. કુમારપાળ રાજાએ માળવાના રાજા **અર્ણોરાજને** પણ પોતાનો મિત્ર કરી તેને પ્રતિબોધીને જૈન ધર્મી કર્યો. આ કુમારપાળ રાજાના સમયમાં તેમના મંત્રી બાહડે શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો છે; તથા હેમચંદ્રજી મહારાજે ત્યાં પ્રતિષ્ટા કરી; વળી તે મંત્રીના બીજા ભાઇ અંબડે ભરૂચમાં **શમલિકાવિહાર** નામના જિનમંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, તથા તેમાં શ્રી મુનિસુવ્રત સ્વામિજીની પ્રતિમાની હેમચંદ્રજીએ પ્રતિષ્ઠા કરી. કુમારપાળ રાજાએ હેમચંદ્રજીમહારાજના ઉપદેશથી સર્વ મળી ચૌદ હજાર નવાં જિનમંદિરો બંધાવ્યાં, તથા સોળ હજાર જૈનમંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો. તારંગાજી પર ઘણુંજ ઉંચું વિસ્તારવાળું જૈનમંદિર બંધાવી તેમાં શ્રી અજિતનાથજીની મૂર્તિની સ્થાપના કરી; તથા હેમચંદ્રાચાર્યજીના ચરણોની પણ તેમણે સ્થાપના કરી. ઘણા નિર્ધન શ્રાવકોને તેણે દ્રવ્ય આપી સ્વામિવાત્સલ્ય કર્યો. એવી રીતે અનેક પ્રકારનાં ધર્મકાર્યો કુમારપાળ રાજાએ હેમચંદ્રજી મહારાજના ઉપદેશથી કર્યા. હવે તે કુમારપાળ રાજાનો **અજયપાળ** નામે એક ભત્રિજો હતો, તેણે વિચાર્યું કે, કુમારપાળને પુત્ર નથી, માટે તે આ રાજગાદી પોતાની પુત્રીના પુત્ર પ્રતાપમલ્લને દેશે, અને મને આપશે નહીં; માટે જો હું કુમારપાળને મારી નાખું તો મને રાજગાદી મળે; એવો વિચાર તે હમેશાં કરતો હતો. આ બાજુ હેમચંદ્રજીનો એક બાળચંદ્ર નામે શિષ્ય હતો, તેને તે અજયપાળ સાથે મિત્રાઇ હતી; તેથી તે એમ વિચારતો કે જો અજયપાળને ગાદી મળે, તો હું પણ હેમચંદ્રજીની પેઠે માન પામું. એવામાં કુમારપાળે હેમચંદ્રજીને વિનંતિ કરી કે, હે ભગવન્! આજદિનસુધી મેં મારી શક્તિ મુજબ પુણ્યનાં કાર્યો કર્યાં; પરંતુ જિનપ્રતિમાઓની એક અંજનશલાકા કરવાની મને ઘણી હોંશ છે; ત્યારે આચાર્યજીએ પણ તે માટે અનુમોદન આપ્યું, તેથી રાજાએ સુવર્ણ આદિક ધાતુઓની પ્રતિમાઓ બનાવીને અંજનશલાકા માટે તૈયારી કરી; તથા તે માટેનો મહોત્સવ શરૂ થયો. દૈવયોગે મુહૂર્તના સમયની ખબર રાખવાનું કાર્ય આચાર્યજીએ બાળચંદ્રને સોંપ્યું. તે વખતે ત્યાં અજયપાળ પણ આવી ચડયો. તેને બાળચંદ્રે કહ્યું કે, જો આ સમયે હું મુહૂર્તના વખતમાં ફેરફાર કરી નાખું તો હેમચંદ્રજીનું તથા રાજાનું થોડા સમયમાંજ મૃત્યુ થશે. તે સાંભળી તે દુષ્ટ અજયપાળે પણ તેમ કરવાનું બાળચંદ્રને સમજાવ્યું, અને કહ્યું કે, જો મને રાજ્ય મળશે, તો હું પણ તમોને આ હેમચંદ્રજીની પેઠે ઊંચે દરજ્જે ચડાવીશ. પછી તે દુષ્ટ શિષ્યે તે મુહૂર્તના સમયમાં ફેરફાર કરી નાખ્યો. છેવટે હેમચંદ્રજીને તે બાબતની ખબર પડવાથી તેને કુમારપાળને

કહ્યું કે, આ બાળચંદ્ર કુશિષ્ય નિવડયો છે, અને તે અજયપાળને મળેલો છે; તેથી તેણે મુહૂર્ત્તમાં ફેરફાર કરી અનર્થ કર્યો છે. હવે આપણું બન્નેનું મૃત્યુ નજદીક છે. એવામાં હવે ત્યાં એક યોગી આવી ચડયો; તેણે હેમચંદ્રજીના મસ્તકમાં મણિ જોયો, તેથી તે લેવાની તેણે તદબીર રચવા માંડી. એક દિવસે હેમચંદ્રજી મહારાજનો કોઇક શિષ્ય આહાર લેઇને આવતો હતો, તે આહારની ઝોળીમાં તે યોગીએ હાથચાલાકી વાપરી ઝેર નાખી દીધું; તથા તે શિષ્ય સાથે તે કેટલીક મીઠી વાતો કરીને ચાલ્યો ગયો. તે મુગ્ધ મુનિને તે બાબતની ખબર ન રહેવાથી તે આહાર તેમણે હેમચંદ્રજીને ભોજન માટે આપ્યો; હેમચંદ્રજીએ ભોજન કર્યા બાદ તેમનું શરીર કંપવા લાગ્યું, ત્યારે તુરત તેમણે તે શિષ્યને બોલાવી પૂછયાથી માર્ગમાં મળેલા તે યોગીની હકીકત માલુમ થઇ; જેથી આચાર્યજીએ વિચાર્યું કે, જેમ ભાવી બનનાર હતું તેમ બન્યું છે. પછી તેમણે પોતાના શિષ્યોને બોલાવી કહ્યું કે, જ્યાં મારી ચિતા સળગાવો, ત્યાં મારા મસ્તક નીચે એક દૂધથી ભરેલું પાત્ર રાખજો, જેથી મારા મસ્તકમાં રહેલું મણિ તેમાં પડશે, તે મણિને તમો સાચવીને રાખજો. અને કોઇ પણ રીતે તે મણિને તે યોગીના હાથમાં જવા દેશો નહીં. એમ કહી અનશન કરી હેમચંદ્રજી મહારાજ ચોર્યાશી વર્ષનું આયુષ્ય ભોગવી વિક્રમ સંવત ૧૨૨૯માં સ્વર્ગે પધાર્યા. ત્યારબાદ કુમારપાળ રાજાનું અજયપાળે આપેલા ઝેરથી વિક્રમ સંવત ૧૨૩૦માં મૃત્યુ થયું.



# પ્રકરણ ૨૧ મું.

## વિક્રમ સંવત ૧૨૫૦ થી ૧૩૦૦.

## (જગડુશાહ શેઠ, વસ્તુપાળ તેજપાળ.)

### જગડુશાહ શેઠ, વિક્રમ સંવત્ ૧૨૫૦.

ગુજરાતમાં વાઘેલા વંશનો **વિશળદેવ** નામે રાજા જ્યારે રાજ્ય કરતો હતો, ત્યારે પાટણમાં એક **જગડુશાહ** નામે મહા ધનાઢ્ય શેઠ વસતો હતો. તે શેઠ મહાદયાળુ, પરોપકારી અને જૈન ધર્મમાં દૃઢ ચિત્તવાળો હતો. એક સમયે તેને ઘેર એક યોગી આવી ચડ્યો; તેને શેઠે ભાવથી ભોજન કરાવ્યું; ત્યારે તે યોગીએ ખુશી થઇ શેઠને કહ્યું કે, હે શેઠજી! આજથી પાંચ વર્ષ સુધી ભયંકર દુકાળ પડશે. નવું ધાન્ય કે ઘાસ થશે નહીં. એમ કહી તે યોગી ત્યાંથી ચાલ્યો ગયો. યોગીનું વચન સાંભળી આ દયાળુ શેઠે દેશો દેશમાં પોતાનાં માણસો મોકલી કરોડો સોનામોહોરો ખરચી ધાન્ય અને ઘાસનો જબરો સંગ્રહ કર્યો. ત્યાર બાદ યોગીના કહેવા મુજબ પાંચ વર્ષ સુધી ભયંકર દુકાળ પડ્યો. તે વખતે આ દયાળુ જગડુશાહ શેઠે સ્થળે સ્થળે દાનશાળા ખોલીને લાખો મનુષ્યોનો તથા પશુઓનો બચાવ કર્યો. ઘણા રાજાઓને પણ ધાન્ય આપી તેઓની પ્રજાનો પણ બચાવ કર્યો. ઘણી જગોએ તેણે કૂવા, વાવ, તળાવો ખોદાવ્યાં, તથા પાણીની પરબો બાંધી કચ્છમાં આવેલાં પ્રાચીન ભદ્રેશ્વરજીના જિનમંદિરનો તેમણે જીર્ણોદ્ધાર કરેલો કહેવાય છે. એવી રીતે દુકાળનું સંકટ દૂર કરવા માટે આ જગડુશાહનું નામ હિંદુસ્તાનમાં ઘણું પ્રખ્યાત થયેલું છે. તેણે બંધાવેલાં તળાવો, તથા કુંડો વિગેરે આજે પણ હયાત છે.

## વસ્તુપાળ તેજપાળ, વિક્રમ સંવત્ ૧૨૩૦ થી ૧૨૯૫.

આ વસ્તુપાળ અને તેજપાળ બન્ને પોરવાડ જ્ઞાતિના જૈનધર્મ પાળનારા વણિકો હતા. તેમના પિતાનું નામ અશ્વરાજ હતું. તેઓ બન્ને મહાચતુર અને શૂરા તથા વિદ્વાન્ હતા. તેઓને હુશિયાર જાણી ગુજરાતના રાજા વિરધવળે પોતાના પ્રધાનો કર્યાં; ત્યારબાદ તેઓએ પોતાની હુશીયારીથી વિરધવળનું રાજ્ય વધારવામાં ઘણી મદદ કરી. તેઓ લડાઈમાં મહાશૂરવીર હોવાથી ઘણા રાજાઓને હરાવી ઘણી દોલત એકઠી કરી. એક વખતે તેઓ ધોળકાથી મોટો સંઘ કહાડી શત્રુંજય તીર્થયાત્રા માટે જવા લાગ્યા; તે વખતે તેમની સાથે ઘણું દ્રવ્ય હતું; તે લાગ જોઈ કેટલાક ભીલ લુંટારાઓએ એકઠા થઈ તેમને લુંટવાનો વિચાર કરી રાખ્યો હતો, આ બાબતની તે બન્ને મંત્રીશ્વરોને અગાઉથી ખબર મળવાથી તેઓએ ધંધુકા નજદીક હડાળા ગામ પાસે એક વૃક્ષની નીચે ખાડો ખોદી તેમાં પોતાનું દ્રવ્ય છુપાવવા માંડ્યું; પરંતુ તે ખાડો ખોદતાં તો તેમાંથી ઉલટું ઘણુંજ દ્રવ્ય નીકળ્યું. પછી તે નિકળેલું દ્રવ્ય તથા પોતાની સાથેનું દ્રવ્ય, એ બન્ને દ્રવ્યોને ત્યાં ગુપ્ત રીતે દાટીને તેઓએ આગળ પ્રયાણ કર્યું; તેમના પુણ્યના બળથી તે લુંટારુઓ પણ પોતાનો વિચાર ફેરવીને ડરથી નાશી ગયા. મંત્રીઓએ નિર્વિઘ્નપણે સંઘસહિત શત્રુંજય પર જઈ ઘણાજ ભાવથી યાત્રા કરી; તથા ત્યાં જિનમંદિરો બંધાવી અઢાર ક્રોડ છન્નુ લાખ સોનામોહોરોનો ખરચ કર્યો. ત્યાંથી ગિરનાર પર જઈ ત્યાં પણ ભાવથી યાત્રા કરી તેમણે બાર ક્રોડ એંસી લાખ સોનામોહોરો ખરચી નવાં જિનમંદિરો બંધાવ્યાં. એવી રીતે શાંતિથી યાત્રા કરી ત્યાંથી પાછા વળી તેઓ ધંધુકા પાસે હડાળા ગામની નજદીક જ્યાં દ્રવ્ય છુપાવ્યું હતું ત્યાં આવ્યા; અને તે સઘળું દ્રવ્ય કહાડીને તેઓ વિચારવા લાગ્યા કે, હવે આ દ્રવ્યનું આપણે શું કરવું ? તેજપાળની સ્ત્રી **અનુપમાદેવી** નામે હતી, તે મહાચતુર અને ડાહી હતી; તેણીએ તેઓને કહ્યું કે, દ્રવ્ય છુપાવવાથી કંઈ ફાયદો નથી, દ્રવ્યને તો જેમ સહુ દેખે તેવી રીતે રાખવું, અને તે પણ દેખતાં છતાં કોઇ તેને લેઇ શકે નહીં તેમ રાખવું; એટલે કે તે દ્રવ્યને પર્વતના શિખરપર ઉંચી જગોએ જિનમંદિરો બંધાવી ખરચવું, જેથી આ લોકમાં આપણી કીર્ત્તિ અમર રહેશે, અને પરલોકમાં જિનભક્તિ કરવાથી મોક્ષરૂપી ફળ મળશે. અનુપમાદેવીની આ સલાહ તે બન્ને ભાઇઓને પસંદ પડી; તેથી તેઓએ આબુના ઉંચા પહાડપર જ્યાં પૂર્વે વિમળશાહ મંત્રીએ જિનમંદિર બંધાવ્યું હતું. ત્યાં ઉત્તમ કારિગિરિનું જિનમંદિર બંધાવવાનો તેઓએ

વિચાર કર્યો., એમ વિચાર કરી તેઓ દ્રવ્ય લઇ ધોળકામાં સંઘ સહિત આવ્યા; તથા સકળ સંઘને મહોત્સવપૂર્વક ઘણી પેહેરામણી આપી સ્વામિવાત્સલ્ય કર્યું. ત્યારબાદ તેઓએ આબુ પર્વતપર જિનમંદિર બાંધવાનો પ્રારંભ વિક્રમ સંવત્ ૧૨૮૩ માં કર્યો. તથા **શોભન** નામના એક મહાહુશીયાર કારીગરની દેખરેખ નીચે કામ ચાલવા માંડ્યું; તે કામ ચલાવતી વખતે તેઓએ દ્રવ્યના ખર્ચ માટે જરા પણ મનમાં સંકોચ કર્યો નહીં. થોડો ભાગ તૈયાર થયા બાદ એક સમયે તેજપાળ મંત્રી તથા તેમની સ્ત્રી અનુપમાદેવી તે જોવા માટે આબુપર ગયાં; પરંતુ હજુ બાકીનું ઘણું કામ અધુરૂં જોઇને અનુપમાદેવીએ શોભન સલાટને કહ્યું કે, હે કારીગર! હજુ કામ તો ઘણું અધુરૂં છે, માટે જેમ બને તેમ તુરત કામ કરો ? ત્યારે શોભન સલાટે કહ્યું, કે હે માતાજી ! આ ગરમીની ઋતુ છે, જેથી મધ્યાન્હ સમયે કામ બંધ રાખવું પડે છે; વળી સઘળા કારીગરો પ્રભાતમાં આવી કામે વળગે છે, પછી તેઓ સઘળા ભોજન કરવા માટે પોતપોતાને ઘેર જાય છે; ત્યાર બાદ સખ્ત તાપને લીધે છેક પાછલે પહોરે કાર્ય શરૂ થાય છે; વળી અમારા મંત્રિરાજ આ સમયે સંપૂર્ણ દ્રવ્યપાત્ર છે, તો કદાચ બે ચાર વર્ષ વધારે કામ કરતાં થશે તો પણ કંઇ હરકત જેવું નથી. તે સાંભળી ચતુર અનુપમાદેવીએ કહ્યું કે, હે સલાટજી ! તમારૂં તે કહેવું વ્યાજબી છે, પરંતુ આ શરીર અને લક્ષ્મીનો ભરૂસો નથી. આજે મંત્રીશ્વરો સર્વ બાબતથી પરિપૂર્ણ છે, પરંતુ કાળનો ભરૂસો નથી, માટે મારી ઇચ્છા તો એવી છે કે, જેમ આ પ્રારંભેલું કાર્ય તુરત સંપૂર્ણ થાય તેમ સારૂં છે. આમ વાતચિત ચાલેછે, એવામાં તેજપાળ મંત્રી પણ ત્યાં આવી ચડ્યા, અને તેમણે શોભનને પૂછ્યું કે, અનુપમાદેવી તમોને શું કહે છે ? ત્યારે શોભને સઘળી વાત મંત્રીને કહી સંભળાવી; ત્યારબાદ અનુપમાદેવીએ પોતાના સ્વામીને કહ્યું કે, હે સ્વામી ! આ શરીર તથા લક્ષ્મીનો ભરૂસો નથી માટે આ કાર્ય હવે તુરત સંપૂર્ણ થવું જોઇયે. અને તેનો ઉપાય એ કે. કારિગરોને જે સ્નાન અને ભોજન માટે ઘેર જવું પડે છે, તે માટે અહીં રસોઇયા રાખી એક જગોએ રસોડું તૈયાર કરાવવું, તથા હમેશાં ઉત્તમ ષટ્રસ ભોજન તૈયાર કરાવવાં તથા તેઓને સ્નાન આદિક માટે પણ અહીંજ ગોઠવણ કરાવવી. ઉન્હાળાની ઋતુ હોવાથી મધ્યાન્હ સમયે તેઓ માટે શીતોપચાર તૈયાર કરાવવાં; તેમજ જે આ પંદરસો કારીગરો દિવસે કામ કરે છે તેવા બીજા પંદરસો કારીગરો રાખી તેમની પાસે રાત્રિએ કામ ચાલુ રખાવવું, દીવાબત્તીની સઘળી ગોઠવણ કરાવવી; અને જો તેમ કરશો તો આ કાર્ય તુરત તૈયાર થઇ સંપૂર્ણ થશે. તેજપાળ મંત્રીને પણ અનુપમાદેવીની સલાહ વ્યાજબી લાગવાથી તેણે તે મુજબ સઘળો

બંદોબસ્ત કર્યો; અને તેથી તે ભવ્ય કારિગિરિ વાળું જિનમંદિર વિક્રમ સંવત્ ૧૨૯૨ માં તૈયાર થઇ ગયું. તથા તેમાં પ્રતિષ્ટા થઇ તે એક જિનમંદિર બનાવવા પાછળ બાર ક્રોડ અને પચાસ લાખ સોનામોહોરોનો ખર્ચ થયો. આ બન્ને મંત્રીશ્વરોએ તેરસોતેર નવાં જિનમંદિરો બંધાવ્યાં, તેત્રીસસો જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો. પાંચસો પૌષધશાળાઓ બંધાવી. સાત ક્રોડ સોનામોહોરો ખરચીને જૈનપુસ્તકો લખાવી ભંડાર કરાવ્યા. તે શિવાય સેંકડો દાનશાળાઓ, ધર્મશાળાઓ, કૂવા, વાવ, તળાવ આદિક લોકોપયોગી કાર્યો કરી જૈનશાસનનો ઘણો મહિમા વધાર્યો. વળી તેમણે ઘણા કવિઓને, તથા ભાટચારણોને લાખો સોનામોહોરો આપી પોતાની કીર્ત્તિ ફેલાવી. તેઓએ પોતાના સ્વધર્મી જૈનલોકોને પણ ઘણી મદદ કરીને પોતાની અમર કીર્ત્તિ કરી છે. તે સંબંધિ વિશેષ હકીકત તેમના ચરિત્રમાં આપેલી છે.



# પ્રકરણ ૨૨ મું.

## વિક્રમ સંવત્ ૧૩૦૦ થી ૧૪૦૦.

**( દેવેંદ્રસૂરિ, જિનેશ્વરસુરિ, ધર્મઘોષસૂરિ, સોમપ્રભસૂરિ, જિનપ્રબોધ-સૂરિ, પ્રભાચંદ્રસુરિ, વજ્રસેનસૂરિ, જિનપ્રભસૂરિ, મહેંદ્રપ્રભસુરિ.**

### દેવેંદ્રસૂરિ, વિક્રમ સંવત્ ૧૩૨૭.

શ્રી વીરપ્રભુથી પિસ્તાલીસમી પાટે શ્રી દેવેંદ્રસૂરિ થયા. તેમને વસ્તુપાળ મંત્રીની આગેવાની નીચે સૂરિપદ આપવામાં આવ્યું હતું. તેમણે કર્મગ્રંથો, તેઓ પર ટીકા, શ્રાદ્ધદિનકૃત્ય સૂત્રવૃત્તિ, સિદ્ધપંચાસિકાવૃત્તિ, ધર્મરત્નવૃત્તિ, વિગેરે ઘણાં ગ્રંથો રચ્યાં છે. આ આચાર્યજી મહા વિદ્વાન્ હતા. તેમનું સ્વર્ગગમન વિક્રમ સંવત્ ૧૩૨૭માં માળવામાં થયું હતું.

---

### જિનેશ્વરસૂરિ વિક્રમ સંવત્ ૧૩૩૧.

આ શ્રી જિનેશ્વરસૂરિજી ખરતર ગચ્છમાં થયેલા શ્રી જિનપતિસૂરિના શિષ્ય હતા. તેમણે ચંદ્રપ્રભચરિત્ર નામનો ગ્રંથ રચ્યો છે. તેમના શિષ્ય અભયતિલક-ગણીજીએ દ્વ્યાશ્રયકાવ્ય તથા દ્વ્યાશ્રય કોષ પર શ્લોકબદ્ધ ટીકાઓ રચેલી છે.

---

### ધર્મઘોષસૂરિ વિક્રમ સંવત્ ૧૩૩૦.

શ્રી દેવેંદ્રસૂરિની પાટે શ્રી ધર્મઘોષસૂરિ થયા. આ આચાર્યજી મહાપ્રભા-વિક થયેલા છે, તેમના સમયમાં મંડપદુર્ગમાં **પૃથ્વીધરશાહ** નામે એક ગરીબ

શ્રાવક વસતો હતો; પરંતુ તેને જૈનધર્મપર ઘણી શ્રદ્ધા હતી. એક વખતે આ શ્રી ધર્મઘોષસૂરિજી તે નગરમાં પધાર્યા; ત્યારે તે પૃથ્વીધર શ્રાવકે અમુક થોડી રકમનો પરિગ્રહ રાખવા માટે પોતાને નિયમ કરાવવાનું શ્રી ધર્મઘોષસૂરિજીને કહ્યું. ત્યારે આચાર્યજીએ પોતાના જ્ઞાનથી જાણ્યું કે, આ શ્રાવકને થોડીજ મુદતમાં ઘણું ધન પ્રાપ્ત થવાનું છે, એમ જાણી તેને કહ્યું કે, હે પૃથ્વીધર! હાલ તમો થોડી મુદત બાદ તે વ્રત ગ્રહણ કરજો? ત્યારબાદ થોડીજ મુદતમાં તે પૃથ્વીધર શેઠ તે મંડપાચળના રાજાના પ્રધાન થયા; અને તેમની પાસે ઘણું ધન એકઠું થયું. પછી તે પૃથ્વીધર શેઠે શ્રી ધર્મઘોષસૂરિજીના ઉપદેશથી ચોરાશી જિનમંદિરો બંધાવ્યાં, તથા સાત જ્ઞાનભંડાર કરાવ્યા. શત્રુંજયપર ઘણું દ્રવ્ય ખરચીને તેણે જિનમંદિરો બાંધ્યાં. બત્રીશ વર્ષની ઉમરમાંજ તેમણે ચોથા વ્રતનાં પચ્ચખાણ કર્યાં; તેને એક **ઝાંઝણ** નામે પુત્ર હતો, તે પણ મહા ભાગ્યશાળી તથા જૈનધર્મપર દૃઢ શ્રદ્ધાવાળો હતો; તેણે પણ ઘણાં ઉત્તમ કાર્યો કરી જૈનશાસનનો મહિમા વધાર્યો. બહોંતેર હજાર રૂપૈયા ખરચીને તેણે શ્રી ધર્મઘોષસૂરિજીનો મંડપદુર્ગમાં પ્રવેશ મહોત્સવ કર્યો હતો. આ શ્રી ધર્મઘોષજી મહારાજ મંત્રતંત્ર આદિક વિદ્યાઓમાં પારંગામી હતા. આ આચાર્યજીએ સંઘાચારભાષ્યવૃત્તિ, આદિક અનેક ગ્રંથો રચ્યા છે.

## શ્રી સોમપ્રભસૂરિ, વિક્રમ સંવત્ ૧૩૩૨.

શ્રી ધર્મઘોષસૂરિજીની પાટે શ્રી સોમપ્રભસૂરિ થયા, આ આચાર્યજી મહા વિદ્વાન્ થયા છે; અગ્યારે અંગો અર્થ સહિત તેમને કંઠે હતા. તેમણે જિનકલ્પ સૂત્ર આદિક ઘણાં ગ્રંથો રચેલાં છે. તેમણે કંકણ દેશમાં અપ્કાયની વિરાધનાથી તથા મરૂસ્થળમાં શુદ્ધ જળના અભાવથી સાધુઓનો વિહાર અટકાવ્યો હતો.

## જિનપ્રબોધસૂરિ, વિક્રમ સંવત્ ૧૩૪૧.

આ શ્રી જિનપ્રબોધસૂરિજી ખરતરગચ્છમાં થયેલા શ્રી જિનેશ્વરસૂરિના શિષ્ય હતા; તેમણે કાતંત્ર વ્યાકરણ પર ટીકા રચેલી છે. ગિરનાર પરના વિક્રમ સંવત ૧૩૩૩ના એક શિલાલેખમાં તેમનું નામ આપવામાં આવ્યું છે.

## પ્રભાચંદ્રસૂરિ, વિક્રમ સંવત્ ૧૩૩૪ થી ૧૩૬૦.

આ શ્રીપ્રભાચંદ્રસૂરિજી વિક્રમ સંવત્ ૧૩૩૪માં વિદ્યમાન હતા, તે ચાંદ્ર કુળમાં થયેલા શ્રી ચંદ્રપ્રભસૂરિના શિષ્ય હતા; તેમણે પ્રભાવિકચરિત્ર નામનો જૈનોનો એક ઉત્તમ ઇતિહાસિક ગ્રંથ રચ્યો છે.

---

## વજ્રસેનસૂરિ, વિક્રમ સંવત્ ૧૩૬૦.

આ શ્રીવજ્રસેનસૂરિજી તપગચ્છની નાગપુરીય શાખાના શ્રીહેમતિલકસૂરિજીના શિષ્ય હતા, તેમણે મહેશ્વરસૂરિજીને મુનિચંદ્રસૂરિજીની આવશ્યકસપ્તતી પર ટીકા રચવામાં મદદ કરી હતી. આ આચાર્યજીને રીહડ મંત્રીની લાગવગથી અલ્લાઉદ્દીન બાદશાહ તરફથી રૂણા નામના ગામમાં એક સુંદર હાર તથા કેટલાક જૈન શાસનના હક માટે ફરમાનો મળ્યાં હતાં.

---

## જિનપ્રભસૂરિ વિક્રમ સંવત્ ૧૩૬૫.

આ શ્રીજિનપ્રભસૂરિજી ખરતરગચ્છના સ્થાપનાર શ્રી જિનસિંહસૂરિના શિષ્ય હતા; તેમણે વિક્રમ સંવત્ ૧૩૬૫માં અયોધ્યામાં રહીને ભયહર સ્તોત્રપર તથા નંદિષેણજીએ રચેલા અજીતશાંતિસ્તવ પર ટીકા રચેલી છે. વળી તેમણે સૂરિમંત્રપ્રદેશવિવરણ, તીર્થકલ્પ, પંચપરમેષ્ઠીસ્તવ, સિદ્ધાંતાગમસ્તવ, દ્વયાશ્રય મહાકાવ્ય વિગેરે અનેક ચમત્કારી સ્તોત્રો અને ગ્રંથો રચ્યાં છે. તેમને એવું નિયમ હતું કે, હમેશાં એક નવીન સ્તોત્ર રચીનેજ આહારપાણી કરવાં. તેમની કવિત્વ શક્તિ અને વિદ્વત્તા અતિ અદ્‌ભુત હતી, એમ તેમના ગ્રંથોથી ખુલ્લું જણાય છે. વળી આ શ્રી જિનપ્રભસૂરિજીએ હેમચંદ્રાચાર્યજીએ રચેલી અન્યયોગવ્યવચ્છેદિકા નામની બત્રીશીપર સ્યાદ્વાદમંજરી નામની ટીકા રચવામાં શ્રી મલ્લિષેણસૂરિજીને મદદ કરેલી છે, એમ તે ટીકાકાર શ્રીમલ્લિષેણસૂરિજી જણાવે છે.

---

## મહેંદ્રપ્રભસૂરિ વિક્રમ સંવત્ ૧૩૯૮.

આ આચાર્યજી અંચળગચ્છમાં થયેલા સિંહતિલકસૂરિના શિષ્ય હતા, તથા મેરતુંગસૂરિના ગુરૂ હતા; તેમનો જન્મ વડગામના રહેવાસી આભા નામના

શેઠની **લીબિણી** નામની સ્ત્રીની કુક્ષિયે થયો હતો. જ્યારે તેઓ **નાણી** નામના ગામમાં ચતુર્માસ રહ્યા હતા ત્યારે ત્યાં વર્ષાઋતુ આવ્યા છતાં પણ વરસાદ નહીં પડવાથી આચાર્યજીએ પોતાના જ્યોતિર્જ્ઞાનના માહાત્મ્યથી ચાળીશ દિવસોનું વિઘ્ન જાણીને ધ્યાનનો આરંભ કર્યો; અને તેથી ત્યાં ઘણી સારી મેઘ વૃષ્ટિ થઇ. એક સમયે તેમને એક મહા ઝેરી સર્પે ડંખ માર્યો; અને તેથી તે શ્રીપાર્શ્વનાથપ્રભુના મંદિરમાં જઈ સૂરિમંત્રનો જાપ કરવા લાગ્યા; અને તે જાપનાં પ્રભાવથી દશ પોહોર ગયાબાદ સર્વ શરીરમાં પ્રગટેલું વિષ મુખદ્વારા વમાઇ ગયું; પ્રભાતે સર્વ લોકોએ તેમનું તે આશ્ચર્ય જોઇ મહોત્સવ કર્યો; તથા ચૂણા આદિક શ્રાવકોએ ચતુર્થવ્રત આદિક તેમની પાસેથી ગ્રહણ કર્યાં.



# પ્રકરણ ૨૩ મું

## વિક્રમ સવંત્ ૧૪૦૧ થી ૧૫૫૦.

(દેવસુંદરસૂરિ, સોમસુંદરસૂરિ, રાણકપુરનું જિનમંદિર, મુનિસું-
દરસૂરિ, રત્નશેખરસૂરિ, લુંપકોની ઉત્પત્તિ.)

### દેવસુંદરસૂરિ વિક્રમ સંવત્ ૧૪૦૪.

આ શ્રીદેવસુંદરસૂરિજી શ્રીમહાવીર પ્રભુ પછી ઓગણપચાસમી પાટે થયા છે. તે મ્હોટા યોગાભ્યાસી તથા મંત્રતંત્રોને જાણનારા હતા; નિમિત્ત-શાસ્ત્રના પારંગામી હતા. તથા રાજમંત્રી આદિકોથી પૂજનીક હતા. તેમને વિક્રમ સંવત ૧૪૨૦માં સૂરિપદ મળ્યું હતું. તેમને ચાર શિષ્યો હતા.

---

### સોમસુંદરસૂરિ વિક્રમ સંવત્. ૧૪૫૦.

આ શ્રીસોમસુંદરસૂરિજી શ્રીદેવસુંદરસૂરિજીની પાટે થયા; તેમનો અ-ઢારસો સાધુઓનો ક્રિયાપાત્ર પરિવાર હતો; તે જોઈ ઈર્ષાળુ પાખંડીઓએ તેમનો વધ કરવા માટે વિચાર્યું, તથા કેટલાક લફંગા માણસોને પાંચસો રૂપીયા આપવા ઠરાવીને તેમને મારવા માટે મોકલ્યા. જ્યારે તેઓ મારવાને તૈયાર થયા, ત્યારે રાત્રિએ ચંદ્રના અજવાળામાં તેઓએ જોયું કે, આચાર્યજીએ રજોહરણથી પૂંજીને પાસું બદલ્યું; તે જોઇને તેઓના મનમાં એવો વિચાર થયો કે, આ તો નિદ્રામાં પણ આવાં સુક્ષ્મ જીવોની દયા કરે છે, અને આપણે તેમને મારવા આવ્યા છીયે; એ કેવું નિર્દય કામ છે? એમ વિચારી તેઓએ આચાર્યજીના પગમાં પડીને પોતાના અપરાધની ક્ષમા માગી.

આ શ્રીસોમસુંદરજી મહારાજ ઘણા પ્રભાવિક થયેલા છે.

## રાણકપુરનું જિનમંદિર, વિક્રમ સંવત્ ૧૪૦૬.

આ રાણકપુરજીનું જિનમંદિર મારવાડમાં આવેલા **સાદરી** નામના ગામ પાસે હાલ જંગલમાં આવેલું છે; પ્રાચીન કાળમાં તે જગોએ રાણકપુર નામનું મ્હોટું શહેર હતું; અને ત્યાં ઇતિહાસમાં પ્રખ્યાત થયેલા કુંભારાણાનું રાજ્ય હતું. તે વખતે ત્યાં પોરવાડ જ્ઞાતિનો મહાદ્રવ્યવાન્ અને જૈનધર્મની સંપૂર્ણ શ્રદ્ધાવાળો **ધનાશાહ** કરીને શાહુકાર વસતો હતો. તેણે આ ગંજાવર જિનમંદિર શ્રીસોમસુંદર સુરિજીના ઉપદેશથી બંધાવેલું છે. તે જિનમંદિર હિંદુસ્તાનમાંના સર્વ જિનમંદિરો કરતાં ઘણુંજ વિશાળ છે, અને તેની અંદર ચૌદસો ચુમ્માળીસ થંભો છે. સેંકડો ગમે જિનમૂર્ત્તિઓ તેમાં પધરાવેલી છે. તે જિનમંદિરમાં તે મંદિર બનાવવા સંબંધિ હકીકતને સૂચવનારો એક શિલાલેખ છે; કે જે શિલાલેખ એક સફેદ આરસપાણના થંભમાં કોતરેલો છે; તે લેખની લંબાઈ ત્રણ ફુટ અને ચાર ઇંચ અને પહોળાઇ એક ફુટ અને અરધા ઇંચની છે. કાળના ઘસારાને લીધે તેમાંના કેટલાક અક્ષરો જો કે ઘસાઈ ગયા છે, તોપણ તે સારી રીતે વાંચી શકાય તેવા છે. આ ગંજાવર જિનમંદિર બાંધવામાં તે ધનાશાહ પોરવાડે નવાણું ક્રોડ દ્રવ્ય ખરચ્યું છે, એવી દંતકથા છે; આ જિનમંદિર વિક્રમ સંવત ૧૪૦૬ માં બાંધેલું છે, તથા તેની પ્રતિષ્ઠા શ્રીસોમસુંદરસૂરિજીએ કરેલી છે.

## મુનિસુંદરસૂરિ, વિક્રમ સંવત ૧૪૭૮.

શ્રી સોમસુંદરસૂરિજીની પાટે શ્રી મુનિસુંદરસૂરિ થયા; તે મહાવિદ્વાન્ થયેલા છે; વિક્રમ સંવત ૧૪૭૮ માં તેમને આચાર્ય પદવી મળેલી હતી. તેમણે ઉપદેશ રત્નાકર, અધ્યાત્મકલ્પદ્રુમ આદિક ઘણાં ગ્રંથો રચેલાં છે. તેમને કાળીસરસ્વતીનું બિરુદ મળ્યું હતું; તથા મુઝફ્ફરખાન તરફથી વાદિગોકુળષંઢનું બિરુદ પણ મળ્યું હતું. તેમને માટે એમ કહેવાય છે કે, તે હમેશાં એક હજાર શ્લોકો કંઠે કરી શકતા હતા. તેમણે શાંતિકર નામનું સ્તોત્ર રચીને દેશમાં ચાલતા મરકીના ઉપદ્રવનો નાશ કર્યો. તેમના ઉપદેશથી ધારાનગરી આદિક પાંચ નગરીઓના રાજાઓએ અમારીપડહ વગડાવ્યો. શિરોહીમાં તીડાનો ઉપદ્રવ તેમણે દૂર કર્યો,

તેથી ત્યાંના રાજાએ પણ ખુશી થઇને પોતાના રાજ્યમાં અમારીપટહ વગડાવ્યો. વડનગરના દેવરાજશાહ નામના શ્રાવકે બત્રીસહજાર રૂપીયા ખરચીને તેમના સુરિપદનો મહોત્સવ કર્યો. એવી રીતે આ શ્રીમુનિસુંદરસૂરિજી મહારાજ મહા પ્રભાવિક થયા છે.

## રત્નશેખરસૂરિ, વિક્રમ સંવત્ ૧૫૦૨.

શ્રીમુનિસુંદરસૂરિજીની પાટે શ્રીરત્નશેખરસૂરિ થયા. આ આચાર્યજી મહા વિદ્વાન્ થયેલા છે. તેમણે શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ, શ્રાદ્ધવિધિસૂત્રવૃત્તિ, લઘુક્ષેત્રસમાસ તથા આચારપ્રદીપ આદિક ઘણાં ગ્રંથો રચ્યાં છે. તેમની વિદ્વત્તા જોઇ ખંભાતમાં બાંબી નામના ભટ્ટે તેમને બાળસરસ્વતીનું બિરૂદ આપ્યું હતું. તેમના સમયમાં વિક્રમ સંવત્ ૧૫૦૮ માં લુંપકોની ઉત્પત્તિ થઇ છે. તેનું વૃત્તાંત નીચે મુજબ છે.

## લુંપકોની ઉત્પત્તિ, વિક્રમ સંવત્ ૧૫૦૮.

ગુજરાતમાં આવેલા અમદાવાદ શેહેરમાં એક **લુંકા** નામનો લહીયો રહેતો હતો. તે એક **જ્ઞાનજી** નામના યતિના ઉપાશ્રયમાં રહીને પુસ્તકો લખી પોતાની આજીવિકા ચલાવતો હતો. એકવખતે એક પુસ્તક લખતાં લખતાં તેણે તેમાંથી સાત પાનાં છોડી દીધાં; તેથી તે પુસ્તકના માલીકે તેને પૂછ્યું કે, આટલાં પાનાં લખ્યા વિના કેમ છોડી દીધાં? ત્યારે તે પોતાની તે ભૂલ કબુલ નહીં કરતાં ઉલટો ગુસ્સે થયો; ત્યારે ત્યાંના સંઘે તેને અયોગ્ય જાણીને ઉપાશ્રયની બહાર કહાડી મેલ્યો; તથા સંઘે જાહેર કર્યું કે, આ લુંકા લહીયાની પાસે કોઇએ પુસ્તક લખાવવું નહીં. ત્યારે તે લુંકો લાચાર થઇને ક્રોધથી અમદાવાદ છોડી લીંબડીમાં આવ્યો. તે વખતે તેનો એક **લખમસી** નામે ભાયાત તે રાજમાં કારભારી હતો; તેની પાસે જઇ તે ઘણું રોવા લાગ્યો. ત્યારે લખમસીએ તેનું કારણ પૂછ્યાથી બનેલી વાતને છુપાવી તેણે કહ્યું કે, અમદાવાદમાં હું ભગવાનનો સાચો મત કહેતો હતો, ત્યારે તપગચ્છના શ્રાવકોએ મને મારીને કહાડી મેલ્યો; હવે હું અહિં તમારે શરણે આવ્યો છું, માટે મને તમો આશ્રય આપી મદદ કરો તો હું સાચો માર્ગ પ્રગટ કરૂં. ત્યારે લખમસીએ તેને કહ્યું કે, આ લીંબડીના રાજ્યમાં તું ખુશીથી તારો સાચો મત પ્રગટ કર? હું તારો મદદગાર થઇ તને ખાવાપીવા વગેરેનો બંદોબસ્ત કરી આપીશ; અને તારી પાસે શાસ્ત્ર સાંભળીશ. ત્યારે તે લુંકો

જોરમાં આવીને સાધુઓની તથા જિનપ્રતિમાની ઉત્થાપના કરવા લાગ્યો; તથા જે શાસ્ત્રોમાં જિનપ્રતિમાનો અધિકાર આવતો હતો, તે શાસ્ત્રોને અપ્રમાણ ગણીને બાકીનાં જિનપ્રતિમાના અધિકાર વિનાનાં શાસ્ત્રોને પ્રમાણભૂત માનવા લાગ્યો. એવી રીતે સંવત્ ૧૫૩૩ સુધિ તેણે જગોજગોએ પોતાના મતનો ઉપદેશ દીધો; ત્યારે એક ભાણા નામના વણિકે તેના ઉપદેશ મુજબ વેશ પહેર્યો; તથા એવી રીતે શિષ્યોની પરંપરા ચાલી; એવી રીતે આ લુંપકોની ઉત્પત્તિ થઈ છે.



# પ્રકરણ ૨૪ મું.

## વિક્રમ સંવત્ ૧૫૫૧ થી ૧૬૫૦.

**(હેમવિમલસૂરિ, કડવા મતની ઉત્પત્તિ, બીજ મતની ઉત્પત્તિ, પાર્શ્વચંદ્રમતની ઉત્પત્તિ, આનંદવિમલસૂરિ, મહોપાધ્યાય વિદ્યાસાગરગણી, વિજયદાનસૂરિ, શ્રીહીરવિજયસૂરિ. વિજયસેનસૂરિ, વેખહર્ષ, પરમાનંદ).**

## હેમવિમલસૂરિ, વિક્રમ સંવત્ ૧૫૬૦.

શ્રીમહાવીરપ્રભુ પછી પંચાવનમી પાટે શ્રીહેમવિમલસૂરિ થયા, તેમના સમયમાં સાધુઓનો આચાર શિથિલ થયો હતો; પરંતુ તેમના ઉપદેશથી ઘણા સાધુઓએ શિથિલાચારનો ત્યાગ કરીને શુદ્ધ આચાર પાળવા માંડ્યો. તેમ કેટલાક લુંપકોએ પણ તેમના ઉપદેશથી લુંપકમતને છોડીને શુદ્ધ સાધુપણું અંગીકાર કર્યું.

---

## કડવામતની ઉત્પત્તિ વિક્રમ સંવત્ ૧૫૬૨.

શ્રીહેમવિમલસૂરિજીના સમયમાં કડવા નામના એક વણિકે કડવામત કહાડ્યો; તેનો વિચાર એવો હતો કે પ્રતિક્રમણ આદિકમાં ચાર થોઇઓ ન કહેવી; ફક્ત ત્રણ થોઇઓજ કહેવી; તેમ તેનું માનવું વળી એવું હતું કે, આ કાળમાં કોઇ પણ શુદ્ધ આચાર પાળનાર સાધુ નથી.

---

## બીજમતની ઉત્પત્તિ વિક્રમ સંવત્ ૧૫૭૦.

**બીજ** નામનો માણસ એક નુનાક નામના વેષધરનો અજ્ઞાની શિષ્ય હતો; એક વખતે તે મેવાડમાં ગયો; અને ત્યાં તેણે પોતાનો એવો મત ચલાવ્યો કે, પુનમની પાખી કરવી, તથા પંચમીને દિવસે પર્યુષણાપર્વ ( સંવત્સરી ) કરવી. ત્યાં બીજા સાધુઓનો વિહાર કમતી થવાથી લોકો તેના રાગી થયા; અને તેના ઉપદેશ મુજબ ચાલવા લાગ્યા. એવી રીતે આ બીજમતની ઉત્પત્તિ વિક્રમ સંવત્ ૧૫૭૦ માં થઇ છે.

---

## પાર્શ્વચંદ્રમતની ઉત્પત્તિ વિક્રમ સંવત્ ૧૫૭૨.

પાર્શ્વચંદ્રમતની ઉત્પત્તિ વિક્રમ સંવત્ ૧૫૭૨ માં થયેલી છે; **પાર્શ્વચંદ્ર** નામના તપગચ્છની નાગપુરીય શાખાના એક ઉપાધ્યાય હતા; તેમને પોતાના ગુરૂ સાથે કંઇક તકરાર થવાથી તેમણે પોતાનો એક નવોજ ગચ્છ સ્થાપવાનો પ્રયત્ન કર્યો; કે જે ગચ્છ પાછળથી તેમનાજ નામથી પાર્શ્વચંદ્રગચ્છને નામે ઓળખાવા લાગ્યો. તેણે કેટલીક તપગચ્છની અને કેટલીક લુંપકોની ક્રિયાઓ અંગીકાર કરી; તથા વિધિવાદ, ચરિતાનુવાદ અને યથાસ્થિત વાદનો ઉપદેશ આપ્યો. તે પાર્શ્વચંદ્રગચ્છવાળાઓ નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણીઓ તથા છેદ ગ્રંથોને માનતા નથી.

---

## આનંદવિમળસૂરિ વિક્રમ સંવત્ ૧૫૭૫.

શ્રીહેમવિમલસૂરિજીની પાટે શ્રીઆનંદવિમલસૂરિ થયા. તેમના સમયમાં જિનપ્રતિમાનું ઉત્થાપન કરનારા લુંપકોનું જોર ઘણું વધવા માંડ્યું, તે જોઇ ભવ્યજનો પર દયાદૃષ્ટિ લાવીને ગુરૂની આજ્ઞાથી કેટલાક સંવેગી સાધુઓને સાથે લેઇને જગો જગોપર ઉપદેશ દેઇ ઘણા લોકોનો તે કુમતરૂપી અંધકારમાંથી તેમણે ઉદ્ધાર કર્યો; તથા ઘણા ધનવાનોને વૈરાગ્ય પમાડી શુદ્ધ દીક્ષાઓ આપી. તેમના સમયમાં **તૂણસિંહ** નામે એક મહાધનવાન્ શ્રાવક હતો; કે જેને બાદશાહે મોહોટો ઇલકાબ તથા બેસવાને પાલખી આપી હતી; તેણે શ્રી આનંદવિમલસૂરિજીને વિનંતિ કરી કે, સોરઠ દેશમાં લુંપકોનું જોર વધતું જાય છે, માટે અહીં પધારીને ભવ્યજનોનો ઉદ્ધાર કરો. ત્યારે આચાર્યજીએ ત્યાં પધારી બાદશાહની સભામાં વાદમાં તે લુંપકોને હરાવી તેમને દેશપાર કર્યા. વળી અગાઉ શ્રીસોમપ્રભસૂરિ-

જીએ જેસલમેર આદિક મારવાડનાં શેહેરોમાં જળની તંગીને લીધે સાધુઓનો જે વિહાર બંધ કરાવ્યો હતો, તે વિહાર શ્રી આનંદવિમલસૂરિજીએ પાછો શિરૂ કરાવ્યો, કે જેથી ત્યાં લુંપકોનું જોર ચાલ્યું નહીં.

---

## મહોપાધ્યાય શ્રીવિદ્યાસાગરગણીજી વિક્રમ સંવત્ ૧૫૮૫.

મહોપાધ્યાય શ્રીવિદ્યાસાગરગણીજીએ જેસલમેરમાં ખરતરો સાથે વાદ કરી તેમને હરાવ્યા; તથા મેવાડમાં લુંપકોને તથા બીજમતીઓને હરાવી ત્યાંથી દેશપાર કર્યા. વીરમગામમાં તેમણે પાર્શ્વચંદ્રની સાથે વાદ કરી તેને હરાવ્યા, તથા તેમણે માળવામાં ઘણા માણસોને પ્રતિબોધીને જૈની કર્યા. તે હમેશાં છઠ્ઠનો તપ કરતા, તથા પારણે આચામ્લ કરતા.

---

## શ્રીવિજયદાનસૂરિ, વિક્રમ સંવત્ ૧૫૮૭

શ્રીઆનંદવિમળસુરિજીની પાટે શ્રીવિજયદાનસૂરિ થયા; જેમણે ખંભાત, અમદાવાદ, મેસાણા તથા ગંધાર આદિકમાં જિનબિંબોની પ્રતિષ્ટા કરી. વળી જેમના ઉપદેશથી બાદશાહના મંત્રી ગલરાજાએ શત્રુંજય તીર્થનો મ્હોટો સંઘ કહાડ્યો હતો; તેમ તેમનાજ ઉપદેશથી ગંધારના શ્રાવક રામજીશાહે તથા અમદાવાદના શ્રાવક કુંવરજીશાહે શત્રુંજયપર ચૌમુખ અષ્ટાપદાદિ જિનમંદિર બંધાવ્યાં, અને ગિરનારજીના મંદિરોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. તેમણે ગુજરાત, મારવાડ, કચ્છ, માળવા આદિકમાં વિહાર કરી ઘણા માણસોને પ્રતિબોધ્યા; આ આચાર્યજી ઘણાજ પ્રતાપી થયેલા છે.

---

## શ્રીહીરવિજયસૂરિ વિક્રમ સંવત્ ૧૬૧૦

શ્રીવિજયદાનસૂરિજીની પાટે શ્રીહીરવિજયસૂરિજી થયા. આ આચાર્યજી મહા પ્રભાવિક થયા છે, તેમનું વૃત્તાંત નીચે મુજબ છે. ગુજરાતમાં આવેલા પાલણપુર નામના નગરમાં **કુંરાશાહ** નામે એક જૈનધર્મી વણિક રહેતો હતો; તેને **નાથી** નામે એક મહાસૌભાગ્યવંતી સ્ત્રી હતી. તેણીની કુક્ષિએ વિક્રમ સંવત ૧૫૮૩ માં શ્રીહીરવિજયસૂરિજીનો માગશીરશુદિ નોમને દિવસે જન્મ થયો હતો. કાર્તિકવદી બીજને દિવસે પાટણમાં તેમણે દીક્ષા લીધી હતી; તથા વિક્રમ સંવત


૧૬૫૦ માં શિરોહીમાં તેમને આચાર્યપદવી મળી હતી. તેમના ઉપદેશથી ખંભાતના સંઘે એક ક્રોડરૂપૈયા ધર્મકાર્યોમાં ખરચ્યા; તેમણે હજારો જિનપ્રતિમાની પ્રતિષ્ટા કરેલી છે. તેમના ઉપદેશથી સેંકડો લુંપકમતીઓએ તે કુમતને છોડીને શુદ્ધ ધર્મ અંગીકાર કર્યો છે. વળી તેમના ઉપદેશથી દિલ્હીના અકબર બાદશાહે પણ પ્રતિબોધ પામીને પોતાના રાજ્યમાં દરવર્ષે છમાસ સુધી હિંસા નહી કરવાનો હુકમ કર્યો હતો. તે સબંધિ વૃત્તાંત નીચે મુજબ છે. એક વખતે અકબર બાદશાહે પોતાના મંત્રિઓના મુખથી સાંભળ્યું કે, જૈનોના ગુરુ શ્રીહીરવિજયસૂરિજી શાંત, દાંત, તથા વૈરાગ્ય આદિક મહાન્ ગુણોને ધરનારા છે. તે સાંભળી બાદશાહે તેમનાં દર્શન કરવા માટે પોતાની મોહોરછાપ વાળો વિનંતિ પત્ર આચાર્યજી મહારાજને લખ્યો. તે સમયે આચાર્યજી મહારાજ ગંધાર બંદરમાં બિરાજ્યા હતા. બાદશાહની વિનંતિ વાંચીને શ્રીહીરવિજયસૂરિજી ત્યાંથી વિહાર કરી આગ્રા પાસે આવેલા ફતેહપુર નામના નગરમાં પધાર્યા. ત્યાં અકબર બાદશાહ તથા આચાર્યજીની મુલાકાત થઈ. તે વખતે બાદશાહે તેમને ઘણા આદરમાનથી પોતાની સભામાં બોલાવી દેવ, ગુરુ તથા ધર્મનું સ્વરૂપ પૂછ્યું. આચાર્યજીના ઉત્તમ પ્રકારના ઉત્તરથી બાદશાહ બહુ ખુશી થયા. તે સમયે બાદશાહે આચાર્યજીને વિનંતિ કરી કે, આપના ઉપદેશથી હું બહુ ખુશી થયો છું, વળી આપ કંચન કામિનીના ત્યાગી તેથી આપને સુવર્ણદાન દેવું વ્યાજબી નથી; પરંતુ મારા મકાનમાં જૈનધર્મનાં ઘણાં પ્રાચીન પુસ્તકો છે, તે આપ ગ્રહણ કરવાની મારાપર કૃપા કરો? પછી બાદશાહના ઘણા આગ્રહથી આચાર્યજીએ તે પુસ્તકો લેઇને આગ્રાના જ્ઞાનભંડારમાં સ્થાપન કર્યા. પછી ઘણા આદરમાન પૂર્વક આડંબરથી આચાર્યજી ઉપાશ્રયે પધાર્યા, તે સમયે ત્યાં જૈનધર્મની ઘણી ઉન્નતિ થઇ. ચતુર્માસ બાદ આચાર્યજીમહારાજ જ્યારે વિહાર કરવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે બાદશાહે તેમને વિનંતિ કરીકે, મેં આપને ઘણા દૂરદેશથી બોલાવ્યા છે, પરંતુ આપ અમારી પાસેથી કંઈ લેતા નથી; માટે મારા લાયક કોઈ અન્ય કાર્ય ફરમાવો? ત્યારે આચાર્યજીએ કહ્યું કે, આપના રાજ્યમાં પર્યુષણના આઠે દિવસોમાં કોઇ પણ જીવની હિંસા ન થાય એવો હુકમ બહાર પડવો જોઇયે. તે સાંભળી રાજાએ બહુ ખુશી થઇને તે વચન માન્ય રાખી કહ્યું કે, આઠ દિવસ આપની તરફથી અને બીજા ચાર દિવસો મારી તરફથી એમ બાર દિવસો સુધિ મારા રાજ્યમાં કોઈ પણ જીવની હિંસા ન થાય, એમ કહી અકબર બાદશાહે લખાણ મારફતે તે હુકમ પોતાના સર્વ રાજ્યમાં એટલે લગભગ

આખા હિંદુસ્તાનમાં ફરમાવ્યો. ત્યારબાદ હીરવિજયસૂરિજીની અનેકવાર અકબર બાદશાહ સાથે મુલાકાત થઇ, અને તેમાં તેમણે શત્રુંજય આદિક પાંચે તીર્થો જૈનોની માલિકીનાં છે, તે તીર્થોની આસપાસ કોઇયે પણ જીવ હિંસા કરવી નહીં, એવા પરવાના બાદશાહ પાસેથી તેમણે કરાવી લીધા. એવી રીતે મુસલમાન બાદશાહને પણ પ્રતિબોધીને તેમણે જૈનધર્મની ઘણી ઉન્નતિ કરી છે. તેમણે અનેક જગોએ જિનપ્રતિમાઓની પ્રતિષ્ટા પણ કરેલી છે.

---

## વિજયસેનસૂરિ વિખહર્ખ, પરમાનંદ વિક્રમ સંવત્ ૧૬૨૮.

શ્રીહીરવિજયસૂરિજીની પાટે શ્રીવિજયસેનસૂરિ થયા; તે પણ ઘણા પ્રભાવિક થયા છે. તેમના શિષ્ય વેખહર્ખે તથા પરમાનંદે અકબર બાદશાહના પુત્ર જાહાંગીર બાદશાહને પ્રતિબોધીને જૈનધર્મના ફાયદા માટે ઘણા પરવાના મેળવ્યા હતા, તથા જૈનધર્મની ઘણી ઉન્નતિ કરી હતી.



# પ્રકરણ ૨૫ મું.

## વિક્રમ સંવત્ ૧૬૫૧ થી ૧૭૦૦.

[પદ્મસુંદરગણી, જિનસિંહસૂરિ, જિનરાજસૂરિ, આનંદઘનજી, કલ્યાણસાગરસૂરિ, વર્ધમાનશાહ, યશોવિજયજી, સમયસુંદરજી].

## પદ્મસુંદરગણી વિક્રમ સંવત્ ૧૬૬૦.

આ ગ્રંથ કર્ત્તા તપગચ્છની નાગપુરીય શાખાના પદ્મમેરૂના શિષ્ય હતા. તેમણે રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય, ધાતુપાઠ, પાર્શ્વનાથ કાવ્ય, જંબૂસ્વામી કથાનક વિગેરે અનેક ગ્રંથો રચ્યાં છે. વળી તેમણે દીલ્હીના બાદશાહ અકબરની સભા માંહે ધર્મ વિવાદમાં એક મહાપંડિતનો પરાજય કર્યો હતો, અને તેથી અકબર બાદશાહે તેમને એક હાર, એક ગામ, તથા સુખાસન વિગેરે વસ્તુઓ ભેટ આપી હતી.

## જિનસિંહસૂરિ વિક્રમ સંવત્ ૧૬૭૦.

આ આચાર્ય ખરતરગચ્છમાં થયેલા જિનરાજસૂરિના શિષ્ય હતા, તેમનો જન્મ વિક્રમ સંવત્ ૧૬૧૫માં, દીક્ષા ૧૬૨૩ માં સૂરિપદ ૧૬૭૦માં તથા તેમનું સ્વર્ગગમન ૧૬૭૪માં થયું હતું. તેમને વિક્રમ સંવત્ ૧૬૪૯માં દીલ્હીના બાદશાહ તરફથી ઘણું માન મળ્યું હતું; વળી જોધપુરના રાજા સુરસિંહજી તથા તેમનો પ્રધાન કર્મચંદ્ર તેમને ઘણું ચાહતા હતા.

## જિનરાજસૂરિ વિક્રમ સંવત્ ૧૬૭૪.

આ શ્રીજિનરાજસૂરિ નામના આચાર્ય ખરતરગચ્છમાં થયેલા છે; તે પણ પ્રભાવિક હતા, તેમણે ઘણી જગોએ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી છે;

દાખલા તરીકે એક શત્રુંજયતીર્થમાંજ તેમણે પાંચસો એક પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી છે; વળી તેમણે નૈષધીય કાવ્યપર જિનરાજી નામની ટીકા રચેલી છે, તેમ તેમણે બીજા પણ ઘણાં ગ્રંથો રચ્યાં છે. વિક્રમ સંવત્ ૧૬૯૯માં પાટણમાં તેમનું સ્વર્ગગમન થયું છે.

---

## આનંદઘનજી મહારાજ વિક્રમ સંવત્ ૧૬૭૫.

આ પ્રખ્યાત અધ્યાત્મજ્ઞાની શ્રીઆનંદઘનજી મહારાજ લગભગ વિક્રમ સંવત્ ૧૬૭૫માં વિદ્યમાન હતા; તે પરમ—વૈરાગ્યવાન્ યોગના પારંગામી તથા અધ્યાત્મ શાસ્ત્રમાં નિપુણ હતા; એમ તેમણે રચેલાં પદોપરથી માલુમ પડે છે. વળી તેમની પાસે ચમત્કારી વિદ્યાઓ પણ હતી, એવી પણ દંતકથા છે. તેમણે રચેલાં પદોનો ભાવાર્થ ગહન અને અધ્યાત્મ જ્ઞાનથી ભરેલો છે.

---

## કલ્યાણસાગરસૂરિ વિક્રમ સંવત્ ૧૬૭૬.

આ આચાર્યજી અંચલગચ્છમાં થયેલા શ્રીધર્મમૂર્તિસૂરિજીના શિષ્ય હતા. તથા તેઓ વિક્રમ સંવત્ ૧૬૭૬માં વિદ્યમાન હતા. કેમકે તેમણે તે સાલમાં કાઠીયાવાડમાં સમુદ્ર કિનારે આવેલા જામનગરમાં વસતા લાલણ ગોત્રના મહા ધનાઢ્ય **વર્દ્ધમાનશાહ** નામના ઓશવાળે બનાવેલાં અપૂર્વ જિનાલયમાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલી છે; અને તે જિનાલય પણ તે શાહુકારે તેમનાજ ઉપદેશથી બાંધેલું છે; એમ તે જિનાલયમાં રહેલા શિલાલેખથી માલુમ પડે છે.

---

## વર્દ્ધમાનશાહ શેઠ વિક્રમ સંવત્ ૧૬૮૦.

વર્દ્ધમાનશાહ શેઠ કાઠીયાવાડની ઉત્તર દિશાએ આવેલા કચ્છ નામના દેશમાં રહેલા **અલસાણા** નામે ગામના રહેવાસી હતા. તેઓ ઘણા ધનવાન અને વ્યાપારના કાર્યોમાં બહુજ પ્રવીણ તથા લાલણગોત્રમાં જન્મેલા હતા. વળી તેજ ગામમાં **રાયસીશાહ** નામના પણ એક ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેઓ બન્ને ઓશવાળ જ્ઞાતિના હતા, તથા તેઓ વચ્ચે વેવાઇયોનો સંબંધ હતો; તેમજ તેઓ બન્ને જૈનધર્મમાં ચુસ્ત હૃદયવાળા હતા. એક વખતે જામનગરના મહારાજા જામસાહેબે તે અલસાણાના ઠાકોરની કન્યા સાથે લગ્ન કર્યાં; તે વખતે

જામશ્રીના કહેવાથી તે કુંવરીએ દાયજામાં પોતાના પિતા પાસે તે બન્ને શાહુકારો જામનગરમાં આવી નિવાસ કરે એવી માગણી કરી. તે માગણી તેણીના પિતાએ કબુલ રાખવાથી ઓશવાળ જ્ઞાતિના દશહજાર માણસો સહિત તે બન્ને શાહુકારોએ જામનગરમાં આવી નિવાસ કર્યો; અને ત્યાં રહી અનેક દેશાવરો સાથે તેઓ વ્યાપાર કરવા લાગ્યા; અને તેથી જામનગરની પ્રજાની પણ ઘણી આબાદી વધી. જામનગરના રાજ્યની મેહેસુલમાં પણ તેઓના વ્યાપારથી ઘણો વધારો થયો. વળી તે બન્ને શાહુકારોએ પોતપોતાનાં દ્રવ્યનો સદુપયોગ કરવા માટે ત્યાં જામનગરમાં લાખો ગમે દ્રવ્ય ખરચીને મોટાં વિસ્તારવાળાં તથા દેવોના વિમાન જેવાં જિનમંદિરો બંધાવ્યાં. એવી રીતે લાખો પૈસા ખરચીને તેઓએ પોતાનો જન્મ સફળ કરવા સાથે મોટી કીર્ત્તિ સંપાદન કરી. તે જિનમંદિરો વિક્રમ સંવત્ ૧૬૭૬માં સંપૂર્ણ થયાં. ત્યાર બાદ વર્ધમાનશાહ શેઠે શત્રુંજય તથા ગિરનારની આડંબર પૂર્વક યાત્રા કરીને ત્યાં પણ જિનમંદિરો બંધાવ્યાં. આથી કરીને વર્ધમાનશાહ શેઠનું રાજદરબારમાં ઘણું સન્માન થવા લાગ્યું; અને જામસાહેબ પણ ઘણું ખરૂં કાર્ય તેમની સલાહ મુજબ કરવા લાગ્યા; આથી કરીને જામસાહેબના એક લુહાણા જાતિના કારભારીને વર્ધમાનશાહ શેઠપર ઘણી ઇર્ષ્યા થઇ; અને તેથી તે વર્ધમાનશાહપરની જામસાહેબની પ્રીતિ ઓછી કરાવવાની તજવીજ કરવા લાગ્યો; જામસાહેબની તિજોરી વર્ધમાનશાહ શેઠને ત્યાં રહેતી; જેથી જામસાહેબની રાજ્યની ઉપજનું દ્રવ્ય વર્ધમાનશાહને ત્યાં ભરાતું, અને ખરચ માટે જોઇતા દ્રવ્યનો ઉપાડ પણ તેમને ત્યાંથી થતો. એક વખતે રાજ્યમાં દ્રવ્યનો ખપ હોવાથી નેવુ હજાર કોરીની એક ચીઠી જામસાહેબે વર્ધમાનશાહપર લખીને તે લુહાણા કારભારીને આપી; ત્યારે લાગ આવેલો જાણીને તે દુષ્ટ કારભારીએ તે નેવુ હજાર કોરીની ચીઠીપર એક મીંડી વધારીને તે ચીઠી નવ લાખ કોરીની કરી; અને તેજ દિવસે તે કારભારી સાંજે વાળુ સમયે તે ચીઠી લેઇને વર્ધમાનશાહ પાસે આવ્યો; અને શેઠને કહ્યું કે, જામસાહેબે હુકમ કર્યો છે કે, આ ચીઠી રાખીને આજ વખતે નવ લાખ કોરી આપો? ત્યારે વર્ધમાનશાહે તે ચીઠી વાંચીને કહ્યું કે, આજે તો રાત પડવા આવી છે, વળી આ સમય અમારે વાળુ કરવાનો છે, માટે આવતી કાલે સવારમાં તમો આવજો? એટલે તેટલી કોરી હું તમોને ગણી આપીશ; એવી રીતે વર્ધમાનશાહ શેઠે કહ્યા છતાં પણ તે દુષ્ટ કારભારીએ તેજ સમયે તેટલી કોરીઓ લેવાની હઠ લીધી. આથી કરીને વર્ધમાનશાહે તો તેજ વખતે કાંટો ચડાવીને નવ લાખ કોરી પોતાની વખારમાંથી જોખી આપી. તે કારભારીના આવાં કૃત્યથી વર્ધમાનશાહને ગુસ્સો ચડ્યો;

તેથી પ્રભાતમાં રાયસીશાહ શેઠ સાથે મળીને તેમણે એવો ઠરાવ કર્યો કે, જે રાજ્યમાં પ્રજાપર આવો જુલમ હોય ત્યાં આપણે રહેવું લાયક નથી; માટે આપણે આજેજ અહિંથી ઉપડીને કચ્છમાં જવું. તે સમયે રાયસીશાહે પણ તે વાત કબુલ કરી, અને જ્યારે વર્ધમાનશાહે ત્યાંથી નીકળી કચ્છ તરફ પ્રયાણ કરવા માંડયું ત્યારે રાયસીશાહે કહ્યું કે, હાલ તો મારાથી આવી શકાશે નહીં. પછી વર્ધમાનશાહે તો ત્યાંથી પ્રયાણ કર્યું, તથા તેમની સાથે ઓશવાળોના સાડાસાત હજાર માણસો પણ જામનગર છોડીને કચ્છ તરફ રવાના થયા; તે સઘળા માણસોનું ખોરાકી વિગેરે સર્વ ખર્ચ વર્ધમાનશાહે આપવું કબુલ કર્યું હતું. એવી રીતે જામનગરથી પ્રયાણ કરીને વર્ધમાનશાહ બાર ગાઉ ઉપર આવેલા ધ્રોળ મુકામે પહોંચ્યા. ત્યારે મહારાજા જામસાહેબને તે વાતની ખબર પડી; તેથી તેમણે પોતાના માણસોને વર્ધમાનશાહને પાછા બોલાવવા માટે ધ્રોળ મોકલ્યા, પરંતુ વર્ધમાનશાહ જ્યારે પાછા ન વળ્યા, ત્યારે જામસાહેબ પાતે ધ્રોળ પધાર્યા; અને આવી રીતે એકાએક પ્રયાણ કરીને કરવાનું તેમને કારણ પૂછ્યું; ત્યારે વર્ધમાનશાહે પણ જે હકીકત બની હતી તે નિવેદન કરી કે, હું આપની તિજોરી રાખું છું, જેમાં આપની ફક્ત પાંચ દશ હજાર કોરીની જુજ રકમ મારે ત્યાં બાલાસ હતી. અને આપે કંઈ પણ અગાઉથી ચેતવણી આપ્યા વિના એકદમ નવ લાખ કોરીની ચીઠી લખીને પાછી તેજ વખતે તે માગી; અમો આપની છાયામાં રહી વ્યાપાર કરીયે છીયે; પરંતુ અગાઉથી બે ચાર દિવસ પેહેલાં અમોને ચેતાવ્યા વિના આવડી મોટી રકમની અમારાપર ચીઠી જો લખાય, તો વખતે અમારી આબરૂ જવાનો ભય રહે. ઇત્યાદિ હકીકત સાંભળીને મહારાજા જામસાહેબે તો આશ્ચર્ય પામી કહ્યું કે, મેં તો ફક્ત નેવુ હજાર કોરીની ચીઠી લખી હતી; પછી તે લુહાણા કારભારીપર જામસાહેબને ઘણોજ ગુસ્સો ચડ્યો; તેથી તેઓ એકદમ જામનગરમાં આવ્યા; ત્યાં કલ્યાણજીના મંદિર હેઠે તે કારભારી જામસાહેબને મળ્યો. જામસાહેબે પણ એકદમ ગુસ્સામાંજ ત્યાં તેને જુમીયાથી પોતાના હાથે મારી નાંખ્યો. તે લુહાણા કારભારીનો પાળીયો હાલ પણ જામનગરમાં કલ્યાણજીના મંદિરમાં મોજુદ છે; વળી જે વખારમાં વર્ધમાનશાહે તેને નવ લાખ કોરીઓ તોળી આપી હતી, તે વખારનું જામનગરમાં માંડવી પાસે રહેલું મકાન હાલ પણ નવલખાના નામથી ઓળખાય છે. જામનગરમાં તેમનું ચણાવેલું અત્યંત મનોહર જિનમંદિર હાલ પણ તે સમયની તેમની જાહોજલાલી દેખાડી આપે છે. તેમનું રહેવાનું મકાન લગભગ ત્રણસો વર્ષોનું પ્રાચીન છતાં પણ હાલ અહિં જામનગરમાં તાકફળીઆ પાસે વર્ધમાનશાહની મેડીના નામથી હાલ પણ જીર્ણ અવસ્થામાં હયાત છે. તેમણે અનેક પ્રકારનાં જૈનધર્મની ઉન્-

તિનાં કાર્યો તથા લોકોપકારનાં કાર્યો કરેલાં છે. આ વર્ધમાનશાહના ગંજાવર જિનમંદિરમાં જતાં રંગમંડપના દરવાજા બહાર ડાબા હાથપર એક આળીઆમાં તે જિનમંદિર બનાવવાને લગતી હકીકતવાળો શિલાલેખ છે. આ ગંજાવર જિન-મંદિરનો વિશાળ રંગમંડપ તેમાં પાથરેલા રંગબેરંગી આરસના પત્થરોથી ઘણોજ શોભિતો થયેલો છે. મૂળ મંડપને ફરતી શિખરબંધ બાવન દેરીઓ એક માળાના આકારમાં શોભી રહેલી છે. તે જિનમંદિરમાં દાખલ થવાનો વિશાળ દરવાજો ભ-ભકાદાર તાક વાળેલા અને શિલ્પ કળાના નાદર નમુના સરખા ગંજાવર મંડપથી શોભી રહેલો છે. તથા તે એક મ્હોટા શરીયાન રસ્તાપર આવેલો છે; તેથી તે જિનમંદિર સન્મુખ આવતા માણસોને એક ગંજાવર દેવવિમાનનો આભાસ ઉત્પન્ન કરે છે. આ જિનમંદિરનું ઉંચું અને ગંજાવર શિખર તે સમયના કારીગરોની બેહદ શિલ્પ કળાનો ખ્યાલ આજે પણ આપણને બતાવી આપે છે. આ જિન-મંદિર બંધાવવામાં વર્ધમાનશાહ શેઠને સાત લાખ મુદ્રિકાનો ખરચ થયો હતો, એમ તે શિલાલેખમાં લખેલું છે. શ્રીકલ્યાણસાગરસૂરિજીના હાથથી આ જિન-મંદિરમાં પાંચસો ને એક જિનપ્રતિમાઓની અંજનશલાકા સહિત પ્રતિષ્ટા વિક્રમ સંવત્ ૧૬૭૬ વૈશાખ શુદ ત્રીજ અને બુધવારે થયેલી છે. એવી રીતે આ શ્રી વર્ધમાનશાહ શેઠ જૈનધર્મની ઘણી ઉન્નતિ કરનારા થયેલા છે. તે વર્ધમાનશાહના વંશજો આજે પણ જામનગર તથા કચ્છના શેહેરોમાં ઘણા વસે છે.

---

## યશોવિજયજી મહોપાધ્યાય વિક્રમ સંવત્. ૧૬૮૨.

આ મહા વિદ્વાન્ શ્રીયશોવિજયજી ઉપાધ્યાય લગભગ વિક્રમ સંવત્ ૧૬૮૨ માં વિદ્યમાન હતા; તે તપગચ્છમાં થયેલા શ્રીનયવિજયજી મહારાજના શિષ્ય હતા. તેમણે ન્યાયબિંદુ પ્રકરણ, જ્ઞાનસાર, વૈરાગ્ય કલ્પલતા, ન્યાયપ્રવેશિકા, પ્રતિમાશતક, નયપ્રદીપ, અધ્યાત્મસાર, દ્રવ્યાનુયોગતર્ક, દ્રવ્યગુણપર્યાયનો રાસ, તથા અધ્યાત્મમતપરીક્ષા વિગેરે એકસો મહાન્ ગ્રંથો રચેલા કહેવાય છે. તેમને માટે નીચે મુજબ દંતકથા સંભળાય છે. જ્યારે આ શ્રીયશોવિજયજી મહારાજ બાલ્યઅવસ્થામાં હતા, ત્યારે તે પોતાની માતા કે જે હમેશાં પ્રતિ-ક્રમણ કરવા માટે ઉપાશ્રયે જતાં હતાં તેમની સાથે તે પણ હમેશાં જતા હતા; અને ત્યાં પ્રતિક્રમણનો પાઠ સાંભળતાં સાંભળતાંજ તેમણે કંઠે થઇ ગયો હતો; એક દહાડો ઘણો વરસાદ પડતો હોવાથી તેની ધાર્મિક માતા દિલગિર થઇ કે આજે તો મારૂં પ્રતિક્રમણ રહી ગયું. તે સાંભળી આ બાળક યશોવિજયજીએ કહ્યું કે,

હે માતાજી ! તમો દિલગિર ન થાઓ ! હું તમોને અહીંજ પ્રતિક્રમણ કરાવીશ. પછી તેમણે પોતાની માતાજીને ત્યાં અસ્ખલિત રીતે પ્રતિક્રમણ કરાવ્યું. બીજે દિવસે તેમની માતા જ્યારે ગુરૂજી પાસે પ્રતિક્રમણ કરવા ગયાં, ત્યારે ગુરૂમહારાજે તેમને પૂછ્યું કે, તમો ગઇ કાલે પ્રતિક્રમણ કરવા માટે કેમ ન આવ્યાં ? ત્યારે તેણીએ જણાવ્યું કે, ગઇ કાલે તો ઘણો વરસાદ વરસતો હતો તેથી હું આવી શકી નહીં; અને આ મારા જસલાએજ ઘેર રહીને મને પ્રતિક્રમણ કરાવ્યું તે સાંભળી ગુરૂ મહારાજે આશ્ચર્ય પામી જશવિજયજીની હાથની રેખાઓ જોઇ; અને ત્યારબાદ તેમણે તે ડોશીને કહ્યું કે, તમારો આ પુત્ર તમને કમાઇ ખવરાવે તેવો નથી; પરંતુ તે અમારા ઉપયોગનો છે; કેમકે તેના હાથની રેખા જોતાં તે એક મહા વિદ્વાન્ થઇ જૈનશાસનની ઘણી ઉન્નતિ કરશે. પછી તે ડોશીએ પોતાના તે પુત્રને ગુરૂમહારાજને સમર્પણ કર્યો. હવે દીક્ષા લીધા બાદ તે શ્રીયશોવિજયજી મહારાજ વ્યાકરણ, તથા સાહિત્ય વિગેરેમાં પારંગામી થયા. છેવટે તેમને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કરવાની ઇચ્છા થઇ, તેથી તે પોતાના ગુરૂ ભાઇ વિનયવિજયજીની સાથે વેષ બદલાવી બ્રાહ્મણોનો વેષ લઇ કાશીએ ગયા. તેઓને વેષ બદલવાની જરૂર એટલા માટે પડી કે, તે સમયમાં કાશીના વિદ્વાનો ઇર્ષ્યાથી જૈનીઓને વિદ્યાભ્યાસ કરાવતા નહોતા. પછી ત્યાં રહી તેઓએ ન્યાય શાસ્ત્રોનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. અને તેઓની તીવ્ર બુદ્ધિ જોઇને ત્યાંના પંડિતોએ શ્રીયશોવિજયજી મહારાજને "ન્યાયવિશારદનું" બિરૂદ આપ્યું. છેવટે ત્યાં તેઓ જેમની પાસે અભ્યાસ કરતા હતા, તેને માલુમ પડ્યું કે, આ તો જૈનીઓ છે, તથા તેણે તેઓને પણ પૂછ્યાથી તેઓએ પણ પોતાનો ખરો વૃત્તાંત કહી બતાવ્યો. છેવટે એક ન્યાયશાસ્ત્ર તેમને ભણવાનું બાકી હતું, અને તેથી તેઓએ પોતાના અધ્યાપકને તે ન્યાયશાસ્ત્ર ભણાવવાની વિનંતિ કરતાં અધ્યાપકે ના પાડી. ત્યારે તેમણે તે અધ્યાપકને એવી નમ્ર અરજ કરી કે, અમારાપર કૃપા કરીને ફક્ત એકજ વખત અમોને તે શાસ્ત્ર પાઠથી સંભળાવો, પછી તે અધ્યાપકે તેમ કર્યાથી તેઓ બન્નેએ અરધું અરધું તે શાસ્ત્ર કંઠે રાખી આખું લખી કહાડ્યું; તથા પછી તે વાત અધ્યાપકને પણ જાહેર કરવાથી તે પણ તેઓની બુદ્ધિ જોઇ આશ્ચર્યસહિત આનંદ પામ્યો. આ શ્રીયશોવિજયજી મહારાજના સમયમાં પ્રખ્યાત જૈનાત્મજ્ઞાની તથા ચમત્કારી વિદ્યાઓના પારંગામી અને યોગ વિદ્યામાં નિપુણ એવા શ્રીઆનંદઘનજી મહારાજ પણ વિદ્યમાન હતા. તેમની પાસે સુવર્ણસિદ્ધિ તથા આકાશ ગામિની નામની વિદ્યાઓ હતી. એક વખતે તેમણે વિચાર્યું કે, આજના સમયમાં જૈનમુનિઓમાં આ શ્રીયશોવિજયજી પ્રભાવિક છે;

માટે મારી પાસેની આ બન્ને ચમત્કારી વિદ્યાઓ મારે તેમને આપવી લાયક છે; એમ વિચારી તેમને પોતાની પાસે બોલાવવા માટે તેમણે માણસ મોકલ્યું. તે વખતે યશોવિજયજી મહારાજ દેહચિંતા માટે બહાર ગયા હતા. ત્યાંથી આવ્યા-બાદ તેમને ખબર મળ્યા કે, મને આનંદઘનજી બાવાનું માણસ બોલાવવા આવ્યું હતું; તેથી આશ્ચર્ય પામી તેમણે વિચાર્યું કે, ખસુસ કોઈ જરૂરનું કાર્ય હોવું જોઈએ. એમ વિચારી તેમણે લગ્નકુંડલિકા માંડી તપાસી જોયું તો જણાયું કે, મને તેમણે કાઇક અપૂર્વ વિદ્યા આપવા માટે બોલાવ્યો છે. એમ વિચારી તુરત તે તેમની પાસે ગયા; પરંતુ તે સમયે આનંદઘનજી મહારાજ તો સમાધિમાં હતા, તેથી યશોવિજયજી તો ત્યાં બેઠા. છેવટે સમાધી ખલાસ થયા બાદ કેટલીક જ્ઞાનગોષ્ટી તેઓ બન્ને વચ્ચે ચાલી; પરંતુ આનંદઘનજીએ પોતાના હૃદયની વાત હજુ કહાડી નહીં. આહારપાણીનો સમય થવાથી યશોવિજયજી અધીરા બની બોલી ઉઠ્યા કે, આપે મને જે કંઈ કાર્ય માટે બોલાવ્યો છે, તે સંબંધી આપ મને કેમ કંઈ કહેતા નથી? ત્યારે આનંદઘનજીએ કહ્યું કે, મેં તમોને શું કાર્ય માટે બોલાવ્યા છે? ત્યારે યશોવિજયજીએ કહ્યું કે, આપે મને કંઇક વિદ્યા આપવા માટે બોલાવ્યો છે. તે સાંભળી આનંદઘનજીએ વિચાર્યું કે, આમના હૃદયમાં આટલી વાત પણ અધીરતાને લીધે જ્યારે રહી શકી નહીં, ત્યારે તે આવી ચમત્કારી વિદ્યાઓને શા રીતે જીરવી શકશે? એમ વિચારી તેમણે તેમને કહ્યું કે, 'ઓ કમબખત તો ચલ ગયા' એમ કહી તે વિદ્યાઓ તેમણે તેમને આપી નહીં; ઇત્યાદિ ઘણી દંતકથાઓ તેમના સંબંધમાં સાંભળવામાં આવે છે.

---

## સમયસુંદરજી, વિક્રમ સંવત્ ૧૬૮૬.

શ્રીસમયસુંદરજી મહારાજ શ્રીસકળચંદ્રગણિજીના શિષ્ય હતા, તથા તે લગભગ વિક્રમ સંવત્ ૧૬૮૬ માં વિદ્યમાન હતા. તે મહા વિદ્વાન્ થયેલા છે. તેમણે **'राजानो ददते सौख्यं'** એ વાક્યના આઠ લાખ જૂદા જૂદા અર્થ કરીને તેનો એંસી હજાર શ્લોકોના પ્રમાણવાળો ગ્રંથ રચ્યો છે. તેમજ તેમણે ગાથા-સહસ્રી, વિશેષશતક, વિશભવાદશતક, તથા દશવૈકાલિકસૂત્ર ટીકા આદિક ઘણાં ગ્રંથો રચેલાં છે.



# પ્રકરણ ૨૬ મું.

## વિક્રમ સંવત્ ૧૭૦૧ થી ૧૯૬૪.

**ઢુંઢકોની ઉત્પત્તિ, મોતીશાહ શેઠ, શ્રીવિજયાનંદસૂરિ, શેઠ પ્રેમચંદ રાયચંદ, શેઠ કેશવજી નાયક, શેઠ નરશી નાથા.**

## ઢુંઢકોની ઉત્પત્તિ, વિક્રમ સંવત્ ૧૭૧૩.

સુરતમાં **વીરજી** વોરા નામનો એક દશાશ્રીમાળી વણિક વસતો હતો. તેને **ફુલાં** નામની એક બાળવિધવા પુત્રી હતી. તેણીએ એક **લવજી** નામના છોકરાને ખોળે લીધો હતો. તે છોકરો હમેશાં લોકાના ઉપાશ્રયમાં ભણવા જતો હતો. ત્યાં યતિયોની સંગતથી તેને વૈરાગ્ય થયો; અને તેથી તે લોકાગચ્છના યતિ બજરંગનો શિષ્ય થયો. બે વર્ષ બાદ તેણે પોતાનો ઢુંઢકાનો નવો મત ચલાવ્યો, તથા મુખે મુહપત્તિનો ટુકડો બાંધવા લાગ્યો લોકોએ તેનો નવો વેષ જોઇને ઉતરવા માટે જગા આપી નહીં. જેથી તે એક ઉજડ મકાનમાં રહ્યો. ઉજડ મકાનને ગુજરાત તથા મારવાડમાં ઢુંઢાં કહે છે; અને તેથી તે ઢુંઢક કહેવાવા લાગ્યો. અનુક્રમે તેના શિષ્ય પ્રશિષ્યો ઢુંઢકના નામથી ઓળખાવા લાગ્યા; તથા તેમના ઉપદેશ મુજબ ચાલનારાઓ પણ ઢુંઢીયાના નામથી પ્રસિદ્ધ થયા.

---

## મોતીશાહ શેઠ વિક્રમ સંવત્ ૧૮૯૩.

આ **મોતીશાહ** શેઠ સુરત શેહેરના રહેવાસી મહા ધનવાન શ્રાવક હતા.

તેમને જૈનધર્મપર ઘણીજ શ્રદ્ધા હતી. જૈનધર્મની ઉન્નતિ કરવામાં તેમણે તન-મન અને ધનથી ઘણોજ પ્રયત્ન કરેલો છે. તેમણે ઘણા મોટા આડંબરથી શત્રુંજયનો સંઘ કહાડ્યો હતો, અને તેમાં લાખો રૂપીયાનો ખર્ચ કરી જૈન-ધર્મનો મહિમા વધાર્યો હતો. વળી તેમણે શત્રુંજયપર લાખો રૂપીઆ ખરચી કુંતાસરનો ખાડો પુરાવી તે પર મનોહર ટુંક બાંધેલી છે. પરોપકાર માટે તેમણે બંધાવેલી ધર્મશાળાઓ ઘણી જગોએ જોવામાં આવે છે. લાખો રૂપીયાની કિંમ-તનાં ધર્માદા મકાનો તેમણે મુંબઈ આદિક શેહેરોમાં બંધાવેલાં છે. એવી રીતે આ ધાર્મિક મોતીશાહ શેઠે પણ જૈનધર્મની ઘણી ઉન્નતિ કરેલી છે, એમ હાલ પણ આપણે નજરે જોઇયે છીયે.

---

## શ્રી વિજયાનંદસૂરિ અથવા શ્રીઆત્મારામજી મહારાજ
## વિક્રમ સંવત્ ૧૯૪૦.

આજના સમયમાં આ પ્રખ્યાતિ પામેલા શ્રીવિજયાનંદસૂરિશ્વર મહાવિદ્વાન્ તથા જૈનશાસનનો મહિમા વધારનારા થયા છે. વળી તે શ્રીઆત્મારામજી મહારાજના નામથી પણ પ્રસિદ્ધ છે, તેમણે જૈનતત્વાદર્શ, અજ્ઞાનતિમિર-ભાસ્કર, તત્વનિર્ણય પ્રાસાદ આદિક ગ્રંથો બનાવ્યા છે. પંજાબ આદિક દેશોમાં વિહાર કરી તેમણે ઘણા મનુષ્યોને પ્રતિબોધીને શુદ્ધ જૈનધર્મમાં દાખલ કર્યા છે. તેમણે પોતાની વિદ્વત્તાથી અંગ્રેજ સરકાર તરફથી પણ ઘણું માન મેળવ્યું છે. વળી તેમણે અંજનશલાકા તથા પ્રતિષ્ટા આદિક ઘણાં ધર્મ કાર્યો કર્યા છે. ઘણી જગોએ તેમના ઉપદેશથી નવાં જિનમંદિરો બાંધવામાં આવ્યાં છે, તથા ઘણાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આર્યસમાજીઓ સાથે ધર્મવાદ કરીને તેમણે જયપતાકા મેળવી છે. ચિકાગોમાં ભરાયેલી ધર્મસભામાં તેમણે મી. વીરચંદ રાઘવજીને મોકલીને અમેરિકામાં પણ જૈનધર્મનો મહિમા

ફેલાવ્યો છે. એવી રીતે આ શ્રીવિજયાનંદસૂરિજીએ પણ જૈનધર્મની ઘણી ઉન્નતિ કરેલી આપણે જોઇએ છીયે.

---

## શેઠ પ્રેમચંદ રાયચંદ વિક્રમ સંવત્ ૧૯૫૦.

આ વીરપુરૂષ શેઠ પ્રેમચંદ રાયચંદ સુરત શેહેરના રહેવાસી હતા. તેઓ કરોડપતી હતા, તથા જૈનધર્મપર સંપૂર્ણ શ્રદ્ધાવાન હતા. તેમણે લાખો રૂપિયા ખરચીને જગોજગોએ ધર્મશાળાઓ વિગેરે અનેક ધર્મનાં કાર્યો કર્યા છે. તેમને નામદાર અંગ્રેજ સરકાર તરફથી પણ ઘણું માન મળ્યું છે. આ વીરપુરૂષનું નામ આખા હિંદુસ્તાનમાં પ્રસિદ્ધ છે; કેમકે તેમણે લોકોપયોગી અને ધર્મનાં અનેક કાર્યો કર્યા છે.

---

## શેઠ નરશી નાથા.

આ મહાન પુરૂષ શેઠ નરશી નાથા મૂળ કચ્છ દેશના રહેવાસી હતા; તથા ઘણા ધનવાન હતા. જૈનધર્મના ઘણા રાગી હતા. તેમણે પોતાનું લાખોગમે દ્રવ્ય પોતાના સ્વધર્મીઓને સારી સ્થિતિએ લાવવા માટે ખરચીને જૈનધર્મની ઉન્નતિ કરેલી છે. કચ્છની જૈની પ્રજામાં તેમના ઉપકાર માટે તેમનું નામ પ્રસિદ્ધિ પામેલું છે. તેમણે જિનબિંબોની અંજનશલાકા કરાવેલી છે; તથા શત્રુંજયપર વિશાળ ટુંક બંધાવી છે, તથા યાત્રાળુઓ માટે ધર્મશાળા બંધાવી છે. મુંબઇ શેહેરમાં પણ તેમણે સુંદર જિનમંદિર આદિક બંધીને પોતાનું નામ અમર કર્યું છે.

---

## શેઠ કેશવજી નાયક વિક્રમ સંવત્ ૧૯૩૦.

આ જૈનોમાં પ્રખ્યાત થયેલા શેઠ કેશવજી નાયક મૂળ કચ્છના રહેવાસી હતા; તથા લાખો રૂપીયાની માલિકી ધરાવતા હતા. જૈનધર્મપર દૃઢ શ્રદ્ધાવાળા

હતા. તેમણે પોતાના સ્વધર્મીઓને અનેક પ્રકારની મદદ આપી જૈનધર્મની સારી ઉન્નતિ કરેલી છે. લાખો રૂપીયા ખર્ચીને શત્રુંજયપર તેમણે ટુંક બંધાવી છે; તથા યાત્રાળુઓને ઉતરવા માટે તે તીર્થની તળેટીમાં વિશાળ ધર્મશાળા બંધાવી છે. બીજાં પણ ઘણાં લોકોપકારનાં કાર્યો કરીને તેમણે જૈનધર્મની ઘણી ઉન્નતિ કરેલી આપણે જોઇએ છીએ.

સમાપ્ત